॥ शिवमस्तु सर्वजगतः ॥

અરિહંત પ્રભુની શક્તિ

# આર્હન્ત્ય




વાચનાકાર : વિદ્વદ્વર્ય પૂજ્ય મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ સાહેબ

॥ शिवमस्तु सर्वजगतः ॥

॥ देवाधिदेव श्री आदिनाथाय नमो नमः ॥

## વાચના પર્વ પરિચય

: ૧૭ તથા ૧૮ જાન્યુઆરી, ૨૦૨૬, શનીવાર/રવિવાર :
શ્રી મુંબઈ ધર્મનગરીમાં સં.૨૦૮૨ના પરમોપકારી શેષકાળે
'શ્રી સર્વોદય જૈન ચેરીટેબલ ટ્રસ્ટ'ના સહયોગે
શ્રી મુલુંડ જૈન સંઘ મધ્યે આયોજાયેલ
દ્વિ-દિવસીય વાચના શિબિરની લેખિત ઝલક

**: પાવન નિશ્રા :**
વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ સાહેબ,
પરમ પૂજ્ય આચાર્યશ્રી મનમોહનસૂરીશ્વરજી મહારાજ સાહેબ,
પરમ પૂજ્ય આચાર્યશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા
દ્વિ-શતાધિક સુરિવરો-પદસ્થો-શ્રમણ-શ્રમણીજી ભગવંતોનો
વંદનીય સમુદાય.

**: પ્રવચનકર્તા :**
પરમ પૂજ્ય અધ્યાત્મયોગી પંન્યાસપ્રવરશ્રી
ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબના દિવ્ય ભાવોને ઝીલનારા
વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ સાહેબ.

**: વિષય :**
આર્હન્ત્ય - શ્રી અરિહંત પ્રભુની અદ્ભૂત શક્તિ અને
તેના રહસ્યો સાથે ગૌરવવંતા પ્રસંગો-વિશિષ્ટ ઉપદેશોનો
દ્વિ-દિવસીય વાચનાપ્રવાહ.

**: શ્રુતપર્વમાં સાંન્નિધ્યઃ**
૨૦૦થી અધિક શ્વેત વસ્ત્રધારી શ્રાવક-શ્રાવિકાઓ સમક્ષ
સહુની જિજ્ઞાસામયી ઉપસ્થિતિમાં યોજાયેલી
દ્વિ-દિવસીય વાચના.

॥ शिवमस्तु सर्वजगतः ॥

અરિહંત પ્રભુની શક્તિ


# આર્હન્ત્ય




## મુલુંડ (મુંબઈ) મધ્યે દ્વિદિવસીય વાચના

૧૭ તથા ૧૮ જાન્યુઆરી, ૨૦૨૬

વાચનાકાર : વિદ્વદ્વર્ય પૂજ્ય મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ સાહેબ




- **AARHANTYA : By - Pujya Muniraj Shri Dhurandharvijayji M. S.**

Year 2026 • સંવત્ ૨૦૮૨ • 1000 Copies • 244 Pages • Rs. 250.00

---

**SPONSOR:**
Gurubhakt Parivar

**PUBLISHER:**
Bhadrankar Prakashan, 49/1 Mahalaxmi Society,
Shahi baug, Ahmedabad - 380004.
Keyurbhai Shah : +91 98252 58969



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot
Bharti Deepak Mehta : +91 98252 15500


---


- **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Pattani Bldg., M.G.Road, Rajkot.
bharti@mindfiesta.com
+91 98252 15500


- **First Edition**

- **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com
www.navkarday.com



આર્હન્ત્ય શક્તિથી ઉપસ્થિત અષ્ટ પ્રાતિહાર્ય યુક્ત પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ


नमस्कार महामन्त्र

ॐ ह्रीँ नमः

नमो अरिहंताणं ।
नमो सिद्धाणं ।
नमो आयरियाणं ।
नमो उवज्झायाणं ।
नमो लोए सव्वसाहूणं ।

एसो पंच नमुक्कारो ।
सव्व पावप्पणासणो ।।
मंगलाणं च सव्वेसिं ।
पढम हवइ मंगल ।।

२०७६ आ.व.२ मुनि धुरन्धर विजय

## વાચનાકારનો પાવન પરિચય

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી દાન-પ્રેમ-રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન અધ્યાત્મયોગી પરમ પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના પ્રશિષ્યરત્ન વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ સાહેબે માત્ર ૭ વર્ષની નાની ઉંમરે શ્રી ઝઘડીયાજી તીર્થમાં પોતાના પિતા-માતા સાથે પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજને હસ્તે સંયમનો સ્વીકાર કર્યો. નાનપણથી જ સંયમસાધનાની સાથે જ્ઞાનસાધનામાં પણ ખૂબ આગળ વધ્યા.

દેવ-ગુરૂની કૃપાથી ખૂબ ભણ્યા-ખૂબ વાંચન કર્યું. જૈન-અજૈન દરેક દર્શનોનો ઊંડો અભ્યાસ કર્યો અને જૈનદર્શનના પદાર્થોનો સર્વ દર્શનના ભાવો સાથે સમન્વય કઈ રીતે છે, તેના જ્ઞાતા બન્યા. આજે જૈનદર્શનની પ્રત્યેક ક્રિયા-વિધિ-વિધાનનું રહસ્ય શું છે, તે પૂજ્યશ્રી ખૂબ જ સરળ રીતે લોકો સુધી વાચના-વ્યાખ્યાન દ્વારા પહોંચાડે છે.

તેઓની કવિત્વશક્તિ પણ ગજબની છે! સેંકડો સંસ્કૃત-ગુજરાતી કાવ્યો-ગ્રંથોનાં સર્જન તથા અનુવાદો પૂજ્યશ્રી દ્વારા થયેલ છે, જેનું સંકલન આપણને શબ્દધુરંધર-કાવ્યધુરંધર-ભાવધુરંધર-ભકતધુરંધર નામના ચાર ગ્રંથોમાં મળે છે. આપણી પ્રાચીન હસ્તપ્રતો ઉપરાંત તંત્ર-મંત્ર-યંત્રવિજ્ઞાનના ઊંડા રહસ્યોના પરમ જ્ઞાતા એવા પૂજ્યશ્રી પોતાના ગુરૂમહારાજના આર્હન્ત્ય - નવકાર - મૈત્રી આદિ તત્ત્વોને જન જનના માનસ સુધી આજે વિસ્તારી રહ્યા છે.

સાહેબજી નિરોગી-દીર્ઘાયુ બની આવા કાર્યો કરવા દ્વારા શાસન ઉપરાંત સકલ જગત ઉપર ઉપકાર કરતા રહે, તેવી ભાવનાપૂર્વક વંદન... વંદન... વંદન...

વાચનાગ્રંથના લાભાર્થી

**ગુરૂભકત પરિવાર**

## અરિહંત પ્રભુની શક્તિનો અનન્ય પ્રભાવ

પરમ પૂજ્ય દાદાગુરુદેવ પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યે આજથી ૪૬ વર્ષ પૂર્વે એક દિવસ મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજને અચાનક જ બોલાવીને કહ્યું કેઃ 'ધુરંધર, આજથી તારે 'આર્હન્ત્ય' વિષય ઉપર ચિંતન કરીને બોલવાનું છે!' આ થઈ ગુરુ મહારાજની આજ્ઞા, જેમાં ભળી ગુરુકૃપા, જેથી વ્યાખ્યાનની પાટ ઉપરથી સતત ૧૫ દિવસ સહજ ભાવે આર્હન્ત્ય ઉપરના તેમના પ્રવચનો ચાલ્યા!

આજે વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ કહે છેઃ 'મને ખબર નથી કે હું એ બધું ત્યારે કેવી રીતે વ્યક્ત કરી શક્યો?' પછી તો આંતરિક ચિંતનમય અનુપ્રેક્ષા કરતાં કરતાં તેમની સમક્ષ એવા એવા પદાર્થો ખૂલતાં ગયાં કે જેમાં એમ પ્રતીત થયું કે પ્રભુનો સ્વભાવ જ કરૂણાસ્વરૂપ છે, પ્રભુની શક્તિ જ કામ કરી રહી છે અને એ પદાર્થોનું એટલું તો સૂક્ષ્મતાથી નિરૂપણ થયું કે જગતના દરેક કાર્યના પ્રભુ જ નિમિત્ત કારણ છે, એ તેમને સુસ્પષ્ટ થઈ ગયું.

'જગતમાં જે કંઈ બની રહ્યું છે, તે સર્વ પ્રભુના અનુશાસન હેઠળ જ બને છે' એવા કર્તૃત્વ ભાવથી વિચારીએ તો જગતમાં જે કંઈ પણ સારૂં છે, તેમાં પ્રભુની કૃપા જ કારણ છે અને જે કંઈ નબળું છે, તે આપણી જ નબળાઈ છે.

પૂજ્યશ્રીએ છેલ્લા ૧૦ વર્ષથી વાચનામાં શક્રસ્તવના ભાવો જે વહેતાં કર્યા, તેમાં ભાવિકો આર્હન્ત્યનાં ભાવોથી જ ભાવિત બનતાં રહ્યાં છે. સવારે તેમને સમય હોય, ત્યારે તો દાદાગુરુદેવ પંન્યાસજી મહારાજના મુખેથી જ જાણે પ્રભુની વિશેષતાઓનો ફૂવારો છૂટે, તેમાં

જ્યારે જ્યારે ભીંજાવાનું બને, ત્યારે તો મન પ્રસન્નતાથી છલોછલ થઈ જાય... ખૂબ જ ગમે!

કુદરતે આ વખતે અમે જ્યારે મુલુંડ સર્વોદય સોસાયટીમાં હતાં, જ્યાં ૨૫૦થી વધુ સાધુ - સાધ્વીજી ભગવંતો તથા ૨૦૦ જેટલાં શ્રાવક - શ્રાવિકાઓની સમક્ષ સવાર અને સાંજ એકધારાં ચારથી પાંચ કલાક પૂજ્યશ્રીની વાચનાશ્રેણી બે દિવસ ચાલી, જેમાં પ્રશ્નોની ખૂબ ઝડી વરસી, પણ સાહેબે સ્વસ્થપણે અવિચલિત રહી મનના શુદ્ધ પરિણામો સંગે ત્વરિતપણે એવં અત્યંત ખેલદિલીપૂર્વક જવાબો આપ્યાં, જે સાંભળતાં પણ આનંદિત થઈ જવાતું!

૮૨ વર્ષની ઉંમરે ય બાળક જેવી સહજતાને કારણે સાહેબનું બોલેલું - બોલાતું બધા શ્રોતાજનોને ગમતું અને એ પદાર્થોનું પરસ્પર ચિંતન કરવાનું પણ થતું. બે દિવસની વાચનાશ્રેણી તો પૂરી થઈ, પણ એમાં ભાવોનો જે વિસ્ફોટ થયો, તે ભાવો આખા મુંબઈના બધા વિસ્તારોમાં પ્રસરી ગયા!

મહાત્માઓને આ પદાર્થ સૌ પ્રથમ વાર જ સાંભળવા મળેલ, તેથી પછી તો મુંબઈના વિચરણ દરમિયાન જ્યાં જે મહાત્મા મળે, તે પ્રશ્નો તથા શંકાઓ સાથે વિશેષ જાણવાની જિજ્ઞાસાથી આવે અને સમાધાન મેળવીને જ જાય.

પૂજ્યશ્રીની શંખેશ્વરની વાચના થઈ, તે પછી તેનું જે 'શ્રુતપર્વ' પુસ્તક પ્રગટ થયું, તેની એક જ વર્ષના ગાળામાં બે વાર આવૃત્તિ પ્રકાશિત કરવી પડી, તેમ આ વખતે પણ વાચનાના પ્રકાશન માટે મને ઘણાં પૂજ્યો અને શ્રાવકોએ જણાવ્યું છે કેઃ 'હેમપ્રભ મહારાજ! આ વાચનાનું પુસ્તક પ્રકટ થાય, એટલે અમને અવશ્ય મોકલજો.'

આ વાચનાનો મુખ્ય સૂર 'આર્હન્ત્ય' હોવાથી પુસ્તકનું નામ પણ 'આર્હન્ત્ય' જ રાખ્યું છે. એ સમસ્ત વાચના મેં સાંભળેલી અને આ આખું પુસ્તક પણ મેં વાંચ્યું અને પદાર્થ રૂપે ખૂબ જ ગમ્યું છે. વાંચતા - વાંચતા ઘણી વખત સ્પંદનો દ્વારા પ્રભુની શક્તિનો ધોધ સ્પર્શ્યો! વળી અંતિમ થોડાં વર્ષોથી એ જ રીતસર અનુભવાય છે કે પ્રભુ જ બધું કરી રહ્યા છે તથા આપણે તો માત્ર અને માત્ર એમના પૂતળાં જ છીએ, એવી પરમાત્માના અસ્તિત્વની રીતસરની અનુભૂતિ પણ થઈ!

આ વાચના રાજકોટ સ્થિત ભારતીબેન દિપકભાઈ મહેતાએ અક્ષરશઃ સાંભળીને પછી શબ્દે - શબ્દ આલેખીને ટૂંકા સમયમાં જ વ્યવસ્થિત સંકલન - સંપાદન કરી આપ્યું, તેથી 'આર્હન્ત્ય' પુસ્તક આજે શ્રી સંઘના કરકમળમાં શોભી રહ્યું છે. તેમાં વ્યકત કરાયેલ અનન્ય પદાર્થોને હૃદયસ્થ કરી આપણે સૌ પરમાત્માની શક્તિનો સ્પર્શ પામી અનુભૂતિના સ્તરે આગળ વધી પરંપરાએ પરમપદ પામવા સૌભાગી બનીએ, એ જ પ્રાર્થના...

હેમપ્રભ વિ.

## મુલુંડ (મુંબઈ), દ્વિદિવસીય વાચના

# આર્હન્ત્યનો પ્રભાવ


| વાચનાસત્ર | પૃષ્ઠ |
|---|---|
| દિન - ૧ : વાચનાસત્ર - ૧ | ૦૦૩ |
| દિન - ૧ : વાચનાસત્ર - ૨ | ૦૫૪ |
| દિન - ૨ : વાચનાસત્ર - ૩ | ૧૦૯ |
| દિન - ૨ : વાચનાસત્ર - ૪ | ૧૭૩ |







सकलार्हत्–प्रतिष्ठान–मधिष्ठानं शिवश्रियः ।
भूर्भुवः स्वस्त्रयीशान–मार्हन्त्यं प्रणिदध्महे ॥

**(અનુવાદઃ હરિગીત છંદ)**

**જે દેહધારી અર્હંતોમાં નિત પ્રતિષ્ઠિત થઈ રહ્યું,**
**ને મુક્તિલક્ષ્મી કેરું જેને, મૂળ આધાર જ કહ્યું;**
**ત્રણ લોક કેરા અણુ-અણુએ, જેનું શાસન શિર વહ્યું,**
**તે વિશ્વપતિ આર્હન્ત્યને હું ભાવથી વંદન કરું. ॥**

**(પૂજ્ય મુનિપ્રવર શ્રી ધુરંધરવિજયજી મહારાજ દ્વારા રચાયેલ**
**શ્રી સકલાર્હત્ સ્તોત્રના ભાવાનુવાદમાંથી**
**પ્રથમ શ્લોકની અનુવાદ-સ્તુતિ.)**

મુલુંડ (મુંબઈ), દ્વિ-દિવસીય વાચના
દિનાંકઃ ૧૭/૧૮ જાન્યુઆરી, ૨૦૨૬.

## વિષય : આર્હન્ત્યનો પ્રભાવ : વાચના સેશન-૧

વાચનાકાર : વિદ્વદ્વર્ય પૂજ્ય મુનિરાજ
શ્રી ધુરંધરવિજયજી મહારાજ સાહેબ

: સામૂહિક ગુરુવંદના પશ્ચાત્ માંગલિક શ્રવણ :

**************

**વિદ્વદ્વર્ય પૂજ્યશ્રી ધુરંધરવિજયજી મહારાજઃ**

नमो अरिहंताणं,
नमो सिद्धाणं,
नमो आयरियाणं,
नमो उवज्झायाणं,
नमो लोए सव्वसाहूणं,
एसो पंच नमुक्कारो, सव्वपावप्पणासणो,
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥

**************

सकलार्हत्-प्रतिष्ठान-मधिष्ठानं शिवश्रियः ।
भूर्भुवः स्वस्त्रयीशान-मार्हन्त्यं प्रणिदध्महे ॥१॥

હું એક ગ્રંથ વાંચતો હતો, તેમાં એક ઘટના આવી. ઈન્દ્ર મહારાજા પોતાના વિમાનમાં ક્યાંક જઈ રહ્યા હતાં, ત્યાં વચ્ચે નીચે એક 'શક્રાવતાર ચૈત્ય' એટલે કે અતિશાયી ક્ષેત્ર આવ્યું, જેમાં પ્રભુની પરમ શક્તિનો નિરંતર ધોધ આવતો હોય છે.

ઈન્દ્રો જ્યાં આગળ આવીને ત્યાંના પ્રભુના બિંબની ભક્તિ કરે, તે 'શક્રાવતાર ચૈત્ય' કહેવાય! ઈન્દ્ર મહારાજાનું વિમાન જેવું એ ક્ષેત્રની નજીક આવ્યું કે સ્ખલના પામ્યું - પાછું પડ્યું. એ શક્તિના પ્રવાહને તે ઓળંગી ના શક્યું. શિખર ઉપરથી ઈન્દ્ર મહારાજા પસાર ન થઈ શક્યા, પાછાં પડ્યા. એક વાત નક્કી છે કે કોઈ દેવ પણ ઈન્દ્ર-વિમાનને પાછું ફેરવી ન શકે, તો પછી મંદિરમાં આવી રહેલી એ શક્તિ કઈ?

બીજો પ્રશ્ન મને એ પણ થતો હતો કેઃ મેરુશિખરે તો જીવતાં પ્રભુને ઈન્દ્રો લઈ જાય છે, પણ મૂર્તિ એ છેવટે મૂર્તિ છે... પથ્થર છે! ઠીક છે કે આપણે માણસો એને પૂજીએ, પરંતુ આ બધા ઈન્દ્રો પણ મૂર્તિની પૂજા શા માટે કરે? પછી જવાબ મળ્યો કેઃ મૂર્તિમાં પણ પરમાત્માની પરમ શક્તિ વહે છે. એ કારણે ઈન્દ્રો પણ એને નમસ્કાર કરે છે, એની ભક્તિ કરે છે અને એમને શરણાગત થઈ જાય છે.

'धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवा वि त नमंसंतिं, जस्स धम्मे सया मणो ॥'

વ્યાખ્યાન શરૂ કરતાં પહેલાં કે ગમે ત્યારે આ ગાથા બોલું, તો મને વિચાર આવે કે આ દુનિયામાં કોઈપણ વ્યક્તિ પોતાનાથી ઓછાં શક્તિશાળીને નમ્યાં નથી, અધિક શક્તિશાળીને જ નમે, તો ધર્મમાં એવી કઈ શક્તિ છે કે દેવો ય તેને નમસ્કાર કરે છે? એક બીજી ઘટના વાંચીઃ વાલી રાજર્ષિ અષ્ટાપદ ગિરિરાજ ઉપર ધ્યાનમાં બેઠેલ હતાં. એકદા એમના ઉપરથી રાવણનું વિમાન જઈ રહ્યું હતું. વિમાન જ્યાં એમના મસ્તકની બરાબર ઉપર આવ્યું કે જાણે તે કશાક સાથે ભટકાઈને પછી પાછું જઈ પડ્યું!

એટલે રાવણને ગુસ્સો આવ્યો. પછી તો ઘણી ઘટનાઓ થઈ. રામાયણ સાંભળનારાએ તે ઘટનાઓ સાંભળી જ છે, પણ એ શું હતું જેનાથી એ વિમાન સ્ખલના પામ્યું? એ શકિત કઈ? કેમકે પુદ્ગલ ઉપર તો માત્ર પુદ્ગલ જ પ્રહાર કરી શકે. એક દ્રવ્ય બીજા દ્રવ્ય ઉપર પ્રહાર ન કરી શકે. જીવ દ્રવ્ય છે, તે કયારેય પુદ્ગલ ઉપર અસર ન કરે તથા પુદ્ગલ (અજીવ) કયારેય જીવ દ્રવ્ય ઉપર પ્રહાર કરી ન શકે!

બંને મૂળ દ્રવ્ય એકબીજામાં ભળી યે ન શકે! હા, બંનેના પર્યાય એકબીજામાં ભળી શકે, એકબીજાને પ્રહાર પણ કરી શકે. વિમાન પૌદ્ગલિક છે, તો એને અટકાવનાર શકિત કઈ? ગ્રંથો વાંચતા આવા પ્રસંગો આવે, તો આવા પ્રશ્નો ઉઠવા જોઈએ.

છેલ્લે 'પ્રભાવક ચરિત્ર' ગ્રંથ વાંચતો હતો, ત્યાં શ્રી વજ્રસ્વામીના ચરિત્રમાં આવે છે કેઃ 'ગુરુએ વજ્રને પાટ ઉપર બેસાડયા અને પછી એમની અંદર અનંત તીર્થંકરોના તેજનો પ્રક્ષેપ કર્યો.' આ શું બતાવે છે? તીર્થંકરોનું તેજ? આ ઘટના શું? 'પ્રભાવક ચરિત્ર' ગ્રંથ વાંચવાથી એક નિશ્ચય તો જરૂર થઈ જ ગયો કે તીર્થંકરો જ નિશ્ચિતપણે આ વિશ્વને નિયમનમાં - કંટ્રોલમાં રાખે છે!

એક હકીકત નિશ્ચિત છે કે કોઈપણ રાજા ગમે તેટલો રૂડો-રૂપાળો, બળવાન હોય, તો યે એનું રાજ રહે નહીં, જો એનું પુણ્ય ન હોય! પુણ્યશકિત હોય, તો એની વિરુદ્ધ ભલે આખી દુનિયા એક તરફ થઈ જાય ને, તો પણ એને ગાદી ઉપરથી કોઈ ખસેડી ના શકે! જેટલા આગેવાનો થાય, એની નીચે જેટલા માણસો હોય, તેના કરતાં તેનું પુણ્ય વધારે હોય, તો જ એ એના ઉપર રાજય કરી શકે, નહીંતર નહીં!

પ્રભુ! ત્રણ જગતના નાથ, જેમના શરીર ઉપર એક કપડું યે ના મળે, જેમનું કોઈ ઘર ન મળે, જેમને કોઈ સેવક ન મળે, આમાંનું કશું જ ના મળે, તો યે તે 'નાથ' કઈ રીતે? એવો અનુગ્રહ અને નિગ્રહ - તેઓ બંને વસ્તુ કઈ રીતે કરે?

પ્રભુ વીતરાગ છે, એટલે કાંઈ શક્તિવિહિન છે, એમ માનવાનું કારણ નથી. પ્રભુ વીતરાગ છે, એટલે કાંઈ નપુંસક પણ નથી! પરંતુ આપણે એમ ખોટું માનીએ છીએ કેઃ 'વીતરાગ' એટલે તેઓ કશું કરે નહીં અને કશું આપે પણ નહીં! પરિણામે 'આપણે જ આપણું કરવાનું છે અને કરીએ છીએ' એવો તીવ્ર અહંકાર આપણને પીડી રહ્યો છે. વળી તેથી જે ઉપલબ્ધ કરવું છે, તે આપણને મળતું નથી. એ અહંનો ઉદ્વેગ છે, આનંદ નથી!

સંવત્ ૨૦૩૬માં મારા પૂજ્ય ગુરુદેવ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીની નિશ્રામાં મારા પૂજ્ય બા મહારાજનું ૧૦૦મી ઓળીનું પારણું હતું. હું ત્યારે બહારગામ કોઈ કાર્યક્રમમાં હતો, ત્યાં જ મારા ગુરુ મહારાજની આજ્ઞા આવીઃ 'તરત પાટણ આવી જાઓ.'

રાજસ્થાનથી નીકળેલો ફાગણ સુદ તેરસે અને ચૈત્ર સુદ એકમે પહોંચી ગયો સીધો પાટણ! પૂજ્ય બા મહારાજનું પારણું બહુ આરામથી થઈ ગયું. સાહેબ આમ તો હતાં પથારીવશ, પણ પૂજ્ય બા મહારાજની પૂર્ણ તમન્ના કે સાહેબજીની નિશ્રામાં જ પારણું કરવું છે, તો એમની ઈચ્છા પૂરી થઈ!

એ પછી આવી ઓળી. એ ય જ્યારે પૂરી થવા આવી, ત્યારે ચૈત્ર સુદ તેરસે ગુરુ મહારાજે મને બોલાવીને કહ્યુંઃ 'આજથી તારે વ્યાખ્યાન કરવા જવાનું છે.'

પૂજ્ય કનકચંદ્રસૂરિજી તથા પૂજ્ય શ્રી કુંદકુંદવિજયજી મહારાજ ત્યારે ત્યાં હતાં અને વ્યાખ્યાન દેતા. મારે તો વ્યાખ્યાન કરવાનો કોઈ પ્રશ્ન જ ન હતો! હું વ્યાખ્યાન દેવાની લાઈનમાં જ ન હતો!

મેં પૂછ્યુંઃ 'સાહેબ, કેમ મારે?' તો કહેઃ 'બસ! આજથી તારે જ વ્યાખ્યાન કરવા જવાનું છે.' કુંદકુંદવિજયજી મહારાજને બોલાવીને કહી દીધુંઃ 'આજથી વ્યાખ્યાન કરવા ધુરંધર મહારાજ જશે, તમારે જવાનું નથી.' અમારે ત્યાં ગુરુ મહારાજ સામે નો અપીલ! 'શા માટે?' એવું કશું પૂછવાનું જ નહીં. એ અધિકાર અમને છે જ નહીં! વ્યાખ્યાન કરવાની મારી કોઈ તૈયારી યે ન્હોતી અને મૂડ પણ ન હતો વ્યાખ્યાન કરવાનો! હું તો માત્ર પારણું કરાવવા અને પછી સાહેબજી સાથે થોડાં દિવસ રહેવા જ આવેલો.

વળી આમે ય હું પહેલેથી જ વ્યાખ્યાન આપવાનો ચોર છું! કોઈ વ્યાખ્યાન કરનારો મળે, ત્યાં સુધી પાટ ઉપર જવું નહીં એમ માનું, પણ ગુરુ મહારાજ કહે, એટલે 'હા' કે 'ના'- કશું જ ના કહેવાય! માથું ય ના ધુણાવાય. બસ, સ્વીકારી લેવાનું! રૂમમાંથી બહાર જતાં તેમણે મને પાછો બોલાવ્યો અને કહેઃ 'જો, આજથી તારે 'સકલાર્હત્'ની પહેલી ગાથા ઉપર વ્યાખ્યાન કરવાનું!'

મેં કહ્યુંઃ 'સાહેબ! એ ગાથા ઉપર તો કોઈ ટીકા યે નથી મળતી અને કોઈ લેખ પણ નથી મળતો! તેની ગાથા બોલીને બધા આગળ વધી જાય છે, ત્યાં વિચારવા તો કોઈ ઉભું જ નથી રહેતું! તો આમાં હું વળી શું કરીશ?' તો કહેઃ 'આમાં તારે કાંઈ કરવાનું નથી. હું કહું, એ તારે કરવાનું.'

એ પછી મને થોડાં points આપ્યા અને કહેઃ 'હવે જા!'

હું ગયો વ્યાખ્યાન આપવા અને બોલવાનું શરૂ કર્યું. તે પછી મને ખબર જ નથી કે હું શું બોલ્યો? કારણકે હું હતો જ નહીં!

દોઢ કલાકે મારું બોલવાનું પૂરું થયું. એક પણ વ્યક્તિ વચ્ચે એક પણ પ્રશ્ન કરી શક્યાં નહીં, એટલી ધુંવાધાર સ્પીડથી હું બોલ્યો! વચ્ચે કોઈ પ્રશ્ન પણ ના પૂછી શકે - ના કશું કહી શકે! બસ! એટલી જ મને ખબર છે કે બહુ ઝડપથી મારાથી બોલાતું હતું, પણ જેના ઉપર ક્યારેય કાંઈ જ વિચાર્યું ન હોય, કોઈ સંદર્ભ ના હોય, પાસે કોઈ notes પણ ના હોય, કોઈ નોંધ ના હોય અને બોલવાનું!

સાહેબે માત્ર એટલું જ કહેલું કે... 'તું પ્રભુને પ્રાર્થના કરજે કેઃ તમારા અસ્તિત્વને મારે જોવું છે અને બોલવું છે, તો કૃપા કરો અને પડદો ઉઠાવો! બસ! આટલી પ્રાર્થના કરજે પ્રભુને!' મેં એ જ પ્રાર્થના કરેલી અને શરૂ થઈ ગયેલું બધું!

એ ક્રમ પંદર દિવસ ચાલ્યો, રોજનો દોઢ કલાક! ચૈત્ર સુદ તેરસથી ચૈત્ર વદ તેરસ સુધી. ઓળીની જેટલી સભા હતી, એ આખ્ખી સભા ચાલુ રહી અને વધતી ગઈ. મંડપનો આખ્ખો ય એ ઉપાશ્રય ચિક્કાર થઈ જતો. બધા સાધુ-સાધ્વીજીઓ પણ વ્યાખ્યાનમાં બેસતા અને હું તો એકધારું બસ, બોલ્યે જ જતો! મને આજે યાદ નથી હું શું બોલ્યો'તો! જો કે એ વખતે તાજો ખ્યાલ હોય, તેથી એટલું યાદ છે કે ગુરુ મહારાજ પાસે જઈને કહુંઃ 'આજે હું આ બોલ્યો'તો.' એટલે તેઓ બીજો point બોલીને કહેઃ 'આવતી કાલે આની ઉપર બોલજે.' રોજ નવા points મૂકતાં જાય. બરાબર ૧૫ દિવસ પૂરાં થયાં, એટલે કહેઃ

'બસ, હવે સ્ટોપ! વ્યાખ્યાનની વાત પૂરી થઈ ગઈ. હવે તમે વિહાર કરો. મારે તારી પાસે આ જ કામ કરાવવાનું હતું.' મેં કહ્યુંઃ 'સારું, પણ સાહેબજી હવે પાછા ક્યારે મળશું?' તો કહેઃ **'બસ! આ આપણી છેલ્લી મુલાકાત છે. હવે હું તને નહીં મળું!'**

આટલું સાંભળીને હું તો એકદમ ઢીલો થઈ ગયો. મેં પૂછ્યુંઃ 'અરે, એમ તો કેમ ચાલે? તમે મને એક એવા વિષયમાં ઉતાર્યો છે કે જેમાં કોઈ પંડિત નથી કે એ વિષયમાં મને માર્ગદર્શન આપી શકે અને પછી તમે જ જતાં રહો, તો કેમ કામ આવે?' મને કહેઃ 'તું એ વાતે ચિંતા ના કર. તારો જીવનધર્મ આ જ છે.

વિચારતો રહેજે કે પ્રભુનું અસ્તિત્વ કેવું પરમ વિરાટ અને વિશ્વવ્યાપી છે! સમગ્ર સચરાચરની શક્તિનું મૂળભૂત કારણ પણ તેઓ જ છે. આપણે જે કંઈ કરીએ, એ એમની શક્તિથી જ કરીએ છીએ. આપણે અહંકાર કરવાનું કોઈ કારણ જ નથી! 'મેં કર્યું, મેં કર્યું, એ જ અજ્ઞાનતા... શકટનો ભાર જેમ શ્વાન તાણે!' બધું જ પ્રભુ દ્વારા - પ્રભુની કૃપાથી જ થાય છે!'

એ પછી મેં એક ગ્રંથ રચ્યો, પણ 'રચ્યો'નો અર્થ એવો નથી કે એ મારી રચના છે. એ તો હતું જ, મારા દ્વારા માત્ર પ્રગટ થયું! બસ! હું એનો કર્તા નથી - માત્ર પ્રગટ કરનાર છું!

એક પણ ઘડી એવી નથી કે અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણીમાં અક્ષરશઃ એ જ રીતે એ પ્રગટ ન થયું હોય! બોલાયેલું જ બોલાય છે, ન બોલાયેલું બોલાતું જ નથી. અહંકાર કરવાનું તેથી કોઈ કારણ જ નથી કેઃ 'મેં આમ કર્યું અને મેં તેમ કર્યું!' બસ એટલું જ કે મારા પ્રભુના જ્ઞાનમાં જે છે, તેમાંથી થોડું ઉલેચીને મેં બહાર મૂક્યું!

પ્રભુની કૃપા અને અનુગ્રહ ન સ્વીકારવાને કારણે જ આપણો સંઘ આજે તીવ્ર અહંકારમાં જીવી રહ્યો છે, પરંતુ એ કારણે ભવિષ્યમાં આપણા સંઘોને ઘણું જ સહન કરવું પડશે, કેમકે એમાં પ્રભુની આજ્ઞાશકિતનો અસ્વીકાર છે અને એ જ આપણા દ્વારા થતી સૌથી મોટી આશાતના છે. એનાથી આપણા શ્રી સંઘને બચાવવો જ જોઈએ અને એ જ કામ કરવાનું છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, ભગવાનની એ આજ્ઞાશકિત કઈ છે?

**ઉત્તરઃ** જે આજ્ઞાશકિત તમને મોક્ષે ય આપે ને નિગોદમાં યે મોકલે! શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે પણ એ જ કહ્યું છે કે... 'રાજાની રાજશકિત પ્રજાને સુખાકારી આપે, પણ એ જ પ્રજા જો વળી સહયોગથી ના ચાલે, તો રાજશકિત દંડ કરે ખરી? હા, કરે.' રાજા તેનું કર્તવ્ય નિભાવવા દંડ કરે જ છે. '**कर्मण्येवाधिकारस्ते, मा फलेषु कदाचन!**' તમે જે કંઈ કરો છો, એનું ફળ પ્રભુએ જે રીતે વ્યવસ્થા કરેલી છે, તે રીતે જ મળશે. તમે ઈચ્છો, તેમ નહીં મળે. આજ્ઞા ન માનવી, એ વિરાધના જ છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** તો તો પછી ઈતરો અને આપણી માન્યતામાં શું ફેર?

**ઉત્તરઃ** કાંઈ ફેર નહીં! સિદ્ધપુરમાં ઈતરોના વિદ્વાનો ભેગાં થયેલાં. એમાં મને ૭ દિવસ બોલવા માટે નોતર્યો હતો. પાટ ઉપર બેસું પછી મને જે વિષય આપે, તેની ઉપર બોલું. આપણી જ વાતો તેમાં કરેલી. છેલ્લે દિવસે તેમાંથી એક પંડિતે ઉભા થઈને કહેલું:

'એક જૈન સાધુ આપણા વેદ અને વેદાંતના આટલા વિદ્વાન હોય અને આપણી કરતાં પણ વધારે જાણકાર હોય, એ પહેલી વાર જોવા મળ્યું!'

મેં કહ્યુંઃ 'પંડિતજી! મેં તમારા કોઈ વેદ-વેદાંત જોયાં નથી. મેં તો મારા ભગવાને જે કહ્યું છે, એ જ કહ્યું પણ તમને જો લાગતું હોય કે એ બધું તમારા વેદ - વેદાંતનું જ છે, તો સમજી લેવાનું કે તમારામાં અને અમારામાં કોઈ ભેદ જ નથી. જો ભેદ છે, તો એ માત્ર અહંકારનો જ છે! મૂળ તત્ત્વમાં ભેદ છે જ નહીં.' કોઈ વાતે જો તમે આગ્રહ સેવો, તો તમે પણ નથી ભગવાનના શાસનના!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** આપણે સારું કે સાચું કરતાં હોઈએ, તો એનો આગ્રહ પણ નહીં રાખવાનો?

**ઉત્તરઃ** એક વાત કહું? પાણી બહુ સારું હોય, પણ એને જો પાળમાં બાંધી જ રાખીએ, તો લાંબા ગાળે સારું રહે? (સભાઃ ન રહે.) બસ! તો ગમે તેટલી સારી વાત હોય, એમાં જો આગ્રહ પકડાયો, તો તે વાત ગંદી થઈ જાય! તાજી રસોઈ પેક કરીને મૂકી દો અને બે દિવસ પછી ખોલો, તો એ સારી જ રહી હશે ને? (સભાઃ ના.) બધું જ સારું આપણા મિથ્યા અહંકારને લીધે જ બગડતું હોય છે. આગ્રહ એટલે અહંકાર. બાકી દુનિયામાં કશું ખરાબ છે જ નહીં!

'ઉપમિતિ ભવપ્રપંચ કથા'ના અષ્ટમ પ્રસ્તાવમાં લખ્યું છેઃ 'ઉપાદાન તો આપણે છીએ જ, પણ શુભ - અશુભ બંનેનું જે અસાધારણ પરમ નિમિત્ત કારણ છે, એ સુસ્થિત મહારાજા - પરમાત્મા જ છે.'

આપણે કુંભના ઘડનારને 'કુંભકાર' કહીએ છીએ, 'માટીકાર' નથી કહેતાં, કેમકે તે કાંઈ માટીનો કર્તા નથી, પરંતુ માટીમાંથી ઘડો બનાવનાર તો છે જ ને? તો એમ તેને 'કુંભકાર' કહેવાય. એમાં એવું છે કે માટીમાં કુંભ થવાની યોગ્યતા સાથે એમાં સાધન રૂપે ચક્ર, દંડ, વસ્ત્ર આદિ બધું છે, પણ અસાધારણ કારણ કોણ?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** અસાધારણ કારણ કુંભાર.

**ઉત્તરઃ** બસ! તો એ જ રીતે શુભ-અશુભ બંનેના ઉપાદાન આપણે બધા અને અસાધારણ કારણ સુસ્થિત મહારાજા - પરમાત્મા! (સભાઃ વાહ!) પ્રભુ કરતાં નથી, પણ કર્મના હિસાબે કારણ છે. તમારી ક્રિયામાં જે કાર્ય ઉત્પન્ન થાય, એ પ્રભુની આજ્ઞા પ્રમાણે હોય, તો શુભ બની જાય અને પ્રભુની આજ્ઞાની વિરુદ્ધ હોય, તો અશુભ! તમે જે ક્રિયા કરો છો, તેનાથી કર્મો તો બંધાય જ, પણ પ્રભુની આજ્ઞાના પાલન-અપાલન મુજબ શુભ કે અશુભ કર્મબંધ થાય.

**સભાઃ** સાહેબજી, ભગવાનની આજ્ઞા શું છે?

**ઉત્તરઃ** 'તને જેવું વર્તન ગમે છે, તેવું વર્તન બધાની જોડે કર. તને જે વર્તન નથી ગમતું, એ પ્રમાણે કોઈ સાથે વર્તતો નહીં.' એ છે પ્રભુની આજ્ઞા! તમારે બધાને તો મનફાવતું કરવું છે અને અમારી પાસે પણ તે મનફાવતું જ કરાવવું છે! Bossism કરીને માથે ચડી બેસવું છે. જરાક કાંઈ મળ્યું નથી કે boss થયાં નથી! પણ સબ કા માલિક એક. માલિક માત્ર પ્રભુ જ છે, આપણે સૌ તેમના સેવક છીએ. અરે.. એમના પ્યાદાં છીએ.

રમત રમાડે રામ! 'રાખનાં રમકડાં, મારા રામે રમતાં મેલ્યાં રે.' આપણે બધા રાખનાં રમકડાં જ છીએ. આગલા જન્મોમાં બીજાને સહાય કરવાની પ્રભુની આજ્ઞાને અ-કામ રીતે, ઈચ્છા વગર પણ, અનિચ્છાએ પણ પાળી છે, તો આપણને ક્યાંકથી ઉઠાવીને રાખના રમકડાં બનાવીને રમતા મૂકી દીધાં.

'ઈતની ભૂમિ પ્રભુ! તુમ હી આણ્યો.'

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજના મનમાંથી નય - તર્કનો કેફ નીકળી ગયા પછી શ્રી આનંદઘનજીના સ્પર્શથી પરમાત્માની પરમ સત્તાનો સ્પર્શ થયો, પછી જે પ્રથમ રચના રચાઈ, તે છેઃ 'જગજીવન જગવાલહો...' તેમાં પહેલો જ શબ્દ છેઃ 'જગજીવન'.

સમગ્ર જગતનાં જીવન હે પ્રભુ! તમે જ છો.
અમે જીવ છીએ, જીવન તમે!
અમે તાર છીએ, એમાં દોડતો વિદ્યુત્‌નો પ્રવાહ તમે!
અમે ગાડી છીએ, ઉર્જા તમે!

નિગોદમાંથી નીકળેલાં આપણે એ વખતે હિમબિંદુ કરતાં પણ વધારે ઠરેલાં હતાં, ઉષ્માનો અંશ પણ ન્હોતો! સિદ્ધ પરમાત્માના અસીમ આકર્ષણથી ને ભવિતવ્યતા પાકેલી, એટલે પછી તેમાંથી બહાર નીકળવામાં લોટરીની જેમ તમારો નંબર લાગી ગયો.

પછી નિગોદથી નિર્વાણ સુધીનો જે આખો ક્રમ છે,
એ માર્ગ પ્રભુ પોતે જ છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** પ્રભુ પોતે જ કેવી રીતે માર્ગ થઈ શકે?

**ઉત્તરઃ** પંચપરમેષ્ઠિમાં પ્રભુને 'માર્ગ' કહ્યા છે. તેઓ માર્ગદાતા પણ છે અને સ્વયં માર્ગ પણ છે. રસ્તો જ ન હોય, તો તમે ચાલી જ કેવી રીતે શકો? 'માર્ગ' એટલે ચાલવામાં અસાધારણ હેતુ કે અસાધારણ કારણ.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** પ્રભુને ફકત માર્ગદાતા જ કહ્યા છે કે માર્ગ પણ કહ્યા છે?

**ઉત્તરઃ** પ્રભુને માર્ગ અને માર્ગદાતા, એમ બંને કહ્યા છે. બોલો! પગ સારાં હોય, પણ રસ્તો જ ન હોય, તો તમે કેવી રીતે ચાલી જ શકો? નિગોદમાંથી નીકળ્યાં પછી સીધે સીધો નિર્વાણ સુધીનો જે રસ્તો છે, તે પ્રભુ પોતે જ છે. માર્ગ જેમ તમને ચલાવે છે, તેમ પ્રભુ તમને ચલાવીને લઈ જાય છે, કેમકે તેઓ વીત-રાગ છે માટે જ. સ-રાગ હોય, તો એ કાંઈ ન કરી શકે!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** એક બાજુ ભગવાન તો વીતરાગ છે અને બીજી બાજુ એ જ આપણને ચલાવે છે! આ બંનેનું matching કેવી રીતે કરવું?

**ઉત્તરઃ** પહેલા એ કહો કે સરાગમાં શકિત હોય? રાગ એ શકિત છે કે અશકિત? ક્રોધ એ શકિત છે કે ક્ષમા એ શકિત? (સભાઃ ક્ષમા એ શકિત છે.) બસ! તો રાગ શકિત નથી, વીતરાગતા એ શકિત છે. માન, માયા અને લોભ આદિ શકિત નથી, શકિતનું ક્ષરણ છે, જયારે ક્ષમા એ ચાર્જીંગ છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** ક્ષમાથી ચાર્જીંગ થાય?

**ઉત્તરઃ** ક્ષમાથી ચાર્જીંગ બિલ્કુલ થાય! આખા દિવસના થાકેલા રાત્રે ઉંઘી જાવ છો, તો તેનાથી થાક લાગે કે થાક ઉતરે? (સભાઃ ઉતરે.) તો તમે કાંઈ કરો છો એમાં? બસ! એ જ રીતે વીતરાગને શરણે થાક ઉતરે છે. શકિત હોય ને, ત્યાં ધમધમાટ ન હોય; અશકિત હોય ને, ત્યાં જ કૂદાકૂદ હોય! પેલી કહેવત છે નેઃ 'નબળાંને ગુસ્સો વધારે' અને 'દુબળી ગાયને બગઈ ઘણી!'

જેને સમતા હોય, તેને ગુસ્સો ન આવે. પરિસ્થિતિને જે સંભાળી અને સ્વીકારી ન શકે, તેને જ ગુસ્સો આવે. મુખ્ય વાત એ છે કે ક્રોધના જનક પોતે, પરંતુ ક્ષમાના જનક પરમાત્મા.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, ક્રોધના જનક આપણે એટલે કોણ? આત્મા? આત્મા લેવાનો? સામે પરમાત્મા પણ આત્મા જ છે!

**ઉત્તરઃ** આત્માને નહીં, તો શું ક્રોધનું જનક શરીરને ગણવાનું? આ તો એવું થયું કે ભંગી યે માણસ છે અને રાજા પણ માણસ છે, એટલે બંને એકસરખાં! પ્રભુ પુણ્યના જનક છે અને તમે પાપના બાપ છો, એટલો ફરક! ભગવાન પુણ્યના પિતા છે. જયાં જયાં તમે મુખ્ય હો, ત્યાં બધે જ પાપ બંધાય, જયાં પ્રભુ જ મુખ્ય હોય, ત્યાં પુણ્ય જ બંધાય.

જાનનો અને પ્રભુનો વરઘોડો, શું બંને સરખા? તમારા દિકરાનો જાનનો વરઘોડો હોય, તો એની સાથે તમારે લોહીનો કે દેહનો સંબંધ છે, કેમકે તમે તેના પિતા છો. પ્રભુના વરઘોડામાં તમે ખૂબ નાચો - કૂદો છો, ત્યારે તે તમારા માલિકનો - પરમાત્માનો વરઘોડો હોવાથી તેમાં પાપ નહીં, પુણ્ય જ બંધાય!

જાનનું જમણ પાપ બંધાવે, પ્રભુની પ્રતિષ્ઠાની નવકારશી ખાનાર અને ખવડાવનાર, બંનેને પુણ્ય બંધાવે. મારા ભગવાન વચ્ચે આવે ને, એટલે બધું પાપ પુણ્યમાં પલ્ટાઈ જાય, બીજો કોઈ રસ્તો જ નથી!

શ્રાવકની બધી જ કરણી સાવદ્ય છે, તો તે પાપનું કારણ કે પુણ્યનું? મંદિર કે ઉપાશ્રયના નિર્માણ, મોટાં મહોત્સવો, લાખ્ખો દીવાઓની રોશની, કરોડો પુષ્પોની આંગીઓ, હજારો લોકોનું જમણ-એ બધામાં કેટલાંયે જીવોનો સંહાર, છતાં પુણ્યનું બંધન કરાવે. આ એક હકીકત છે! પુણ્યનું કારણ ક્રિયા અને ક્રિયામાં હિંસા છે, જ્યારે અહિંસામાત્ર કર્મની નિર્જરાનું કારણ છે. એમ જોઈએ તો પાપ અને પુણ્ય, બંને હિંસાથી જ બંધાય. એટલે **સ્થાનકવાસીઓનો જે આગ્રહ છે કેઃ 'અહિંસા એ જ ધર્મ' એ આપણને સંમત નથી, પરંતુ 'આજ્ઞા એ જ ધર્મ' તે સંમત છે.**

એક સૈનિક યુદ્ધમાં સામા સૈન્યના ૫૦૦ માણસોને મારી નાંખે, તો એની સામે કેટલા કેસ થાય? (સભાઃ એક પણ નહીં!) અને ઘરે આવે અને તે સૈનિકની ભૂલથી પણ બંદુકનો ઘોડો દબાઈ ગયો, તો કેસ ચાલે? સજા થાય? (સભાઃ હા... થાય.)

જો વચ્ચે આજ્ઞા છે, તો પછી ઈનામ મળે છે અને કદાચ 'પરમવીર ચક્ર'નો award પણ મળી જાય, પરંતુ જો આજ્ઞા નથી, તો ફાંસી યે થાય! આજ્ઞા વગર બધું નકામું. આજ્ઞામાં જે સમજે ને, તેને ઘણાં બધા સંશયો ન થાય. દેખાતી હિંસા પણ ઘણીવાર અહિંસા હોય છે. દેખાવમાં હિંસા લાગે, પણ હકીકતમાં નથી હોતી. નિશ્ચય અને વ્યવહારને હમણાં બાજુ ઉપર રાખીએ.

આપણે તો આજ્ઞા વગર બધું નકામું. આપણે તો 'પ્રભુ શું કરે છે?' એ જ વાત મુખ્યપણે કરવી છે.

**સભાઃ** એટલે સાહેબ, પરમાત્માનું અસ્તિત્વ શું માત્ર પુણ્યવૃદ્ધિનું જ કામ કરે?

**ઉત્તરઃ** જો તમે પ્રભુના અસ્તિત્વનો જ ઈન્કાર કરો, તો પાપવૃદ્ધિનુંયે કામ કરે! અહંકાર એ પરમાત્માના અસ્તિત્વનો અસ્વીકાર છે. એક વાત ધ્યાનમાં રાખોઃ પ્રભુ નિગ્રહ ને અનુગ્રહ, બંને કરે છે.

'લલિત વિસ્તરા' ગ્રંથની ટીકામાં શું લખ્યું છે, ખબર છે? ના? તો વાંચજો. આપણે હમણાં ઔપચારિકપણે ચાલી રહ્યા છીએ. મોકાણ એ જ છે! આપણા કર્તૃત્વને વાસ્તવિક અને પ્રભુના કર્તૃત્વને ઔપચારિક સમજીએ છીએ અને પાછી હકીકત તો ઊંધી જ છે. સત્યનું પૂરેપૂરું શીર્ષાસન જ થઈ ગયું છે!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** જેમ આપણું કર્તૃત્વ દેખાય છે, એમ પ્રભુનું કર્તૃત્વ પણ દેખાવું તો જોઈએ ને?

**ઉત્તરઃ** આ તમે રાખના રમકડાંઓ બધા અહીં ભેગા થયાં છો, તે પણ પ્રભુનું જ કર્તૃત્વ છે ને? નહીંતર બોલો, અહીં કોણે ભેગા કર્યા તમને બધાને? આ કાંઈ મોલ છે કે તમે બધા શોપીંગ કરવા ભેગા થયાં છો?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** તો તમારું કહેવું એમ છે કે અમે બધા અહીં ભગવાનને કારણે આવ્યા - ભેગા થયાં છીએ?

**ઉત્તરઃ** તો શું પ્રભુને ખબર નથી અને તમે બધા અહીં આવ્યા છો? આ વિશ્વમાં જે પણ કાંઈ ઘટનાઓ બને છે, તે પ્રભુની નજર બહાર ખરી? જો હા, તો તમારી કેવળજ્ઞાન અને કેવળ-દર્શનની વાત ઉડી જશે.

**સભાઃ** પણ ભગવાન જાણે છે અને ભગવાન કરે છે, તે બેમાં ફરક તો પડે કે ન પડે? તેઓ તો જ્ઞાતા - દ્રષ્ટાભાવે છે ને?

**ઉત્તરઃ** એકલું જાણવું એ માત્ર જાણવું જ છે. એકલું જાણવામાં શકિત પણ જોઈએ. ભગવાને શું માંગ્યું છે? 'જો હોવે મુજ શકિત ઈસી, સવિ જીવ કરું શાસનરસી!' આપણે આજે એ શકિતની જ ઓળખાણ કરવાની છે! ભગવાને જે માંગી, તે શકિત કઈ? શકિત સિવાય વિશ્વમાં કોઈ ફેરફાર થઈ જ ના શકે!

**સભાઃ** આ યુદ્ધો થાય છે અને બોમ્બ પડે છે, એમાં શકિત છે?

**ઉત્તરઃ** પ્રભુની આજ્ઞાનો ભંગ કરનારને દંડ મળે છે. આ વિશ્વ-સત્તાની અંદર કયાંયે અંધેર નથી, બધે ન્યાય જ થતો હોય છે.

**સભાઃ** સાહેબ, વિશ્વ તો વધુ અન્યાય તરફ જ છે!

**ઉત્તરઃ** પ્રભુની આજ્ઞા છે કેઃ 'કોઈએ કોઈને નડવું નહીં.' એ જો સારી રીતે ન પાળે, તો એ યુદ્ધમાં પણ મરે અને bombardingથી પણ મરે! બધી જાતનો દંડ થાય એમને.

**સભાઃ** યુદ્ધની અંદર પણ એક રીતે તો દેશરક્ષા જ રહેલી છે ને?

**ઉત્તરઃ** એક વાત ખ્યાલમાં રાખોઃ અમેરીકા વેનેઝુએલાના પ્રેસીડન્ટને ઉપાડી જાય, ત્યારે શું વેનેઝુએલાએ અમેરીકા ઉપર આક્રમણ કર્યું હતું? (સભાઃ ના.) તો પછી કેમ ઉપાડી ગયો? જે એનું નથી, એ એના બાપનું કરવા માટે એને ઉપાડી ગયો! એ અન્યાય જ છે. આજ નહીં, તો કાલ! એને ભોગવવું જ પડશે!

**સભાઃ** જો એ ઉપાડી ગયા, તે પણ પ્રભુની શકિતથી જ થતું હોય, તો અન્યાય કઈ રીતે કહેવાય?

**ઉત્તરઃ** એક વાત કહું? આ અગ્નિ છે, એ અનાજને પકવે છે, પણ એમાં જો તમારે બળી મરવું હોય, તો તમને કોણ રોકે? શકિત ખરી, પણ એનો ઉપયોગ કરનાર તમે છો. એ તમારું કર્તૃત્વ થયું. એને ઠેકાણે રાખો. (સભાઃ હાસ્ય..) શકિતનો દુરૂપયોગ ન કરો. શકિતનો અર્થ એવો નથી જ કે તમે કોઈ શાળામાં જઈને પછી વિદ્યાર્થીઓને ધડાધડ મારી નાંખો!

પહેલેથી કહું છુંઃ પ્રભુ શકિત છે. તે શકિતનો સદુપયોગ કરો, તો નિર્વાણમાં અને દુરૂપયોગ કરો, તો ફરી નિગોદમાં યે લઈ જાય! સાથે આપણે અશકત છીએ, એ વાત પહેલાં સ્વીકારવી પડે. વિશ્વમાં શકિત માત્ર પરમાત્માની જ છે. જુઓ, એનું એક ભૌતિક દ્રષ્ટાંત આપુંઃ આખું વિશ્વ બધી જ પ્રવૃત્તિ કરે છે, દોડે છે.. બધાના મગજ પણ બહુ સરસ રીતે ચાલે છે, પણ માત્ર થોડાં દિવસ સૂર્ય ન ઉગે, તો એ બધાનું શું થાય? એક તો હિમયુગ આવે. બધા બરફ થઈ જાય. એક જ સૂર્ય! તેમાં કોઈ કર્તૃત્વ નથી. પણ હા! એ એની શકિતથી જ આખા વિશ્વનું સંચાલન કરે છે. શબ્દકોશમાં સૂર્યનું એક નામ 'સવિતા' પણ છે.

'સવિતા' યાને સર્વ ભૌતિક પદાર્થોને જન્મ દેનાર. તો સૂર્યનો પોતાનો વ્યકિતગત કોઈ રોલ છે ખરો? પણ એની શકિત આખા યે વિશ્વને ઉર્જા આપીને એને ચાલતી કરી દે છે ને?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** પણ સૂર્ય at least દેખાય તો છે! (સભાઃ હાસ્ય..)

**ઉત્તરઃ** અરે પણ એની શકિત દેખાય કે અનુભવાય? એ બોલો. એમ પ્રભુની શકિત પણ દેખાતી નથી, અનુભવાય જ છે. આ તમે અહીં છો, એ રીતે! એ ન હોય, તો તમે અહીંયા ના હો!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, એ તો જવાબ ઉડાડયો ના કહેવાય?

**ઉત્તરઃ** તમે જે પૂછો છો ને, એમાં તો ભગવાનને જ ઉડાડી દો છો, તો એમાં હું શું કરું? (સભાઃ હાસ્યની છોળ!) પરમાત્માને સ્વીકારવા બહુ મુશ્કેલ છે. તે વીતરાગ છે ને, એટલે પ્રભુ કાંઈ બોલે ય નહીં અને કાંઈ કરે ય નહીં, પણ ગુરૂ મહારાજ પાસે જયારે જઈએ ને, ત્યારે એ બોલે તો ખરાં! અમારા સાધુમાં યે એવું હોય છે કે દેરાસરમાં કલાકોના કલાકો ગાળી આવે અને પોતાના ગુરૂ પાસે આવીને પ્રેમથી અડધો કલાક પણ ન બેસે!

દેરાસરમાં પ્રભુ બોલતાં નથી એટલે પોતે બોલીને એની ભકિત કરે અને અહીં બોલતાં પ્રભુ હોય, એટલે ઓછું બેસે પણ શિષ્યને એ ખબર નથી કે પ્રભુ બોલતાં નથી ને, એટલે એ બધું ખોલી નાંખે તેવા છે! (સભાઃ હાસ્ય..)

પરમાત્માએ જે સંકલ્પ કર્યો હતો કેઃ 'સવિ જીવ કરું શાસનરસી', તે યોગની બધી વાતો આગમમાં નથી, તંત્રમાં છે. એ દ્રષ્ટિએ યોગી જેમ આગળ વધતો જાય, તેમ તેમ સજીવ અને નિર્જીવ, એમ બધા પદાર્થો સાથે એનું જોડાણ થતું જાય! પછી દ્રશ્ય - અદ્રશ્ય એમ બધા પદાર્થો ઉપર એનો અધિકાર આવતો જાય! પ્રભુ તો અનુત્તર યોગી છે, તેમનાથી ઉપર વિશ્વમાં બીજું કોઈ યોગી નથી. તીર્થંકર બનતા પૂર્વે ત્રીજે ભવે યોગની ચરમ કક્ષા પ્રાપ્ત કરે છે. જે પહેલા દેહરૂપ હતાં, તે વિશ્વરૂપ બની જાય છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** ત્રીજે ભવે દેહરૂપે હોય ને?

**ઉત્તરઃ** સૂર્ય ગોળારૂપે ત્યાં જ છે, પ્રકાશરૂપે વિશ્વમાં વ્યાપે છે. પ્રભુ પણ એ જ રીતે સમગ્ર વિશ્વમાં વ્યાપી બધા આત્માના દુઃખનો અનુભવ કરે છે. એના કારણોને પણ જાણી લે છે. એમના પગ નિગોદમાં હોય, તો એનું મસ્તક સિદ્ધશીલામાં હોય. એટલે સિદ્ધો પણ પ્રભુના સુખનો અનુભવ કરે છે, કારણકે 'सव्व भूअप्पभूअस्स।' જગતનાં સર્વ જીવો સાથે તેમણે એકતા સાધેલી હોય છે. એમાં માત્ર સંસારી જ નહીં, મુકત જીવો સાથે પણ! આમ બંને પ્રકારના જીવો સાથે એકતા સાધેલી હોય છે.

**સભાઃ** સાહેબજી, 'સર્વ જીવોને મોક્ષમાં લઈ જાઉં' એવી ભાવના એમને જ થાય છે, અમને કેમ નથી થતી? એ process શું હશે?

**ઉત્તરઃ** આજે એક સાથે દીક્ષાઓ ઘણી અપાય. પછી જોશ કેટલામાં ટકે? એમાં મોટા ભાગનાં તો ગાડરિયા જેવા જ હોય! ગાડરની જેમ જ એકની પાછળ બીજા જાય!

વિજળીના ગોળા એકસરખાં જેવા જ હોય ને? પણ voltage? તેની શકિત બધા bulbમાં એકસરખી ન હોય! કોઈ એક voltageનો હોય, કોઈ bulb શૂન્યનો હોય, તો કોઈ લાખ voltageનો bulb પણ હોય! ગોળા છે... વિજળી પણ છે, છતાં તાકાત એ કેટલા voltage પકડી શકે છે, તેના ઉપર અવલંબે છે. એમ તથાભવ્યત્વ પણ અનેક પ્રકારના હોય. અરિહંતનું તથાભવ્યત્વ એવું છે કે વિશ્વના સર્વે જીવો સાથે એકતાનું સંવેદન કરી શકે, એથી તીર્થંકરના આત્મા 'સવિ જીવ કરું..'ની ભાવના સેવી શકે. તેમના તથાભવ્યત્વમાં જ એવી તાકાત હોય, જે આપણામાં નથી.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** તો તીર્થંકરની શકિત અને કેવળીની શકિત - એ બેમાં પણ ફેર પડી જાય?

**ઉત્તરઃ** પ્રજા અને રાજા જેવું છે તેમાં. કેવળી અશકત હોય, તીર્થંકર સશકત હોય. પ્રજા-રાજામાં ફરક શું? રાજાની પુણ્યશકિત જબ્બર હોય, પ્રજાની ન હોય! ફેર બંનેની પુણ્યશકિતમાં જ હોય, કેમકે તીર્થંકર નામકર્મના વિપાકોદયથી તેમના શુભ અને પરમ પવિત્ર પરમાણુઓના પુંજનો વિસ્તાર ફેલાયેલો હોય. તમે બધા બોલો છો નેઃ 'સાહેબ! પુણ્યના ઉદયથી અમે આ બધું પામ્યા.' પણ તમને એ ખબર નથી કે પુણ્યની ૪૨ પ્રકૃતિમાંથી કઈ પ્રકૃતિના ઉદયે સુખ પામ્યા? ગણી જાઓ બધી પ્રકૃતિ અને કહોઃ પ્રભુનું શાસન તમે પુણ્યની કઈ પ્રકૃતિથી પામ્યા?
ભગવાન કઈ પ્રકૃતિથી ભગવાન બન્યાં? બોલો!

મારા ગુરૂ મહારાજ કહેતાંઃ 'પોતાનો વિચાર ગૌણ કરીને પારકાનો વિચાર જેવો શરૂ થયો કે પુણ્ય શરૂ થયું! અને પારકાનો વિચાર તો જ આવે કે જો તમને પ્રભુતાનો સ્પર્શ થયો હોય!

કોઈનું પણ શુભ કરવાનો વિચાર પ્રભુના પ્રભાવથી જ આવે! શુભ વિચાર કાંઈ તમારા ઘરનો નથી! હા, પણ અશુભ વિચાર તમારા ઘરનો છે.'

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** એવું શા માટે કે શુભ બધું પ્રભુને ખાતે અને અશુભ બધું અમારા ખાતે? (સભાઃ હાસ્ય..)

**ઉત્તરઃ** હા ભાઈ હા! બોલો હવે કે ફળ, ફસલ અને એવું બધું કેમ ઠેઠ તમારા ખેતરમાં છે અને ઘરમાં કેમ પાયખાનું જ છે? હવે એટલામાં સમજવું હોય, તો સમજી જાઓ!

તમે પોતે કેટલા ફળ પેદા કર્યા? તમે કેટલું દૂધ પેદા કર્યું?
તમે પોતે વાપરવાની કેટલી સરસ ચીજો પેદા કરી?
અને તમે કઈ ચીજ વાપરીને ના બગાડી? (સભાઃ હાસ્ય..)

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** બગાડવાનું બધું આપણા જ ખાતે, એમ કેમ??

**ઉત્તરઃ** બિલ્કુલ! એ સ્વીકારવું પડશે અને તો જ તમારો અહંકાર જશે! નહીંતર બીજાના દોષો જ જોયા કરશો અને બીજાની પરીક્ષા જ કર્યા કરશો અને એમાં નાપાસ જ થયાં કરશો!

**સભાઃ** તો પછી સાહેબ! આપણામાં ઉત્તમતા શું?

**ઉત્તરઃ** જ્યારથી પરમાત્મા તરફ નજર જાય, ત્યારથી એ પછી જ આપણી ઉત્તમતા શરૂ થાય! જ્યાં સુધી પ્રભુ તરફ પૂંઠ કરીને ઉભા રહો, ત્યાં સુધી તમે અધમ. બોલો! લોઢું તો લોઢું જ છે, પારસમણિનો સ્પર્શ થાય... તો સુવર્ણ થઈ જાય! અને એ ન થાય, તો કાટ ખાય!

**સભાઃ** આપના દ્વારા જે કહેવાયું કે અરિહંત પરમાત્મા શકિત રુપે સર્વત્ર છે, તો અહીં બેઠાં બેઠાં યે તેનો સ્પર્શ કરી શકાય?

**ઉત્તરઃ** સ્પર્શ કેટલા પ્રકારનો છે, તે ખબર છે? હું પૂછું કે તમને કોઈને સૂર્યનો સ્પર્શ થાય છે? થાય ને, તો બળી જ જવાય!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, જો કે આ સૂર્યના કિરણોનો સ્પર્શ જરુરથી થાય છે.

**ઉત્તરઃ** હં...એ સૂર્યનો સ્પર્શ નથી, સૂર્યની શકિતનો સ્પર્શ થાય છે, તો અહીં બેઠાં બેઠાં યે પ્રભુની શકિતનો સ્પર્શ તો થાય જ છે ને? કોઈ અનુષ્ઠાન કરતાં હો અને એ જયારે અમૃતાનુષ્ઠાન થાય, એ પ્રભુની શકિતનો જ સ્પર્શ છે, નહીંતર ના થાય! ત્યાં રોમાંચ વગેરે જે લક્ષણો છે ને... આંખમાં અશ્રુ, પુલક અને એ બધા પ્રભુના સ્પર્શના જ લક્ષણો છે. રોમાંચિત થવું, નિષ્કારણ આનંદ ઉભરાવો, આંખમાં આંસુ, ગદ્ગદ્ થઈ જવું... વગેરે સૌ પ્રભુનો સ્પર્શ જ છે. યુવાનીમાં પુરુષનો પ્રથમ સ્પર્શ થાય અને યુવાન સ્ત્રીના શરીરમાં વિજળી દોડે, એમ પ્રભુના સ્પર્શે આપણા શરીરમાં વિજળી દોડે! સાંસારિક દ્રષ્ટાંત આપ્યા વગર આ તમને સમજાય એમ જ નથી!

હવે પહેલી વાત એ નક્કી થઈ કેઃ પ્રભુની શકિત એ પુણ્યની શકિત છે અને એના તરંગો સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત છે. હવે કઈ રીતે એ શકિત ઉત્પન્ન થઈ, તેની થોડી ચર્ચા કરી લઈએ!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** ૧૦ મિનિટ બ્રેક રાખીએ?

**ઉત્તરઃ** કેમ? કયાંય જવું છે?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** ના સાહેબ, આપને સ્હેજ વિરામ મળે, તે માટે.

**ઉત્તરઃ** ના, બ્રેક રહેવા દો. આપણે તો માત્ર પ્રભુની શકિતની અર્થાત્ આર્હન્ત્યની ઓળખાણ કરવી છે. વાચના પૂરાં બે દિવસ ચલાવવી જ એવું કયાં છે? કલાકમાં ઓળખાણ થઈ જાય, તો સગપણ કરીને રવાના જ થઈ જવાનું! (સભાઃ હાસ્ય..) પછી એમાં બીજો દહાડો નહીં કાઢવાનો! બહુ flexible રહેવાનું.

હવે બીજી વાત. એ નક્કી થયું કેઃ પૂર્વના ત્રીજા ભવે ભગવાનને સાધનાની ચરમ ટોચ ઉપર નિગોદથી સિદ્ધ સુધીના સમગ્ર આત્મતત્ત્વ સાથે અનુસંધાન થાય છે, ત્યારે જ પરમ કરૂણાના કારણે 'સવિ જીવ કરૂં શાસનરસી'નો સંકલ્પ થાય છે અને એના કારણે જ ઉત્કૃષ્ટ પુણ્યસ્વરૂપ તીર્થંકર નામકર્મનો બંધ થાય છે, જે શકિત રૂપ બની સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત થઈ જાય છે. આપણને બધાને જોર શેનું છે, એ ખબર છે? પ્રભુના એ શકિત રુપી સ્પર્શ વગર જોર આવે? તમારો ખભો તમે જ થાબડીને તમે તમને support આપો કે બીજા તમને support આપે?

**સભાઃ** બીજા support આપે. પોતાને 'શાબાશ-શાબાશ' ન કહીએ!

**ઉત્તરઃ** તો એ બીજાનો support જ તમારી શકિત બને ને? તમે એક સારૂં કામ કર્યું અને ગુરૂએ કહ્યું કેઃ 'તમે બહુ સરસ કર્યું.' તો બીજી વાર કરો કે નહીં? (સભાઃ હા.) તો એ શકિત બીજાએ જ આપી ને? પ્રભુ વિશ્વના પ્રત્યેક જીવોના સુખ - દુઃખને પોતાની સાધનાની ચરમ ટોચે પહોંચીને સ્વયં જાણી લે,

ત્યારે સિદ્ધશીલાનો યે સ્પર્શ કરે અને નિગોદનો પણ સ્પર્શ કરે છે. જયાંથી જીવની યાત્રા શરુ થઈ, એ નિગોદને પણ ભગવાન જાણે અને જીવની યાત્રા જયાં પૂર્ણ થઈ, એ મોક્ષને પણ એ ક્ષણે જાણે છે, જયાં આત્માનો અંતિમ વિરામ છે.

**સભાઃ** તે જાણવું અને અનુભવવું, એ બે અલગ છે કે એક છે?

**ઉત્તરઃ** પેંડાને જાણવો કેઃ 'આ પેંડો જ છે, ઘૂઘરો નથી'; એ છે જાણવું. પછી પેંડાને મોઢામાં નાખવો, તે છે એને અનુભવવો. જ્ઞાન અને દર્શન - એ બે ભેગાં છે કે જૂદાં?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** જ્ઞાન અને દર્શન, બે ભેગાં જ છે.

**ઉત્તરઃ** તો બસ! એમ જ છે. એ શકિતના કારણે પ્રભુ એક જ સમયે જગના સર્વ જીવોને દુઃખમાં ડૂબેલાં જુએ અને અનુભવે છે, જેથી એમને સંકલ્પ થાય છે કે પ્રભુની આજ્ઞા પાળવા માટે જેઓ અશકત છે, તેઓ તે જ કારણે દુઃખી થાય છે. તેથી મારામાં એવી તો જબરદસ્ત પરમ શકિત આવે કે હું જગતના સર્વ જીવોને પ્રભુની આજ્ઞા માની શકે, તેવાં કરી દઉં! સર્વ જીવો પરમાત્માની આજ્ઞાનું પૂર્ણપણે પાલન કરી શકે, તેવાં કરી દઉં!

'શાસન'નો અર્થ 'આજ્ઞા'. એટલે 'સવિ જીવ કરું શાસનરસી'નો અર્થ પણ એ જ છે. પ્રભુની આજ્ઞાનો ભંગ કરે, તે જીવ હેરાન થાય છે. પ્રભુની આજ્ઞા પણ કેટલી સરસ છે! તમને કોઈ મારે, એ ગમે? તમારે માટે કોઈ જૂઠ્ઠું બોલે તો? (સભાઃ ન ગમે.)

કોઈ તમારી કોઈ વસ્તુની ચોરી કરી જાય તો? તમારી છોકરીને કોઈ ઉપાડી જાય તો? તમે એકદમ ભૂખે મરતાં હો અને કોઈ પોતાના ઘરમાં ધાનનાં ઢગલા ભેગાં જ કર્યા કરે તો? (સભાઃ ન ગમે.) બસ! એ બધું ના કરવું, તેનું જ નામ પંચમહાવ્રતો! (સભાઃ વાહ!)

પ્રભુના વૈશ્વિક નિયમો સાવ સીધા અને સાદા છે. તારી કોઈ ઈજા કરે, એ તને નથી ગમતું? તો તારે પણ કોઈને ઈજા ન કરવી! તારા માટે કોઈ જૂઠ્ઠું બોલે, તે નથી ગમતું? તો તારે ય નહીં બોલવાનું! (બીજું મહાવ્રતઃ સત્ય) તારી વસ્તુ જો કોઈ ચોરી જાય, એ તને નથી ગમતું? તો તારે ય કોઈની વસ્તુ નહીં ચોરવાની. તને દુઃખી જોઈને કોઈ રાજી થાય છે અને તને એ જોઈ બળતરા થાય છે? તો તારે ય એવું ન કરવું. સીધા અને સરળ આ નિયમો છે, પણ અનાદિના મોહને કારણે જીવો ખોટાં રસ્તે ચડી જાય છે. સૌથી મોટી બાબત તો એ જ કે સૌથી પહેલાં જીવોને નિગોદમાંથી કાઢવા પડે કે નહીં?

**સભાઃ** સૌને ભવચક્રના ચકરાવામાંથી બહાર કાઢવા કઈ રીતે?

**ઉત્તરઃ** પ્રભુનો જીવ પૂર્વના ત્રીજે ભવે જીવોને બહાર કાઢવાની શકિત ઠે...ઠ સિદ્ધ ભગવંતો પાસેથી માંગે છે. એક વાર જીવો બહાર આવે, તો જ પછી જીવોનું કલ્યાણ થાય ને? સિદ્ધ પાસેથી એ શકિત માંગે, ત્યારે તેમને જબરદસ્ત પુણ્યની પ્રાપ્તિ થઈ જબરદસ્ત શુભ કર્મનો બંધ થાય. વાસ્તવિક દ્રષ્ટિએ બધા પુદ્ગલો અશકત જ છે અને શકિત માત્ર સિદ્ધોમાં જ છે. જીવને કારણે જ બધા પુદ્ગલો ભિન્ન - ભિન્ન રૂપો ધારણ કરે છે, પુદ્ગલ એની મેળે કોઈ રૂપ ધારણ કરી શકતું જ નથી.

**સભાઃ** વિસ્રસાની વાત આવે છે.

**ઉત્તરઃ** એક વાત ધ્યાનમાં રાખોઃ બધા વાદળોમાં અપ્કાયના જીવો ન હોય. જેમાં તે ન હોય, તેવા વાદળાઓ આપણને ઉપયોગી કે ઉપકારી પણ નથી. જે વરસાદ વરસે છે, તે અપ્કાય વરસે છે, વાદળા નથી વરસતાં! શક્તિ જીવો પાસે જ છે, પુદ્ગલ પાસે નથી. એટલે પ્રભુ વિશ્વના બધા જીવો સાથે એકતા સાધે છે. એ ઐક્ય એવું છે કે પ્રભુના આત્માને એમ લાગે કે આ બધા જીવો મારાં જ છે. નિગોદમાં પૂર્ણ unconsciousness છે, તેથી વ્યકત નથી કરી શકતાં, પણ પ્રભુની શક્તિનો અનુભવ તો કરી જ શકે છે અને પ્રભુ તરફ પછી એનું વલણ થઈ જાય છે.

'સવિ જીવ...'ની ભાવનાથી પ્રભુના આત્મામાં એટલું તો વિશિષ્ટ પુણ્ય બંધાય છે કે વિશ્વના બધા જ પદાર્થો ઉપર પછી તેમનો પ્રભાવ પડે છે અને એમના દુઃખ દૂર કરવાની ભાવનાનાં પ્રભાવે જ આપણને શુભ વિચારો પણ જાગે છે. આજ્ઞા પાળી શકાય તેવી સામગ્રી મળે, તો જ બધા જીવો પ્રભુની આજ્ઞા પાળી શકે! એ સામગ્રી એટલે મનુષ્યનો દેહ. એ મળે, તો જ આજ્ઞા પાળી શકે ને? મનુષ્યદેહ મળ્યાં પછી અનાજ કે પાણી ન મળે તો? ઓક્સિજન ન મળે તો? અગ્નિ ના હોય તો?

આ સામગ્રીઓ ના મળે, તો કાંઈ થાય? ના. એટલે આખી વ્યવસ્થા છે, એ પ્રભુના પુણ્યના આધારે જ છે. પ્રભુ જગદાધાર છે, કેમકે એનું અસ્તિત્વ બધું કરે છે, વ્યક્તિત્વ નહીં. સૂર્યની ઉર્જા માત્ર અહીંયા વ્યાપ્ત થાય, જ્યારે પ્રભુની ઉર્જા ચૌદે રાજલોકમાં વ્યાપ્ત થાય છે, તેથી જ એ ઉર્જા પરમ પૂજ્ય છે.

શ્રી માનતુંગસૂરિજી કહે જ છે કેઃ 'આખા આ વિશ્વ ઉપર સૂર્ય -ચંદ્ર-ગ્રહો-નક્ષત્રો-તારાનો પ્રભાવ છે, પણ તે પાંચેના તેજની પાછળ મુખ્ય પ્રભાવ પંચ પરમેષ્ઠીનો જ છે. એમાં સિદ્ધ પરમાત્મા એ પરમ સૂર્ય છે. તેનો રંગ લાલ છે અને કર્મ આકર્ષણ છે. સિદ્ધોમાં અનંત વીર્ય છે, વીર્યમાંથી ઉર્જા ઉત્પન્ન થાય જ. બસ! તમે એની સાથે જોડાઓ, એટલે તમારા આત્માને ય તે શુદ્ધ કરી જ નાંખે! જેમ માટીવાળું સોનું જેવું અગ્નિ સાથે જોડાય કે તરત જ શુદ્ધ થઈ જાય, તેમ પ્રભુના તેજરૂપી અગ્નિ આપણને શુદ્ધ કરે. સિદ્ધ પરમાત્માની પરમ ઉર્જા આપણે સીધી પકડી શકતાં નથી, પરંતુ તીર્થંકરોનું તથાભવ્યત્વ એવું છે કે તે સીધું પકડી લે છે. એ જ સિદ્ધોની શકિત તીર્થંકરોમાં જે સ્થાપિત થાય છે, તે જ કહેવાય 'આર્હન્ત્ય'! (સભાઃ વાહ!)

सकलार्हत्–प्रतिष्ठान–मधिष्ठानं शिवश्रियः ।
भूर्–भुवः स्वस्त्रयीशान–मार्हन्त्यं प्रणिदध्महे ॥१॥

'સકલ' એટલે દેહધારી અરિહંત પ્રભુ. સકલ અને નિષ્કલ, એમ બે પ્રકારના અરહંતો હોય. આર્હન્ત્ય માત્ર વિદ્યમાન દેહધારી અરિહંતોમાં જ હોય. એમાં પણ અધિષ્ઠિત કોનાથી? સિદ્ધ પરમાત્માથી. તેમનું ચિત્ત સિદ્ધો સાથે જોડાયેલું જ હોય! તે આર્હન્ત્ય મૂર્તિમાં નહીં, પહેલાં તો દેહધારી અરિહંતમાં જ હોય, પછી ત્યાંથી આખી યે પ્રક્રિયા કેવી રીતે બને છે, તે આપણે આગળ જોતાં જઈશું. ભગવાન સંગે આપણું જોડાણ થાય અને આપણી શ્રદ્ધા દ્રઢ બને, એ માટે જ તો મથામણ કરવાની છે.

પુદ્ગલ સાથેનું તમારું જોડાણ તો ભવોભવથી ચાલ્યા જ કરે છે. એકવાર સંયોગ થયાં પછી જે ન છૂટે, તેનું નામ 'યોગ'.

સંયોગ પછી જે છૂટી જાય, તે 'વિયોગ'. જે સિદ્ધ પરમાત્મા આપણા સજાતીય છે, તેની સાથે આપણે જોડાવાનું છે. અચ્છા, પાણી પહાડ ઉપર જાય કે દરિયામાં? (સભાઃ દરિયામાં.) એનું સજાતિય પહાડ કે દરિયો નથી. આત્મા છેવટે બે જ જગ્યાએ જાય : મેલો હોય, તો નિગોદમાં અને ચોખ્ખો હોય, તો મોક્ષમાં. (સભાઃ વાહ!) આત્માને જવું પડે આ બે સાગરમાંથી એકમાં જ! એની પોતાની personality વધારે સમય કાંઈ ચાલે નહીં!

બધી જ નદીઓ કાં દક્ષિણ ધ્રુવમાં, કાં તો ઉત્તર ધ્રુવમાં જાય, બીજો કોઈ રસ્તો જ નથી! તમારી પાસે પણ બે જ રસ્તા છેઃ કાં તો તમારી પોતાની શક્તિથી નિગોદમાં જાવ કે પછી પ્રભુની શક્તિથી મોક્ષે જાવ! પાણી નીચે પડે પોતાની શક્તિથી, ઊંચે ચડે વિદ્યુત્ શક્તિથી! (સભાઃ વાહ!) પાણી કોઈ પણ હિસાબે પોતાની શક્તિથી ઉપર ના જ ચડી શકે! આપણું ઉર્ધ્વારોહણ પણ પરમાત્માની શક્તિથી જ થાય.

બસ! એ જ શક્તિ પ્રભુએ પૂર્વના ત્રીજે ભવે માંગી. તો જ કામ થાય ને? પ્રભુ સૌ આત્મામાં એવી શક્તિ પહોંચાડે કે પછી ધડાધડ ગુણસ્થાનો ઉપર ઠેકડાં મારતાં ઉપર ચડતાં જ જાય! જેમ પેલા athlete કોઈ દવા ખાઈ લે ને? પછી દે ધનાધન દોડે! જો કે પકડાઈ જાય, તો બિચારા હરિફાઈમાંથી જાય!

(સભાઃ હા, સ્ટીરોઈડ.) તો પ્રભુની શક્તિ એ સ્ટીરોઈડ જેવી છે. શક્તિ પરમાત્મા જ આપે. પુણ્ય એ શક્તિ છે. એના ઉત્પાદક પરમાત્મા છે અને ગ્રાહક આપણે બધા. પાપ એ અશક્તિ છે. પાપના ઉત્પાદક સાથે ભોક્તા પણ આપણે જ છીએ.

એમાં ભાગ પડાવવા કોઈ આવે? (સભાઃ ના!) અને પુણ્યમાં? (સભાઃ બધા આવે.) હા! પુણ્ય ચીજ જ એવી છે કે તે વહેંચી શકાય, પરંતુ પાપ એ એવી ચીજ છે કે તે વહેંચી ન શકાય. જેમ સાબુ વેચી શકાય પણ મેલને વેચી શકાય? (સભાઃ ના.) પ્રભુ જ્યારે 'સવિ જીવ કરું..'ની ભાવના દ્વારા શકિત માંગે છે ને, ત્યારે તેમને ઉત્કૃષ્ટ સુખનો અનુભવ થઈ જાય છે.

'યોગશાસ્ત્ર' નોંધે છે કેઃ પ્રભુને જો વ્યકિતગત મોક્ષ જોઈતો હોત, તો એ જ ક્ષણે તેઓ મોક્ષમાં ચાલ્યા જાત, પણ આપણા ઉપરની કરૂણાને કારણે ઠેઠ ઉપર દરવાજે ટકોરો મારીને પાછા ફરીને સંકલ્પ કરે છેઃ 'હું એકલો જ શાશ્વત સુખ નહીં ભોગવું, સૌને વહેંચીશ.' બસ! આ જ છે પ્રભુની પરમ કરુણા! નહીંતર પોતાનું બધું દુઃખ છૂટી જતું હોય, તો 'દુનિયાનું જે થવું હોય, તે થાય... આપણને શું?' એમ જ મોટા ભાગે ચાલતું હોય છે ને?

તમને ખાવાનું મળી જાય, પછી દુનિયાના લાખો લોકો ભલે ને ભૂખ્યા રહેતાં હોય.. તમે રાજી! પણ પરમાત્મા તો એવા છે ને કે 'પારકી છઠ્ઠીના જાણતલ!' બધાનું દુઃખ તેઓ ઓળખી લે!

તેઓ સિદ્ધના પરમ સુખને પણ સંવેદી લે અને નિગોદના પરમ દુઃખને પણ સંવેદી લે છે! એ વખતે એમને ખ્યાલ આવી જ જાય છે કે આ દુઃખથી છૂટવાનો બીજો કોઈ જ રસ્તો નથી સિવાય કે પરમનો સ્પર્શ! એક વાર તે થાય, પછી બધા દુઃખોથી છૂટી જવાય! હવે પ્રશ્ન એ છે કે એ સ્પર્શ કઈ રીતે કરાવવો? એ સ્પર્શ બધા જીવોને કરાવવાના સંકલ્પમાં જ તેઓ પ્રકૃષ્ઠ પુણ્ય બાંધે.

સૌ જીવોને તારી શકે, તેવી શકિતના પુંજનું નામ છે 'તીર્થ.' બીજા કોઈ આત્મા તીર્થસ્થાપના ન કરી શકે! માત્ર જેમણે ઉત્કૃષ્ટ કોટિનું તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું હોય, એ જ તીર્થ સ્થાપનાર બને. તીર્થંકર નામકર્મના અસંખ્ય સોપાન છે. તમને કોઈ પણ શુભ કાર્ય મળે, એ તીર્થંકર નામકર્મના પ્રભાવથી જ મળે! પ્રભુ તો જગતના સર્વ જીવોનું ભલું ઈચ્છે જ, પણ તમે ય જો તમારો સ્વાર્થ ગૌણ કરીને એક જીવનું યે ભલું ઈચ્છો ને, તો તમને જે કર્મ બંધાય, એનું નામ પણ તીર્થંકર નામકર્મ જ છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** આવું કોઈ શાસ્ત્રમાં આવે?

**ઉત્તરઃ** બીજા જીવોનો વિચાર કરવાથી કર્મ બંધાય, એ પુણ્ય અને પુણ્ય એટલે તીર્થંકર નામકર્મ! બાકીના ૪૧ પુણ્યના જે ભોગવટાં છે, તે તેના જ ફળ છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, આવો અર્થ કેમ બીજા કોઈ ન કરે?

**ઉત્તરઃ** ભગવાને એમને નહીં કહ્યો હોય તેથી! ભગવાન જેને કહે, તે જ આમ કહી શકે ને? શ્રી પંન્યાસજી મહારાજને ભગવાને આવો અર્થ કહ્યો, એમણે અમને કહ્યો અને એટલે હું કહું છું!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, પણ આ માટે કોઈ રેફરન્સ કે પાઠ તો જોઈએ ને?

**ઉત્તરઃ** શાસ્ત્રમાં લખ્યું છે કે ભગવાન પુણ્યજનની છે, કેમકે

તેઓ પુણ્યના નિધાન છે, સિદ્ધો સુખના નિધાન છે, આચાર્યો આચારના નિધાન છે, ઉપાધ્યાયો વિનયના નિધાન છે અને સર્વ સાધુઓ સહાયના નિધાન છે. આપણે કોઈના નિધાન નથી, એ નક્કી છે. પ્રભુ નિધાન છે, આપણે તેમાંથી મેળવીએ છીએ. સૂર્યના સ્પર્શથી બધી ગંદકી શુભમાં ફેરવાઈ જાય છે ને? બધો જ કચરો કોણ શુદ્ધ કરે? સૂર્યનો પ્રકાશ જ ને? છતાંયે તે પોતે ક્યારેય ગંદો ન થાય. એમ તમારા આત્મા ઉપર લાગેલો કચરો પ્રભુના સ્પર્શે દૂર થાય, તે આપણા બધા પાપોને ધોઈ નાંખે અને પછી એને પુણ્યમાં પલ્ટી નાંખે, એ તેમની વિશેષ શક્તિ છે. આપણે તો એવા જ છીએ ને કે જેને અડીએ, એને ય પાપ થાય અને આપણને ય પાપ થાય. બોલો?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, પૂજા કરતી વખતે શ્રાવકો ભગવાનને અડે છે.

**ઉત્તરઃ** પાત્ર મેલું છે, તેથી ટીલાં કરી કરીને તમે ભગવાનને ય મેલા કરો છો! એમાં પ્રેમ ભળે, તો જ કામ થાય, પણ તમે તો એવા ટીલાં કરો છો કે ભગવાનને એને કારણે જે ડાઘ પડે ને, તે કેમે ય નીકળતાં યે નથી. તમે તમારા એકલા માટે પૂજવા નથી જતાં, પણ આ મારા કાકા વતી, આ મામા વતી, ભાઈ વતી... એમ બોલીને પ્રભુને ત્યાં યે ગોદાં મારો, એટલે ભગવાન થઈ જાય કાળા! બધા માંગણીયાઓ જ છે ને, ભગવાનને ય કાળા કરી નાંખે છે! પ્રભુના દરબારમાં માંગવા જ જાય છે અને આપે કાંઈ નહીં!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** અરે! ત્યાં વળી શું આપવા જવાનું? ભગવાનને વળી શું આપવાનું હોય?

**ઉત્તરઃ** અરે... પોતાના હૃદયનો ભાવ! પોતાનું આખું યે અસ્તિત્વ!

**સભાઃ** સાહેબ, પણ આપ જ તો કહો છો કે શુભ ભાવ ભગવાન તરફથી જ મળે છે, તો આપણે શું આપવાનું?

**ઉત્તરઃ** કેમ? એ મળેલો શુભ ભાવ પાછો આપવાનો ને? (હાસ્ય...)

**સભાઃ** સાહેબજી, ઉધાર પાછું અપાય, પ્રભાવના થોડી કાંઈ પાછી આપવાની હોય?

**ઉત્તરઃ** પ્રભુ કાંઈ પ્રભાવનામાં શુભ ભાવ નથી આપતા, એ યાદ રાખજો. (સભાઃ હાસ્ય...) કોઈની પાસેથી પૈસા લીધા હોય, તો તે પાછા આપવા પડે કે નહીં? સરકાર બધી સગવડ આપે, એ શું મફત આપે છે? (સભાઃ ના, taxના slabs હોય.) Tax આપવો પડે ને? તો આ તો વિશ્વ સમસ્તની સરકાર છે! ત્યાં તો મન - વચન - કાયા, એ બધાને tax આપવો પડે છે. મન પણ આપવું પડે, વચન અને કાયા પણ સોંપવા પડે. તમે જેને તમારું માનતાં હો, એ બધું જ સોંપવું પડે. તો... આ ભાવના કે સંકલ્પ કરીને પ્રભુના આત્માએ જે પુણ્ય બાંધ્યું, એટલે નક્કી થયું કે વિશ્વની અંદર શકિતસ્થાપન માટે જ આ પુણ્ય બંધાયેલ! અશકિતવાન જીવોને સશકત બનાવવા માટે જ આ પુણ્ય બંધાયું. હવે એ કઈ રીતે શકિત આપે છે અને એ શકિત કઈ રીતે કામ કરે છે, એ બધું જોઈએ.

તમે 'તત્ત્વાર્થ સૂત્ર' તો ભણ્યાં છો ને? તેમાં છ પુરૂષની વાત આવે છે ને? ઉત્તમોત્તમ, ઉત્તમ, મધ્યમ, વિમધ્યમ, અધમ અને અધમાધમ. આ છ પુરૂષોનું ચરિત્ર લખ્યું છે શ્રી ક્ષેમંકર મુનિએ.

'તત્ત્વાર્થ સૂત્ર'માં પહેલું જ લખ્યું છેઃ ઉત્તમોત્તમ જીવો તરીકે તીર્થંકરોનું ચરિત્ર. એમાં એમણે એ લખ્યું છે કેઃ તીર્થંકરોનો જીવ માતાના ગર્ભમાં આવે, એટલે ચ્યવન કલ્યાણક થઈ જ જાય એ વખતે! એ પછી આખા વિશ્વની વ્યવસ્થા બદલાઈ જ જાય.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** વિશ્વની વ્યવસ્થા બદલાય?

**ઉત્તરઃ** હા. પાણી બદલાઈ જઈને એકદમ શુદ્ધ થઈ જાય. સુકાઈ ગયેલા કૂવાઓ આકંઠ ભરાઈ જાય. જે ખેતર માત્ર ૧૦૦ મણ અનાજ પકવતું હોય, તે ૧૦૦૦-૨૦૦૦-૫૦૦૦ મણ અનાજ પણ પકવે, એટલી એની ધરતી રસાળ થઈ જાય. જે વૃક્ષો ૧૦ કિલો આમ્રફળો આપતાં હોય, તે ૨૦૦૦ કિલો કેરી આપતાં થઈ જાય! જે ખાણ રોજનું માત્ર અડધો કિલો સુવર્ણ આપતી હોય, તે ૧૦૦ કિલો ચે આપતી થઈ જાય!

બધા જ શુભ પદાર્થોમાં પરમાત્માની દક્ષિણાવર્ત ઉર્જા, જે કલ્યાણક થયાં પછી વિશ્વમાં ફેલાય છે, તે અઢી દ્વીપ અને કર્મભૂમિની સમગ્ર વસ્તુમાં શુભતા અને વિપુલતા પેદા કરે, અઢી દ્વીપની બહાર એને કોઈ લેવા-દેવા નહીં. જે રીતે bombનો વિસ્ફોટ થાય, ત્યારે તે વિશ્વને બાળી મૂકે, બધો નાશ કરી નાખે અને જે જગ્યાએ તેનો વિસ્ફોટ થયો હોય, ત્યાં હજારો વર્ષો સુધી એનું reaction ચાલ્યા જ કરે છે, તે રીતે સમગ્ર વસ્તુમાં શુભતા અને વિપુલતાનો વિસ્ફોટ થાય છે!

હવે મુખ્ય શ્રદ્ધા એ કરવાની કે bombના વિસ્ફોટ કરતાં પણ પ્રભુ જેનો વિસ્ફોટ કરે છે, તે દક્ષિણાવર્ત ઉર્જા વધુ બળવાન છે.

**સભાઃ** સાહેબ, પ્રભુ વિસ્ફોટ કરે? પરમાત્મા અને વિસ્ફોટ?

**ઉત્તરઃ** હા જી! 'કલ્યાણક' શબ્દનો અર્થ જ એ છે કેઃ 'વિશ્વવ્યાપી કલ્યાણનો વિસ્ફોટ!' વિસ્ફોટમાં ત્રણ ચીજ થાયઃ સૌ પહેલાં જેવો bomb ફૂટે, એટલે તરત એકદમ **અજવાળું** થાય! જેવો બોમ્બ, તેવું અજવાળું! એ પછી બીજા નંબરે ગડગડાટી જેવો એનો **અવાજ** આવે અને એ પછી... એનું **કંપન** શરૂ થાય.

આપણે બોલીએ છીએઃ 'ત્રણે ભુવનમાં થયાં અજવાળાં...' આમ પહેલો પ્રકાશ થાય. પછી દેવો દુંદુભિ વગાડે એટલે ગડગડાટીનો અવાજ આવ્યો અને પછી સુખાસિકા ફેલાય, એ જ એનું કંપન. બસ! આ થયાં પછી જ અકર્મભૂમિ છે ને, તે કર્મભૂમિમાં પલટાય. 'અકર્મભૂમિ' તે કે જ્યાં કોઈએ કાંઈ કરવાનું જ નથી!

જ્યાં અગ્નિ નથી, ચયાપચયની ક્રિયા અત્યંત મંદ છે, જઠરાગ્નિ પણ નથી. જ્યાં અકર્મભૂમિ છે, ત્યાં તીર્થંકરના જન્મ પછી જ અગ્નિ ઉત્પન્ન થાય. અગ્નિ એ ઉર્જાનું જ બાહ્ય દેખાતું સ્વરૂપ છે. પ્રભુ એ પરમ અગ્નિ છે, નિર્ધૂમ અગ્નિ છે, તે છેવટનું ઉત્તમોત્તમ સ્વરૂપ દેખાડે છે કે જુઓઃ છેવટે હું આ જ્યોતિસ્વરૂપ -શક્તિસ્વરૂપ છું. સર્જનના બધા જ કારણો અને કાર્યો પ્રભુના કલ્યાણક પછી જ શરૂ થાય.

મનુષ્યની વસ્તી યે પછી જ થાય. ૧૮ કોટાકોટી સાગરોપમ સુધી તો 'હમ દો - હમારે દો' જેવી જ સ્થિતિ હોય અને એ પણ ઠે...ઠ જ્યારે માત્ર છ મહિનાનું આયુષ્ય બાકી રહે, મરવાની વેળા આવે, ત્યારે બેલડાંને જન્મ આપે. ત્યારે એ માત્ર સાત જ અઠવાડિયામાં ૩૨ વર્ષનું થઈ જાય અને ત્યાં જ મા-બાપ વિદાય થઈ જાય.

હું ઘણી વાર હસતાં-હસતાં કહું જ છું કેઃ જેમ નદીનું પાણી ઉપરથી નીચે જાય, નીચેથી ઉપર ન જાય, એમ મનુષ્યનો દેહ પણ દિકરા તરફ જ જાય, બાપ તરફ ના જાય!

**સભાઃ** સાહેબજી, કંઈ સમજણ ના પડી!

**ઉત્તરઃ** કહું. હમણાં જ સમજાવું.
શું કોઈ ફળ એવું છે ખરું કે જે ઝાડને ખાવા માટે કામમાં આવે? શું કોઈ પંખી એવું છે કે જે પોતાના મા અને બાપની સેવા કરે? પ્રાણીનું કોઈ બચ્ચું એવું છે, જે પોતાના મા-બાપની સેવા કરે? પરંતુ બધા જ પંખી પોતાના બચ્ચાંની સેવા તો કરે કે નહીં? પૂરેપૂરી જાળવણી કરે કે નહીં? માણસ પણ એવી જ જાળવણી કરે. પોતાના પરિવારને પાળવો, એ ફરજ. મા-બાપને પાળવા, એ ધર્મ! એટલે ધર્મ તો કોઈ પુણ્યશાળી હોય, એ જ કરે. અભાગિયા ધર્મ ન કરી શકે! (સભાઃ ઓહોહો...) જેને મોક્ષમાં જવાનું હોય ને, એ જ મા અને બાપને સાચવી શકે, ગુરુદેવની આજ્ઞામાં યે રહી શકે અને વડીલોની સેવા પણ કરી શકે. જેને નિગોદમાં જવાનું હોય, એ સર્વે ન કુટુંબમાં રહી શકે, ન મા અને બાપની સેવા કરી શકે અને સાધુ તથા સાધ્વીઓ પણ ગુરુકુળમાં ન રહી શકે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, આ ભય બતાવવા માટે કહો છો કે હકીકત છે? (સભાઃ હાસ્ય..)

**ઉત્તરઃ** મારે ક્યાં તમારી પાસેથી લાડવો જોઈએ છે કે હું તમને ભય પમાડું? (સભાઃ હાસ્ય..) રોડ ઉપર જે red signal, હોય, એ signal એના પોતાના માટે રાખ્યું હોય કે બીજાને ચેતવવા માટે રાખ્યું હોય? એના ઉપર કેસ તો ન ચલાવાય ને?

(સભાઃ ના. ખડખડાટ હાસ્ય..) તો સારું. જે યથાર્થ દેખાય છે, તે જ હું બોલી રહ્યો છું. આ બધી જ વાતો હું મારી આંખે જોયા પછી જ કહી રહ્યો છું. લખેલું તો આ દુનિયામાં બધા જ વાંચી શકે. જે વગર લખેલું વાંચી આપે, એને અમે કહીએ વિશિષ્ટ. એવું શ્રી શ્રીપાળ મહારાજાના રાસમાં મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ પણ કહે છે. આ અત્યારે જે કહું છું, તે વગર લખાયેલું વંચાઈ રહ્યું છે - માત્ર અને માત્ર ગુરુકૃપાથી જ મળેલું! તમે 'કલ્યાણક' શબ્દ જાણો છો કે કલ્યાણ કરે, તે 'કલ્યાણક' કહેવાય, પણ 'કલ્યાણ' એટલે શું?

**સભાઃ** સાહેબજી, 'કલ્યાણ' એટલે સુખને આવકાર.

**ઉત્તરઃ** તો 'સુખ' એટલે શું? (સભાઃ અશબ્દ!) એક વાત ધ્યાનમાં રાખો કે ગતિ હોય, તો જ સુખ મળે. ઠપ્પ થઈ જાવ તો? તીર્થંકર નામકર્મની કલા એ 'આત્મકલા.' એમાંથી જે જન્મે, તે 'કલ્ય' કે પરમ શક્તિ. એ જેની અંદરથી આખા વિશ્વમાં ફેલાય, તેનું નામ 'કલ્યાણ'. આપણે શબ્દ તો જાણીએ છીએ, પણ એને શું કહેવું છે, તે જાણતાં નથી.

'कलायाम् भव कल्यम्।' આત્મકલામાંથી ઉત્પન્ન થતી પ્રભુની કર્મ-કલા સાડા ત્રણ કહી છે, તેવો સંદર્ભ 'બ્રહ્મપ્રકરણ'માં આપ્યો છે. 'કલ્ય' એટલે જીવનદાયિની પરમ શક્તિ. તેને જગત સમસ્તમાં જે ફેલાવે, તેનું નામ 'કલ્યાણ', જે બધા જ જીવોને એકસરખી મળે. જેમ કે સૂર્યપ્રકાશ. તે બધાને એકસરખો જ મળે છે ને? તેનું ભાડું યે નથી ભરવું પડતું ને? એ જ રીતે ભગવાન જે આપે છે, એનો કોઈ tax નથી ભરવો પડતો, પણ કાયદો તો પાળવો જ પડે.

પ્રભુ તીર્થંકર નામકર્મ બાંધે, ત્યારે તેના પાંચ વિસ્ફોટ થાય. એમાંથી ઉત્પન્ન થતી શક્તિ ચરાચર કે ઈથરમાં સમાઈ જાય, એને કારણશક્તિ, પુણ્યશક્તિ કે ચિતીશક્તિ પણ કહેવાય.

આપણે 'ચિતીશક્તિ'નો શાબ્દિક અર્થ એ કર્યો કે... જ્યાં ભગવાનનો અગ્નિસંસ્કાર થયો હોય, તે જગ્યાની શક્તિ, એ ચિતીશક્તિ. એવો અર્થ સાચો નથી. પરમાત્માનો અગ્નિ જ્યાં જાગ્રત રહે છે, એ છે 'ચિતીશક્તિ'. ચિતીભગવતી તો સમગ્ર વિશ્વની સંચાલિકા શક્તિ છે, જે પરમાત્મામાંથી જ ઉત્પન્ન થાય છે. એ જ લેવા માટે આપણે ઠેઠ દેરાસર જઈએ છીએ. એનું નામ 'ચૈત્યવંદના' છે. જિનાલયે જઈ પ્રભુની ચિતીશક્તિ સાથે સંબંધ કરવો, એની માટે કાયાનો ઉત્સર્ગ કરવો, આપણી કાયાને ખાલી કરવી અને કહેવું કેઃ 'પ્રભો! તમે પધારો. મારો અહંકાર વિદાય થાય છે.'

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, અહંકાર જાય તો પ્રભુ આવે?

**ઉત્તરઃ** ચોકખી જ વાત છે ને? બારી ખોલો તો પ્રકાશ આવે જ ને? અંધારું જાય, તો પ્રકાશ આવે જ ને? જ્યાં સુધી કાયામાં તમે બેઠાં હો ને, ત્યાં સુધી ભગવાન ન આવે. તમે નીકળો જો કાયામાંથી, તો જ પ્રભુ આવે! આવકાર વિના આવવામાં તો એ માનતાં જ નથી. એવા સસ્તા થોડાં છે કે વગર બોલાવ્યે તમારા ઘરે ઘુસી જાય? એમને તો બોલાવવા પડેઃ 'करेमि काउस्सग्गं।' કાયાનો ઉત્સર્ગ કરું છું, હવે તો પ્રભુ આવો!'

**સભાઃ** સાહેબ, આવ્યા વિના પ્રભુ સહાય કેવી રીતે કરે?

**ઉત્તરઃ** તમે ય ખરાં છો! સરકાર એના ઘરે બેઠી બેઠી યે તમને સહાય કરે જ છે ને? અહીં આગળ થોડાં નરેન્દ્ર મોદી પોતે આવે છે કે રાષ્ટ્રપતિ આવે છે કે અમિત શાહ આવે છે?

**સભાઃ** આપ આટલા સમયથી જે કંઈ બોલી રહ્યા છો, તેમાં મુખ્યપણે સમજાય છે કે અહંકારને ત્યજો. તો અહંકાર એ શું છે?

**ઉત્તરઃ** તમે પોતે. (સભાઃ હાસ્ય..) પોતાને દેહરૂપ માનો, એ અહંકાર છે. શરીરના જોર ઉપર જ તો કૂદો છો! એક તો કર્મરાજાએ આ શરીર ઉધાર આપેલું છે અને પાછું યે ગમે ત્યારે એને લઈ લેવું છે, તો યે મારા બેટા જાણે કરોડપતિ! પારકા માલને લાવીને કરોડપતિ થાય, એને કહેવાય 'અહંકારી'. જે પોતાનું નથી, એનો માલિક થઈને રોફ મારે, એ બધા અહંકારી! બધા પુદ્ગલો પરમાત્માની સત્તામાં જ છે, તમારી સત્તામાં નથી.

પ્રભુની આજ્ઞા જો માનો, તો એ પુદ્ગલ સુખ આપે. ન માનો, તો એ જ પુદ્ગલો તમને પકડીને લઈ જાય. જેમ કાયદાની આજ્ઞા ન માનો, તો જે પોલીસ સુરક્ષા આપે, એ જ તમને ઉપાડીને જેલમાં પૂરી દે. આખું વિશ્વ પ્રભુનું તો નોકર જ છે ને? એમને ક્યાં નવા નોકર લેવા જવાનું છે? કર્મરાજા યે આમ તો તેમના નોકર જ ને?

**સભાઃ** પરમાત્માએ જગત-સ્થિતિ માત્ર બતાવી છે કે બનાવી છે?

**ઉત્તરઃ** પરમાત્માએ તો માત્ર વ્યવસ્થા જ કરી છે. ભગવાન અનાદિકાળથી છે અને વિશ્વની વ્યવસ્થા પણ અનાદિકાળથી જ છે ને? આમ તો બધું વ્યવસ્થિત જ છે, માત્ર નિગોદના

જીવોને ઉપર મોક્ષ સુધી પહોંચાડવા માટે જ પ્રભુ અહીં આવે છે અને બધું ચાલ્યા કરે છે. તેઓ એમ નથી કહેતાં કેઃ 'તમારે જયાં જવું હોય, ત્યાં જાવ અને જે કરવું હોય, તે કરો. આખી દુનિયામાં ફર્યા કરો અને નિગોદમાં ગયા કરો કે અનંત કાયમાં યે જાવ... અને તિર્યંચમાં યે જાવ!'

તમે જેવું કર્મ કરો, તેવું ફળ મળ્યાં કરે તમને!

**સભાઃ** વીતરાગ સ્તોત્ર ૭મા પ્રકાશમાં પ્રભુના કર્તૃત્વનું ખંડન છે?

**ઉત્તરઃ** ઉપાદાન કર્તૃત્વનું ખંડન છે, નિમિત્ત કર્તૃત્વનું ખંડન નથી!

**સભાઃ** સાહેબ, સરળ ભાષામાં આ ઉપાદાન વિષે શું સમજવાનું?

**ઉત્તરઃ** 'ઉપાદાન'નો અર્થ એવો નથી કે તમારે કશું જ નહીં કરવાનું અને પ્રભુ સ્વયં આવીને તમારા મોંમાં કોળિયો મૂકશે! એવી ગાંડી વાતો હોય છે લોકોની... પણ તમારે નહીં કરવાની!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** એટલે પ્રભુ કાંઈ કરતાં નથી, પરમાત્માની શકિત જ કરે છે?

**ઉત્તરઃ** હા. ચોખ્ખી જ વાત છે ને! તમે જે કંઈ કરો છો, તે બધી શકિત તમને પ્રભુ તરફથી જ મળે છે, એનો સદુપયોગ કરો!

જેમ તમારી સરકાર કશું કરતી નથી, પણ એની પાછળનો power બધું જ કરે છે. સરકારને એ power એમની આખી પ્રજાએ આપેલો છે, તો એ જ રીતે પરમાત્માને એ power સમગ્ર જીવરાશિએ આપેલો છે.

**સભાઃ** સાહેબજી, એ કેવી રીતે?

**ઉત્તરઃ** એ તો હું એને યોગ્ય થઈશ, ત્યારે કહીશ. (સભાઃ હાસ્ય) બધું તો કેવી રીતે કહી શકાય? આત્મા સત્ય છે કે સંવેદ્ય? સંવેદ્ય છે. તો પ્રભુએ આ જે પુણ્ય બાંધ્યું ને, એ જ પાંચ કલ્યાણક રૂપે સમગ્ર વિશ્વની વ્યવસ્થા રૂપે ચાલે. એ માટે આખી પ્રાણશકિત સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત થઈ જાય છે. આપણે પ્રાણી છીએ, પણ કાંઈ પ્રાણને ઉત્પન્ન કરનાર નથી! તે કરે છે પરમાત્માનું તીર્થંકર નામકર્મ, જેને આપણે 'પ્રાણ' કહીએ છીએ અને જેનાથી આપણા સર્વ કામ કરીએ છીએ. એ લેનાર આપણે છીએ અને એટલે આપણને અહંકાર આવે છે કે 'બધું હું જ કરું છું!' ભૂખ લાગી, ત્યારે રોટલી તમે જ બનાવી ને? ખાધી પણ તમે જ ને? તો આમાં રોટલીનો રોલ શું?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** રોટલીએ શકિત આપી.

**ઉત્તરઃ** બસ! એ જ મારા પ્રભુનો રોલ! રોટલીને કાંઈ રાગ-દ્વેષ છે? ના. તો ભગવાનને ય રાગ-દ્વેષ નથી. તમને એ શકિત આપે છે અને એ ય બધાને એકસરખી જ! પણ એ શકિતનો દુરુપયોગ કરો, તો આજ્ઞાની વિરાધના અને સદુપયોગ કરો, તો આરાધના! દુઃખનું કારણ બીજું કંઈ જ નથી, કોઈને આપેલું દુઃખ છે. દુઃખને સંવેદો અને બીજાને દુઃખ આપતાં બંધ થાવ. એ સંવેદના તમારામાં નથી! તમારામાં તો જડતા છે, પણ એ સંવેદના કયારે આવે? જેમ સૂર્ય ઉગે અને ઊંઘ ઉડી જાય અને સંવેદના પ્રગટ થાય ને, તેમ પ્રભુના પ્રભાવથી યે સંવેદના આવે, એ સિવાય ના આવે! તમારી જડતા એનાથી-પ્રભુના પ્રભાવથી જ દૂર થાય. અરે... શાસ્ત્રમાં તો એમ પણ કહ્યું છે કેઃ

'ધર્મ જ્યાં પણ છે, ત્યાં પ્રભુની શક્તિનો અંશ રહેલો જ છે.' ઈચ્છા કે અનિચ્છાએ આવેલી તે શક્તિના અંશ વિના તમે ધર્મ કરી શકો નહીં અને કોઈને સહાય પણ કરી શકો નહીં!

**સભાઃ** સાહેબજી, બીજાને મદદ કરવી, એનું નામ ધર્મ?

**ઉત્તરઃ** બીજાને દુઃખ ન આપવું અને પરદુઃખને દૂર કરવું, તે ધર્મ. 'બીજાને સુખ આપવું, તેનું નામ ધર્મ', એમ હું નથી માનતો. હું તો માનું છું કે બીજાને દુઃખ ન આપવું, તે જ છે સાચ્ચો ધર્મ! બુદ્ધની કરુણા કહે છેઃ 'બધાના દુઃખ હું એકલો જ ભોગવી લઉં.' ૨૪ તીર્થંકરો કહે છેઃ 'મારામાં એવી શક્તિ આવે કે બધા જીવોના દુઃખનાં કારણોને જ હું દૂર કરી દઉં.' (સભાઃ વાહ!)

**ભગવાન બુદ્ધ અને તીર્થંકરોની કરુણામાં આ જ ફેર છે.**

દુઃખ એકવાર દૂર થાય, તો વળી પાછું આવે જો એનું કારણ દૂર ન થાય તો! એટલે જ 'લલિત-વિસ્તરા' ગ્રંથ દ્વારા સિદ્ધર્ષિગણિએ તીર્થંકર પરમાત્માની કરુણાના ધોધનો વ્યાપ જોયો, પછી જૈન ધર્મ તરફ પાછાં ફરી ગયા.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** તો કેમ ૨૧ વાર તેઓ બૌદ્ધ ધર્મમાં ગયા અને પરત જૈન ધર્મમાં આવ્યા?

**ઉત્તરઃ** ત્યાં સુધી 'લલિત-વિસ્તરા' કૃતિ ન્હોતી જોઈ એટલે! ગુરુ ત્યારે જ મળે, જ્યારે ગુરુ પણ રાજી થાય! દુઃખ દૂર કરવું અને દુઃખના કારણ દૂર કરવાં, એ બેમાં બહુ મોટો ફેર છે. આપણા અત્યારના જે શ્રાવકો છે ને, તે કેટલી બધી રાશન-કિટ આપીને નબળાં સાધર્મિકોના દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરે છે,

પરંતુ નિષ્કર્મણ્યતા, જેને કારણે તેઓ નથી કમાતાં, તેને દૂર નથી કરતાં, કારણકે પછી તમારો અહંકાર ન પોષાય ને? કીટ આપો, તો વારંવાર ફૂલાવાનું કારણ મળી શકે ને? એક વાર એને કમાતો કરી દે, તો પછી દર મહિને કોને કહેવા જાય કેઃ

'જુઓ, હું કેટલો દાનેશ્વરી છું!' આપણું વ્યક્તિત્વ-personality ઉભી રહે, એ માટે જ આપણે એવો તમાશો કરતાં હોઈએ છીએ.

ઘણાં પંડિતો પણ આ નાના સાધુઓને ઘણીવાર કહે છે કેઃ 'career બનાવવા ભણો છો, પણ ધ્યાન રાખજો હોં કે આ ઘરડાં સાધુઓની સેવામાં બહુ ના પડતાં... તમારું ભણવાનું બગડી જશે.' હે પ્રભુ! આ પંડિતોને શું કહેવું? એમણે એમના મા-બાપની સેવા નહીં કરી હોય, એટલે જ આવું બોલાય અને વિચારાય છે, પરંતુ જીવને જીવની દુઆ વિના - જીવનાં સહયોગ વિના ક્યારેય શક્તિ મળે નહીં અને ક્યારેય તે આગળ વધી શકે જ નહીં!

આશીર્વાદ આપવા, એ દરેક જીવની પોતાની આગવી શક્તિ છે, કારણકે દરેક જીવ પરમાત્માનો જ અંશ છે ને? તો શ્રાપ આપવો, એ પણ દરેક જીવની આગવી શક્તિ છે. ગરીબ વ્યક્તિ જે 'હાય' આપે, એ શ્રાપનું રૂપ લઈ લે. **જીવ જ આશીર્વાદ કે શ્રાપ આપી શકે, પુદ્ગલ કોઈને ય તે ન આપી શકે. સહાય કે હાય - માત્ર જીવ જ આપી શકે!** ગરીબ વ્યક્તિ શ્રાપ આપે, તો આખ્ખો સાફ થઈ જાય! એ વ્યક્તિ ઉઘડે તમારામાં! જીવત્વનું સંવેદન થાય, તો મોક્ષમાર્ગ તરત જ પ્રસ્તુત થઈ જાય અને ભગવાન એ જ કરવા માંગે છે! તેઓ કહે છેઃ 'હવે પર્યાયોની બેહોશીમાંથી બહાર આવો.'

**સભાઃ** સાહેબ, જો બધું આટલું સરળ છે, આટલું બધું સીધું છે, ભગવાન પણ કેટલા બધા સીધા-સરળ છે, તો તેઓ આપણને કેમ સંવેદાતા નથી? એવી ખામી શું છે કે આવી ઉત્કૃષ્ટ વસ્તુને પામ્યાં છતાં આપણે બેહાલ થઈ જઈએ છીએ? શું નથી આપણામાં? શું ખૂટે છે?

**ઉત્તરઃ** બધે પાણી છે, પણ હજી તરસ લાગી નથી. પાણીને બહાર રાખો છો, પણ એને અંદર આવવા નથી દેતા. હા! જેટલા આવવા દે છે, તેની તરસ છીપાઈ જાય છે. પાણીની ગરમ થેલી બહાર પડી હોય, ત્યાં સુધી તેને સંવેદાય? ગોઠણને તે અડે, તો જ સંવેદાય, પરંતુ તમે અડવા જ નથી દેતા! પ્રભુ અને બધું... દૂર રહો, અમને અડતાં નહીં! તમને એમ થાય કે કયાંક અંદર અડવા દીધા અને મારું વ્યકિતત્વ વિલાઈ જશે તો? જતું રહેશે તો?

**સભાઃ** સાહેબ, જીવ આવું કરે? એક બાજુ આટલા માન્ય કરે અને બીજી બાજુ 'પ્રભુ! તમે મને અડતાં નહીં' એવું અંદરથી feel કરે?

**ઉત્તરઃ** એવું કરે છે, માટે જ તો અહીં બેઠાં છો! એવું feel ના કરતાં હોત, તો અહીં ના બેઠાં હોત! તમે હવે ચર્ચા છોડો. તો...પ્રભુ કલ્યાણકો દ્વારા શકિતને વિશ્વવ્યાપ્ત કરે છે. 'કલ્યાણક' એટલે દક્ષિણાવર્ત સર્જનાત્મક મોક્ષમાર્ગ તરફ લઈ જતી શકિતનો વિસ્ફોટ, જેનો કિરણોત્સર્ગ અસંખ્ય વર્ષો સુધી ફેલાયા અને ચાલ્યા જ કરે છે! પ્રભુ દક્ષિણાવર્ત છે, એ નક્કી છે. પ્રભુની ઑરા હંમેશા દક્ષિણાવર્ત હોય અને અહંકેન્દ્રી વ્યકિતની ઓરા વામાવર્ત જ હોય!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** એટલે સાહેબ, એવો ખ્યાલ કઈ રીતે આવે કે આ ઑરા વામાવર્ત છે કે દક્ષિણાવર્ત?

**ઉત્તરઃ** દુઃખ વેઠીને પણ જ્યારે બીજાનું ભલું કરવાની ઈચ્છા જાગે, ત્યારે તમારી દક્ષિણાવર્ત ઑરા હોય અને બીજા જીવોને દુઃખી કરીને પણ જ્યારે તમને સુખ ભોગવવાની ઈચ્છા થાય, ત્યારે તમારી ઑરા વામાવર્ત જ સમજવી! એના ફોટા પણ લઈ શકાય. (સભાઃ એમ?) હા! સુવર્ણનું આટલું બધું મહત્વ કેમ છે? આખી દુનિયા કેમ એની પાછળ ગાંડી છે? સુવર્ણની ઑરા દક્ષિણાવર્ત છે. બીજી બધી કિંમતી ધાતુઓને ઉકાળો, તો તે બધી ડાબી બાજુ વામાવર્તમાં ફરે, એક સોનું જ એવું છે કે જે દક્ષિણાવર્તમાં ફરે, કારણકે એનું સર્જન પણ તીર્થંકર નામકર્મના અણુઓથી જ થાય!

**સભાઃ** અરે...! સોનાનું સર્જન?

**ઉત્તરઃ** હા. સોનાનું સર્જન!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સોનાનું સર્જન થાય? આપ બોલો છો, પણ માનવામાં આવતું નથી જાણે!

**ઉત્તરઃ** એટલે જ પ્રભુ કેવળજ્ઞાન પછી સોનાના કમળ ઉપર ચાલે, રૂપાના કમળ ઉપર નહીં! તેઓ સોનાનાં સિંહાસન ઉપર જ બેસે. જે પોતાનું હોય, તેના ઉપર જ બેસે ને? પારકા ઉપર થોડાં બેસે? ચાલો... અરિહંતની પોતાની ધાતુ કઈ?

**સભાઃ** અરિહંતની પોતાની ધાતુ સુવર્ણ.

**ઉત્તરઃ** ના. અરિહંતની પોતાની ધાતુ ચાંદી છે!

**સભાઃ** અરે! અચ્છા?

**ઉત્તરઃ** ગભરાઓ નહીં. સિદ્ધની ધાતુ કઈ?

**સભાઃ** સિદ્ધની ધાતુ તાંબુ.

**ઉત્તરઃ** આચાર્યની ધાતુ?

**સભાઃ** આચાર્યની ધાતુ સુવર્ણ જ?

**ઉત્તરઃ** હા... પ્રભુ ચાંદી અને સોનું, એમ બંને છે. તેઓ તીર્થંકર સાથે આચાર્ય પણ છે! એથી જ તમે ગૌતમસ્વામીના મંત્રમાં 'अरिहंत उवज्जाय श्री गौतमस्वामीने नमो नमः।' એમ બોલો છો. તમે એમને 'આચાર્ય ઉવજ્જાય' એમ બોલતાં નથી. તેઓ અર્હંતના ઉપાધ્યાય છે. બીજા બધા આચાર્યના ઉપાધ્યાય હોય, અરિહંતના ઉપાધ્યાય કોઈ ન હોય.

**સભાઃ** સાહેબજી, આચાર્યના ઉપાધ્યાય હોવું એટલે શું?

**ઉત્તરઃ** પ્રભુ મહાવીર અરિહંત ઉપરાંત આચાર્ય પણ છે, એટલે તેને ઉપાધ્યાય તો જોઈએ ને? સૌ ગણધરો તેના ઉપાધ્યાય છે. શ્રી ગૌતમસ્વામી અરિહંતના ઉપાધ્યાય છે, તેમાં અરિહંત + ઉપાધ્યાય ના કરતાં. તેમાં અર્થ કરતી વખતે ષષ્ઠી વિભક્તિ તત્પુરુષ કરવાનું.

**સભાઃ** સાહેબજી, અદ્‌ભૂત છે આ પદાર્થ તો!!

**ઉત્તરઃ** આમ પ્રભુ ચાંદી અને સોનું, બે ધાતુના માલિક છે. આખ્ખી યે દુનિયાનું મૂલ્યાંકન સોના અને ચાંદી સિવાય થાય?

**સભાઃ** સોના અને ચાંદી સિવાય દુનિયાનું મૂલ્યાંકન ન થાય.

**ઉત્તરઃ** એ મૂલ્યાંકન મારાં પ્રભુથી જ થાય છે! હીરા-મોતી તમે જે બોલો છો, એ બંને મારાં પ્રભુના. હીરા-મોતી યે તીર્થંકરના!

**સભાઃ** સાહેબ, આપે પૂર્વે કહેલું કેઃ 'જો સોના-ચાંદીનું મૂલ્ય વધે, તો આપણું મૂલ્ય ઘટ્યું કહેવાય.'

**ઉત્તરઃ** હા, તો તે બરોબર જ છે ને? પૂણ્ય ઘટ્યું એટલે જ સોના - ચાંદીનું મૂલ્ય વધ્યું ને? એમાં વાંધો શું છે? એક વાત કહું? ઓક્સિજન વેચાતો લેવો પડે, તો પુણ્ય ઘટ્યું કહેવાય કે પુણ્ય વધ્યું કહેવાય?

**સભાઃ** ઓક્સિજન વેચાતો લેવો પડે, તો પુણ્ય ઘટ્યું જ કહેવાય.

**ઉત્તરઃ** બસ! તેની જેમ જ આ સમજવાનું! (ખડખડાટ હાસ્ય...)

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, આપ કેમ ક્યારેય પક્કડમાં નથી આવતા?

**ઉત્તરઃ** કેમકે હું મારા ગુરુને સમર્પિત છું, માટે. (હાસ્યની છોળ!)

**સભાઃ** સાહેબ! ગુરુને સમર્પિત હોવું એટલે શું?

**ઉત્તરઃ** 'ગુરુને સમર્પિત હોવું' યાને જીવનમાં મારું કાંઈ જ ન હોવું તે! તમને તો છે ને બધાના proof જોઈએ. (સભાઃ હાસ્ય..) હવે હું તમને પૂછુંઃ તમે શ્રાવક છો એનું proof શું? (હાસ્ય..)

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** શ્રાવકકુળે જન્મ્યા એટલે શ્રાવક!

**ઉત્તરઃ** 'श्रुणुते इति श्रावकः।' સાંભળે તે શ્રાવક! જે મગજ ઉપરથી જ જવા દે, તે શ્રાવક થોડો હોય? 'શ્રાવક' શબ્દ એનો ગુણધર્મ બતાવે છે. એ જ જો ન હોય, તો શ્રાવક કેમ કહેવાય? એ તો એવું યે થાય ને કે તમારે પિતા છે, તેનું proof શું? લ્યો કહો! લાવો હવે અહીંયા તમારા પિતાને! હવે મરી ગયેલ તમારા બાપને કયાંથી લવાય? કહી દેવું પડે કેઃ 'હું છું, એ જ બાપનું proof! બાપ વિના થોડો અહીં આવ્યો છું?' મુંઝાવું નહીં. જગત જાણે જ છે, મા-બાપ વિના કોઈ અહીંયા આવે? ના.

તો... આ જે પ્રાણશકિત છે ને, તે ચૌદે રાજલોકમાં ફેલાય, પણ એના જે પુદ્‌ગલો છે ને, એ મનુષ્યલોકનાં ઈથરમાં જ સમાઈ જાય! એ અહીં હોય, તો જ ધર્મ કરી શકો. આવે જ છે ને વાંચવામાં કે બળવાન પ્રાણશકિતવાળાં જ યોગમાર્ગે જઈ શકે, નિર્બળ પ્રાણવાન ના જઈ શકે. બસ! આ છે પરમાત્માની પ્રાણશકિત! માટે જ આપણે તેમને 'વિશ્વપ્રાણ' અને 'મહાપ્રાણ' પણ કહીએ છીએ.

તો... પ્રભુના ગર્ભ કલ્યાણકથી ઉત્પન્ન થયેલી આ પહેલી શકિત. બીજી શકિત જન્મે પ્રભુના જન્મ કલ્યાણક વખતે! ત્રીજી શકિત જન્મે પ્રભુના દીક્ષા કલ્યાણક વખતે અને ચોથી ચિતીશકિત જન્મે પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણક વખતે! નિર્વાણ કલ્યાણક વખતે તો આખ્ખી યે વળી એક બીજી પ્રક્રિયા થાય. આ જ શકિતથી આખું યે વિશ્વ મોક્ષમાર્ગે જવાની બધી સામગ્રી અને શકિત મેળવે છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, દરેક ધર્મવાળા આ સ્ટેજે પહોંચે?

**ઉત્તરઃ** 'જૈન'ની છાપ ન લાગે, તો પણ જેવી સમ્યગ્દ્રષ્ટિ આવે, એટલે તરત આ સ્ટેજે પહોંચે જ. અન્યલિંગ સિદ્ધ પણ હોય જ છે ને? જેવું સત્યનું દર્શન થાય કેઃ 'હું નથી અને એ જ છે', બસ! એ જ છે સમ્યગ્ દર્શન!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** 'એ જ છે', ત્યાં સુધી તો હજુ બરાબર, પરંતુ 'હું નથી' એવું કેમ?

**ઉત્તરઃ** તમે પ્રતિ-ક્ષણ બદલાઓ છો, એટલે તમે નથી. પ્રભુ એક ક્ષણ પણ બદલાતાં નથી, માટે એ છે. (સભાઃ વાહ...!)

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** એમ તો સમયે સમયે પ્રભુ પણ બદલાય જ છે ને?

**ઉત્તરઃ** એ તો આપણી શેખાઈ દેખાડવા માટે આપણે એમને ઓળંભો આપીએ છીએ! જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગમાં ભગવાનને નવા નવા ચિત્રો આવ્યા જ કરે ને? પણ એ જુએ છે અને જાણે છે, કોઈ ચિત્રમાં તન્મય નથી બનતાં... અને તમે તન્મય બનો છો! (સભાઃ સાચી વાત છે!)

**સભાઃ** આ આર્હન્ત્ય જો ત્રિકાલિક જ હોય, તો કલ્યાણકો દ્વારા એમાં નવો આવિષ્કાર શું થયો?

**ઉત્તરઃ** એની એ આખ્ખી ધારા ચાલતી જ રહે, તે!

એ આખ્ખી ધારા ૨૪ તીર્થંકરો સુધી ચાલે, પછી બંધ થઈ જાય. જો કે મહાવિદેહ ક્ષેત્રે એ ધારા શાશ્વત ચાલે. જે તીર્થંકર જે ક્ષેત્રમાં થાય, તે ક્ષેત્ર જેટલું જ તેમનું તીર્થંકર નામકર્મ તે જીવોને સહાયરૂપ બને. એ પોતે પોતાના ક્ષેત્રમાંથી બહાર ન જઈ શકે! એમના શબ્દ તથા કલ્યાણકોથી વિખરાયેલા પુદ્ગલો ત્યાંનાં જ આકાશે સંઘરાય.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** અહીં બેઠાં બેઠાં શ્રી સીમંધર દાદાને યાદ કરીએ તો?

**ઉત્તરઃ** તો યે તરંગો તો પ્રભુ મહાવીરના જ આવે! (સભાઃ વાહ!) વચ્ચે ૯૦૦-૧૦૦૦ યોજનના જે પહાડો છે ને, એ ઓળંગીને ય તરંગો તો આવે. તમને ખબર છે અણુવિસ્ફોટ થયાં પછી એ જ્યાં હોય, ત્યાં અમુક range સુધી અદ્ધર જાય પછી આમ horizontal અર્થાત્ સમાંતરે ચાલે. એની આડે પહાડ આવે, તો આગળ ના વધે, અંદર ન આવે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** પહાડ તો પૌદ્ગલિક છે.

**ઉત્તરઃ** તો તરંગો યે પૌદગલિક જ છે ને? એ મેં પહેલાં જ તો કહ્યું. અચ્છા, નામકર્મ પૌદ્ગલિક છે કે અપૌદ્ગલિક?

**સભાઃ** નામકર્મ પૌદ્ગલિક છે.

**ઉત્તરઃ** તો એનો વિસ્ફોટ પણ પૌદ્ગલિક જ છે ને! કપડામાં મેલ છે, તે કપડું પોતે જ કાઢે કે સાબુ? કપડું તો મેલ ના જ કાઢી શકે ને?

આત્માનો મેલ પણ આત્મા પોતે તો ન જ કાઢી શકે. પ્રભુની આજ્ઞાને જો અનુકૂળ થઈએ, તો આત્માનો મેલ પુણ્ય કાઢે અને પુણ્ય આપે છે પ્રભુ, એટલે તેનાથી આત્માનો મેલ નીકળે.

**સભાઃ** પ્રભુ વીરના ચ્ચવન પછી પ્રભુ પાર્શ્વનાથના પુદ્ગલોની શક્તિ શું નિર્વીર્ય થઈ જાય?

**ઉત્તરઃ** મોક્ષમાર્ગ તો જ્યાં સુધી મહાવીર પ્રભુની શક્તિ સક્રિય હોય, ત્યાં સુધી રહે. ચોવીસે તીર્થંકરોની શક્તિ પોતાના શાસનના સમય પછી મોક્ષમાર્ગ માટે નિષ્ક્રિય થઈ જાય, પણ ભલું કરવા માટે તો ચાલુ જ રહે! પ્રભુ મહાવીરની શક્તિ તેમના નિર્વાણ પછી માત્ર બે વર્ષ અને સાડા આઠ મહિના જ રહી.

**સભાઃ** તો અત્યારે આપણને જે મળે છે, એ શક્તિ કઈ?

**ઉત્તરઃ** હાલ આપણે સાતમા-આઠમા ગુણસ્થાનક સુધી જ જઈ શકીએ છીએ ને? એની ઉપર આપણે ચડી ન શકીએ, એટલી જ પ્રભુની સશક્ત ઉર્જા મળી રહી છે આજે. એ માત્ર એટલી જ છે. જેમ અણુવિસ્ફોટ થયાં પછી દિવસો જાય, તેમ એની range અને radiation ઘટતાં જાય, તે જ રીતે જેમ જેમ સમય જાય, તેમ તેમ પ્રભુની સશક્ત ઉર્જા પણ mild થતી જાય. જો કે આ શક્તિ શુભ હોવાના કારણે એને ઘટતાં - ખતમ થતાં થોડી વધુ વાર લાગે!

**સભાઃ** શ્રી ઋષભદેવ ભગવાનની શક્તિ તો અડધા ચોથા આરા સુધી ચાલી, એવું કેમ?

**ઉત્તરઃ** તીર્થંકરોની શક્તિ ૨૦ કોટાકોટી સાગરોપમ સુધી ચાલે. પછી છઠ્ઠો આરો આવે, એટલે બધી જગ્યાનું આકાશ ચોખ્ખું થઈ જાય. આપમેળે જ બધું radiation જતું રહે.

પ્રભુની મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા કે પ્રાણનું સ્થાપન એટલે શું? એ બધી વાતોની ચર્ચા આપણે હવે પછીના બીજા સેશનમાં કરશું, અત્યારે સમય પૂરો થઈ ગયો છે. 'શિવમસ્તુ'ની ભાવના સાથે 'જગતનાં સર્વ જીવો સુખી થાઓ'ની પ્રાર્થનાપૂર્વક ત્રણ પ્રગટ અને પછી મનમાં ૧૨ નવકાર ગણી આ સત્ર પૂર્ણ કરીએ.

વાચના સત્ર ૧ - પૂર્ણ.

*********************

**ઉપર આપેલ QR codeને scan કરતાં જ અહીં આલેખેલ આ વાચનાનો વિડિયો પ્રસ્તુત થશે.**

**આર્હન્ત્ય વાચના : દિવસ - ૧ : સત્ર - ૨ : ૧૭/૦૧/૨૦૨૬**

ગુરુવંદના, માંગલિક તથા સકલાર્હત્ સ્તોત્રની
પ્રથમ ગાથા પશ્ચાત્ વિદ્વદ્વર્ય પ.પૂ. ધુરંધરવિજયજી મહારાજ
સાહેબે વાચના પ્રારંભ કરીઃ

દરેક ધર્મવાળા અને આપણા દર્શનમાં નિમિત્તની ભેદરેખા બરાબર સમજી લેવી જોઈએ. આપણામાં એવું નથી કેઃ 'ભગવાનને ગમ્યું તે ખરું!' હા, એટલું બોલી શકીએ કેઃ 'ભગવાને જોયું તે ખરું!' વાત એટલી જ છે કે શાસ્ત્રમાં અલગ - અલગ જગ્યાએ અર્હદ્ તત્ત્વની વાતો મળે છે. આચાર્યશ્રી જિનેશ્વરસૂરિનો ગ્રંથ 'ષોડશક પ્રકરણ' અને 'અષ્ટકજી પ્રકરણ' ઉપર શ્રી અભયદેવસૂરિજી ઉપરાંત શ્રી જિનેશ્વરસૂરિની યે ટીકા છે. ખરતરગચ્છવાળા જેમને 'આદ્યાચાર્ય' માને છે (બ્રાહ્મણ હતાં, ત્યારે પૂરાં ગૃહસ્થ હતાં).

તેમાં આવતી એક કથામાં એમણે સંદર્ભ ટાંક્યો છે કેઃ સાંજના સમયે શિવજી સંધ્યાવંદન પછી ધ્યાન કરી રહ્યા હતાં. ધ્યાન પૂરું થતાં પાર્વતી પૂછે છેઃ 'પ્રભો! જગતના શ્રેષ્ઠ સર્વશક્તિમાન મહાદેવ તમે! તમે વળી કોનું ધ્યાન ધરો?' પૂછનાર પાર્વતી અને જવાબ આપનાર શિવ! એટલે શિવજીએ કોડવર્ડમાં ઉત્તર આપ્યોઃ 'માતૃકાનો પહેલો અક્ષર અને માતૃકાનો છેલ્લો અક્ષર.'

તંત્રશાસ્ત્ર માને છે કે આખા વિશ્વની મા બારાખડી કે અક્ષરમાતૃકા છે. એ કઈ રીતે 'માતૃકા' કહેવાય, તે ગહન રહસ્ય છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** અક્ષરમાતૃકા અને વર્ણમાતૃકા - એ બંને એક જ ને?

**ઉત્તરઃ** હા. બંને એક. જેનો નાશ કદી નથી થતો, એને અ-ક્ષર કહેવાય અને વર્ણ પણ કહેવાય. શુદ્ધ આત્માને એ જ જન્મ આપે. તો... શિવજીએ કહ્યુંઃ 'માતૃકાનો પહેલો અને છેલ્લો અક્ષર અને છેલ્લા અક્ષર પછી અડધો પાંચમા વર્ગનો અક્ષર અને એ પછી જે છેલ્લો અક્ષર, તે મહાપ્રાણ છે. એની ઉપર અને નીચે અગ્નિબીજ છે. એટલે પછી જે તત્ત્વ બને છે, તેનું હું ધ્યાન કરું છું, જે પરમ તત્ત્વ, ધ્યેય, સકલ સચરાચરમાં વ્યાપ્ત પરમ તેજ અને જીવોનું રહસ્ય છે. જે બ્રાહ્મીશક્તિ, વૈષ્ણવીશક્તિ અને શૈવીશક્તિમય છે, એ ત્રણે જેનામાંથી પ્રગટે છે અને સમાયેલા છે, એવું એ પરમ તત્ત્વ, જે સકલ જગતસ્વરૂપ છે, તેનું હું ધ્યાન કરું છું.'

...અને મને ય એમાંથી જ ઉર્જા મળે છે. એનું નામ છેઃ અર્‌હમ્! અ = માતૃકાનો પહેલો અક્ષર, હ = છેલ્લો અક્ષર, પાંચમા વર્ગનો અડધો અક્ષર = મ્ અને ઉપર અને નીચે અગ્નિબીજ રૂપે ર! અર્હં બોલીએ, પણ ધ્યાન માટે અર્હં નથી, અર્‌હમ્ છે. સિદ્ધચક્ર યંત્રમાં પણ જે લખાય, તે તેમ જ લખાય.

'ર્' એ શુદ્ધ આત્મતત્ત્વનું પ્રતિક, અગ્નિતત્ત્વનું બીજ છે. તે માત્ર ઉર્જા છે, બીજું કશું નથી. અનંત સિદ્ધો પુદ્‌ગલ સ્વરૂપે નથી, માત્ર ઉર્જા સ્વરૂપે જ છે. પૂર્ણ સંતૃપ્ત ઉર્જા! તેમની ઉર્જા ચાર્જ થતી નથી, અંદર અંદર જ સમાઈ જાય છે. અર્હં બોલવાથી જન્મતી ઉર્જા ક્યાંય discharge થતી નથી, પણ એમાંથી ૧૪ રાજલોકના સમગ્ર જીવગણને ઉપર ખેંચવાનું જબરદસ્ત લઘુત્વાકર્ષણ પેદા થાય છે. ગુરુત્વાકર્ષણ અલગ અને લઘુતાકર્ષણ અલગ છે. તમને હલકાં કરીને ઉપર ખેંચી લેવા, તે લઘુતાકર્ષણ છે.

**સભાઃ** સાહેબ, બધું એ જ કરતાં હોય, તો આપણે શું કરવાનું?

**ઉત્તરઃ** હું એટલું જ પૂછું છું કે અમદાવાદથી ગાડીમાં બેસીએ અને એ ગાડી જો સીધી મુંબઈ જ પહોંચાડતી હોય, તો એમાં તમારે શું કરવાનું હોય?

**સભાઃ** જી, અમારે તો માત્ર ગાડીમાં બેઠાં રહેવાનું.

**ઉત્તરઃ** તો પહોંચી જાવ મુંબઈ? હા. પણ કરવાનું કેટલું? Ticket લેવાની અને અંદર બેસવાનું. બહાર ફરતાં રહો, તો કામ ના આવે. પ્રભુએ આ જ પુણ્ય ઉત્પન્ન કર્યું કેઃ જે મારું આલંબન લે, પછી એણે કશું કરવાનું નહીં, માત્ર પૂર્ણ surrender (સમર્પણ) જ કરવાનું!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** કોઈ વિચારે કે જો અમારે જ પૂર્ણ surrender કરવાનું હોય અને ભગવાન અમારું શ્રેય કરતાં હોય, તો એમાં મોટાઈ શું? અમે surrender થયાં અને એમણે ભલું કર્યું!

**ઉત્તરઃ** પુદ્ગલ પણ પ્રભુને surrender કરે છે, પરંતુ એનું ભલું નથી કરતાં, પણ તમારું ભલું કરે છે. તમે રોટલી ખાવ અને શક્તિ આવે, એમાં શું નવાઈ છે? આગળ પડી હોય, પણ તમે ખાવ નહીં અને તો યે શક્તિ આવે, તે નવાઈ છે! એના જેવો પ્રશ્ન છે તમારો! એટલું યે નથી કરવું તમારે? અહીં જ આવે પુરૂષાર્થ! અહંકાર અને ઉત્સુકતા કે કૌતુક... આ બન્નેને તોડવાના છે. અહીંયા પધારો છો, તે ય અહંકાર અને ઉત્સુકતાને જ કારણે! જો એ બે ન હોય ને, તો તમે કોઈ અહીં ન આવો!

કોઈ નવી ચીજ જોઈ, એટલે તરત ઉત્સુકતા આવી જાય! શું હશે...? ચાલો જરા જોઈએ! પ્રભુ એ જ કહે છેઃ 'હું જ કરીશ, તમે માત્ર ગાડીમાં ચડી જાવ. મારી શક્તિથી હું એને સમજણ આપી દઉં. બચારો બાપડો બધે અથડાતો અટકે!' અરે, શક્તિનો પ્રભાવ પણ દેખાય તો છે જ ને? તમારું દુષિત પુણ્ય અલગ અલગ હોય, જ્યારે તીર્થંકર નામકર્મ એક જ સરખું હોય, પણ તીર્થંકરોનું તથાભવ્યત્વ થોડું થોડું અલગ હોય!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** એટલે શ્રી મહાવીરસ્વામી અને શ્રી પાર્શ્વનાથજીના આત્મામાં યે ફેર હોય?

**ઉત્તરઃ** શ્રી મહાવીરસ્વામીના આત્મામાં નામ પ્રમાણે જે તાકાત છે, તેની બદલે શ્રી પાર્શ્વનાથમાં સૌભાગ્ય છે. કેવળજ્ઞાન આવ્યા પછી પણ શુભ કર્મની જે પ્રકૃતિઓ છે, તેમાં આવા થોડાં - ઘણાં ફેરફારો હોય! શ્રી આદિનાથ ભગવાનનું આદિ નામકર્મ થોડું અલગ હોય, શ્રી પાર્શ્વનાથનું યે અલગ હોય!

પ્રભુ મહાવીરનું નામકર્મ અલગ અને શ્રી નેમનાથ પ્રભુનું નામકર્મ પણ અલગ હોય! બધા તીર્થંકરોને એ બાબતમાં એકસરખા નહીં સમજવાનાં તમારે! અસબાબ હેતુએ બધાના કર્મ સરખાં હોય! જ્યોતિ હેતુએ બધાના કર્મ સરખાં હોય! બાકી દરેક તીર્થંકરો વિશિષ્ટ છે. માટે જ ચોવીસે તીર્થંકરોની વિદ્યાઓ મળે છે ને? જો બધું જ એકસરખું જ કામ કરતું હોત, તો એમ ન બને! જૂઓ, એક વસ્તુ જરુરથી તમે ધ્યાનમાં રાખજો કેઃ શબ્દ બદલાય એટલે frequency પણ બદલાય જ!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** Frequency એટલે?

**ઉત્તરઃ** Frequency એટલે તરંગો. તમારા મોબાઈલમાં નંબર બદલાય, તો frequency પણ બદલાય ને? બીજો નંબર આવી જાય ને? તીર્થંકરનું બધું તેમના નામ સાથે પણ જોડાયેલું છે અને નામ પ્રમાણે એ નામમાં જે શકિત છે, એ રૂપે એમનું પુણ્ય કામ કરે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** જો એ રીતે જ હોય, તો કો'ક બાળકનું નામ 'પાર્શ્વનાથ' પાડી દઈએ તો?

**ઉત્તરઃ** પછી માને તકલીફ હોય અને પાર્શ્વનાથ-પાર્શ્વનાથ કરે તો? જૂઓ, સમજાવું તમનેઃ શ્રી મરૂદેવા માતાએ ૧૦૦૦ વર્ષ શું કર્યું? વિષાદ તરીકે કે દિકરા તરીકે, પણ નામ કોનું લીધું? ઋષભનું! જેનું નામ લીધું એ કોણ હતાં? તીર્થંકર. માને ભલે કશી યે ખબર ન હતી, મોહથી કે ગમે તે રીતે, એક પ્રભુનું જ નામ લો અને તમે જો અહંથી રહિત હો, તો તરત તમારામાં એ નામની અસર શરૂ થઈ જાય! શ્રી મરૂદેવી માતામાં અહંકાર નથી. એમણે કેટલી પેઢી જોઈ? ૭૨,૦૦૦. હવે દાદીનું મન દિકરામાં હોય કે પૌત્રોમાં હોય?

**સભાઃ** દાદીનું મન તો પૌત્રમાં જ હોય!

**ઉત્તરઃ** પણ શ્રી મરૂદેવા માતાનું મન શેમાં છે? દિકરામાં! એક તો અનાદિ નિગોદમાંથી નીકળ્યાં પછી કોઈ નીચી ગતિમાં તેમનો જીવ ગયો નથી કે જેને કારણે તેઓમાં કોઈ ગલત સંસ્કાર પડયાં હોય! ઘણો શુદ્ધપ્રાયઃ હતો એમનો આત્મા! કર્મ બીજપ્રાયઃ છે, એટલે આ રીતે ય પ્રભુનું સ્મરણ કરતાં... કરતાં ... શ્રી મરૂદેવા માતા છેવાડે તો આવી જ ગયેલ!

કેવળજ્ઞાન પામ્યા પછી પ્રભુને મહારિદ્ધિમાં જોઈ ભડકયા કેઃ 'આ તો મારો વાલીડો દિકરો તો મોજ કરે છે અને આવી રિદ્ધિ -સિદ્ધિ-સમૃદ્ધિમાં રહે છે, ત્યારે હું તો રોઈ-રોઈને મરી ગઈ કે બાપડો બિચારો ભૂખ્યો-તરસ્યો હશે ને આટલું બધું મળ્યાં પછી દિકરો મને ખબરે પણ ના આપે, તો ધિક્કાર છે આ સંસારને!'

બસ! એક આટલો જ મોહ હતો! બીજા તો કોઈ પદાર્થો ઉપર મોહ હતો જ નહીં! એટલે બસ! સંસાર છૂટી ગયો અને વાત પૂરી થઈ ગઈ! પ્રભુના નામનાં સ્મરણનો એ પ્રભાવ છે! આપણે 'વંદિતા'ની ગાથામાં આવે છે નેઃ

'जहा विसं कुट्ठ गयं, मंत मूल विसारया।
विज्जा हणंति मंतेहिं, तो तं हवइ निव्विसं॥'

પેલું દ્રષ્ટાંત પણ આવે છે ને કેઃ
ડોશીના દિકરાને સાપ કરડયો, તો ડોશી દિકરાનું નામ 'હંસ... હંસ...' લેતી રોતી જાય. એને તો ખબરે ય નહીં કે 'હંસ' એ ગારુડી મંત્રનો બીજમંત્ર છે. આખી રાત એ નામ બોલતી ગઈ, તો સવાર પડયે છોકરાનું ઝેર ઉતરી ગયું!

**સભાઃ** તીર્થંકર મોક્ષે પધારે, ત્યારે તેમના આઠે કર્મ ખતમ થઈ ગયા હોય, છતાં એમનો પ્રભાવ અને વિશેષ પ્રકારનું સૌભાગ્ય વર્તાય છે. આજે શ્રી પાર્શ્વનાથ ભગવાનનું આદેય નામકર્મ વખણાય, પ્રભુ મહાવીરનું શાસન અત્યારે ય ચાલે, એ બધા પાછળનું કારણ શું? આત્મા ઉપર કર્મ હજુ હોય, તો ત્યારની વાત અલગ છે, પણ કર્મ પૂરેપૂરાં વિખેરાઈ ગયા પછી યે આવી સ્થિતિ શા કારણે થાય?

**ઉત્તરઃ** શ્રી પાર્શ્વનાથ પ્રભુની આદેયતા પાછળ એક અલગ કારણ છે, તેને આર્હન્ત્ય નહીં, ઈતિહાસ સાથે સંબંધ છે. ભગવાન શ્રી વજસ્વામી એવું કર્મ લઈને આવ્યા હતાં કે એક રાત પણ જો કોઈ સાથે રહે અને એક વાર પણ જેમની સાથે ગોચરી વાપરે, તો એમનું મૃત્યુ એમની સાથે જ થાય! સામેવાળાનું કર્મ ચેન્જ થઈ જાય! (સભાઃ વાહ!)

કેટલાકનાં કર્મ એવા હોય છે કે બધાના કર્મને આક્રાન્ત કરી દે. જેમ સૂર્ય બીજા બધા ગ્રહોનાં પ્રકાશને આક્રાન્ત કરે છે, તે રીતે! કર્મબંધની બહુ વિચિત્રતા છે! જે માટે કર્મગ્રંથમાં અનેક વાતો છે! હવે બધા શિષ્યો ગયા, એકલા શ્રી વજસેનને પહેલેથી જ અલગ રાખ્યા હતાં, કેમકે તેમને પરિણામની ખબર હતી, એટલે પોતાનો વંશ અને મુનિકુળનો નાશ ન થાય, એ માટે શ્રી વજસેનસ્વામીની ગોચરી ને રાતનો મુકામ અલગ જ રાખેલ.

જયારે પ્રયાણ કર્યું, ત્યારે શ્રી વજસેનને આકાશગામિની વિદ્યા આપીને કહ્યુંઃ '૧૨ વર્ષનો ભયંકર દુષ્કાળ છે, તો આગળ તું જયાં વિહાર કરતો જાય, ત્યાં ૧ લાખ સોનૈયાના ચોખાની હાંડી ચડે અને એ ચોખા જો તને વહોરવા મળે, તો એના બીજા દિવસે સમગ્ર દુષ્કાળનો અંત આવી જશે, એમ જાણજે!'

નાલાસોપારા પાસે સોપારપટ્ટન નામે ચોથા આરાનું એક મહાતીર્થ હતું, જેનું નામ હતું પ્રિયમેલક. જેનો નાશ છેલ્લા ૨૦૦ વર્ષમાં કોણે કર્યો, એનો કોઈ ઈતિહાસ નથી, પણ એ તીર્થ અહીં જ હતું. નાલાસોપારાની એ જગ્યાએ જ મુંબઈ વસ્યું છે. એ જગ્યાએ પછી ફરતાં.. ફરતાં.. ફરતાં.. વજસેન આવ્યા.

આખ્ખી દરિયાઈ પટ્ટી ઉપર આચાર્યશ્રી રત્નપ્રભસૂરિજી અને આચાર્યશ્રી સ્વયંપ્રભસૂરિ મહારાજે આકાશમાર્ગે આવી અહીં ધર્મની સ્થાપના કરી ઓશવાલ અને પોરવાલ લોકોને જૈન બનાવેલ. આ જ આખ્ખી આ પટ્ટી ઉપર શ્રી પાર્શ્વનાથનો ગચ્છ હતો, જે શ્રી કેશીગણધરથી ચાલતો આવતો હતો અને હજુ શ્રી વીરના આ શાસનમાર્ગમાં ભળી ન્હોતો ગયો. એ 'ઉપકેશ ગચ્છ'ના આચાર્યો અહીં વિચરતાં. ત્યાં આગળ શ્રી વજ્રસેન પધાર્યા. શ્રી મહાવીર પ્રભુના શિષ્ય તેઓ એકલા જ હતાં, બાકી બધા જ શ્રી પાર્શ્વનાથ પરંપરાના સાધુઓ અને શ્રાવકો હતાં, જેઓ શ્રી પાર્શ્વનાથ પરંપરાના આ સાધુઓથી જ ધાર્મિક બનેલા.

હવે અહીં આવ્યા અને પેલી ચોખા વહોરવાની ઘટના બની, એટલે એમણે બધાને કહ્યુંઃ 'આવતી કાલથી દુષ્કાળનો અંત આવી જશે.' પેલો કહેઃ 'તો અમે આખું કુટુંબ દીક્ષા લેશું.'

તે જ દહાડે પરદેશથી અનાજના સેંકડો વહાણો આવ્યા. અન્નની અછત પૂરી થઈ. તે વખતે દુષ્કાળ export - importની ખામીથી જ પડતાં, વસ્તુની ખામીથી નહીં! વહાણો આવી ગયા કે સુકાળ થઈ ગયો!

એમના વચન પ્રમાણે ચંદ્ર, નિવૃત્તિ, વિદ્યાધર અને નાગેન્દ્ર - ચારે ય પુત્રોને ગુરુ મહારાજને સોંપી દીધા અને દીક્ષા લીધી. શ્રી વજ્રસેને જ દીક્ષા આપી. વડી દીક્ષા પહેલાં જ તેમનું આયુ પૂરું થઈ ગયું. કુલ ૧૨૮ વર્ષ જીવ્યા. તેઓનો સંયમ-પર્યાય ૧૨૦ વર્ષનો. ૮ વર્ષની ઉંમરે દીક્ષા લીધેલી. દીક્ષાપર્યાયમાં શ્રી વજ્રસ્વામીથી સીનીયર. તેઓ પહેલા યુગપ્રધાન અને આ તે પછીના યુગપ્રધાન થયા!

આ તો કાળ કરી ગયા. હવે? બાળમુનિનું થાય શું? આ. શ્રી યક્ષદેવસૂરિ, જે પૂર્વધર હતાં, તેમણે એમને સંભાળી લીધા અને વડી દીક્ષામાં શ્રી વજ્રસેનના નામથી જ એમને દીક્ષા આપી. જ્ઞાનથી તેમણે જોયેલું કે એમનો પોતાનો ઉપકેશગચ્છ છેવટે નામશેષ થઈ જશે, ત્યારે શ્રી મહાવીરનું જ શાસન અહીં ચાલશે અને એમનો જ શિષ્યસમુદાય અહીં ફેલાશે અને રહેશે, તેથી વડી દીક્ષા શ્રી વજ્રસેનના નામથી જ આપી. તેઓ દસ પૂર્વધર હતાં, એટલે એમને બધું જ્ઞાન અને જેટલી ક્ષમતા હતી, તેટલું બધું ય તેમણે આપ્યું.

આ પ્રદેશે ભગવાન શ્રી પાર્શ્વનાથના શિષ્યોનું વર્ચસ્વ હોવાથી એમના પ્રતિબોધિત શ્રાવકો જ હતાં, એટલે શ્રી પાર્શ્વનાથ પ્રભુના તીર્થ અહીં વધુ છે. આપણને પણ એમની જ કૃપાથી આ ધરતી ઉપર સ્થાન મળ્યું અને આજ સુધી આપણે ફેલાયા, એટલે આપણા આચાર્યોએ તેની કૃતજ્ઞતા રૂપે એમની આરાધના આજ સુધી ચાલુ રાખી છે.

બોલો, હવે જે પૂછવું હોય, તે પૂછો. બાકી... શ્રી પાર્શ્વનાથના નામમાં જ એટલી તાકાત છે કે નામ લો અને પ્રભુ આવી ઉભા રહે! 'નામ ગ્રહે આવી મિલે, મન ભીતર ભગવાન!' પ્રભુ પોતાના નામથી કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન પણ છે. વળી એકાંતે ભિન્ન પણ નથી અને અભિન્ન પણ નથી.

અરે.. તમે પણ જે નામથી જાગતાં હો ને, એ નામથી ભિન્ન અને અભિન્ન, એમ બંને છો. ભિન્ન એટલા માટે કે તમારા ફોટા ઉપર તમારું નામ લખીને કોઈ એ ફોટાને થપ્પડ મારે, તો તમને તે થપ્પડ લાગતી નથી.

તમે અભિન્ન એટલા માટે છો કે તમારા નામ કે પ્રાણમાં હવન કરી કોઈ વિધિ કરે, તો એ શકિતથી તમારી ઉપર જરુરથી અસર થાય છે. એમાં તમારા નામ સાથે તમારા પ્રાણ જોડાઈ જાય છે, તેવી રીતે પ્રભુના નામ સાથે એમના પ્રાણ પણ જોડાયેલા છે. એક વાત ખાસ યાદ રાખજો કે પરમાત્માનો આત્મા જ માત્ર મોક્ષે જાય છે, તેઓની પ્રાણશકિત અહીં જ રહે છે. એટલે જ કહ્યું છેઃ 'व्यक्तिरूपेण मुक्तिस्थ, शक्तिरूपेण सर्वगः।'

**સભાઃ** આ પ્રાણશકિત તે તૈજસશરીર કે તૈજસશકિત?

**ઉત્તરઃ** એ બંને એક જ છે. ઉર્જા. બધાનો છેલ્લો સરવાળો એક જ! ઉર્જા! તેનાથી જ આપણે બધા ચાલીએ છીએ.

**સભાઃ** સાહેબજી, શકિત પુદ્‌ગલરૂપ છે કે અરૂપી છે?

**ઉત્તરઃ** તે બિલ્કુલ પુદ્‌ગલરૂપ છે. કર્મ પુદ્‌ગલરૂપ છે કે નહીં? હા. પુદ્‌ગલને પુદ્‌ગલ જ મારી શકે? કે આત્મા એનું કાંઈ કરી શકે? એક વાત જરુર ખ્યાલમાં રાખોઃ મેલને કોણ કાઢે? મેલ એ પણ તમારા શરીરમાંથી નીકળતાં પાણીની નિપજ છે અને પસીનો પણ પાણીની જ નિપજ કહેવાય ને? તો એને ધોવા માટે ફરીથી કુદરતનું શુદ્ધ પાણી જ લેવું પડે ને? મેલ સંપૂર્ણ ધોવાઈ જાય, સાબુ પણ જતો રહે, પછી પાણી રહે? સહજ જાય! નિરાશંસ ભાવથી પ્રભુની આજ્ઞાનું પાલન તમને એવા પુણ્યનું સર્જન કરી આપે છે, ભેટ આપે છે... કે જે તમને મોક્ષ સુધી પહોંચાડી અને જંગલના વોળાવિયાંની જેમ પાછું ફરી જાય છે!

મારા મનમાં પણ હંમેશા આવા પ્રશ્ન જ થતાં.

હમણાં જ જે કાળ કરી ગયા, તે શ્રી કીર્તિચંદ્ર મહારાજ અને હું બહુ નાનપણથી જ બધી બાબતમાં કંઈ અને કંઈ નવા નવા તુક્કા લગાડતા. એ તુક્કા લઈને ત્યારે મોટા સાહેબજી આચાર્ય શ્રી પ્રેમસૂરિજી ભગવંત પાસે જઈએ, પરંતુ અમને તેઓ એમ કહીને કાઢી મૂકે કેઃ 'આવા અને આવા પ્રશ્નો લઈને આવો છો! જેનો જવાબ ન મળે, તેવા જ તુક્કા લગાવો છો! ચલો... ભાગો!'

મને થતું પ્રભુના ૩ શરીર ઔદારિક, તૈજસ, કાર્મણ. જ્ઞાનાવસ્થામાં પહેલાં અશુભ કાર્મણ, છેલ્લે શુભ કાર્મણ શરીરની સમાપ્તિ થઈ જાય. નિર્વાણ પછી પેટાવેલાં અગ્નિમાં ઔદારિક શરીરની પણ સમાપ્તિ થઈ જાય છે, તો પ્રભુનું તૈજસ શરીર જાય ક્યાં? અગ્નિમાં તૈજસ શરીર તો બળતું નથી. અનાદિ કાળથી ભલે તૈજસ - કાર્મણ, બંનેની જોડી છે, પણ અહીંથી છૂટ્ટી પડે, એનું કારણ શું?

શાસ્ત્રમાં એક પાઠ આવે છેઃ કયા શરીરની કેટલી સ્થિતિ હોય? એમાં તૈજસની સ્થિતિ આપી છે ને? તો કહોઃ તૈજસની સ્થિતિ અનંત અથવા અસંખ્ય? (સભાઃ અસંખ્ય) જોડી તો અનાદિ કાળથી છે પણ તૈજસને એકલાને અસંખ્ય સ્થિતિ કહી છે. એનો મતલબ જે મોક્ષે જાય, તેનું તૈજસ શરીર અહીં જ રહી જાય, માટે એમની જ મૂર્તિ બનાવાય. જે આત્મા સ્વર્ગે જાય, તેની પ્રતિમા ન બનાવાય. (સભાઃ વાહ!) પ્રાણપ્રતિષ્ઠા એની જ થાય કે જે મોક્ષે ગયા હોય!

ધારો કે હું દેવલોકમાં હોઉં અને મારી પ્રાણપ્રતિષ્ઠા તમે અહીં કરો, તો ત્યાંથી મારું તૈજસ શરીર અહીંયા આવે અને હું ત્યાં લટકી જાઉં, કારણકે મંત્રોની એટલી બધી તાકાત છે!

જેમ 'સાત રાજ અળગા જઈ બેઠાં, પણ ભકતના મનમાંહી પેઠાં' એવી તાકાત છે આ! શ્રી હનુમાનજીનું, શ્રી રામચંદ્રજીનું, પ્રભુ શ્રીકૃષ્ણનું તૈજસ શરીર તો એટલું બધું પાવરફૂલ છે કે તે આજે ય સક્રિય છે. શ્રીકૃષ્ણ નરકમાં છે, તો યે સક્રિય છે અને તૈજસ શરીરની શકિત વૈક્રિય શરીર કરતાં યે અનંતગણી વધારે હોય છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, આપ જે આ વાત કરો છો, તે કયા આગમમાં મળશે?

**ઉત્તરઃ** સાહેબ, આ બધી જ પૂર્વગત શ્રુતની વાત છે. આગમમાં માત્ર દેખાતા વિશ્વની દ્રષ્ટિએ બધી વાત છે અને અદ્રશ્ય જગતની આવી બધી વિદ્યુત્ અને શકિત તરંગોની વાતો તંત્રમાં છે, જે બધું નેપાળ કે તિબેટમાં છે અને તેઓને શ્રી ભદ્રબાહુસ્વામીએ આપેલ છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, આપને આવેલો આ તુક્કો છે કે હકીકત છે? (સભાઃ હાસ્ય..)

**ઉત્તરઃ** મારો તુક્કો છે, તેમ સમજી લો. હવે પ્રેકિટકલી જયારે જૂઓ, ત્યારે જ તમને ખ્યાલ આવશે કે આ તુક્કો નથી! મેં જયારે વાંચ્યું કે અસંખ્ય વર્ષ, તો થયું કે આ અસંખ્ય વર્ષ હોઈ જ ના શકે! આ અનંત જ હોવા જોઈએ. આ બને જ શી રીતે? ખૂ...ઉ....બ વિચાર કરતાં જયારે શ્રી વજસ્વામીના પ્રબંધમાં વાંચ્યું કે... 'અનંત તીર્થંકરોનું તેજ એમનામાં સ્થાપન કર્યું', ત્યારે મને બત્તી થઈ કે જેનો નાશ નથી થયેલો, એવા તીર્થંકરોનું તેજ અસંખ્ય જ હોય! 'અનંત' સંખ્યાવાચક નથી, વિશેષણ છે. (સભાઃ સરસ!)

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** આપે આ સંબંધી અન્ય કોઈ મહાપુરૂષો સાથે ચર્ચા કરી છે?

**ઉત્તરઃ** મારા ગુરુ મહારાજે અમુક નામો આપીને સ્પષ્ટ કહ્યું હતું કેઃ 'આ દરેક મહાત્માને આની ખબર નથી. એ બધા આત્મિક ધારામાં જ ચાલનારા છે. એટલે જો તું ત્યાં પૂછીશ, તો એનો કોઈ જવાબ નહીં મળે, તેથી હું જ તને જવાબ આપીશ!'

અરે... સદ્ધર્મો એવા છે ને કે જ્યાં પણ સત્ય છે, ત્યાં બધું જ જિનાગમ રૂપી સમુદ્રમાંથી ઉડેલા છાંટા જ છે. એ સાધનામાર્ગો, જે અહીંયા સચવાયા નથી, તે શક્ય પણ છે અને કામ કરે જ છે, તે નિશ્ચિતપણે અહીંથી જ નેપાળ વગેરે જગ્યાએ ગયેલા છે. આપણી પાસે પણ તે માર્ગો હતાં જ! તે ધારા હતી જ!

**સભાઃ** સાહેબ, ગુરુમૂર્તિ અને દેવ-દેવીની મૂર્તિઓ કેવી રીતે પ્રતિષ્ઠિત કરાય?

**ઉત્તરઃ** ગુરુ કાળ કરી ગયા પછી ગુરુની મૂર્તિ અહીં પ્રતિષ્ઠિત કરીને આપણે તેમને અહીં ખેંચવા જ છે શા માટે? શું એમના ભવ વધારવા છે? દેવ - દેવીઓની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરીને આપણે એમને આપણા કાર્યો કરવા માટે ખેંચવા છે, એટલે જ મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરીએ છીએ. જાણે તે એક ફોન કરવા માટેનું માધ્યમ છે! (સભાઃ હાસ્ય..) મૂળ વિષય આખો વિદ્યાનો છે!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, આ વિદ્યા માત્ર આપના જ હાથમાં કેમ આવી? બીજાના હાથમાં કેમ ન આવી?

**ઉત્તરઃ** હવે આમાં તો પ્રભુની મરજી! આમાં મારી કે તમારી મરજી શું કામ આવે? અને મારી પાસે આવ્યું, એવું નથી. મારા ગુરુએ મને આપ્યું છે. તમારા ગુરુએ તમને આપ્યું હશે, મને કાંઈ એમાં વાંધો નથી. શું મારા ગુરુને પૂછવા જાઉં કે તમે કેટલાંને આપ્યું છે અને હવે મને કેમ આપી રહ્યા છો? આ તો વગર માંગ્યે આપ્યું છે મારા ગુરુએ! હું ના પાડતો રહ્યો અને તેઓ આપતાં જ રહ્યા.

મેં કહેલુંઃ 'કુદરતના શાસનનું આટલું ઊંડું જ્ઞાન મારે નથી જોઈતું, રહેવા દો.' તો કહેઃ 'ના. ભવિષ્યમાં થાકીને હતાશ થઈ ગયેલાં પ્રભુના સંઘને આ દ્વારા જ આશ્વાસન મળશે અને સંઘની શ્રદ્ધા સ્થિર થશે! (સભાઃ વાહ!) અવસર આવશે, ત્યારે જ તારા દ્વારા આ બધું બોલાવીશ, ત્યાં સુધી નહીં બોલાવું.' અને એવું જ થયું!

સંવત્ ૨૦૩૬માં ગુરુએ મને આપ્યું. પછી સંવત્ ૨૦૫૨થી મેં થોડું થોડું બોલવાનું શરૂ કર્યું. એટલા વર્ષો હું ચુપ જ રહ્યો! મને સત્યનું દર્શન થતું હતું. ગુરુ મહારાજને શ્રી ગિરનારજી તીર્થમાં આનું દર્શન થયેલું અને મને ય આ તત્ત્વનું દર્શન થયેલું ગિરનારજી તીર્થે જ! અપૂર્વ વસ્તુ હતી એ મારે માટે. એ વખતે જે પરમ આનંદનો મેં અનુભવ કર્યો છે, એ કોઈ પણ રીતે કહી શકાય એવો જ નથી! આજે આર્હન્ત્યની ઉર્જાનું પરમ માધ્યમ ભગવાન શ્રી નેમિનાથ છે! એ પછી પ્રભુ ઋષભ, પછી પ્રભુ પાર્શ્વનાથ! ગિરનાર, શત્રુંજય અને શંખેશ્વર - ત્રણે મૂર્તિ અવકાશમાં સમાયેલ પરમાત્માના તીર્થંકર નામકર્મના પુદ્ગલો રૂપી જ્યોતિ અને નાદરૂપ શક્તિથી connected છે. આપણે નાદબ્રહ્મ અને જ્યોતિર્બ્રહ્મ કહીએ છીએ, એ આ જ છે!

**સભાઃ** નાદબ્રહ્મ અને જ્યોતિર્બ્રહ્મ - એ શું હોય?

**ઉત્તરઃ** 'નાદબ્રહ્મ' એટલે શબ્દમાંથી ઉત્પન્ન થતી આત્મશકિત. શબ્દ આત્માની સાથે જોડાયેલો છે. નાદબ્રહ્મ એટલે બ્રહ્મકૈવલ્ય. 'નાદબ્રહ્મ' એટલે પ્રભુનો શબ્દ. તીર્થંકર નામકર્મના વિપાકથી શું પ્રગટ થયું? શબ્દ જ આવ્યો ને? 'જ્યોતિર્બ્રહ્મ' એટલે એમનું તૈજસ શરીર. નાદબ્રહ્મ ને જ્યોતિર્બ્રહ્મની જોડી જ સમગ્ર વિશ્વનું સંચાલન કરે. શબ્દબ્રહ્મ અને નાદબ્રહ્મ, એ બંને એક જ છે.

આપણે નવકાર વડે એ પ્રભુના નાદ કે શબ્દબ્રહ્મ સાથે જોડાવાનો પ્રયાસ કરવાનો, પણ એક વાત છે કે આ બંને ક્રિયા સદ્ગુરુના સ્પર્શ વિના કયારેય પણ ન થાય! ગુરુના શબ્દથી જ એ વિશ્વમાં પ્રવેશ મળે, નહીંતર તો ઘણાં મફતિયાં એમાં ઘુસી જાય! ગુરુકૃપા સિવાય કોઈ એની અંદર ના જઈ શકે! ગુરુ પ્રભુના સ્વરૂપને જોઈ શકે છે. તેઓ શકિતસ્વરૂપ જ છે. જૈન દર્શનમાં એ દેવ-ગુરુ જ છે, વિશ્વ સમસ્તમાં મોક્ષમાર્ગને ચલાવવા માટેની શકિત એ જ છે.

**સભાઃ** એ શકિત આપણા માટે કામ કરે છે, તો એ દેખાય?

**ઉત્તરઃ** મેં સવારે જ કહ્યું હતું ને કે સૂર્યની જે શકિત આપણા માટે કામ કરે છે, એ આપણને દેખાય છે? એ સિવાય ભૌતિક જગત ચાલે જ નહીં! તો પ્રભુ એ પરમ સૂર્ય અરે... મહાસૂર્ય છે! સૂર્ય-ગ્રહો-નક્ષત્રો-તારાઓનો જે પ્રકાશ દેખાય છે, તે આતાપ નામકર્મના ઉદયથી કે ઉદ્યોત નામકર્મના ઉદયથી છે, પરંતુ એની અંદર જે સર્જકતા કે સર્જનપણું છે, એ પ્રભુની શકિત સર્વ સાથે જોડાયેલી છે, એટલે છે!

વિજ્ઞાન કહે છે કેઃ સૂર્યના પ્રકાશનું પ્રતિબિંબ ચંદ્ર ઉપર પડે છે અને તેથી એ ચમકે છે, એ રીતે આર્હન્ત્ય શક્તિનું પ્રતિબિંબ પડે અને નક્ષત્રો - તારાઓ સૌ ચમકે છે. શ્રી જયસિંહસૂરિના 'ધર્મોપદેશ' ગ્રંથમાં અર્હમ્ અ-ક્ષરને 'તત્ત્વસ્તવ' કહ્યો છે, એ જરા સમય મળે ને, ત્યારે જોઈ લેજો. વળી આ વાત 'સૂરિમંત્રકલ્પ'માં પણ મળે છે. એટલે એક વાત તો સ્પષ્ટ છેઃ પરમાત્માની એ પરમ શક્તિનું પ્રબળ સ્થાપન તેઓના પ્રથમ ગણધરમાં જ થાય, એટલે જ શ્રી ગૌતમ ગણધર પણ આર્હન્ત્ય રૂપ છે. 'સૂરિમંત્ર કલ્પ'માં પણ આ જ વાત આવે છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** એટલે એ પરમ શક્તિની એ સ્થાપના માત્ર પ્રથમ ગણધરમાં જ થાય કે...?

**ઉત્તરઃ** હા. માત્ર પ્રથમ ગણધરમાં જ થાય. પ્રથમ ગણધર એક તીર્થ છે, દ્વાદશાંગી પ્રવચન એક તીર્થ છે. ત્રિપદી તથા એમાંથી નિષ્પન્ન દ્વાદશાંગી પ્રવચન, એ બંને તીર્થ છે. શબ્દરૂપી તીર્થ ચતુર્વિધ સંઘમાં જ રહે! ચતુર્વિધ સંઘ અને ચતુર્વિધ શ્રમણસંઘ - બંને અલગ વસ્તુ છે. ૨૫મો તીર્થંકર ચતુર્વિધ શ્રમણસંઘ છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** તો આ ગૃહસ્થો જે કહેતાં હોય છે કેઃ 'અમે પચ્ચીસમા તીર્થંકર છીએ' એમાં શું સમજવાનું?

**ઉત્તરઃ** હવે આમાં તો એવું છે ને કે માણસો શરાબ પીધા પછી એમ બોલતાં જ હોય કે સમસ્ત હિન્દુસ્તાનનો માલિક હું જ છું! (સભાઃ ખડખડાટ હાસ્ય...)

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** આવું કેમ બોલો છો?

**ઉત્તરઃ** તો... પોતાની ઔકાત જાણ્યા વિના જે બધા વાતો કરે, એને પીધેલા ના કહું, તો બીજું શું કહું? ખુલાસો એનો એ જ છે કે હકીકતે પ્રભુ પ્રથમ જે તીર્થની સ્થાપના કરે છે ને, એમાં સૌ પહેલાં પ્રથમ ગણધરની સ્થાપના થાય, પછી પ્રભુજી તરત ત્રિપદી આપે અને દ્વાદશાંગીની રચના થઈ જાય છે. એટલે પહેલું જે થયું, એમાં પ્રભુએ પોતાની પૂ...રી ઉર્જા ઉમેરી દીધી. ચતુર્વિધ શ્રમણસંઘ એટલે પ્રથમ આચાર્ય, પછી ઉપાધ્યાય, પછી સ્નાતક અને પછી સાધુ. ચતુર્વિધસંઘ અને ચતુર્વિધ શ્રમણસંઘ - બંને જૂદા છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** આચાર્ય, ઉપાધ્યાય, સ્નાતક અને પછી સાધુ. એ તો ચારે ચાર સાધુ જ થયાં ને?

**ઉત્તરઃ** તો ચતુર્વિધ શ્રમણસંઘ જ કહું છું ને! એને જ પ્રભુ રોજ 'નમો તિત્થસ્સ' એમ કહીને નમસ્કાર કરે છે!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** તો 'નમો તિત્થસ્સ'માં આ બધા શ્રાવક - શ્રાવિકાઓ નહીં?

**ઉત્તરઃ** ના, જરા યે નહીં! (સભાઃ હાસ્યની છોળ!) ૨૫મો તીર્થંકર છે ચતુર્વિધ શ્રમણસંઘ, આ બધા નહીં! આમે ય આ બધા છે ને... સાધુ થવા ઈચ્છતાં હોય, તો ભગવાન 'નમો તિત્થસ્સ' એમ કહીને નમે ખરાં? ચલો, એમ માનો કે આ બધા યે કદાચ સાધુ અને સાધ્વીજીઓ થઈ જાય, તો શ્રાવક અને શ્રાવિકાઓ પચ્ચીસમો તીર્થંકર થાય? (સભાઃ ન થાય.) આ લોકો 'અમે ૨૫મા તીર્થંકર છીએ...' કહીને શ્રમણો ઉપર રોફ છાંટતા હોય, ત્યારે તમે એની ભેગા હો છો? તો એ તમારી મૂર્ખતા જ છે ને?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** અમારા જેવા જ મહાત્માઓ સંઘમાં કહે છે કેઃ 'આપ બધા પચ્ચીસમા તીર્થંકર છો.'

**ઉત્તરઃ** છેલ્લા ૨૦૦ વર્ષના સૌ મહાત્માઓ બહુ ભોળાં છે! (સભાઃ હાસ્ય..) વનને બદલે શ્રમણોનો જ્યારથી ચૈત્યવાસ શરુ થયો, એ પછી જ ગૃહસ્થોને મહત્વ આવ્યું, એમાં જ ગરબડો ઉભી થઈ ગઈ. ચૈત્યવાસની પહેલાં હિન્દુસ્તાનમાં સમસ્ત સંન્યાસીવર્ગ કોઈ સમાજ સાથે જોડાયેલો ન્હોતો. તે માત્ર ઈષ્ટ અને દર્શન સાથે જ જોડાયેલ. શ્રમણો સામાજિક બન્યા, તેમાં આપણા જૈન જેવો અન્ય એક સમાજ માત્ર સ્વામીનારાયણ ધર્મનો છે, બસ! બીજા ગચ્છના સંન્યાસીઓ ઉપર સમાજનો કોઈ પ્રતિબંધ ન હતો, હતો તો માત્ર એમના ગુરુનો જ!

આપણે ત્યાં પણ બધા જ ગચ્છો પોતપોતાના ગુરુને આધીન થઈ પરમાત્મભક્તિ અને પોતપોતાનો સ્વાધ્યાય જ કરતાં. કોઈ ભાવિક આવી ચડે, તો વળી ઉપદેશના બે શબ્દો કહી દેતાં, પણ આજની જેમ વ્યાખ્યાન આપવાનો ધંધો ન્હોતા કરતાં. વાણિયા ધંધાદારી ખરાં ને? તો વાણિયાની સાથે રહેતાં રહેતાં તેઓએ તમને શ્રમણોને ય ધંધાદારી બનાવી દીધા! શ્રમણોએ તો માત્ર ધ્યાન કરવાનું છે, ધંધો નથી કરવાનો!

**સભાઃ** જે ધ્યાન કરે, તેઓનું ધ્યાન પછી કોણ રાખશે?

**ઉત્તરઃ** જેઓના પુણ્યથી આ ધર્મ સ્થપાયેલો છે, એ ધ્યાન રાખશે! અમારી કે તમારી વળી શું તાકાત છે? જંગલોમાં એકલા જાવ છો, કોઈ દુશ્મન હુમલો કરે, તો વાત જૂદી છે... બાકી આજ દિવસ સુધી શ્રમણોને વિહારમાં કોઈ તકલીફ પડી?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, ચતુર્વિધ સંઘમાં આપે કહ્યું ને કે શૈક્ષ્ય, તો એમાં બાળમુનિ આવે?

**ઉત્તરઃ** કોઈપણ શાળામાં સૌ પહેલાં એક આચાર્ય હોય, પછી બીજા પ્રોફેસર્સ હોય અને પછી ત્રીજા વિદ્યાર્થીઓ હોય. આપણા માટે 'સ્નાતક' પદ વાપર્યો ને? 'મુનિવર સ્નાતક પદે રહ્યા...'

(સભાઃ હં...) 'સ્નાતક' એટલે વિદ્યાર્થી. દ્વાદશાંગીને રોજ ફેરવવાનું. પ્રભુના શબ્દને પકડીએ, તો જ એનો પાર પામી શકીએ! ધ્યાન કરવાની આજે આપણામાં એટલી તાકાત નથી, છતાં ધ્યાન માટે 'પિંડસ્થ' એટલે પરમાત્માની પ્રતિમાનું આલંબન આપ્યું, પરંતુ શબ્દ જેટલું કામ કરે, તેટલું કામ મૂર્તિ ના કરે! એટલે મૂર્તિમાં પણ શબ્દ દ્વારા જ પ્રભુનો પ્રાણ આરોપવામાં આવે છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** એટલે... મંત્રોના શબ્દો દ્વારા મૂર્તિમાં પ્રાણ પૂરાય છે, એમ જ ને?

**ઉત્તરઃ** હા. પ્રભુની શકિત સર્વત્ર છે, મંત્ર એ શકિતના પ્રવાહને પરિસરમાંથી ખેંચી એને મૂર્તિમાં connect કરે છે. આપણી સાથે પણ એ શકિત joint થવી જોઈએ, માત્ર મૂર્તિ સાથે નહીં. અહંશૂન્ય મુનિ હોય, એની સાથે એ શકિતનો પ્રવાહ જોડાયેલો જ હોય! તેઓમાં હંમેશા પ્રભુની શકિત કામ કર્યા જ કરે.

**સભાઃ** હંમેશા? એટલે સાહેબ, આજે પણ?

**ઉત્તરઃ** હા. આજે ય પ્રભુની શકિત કામ કર્યા જ કરતી હોય!

**સભાઃ** એને પૌદ્ગલિક શક્તિ માનવાની કે અધિષ્ઠાયિક?

**ઉત્તરઃ** પૌદ્ગલિક શક્તિ જ માનવાની વળી! અધિષ્ઠાયિક શક્તિ શું છે, એ તમોને ખબરે ય છે ખરી? તેલનો કૂવો કે વિજળીના power houseના ચોકીદાર જેટલું જ કામ અધિષ્ઠાયક દેવનું હોય, એથી વધારે નહીં! ચોકીદાર પાસે કોઈ શક્તિ હોય? ના, કોઈ શક્તિ નથી. જે છે, તે તેલના કૂવામાં જ છે. જે શક્તિ છે, તે power houseમાં જ છે. પેલો ચોકીદાર તો માત્ર વિજળીનો flow કદાચ ઓછો - વધતો કરી આપે, એટલું જ કામ કરે! તે પોતે વિદ્યુત્ તો ઉત્પન્ન નથી જ કરતો ને?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** આ (ચોકીદાર) શબ્દ બોલો, તો દેવોની આશાતના ના થાય?

**ઉત્તરઃ** અરે, દેવો તો એમાં રાજી થાય! એમ વિચારે કે આ લોકો અમને ભગવાનથી યે વધુ માનીને અમને દુર્ગતિમાં ખેંચી રહ્યા છે. એટલે આવો ખુલાસો હોવો જોઈએ. (સભાઃ હાસ્ય...)

**સભાઃ** અત્યારે ય એવું જ બને છે?

**ઉત્તરઃ** એક વાત પૂછું? શ્રીપાળે કેટલા દેવતાને બોલાવ્યા હતાં?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સિદ્ધચક્ર યંત્રના અધિષ્ઠાયક દેવ - દેવી શ્રી વિમલેશ્વર યક્ષ અને ચક્કેસરી દેવીને?

**ઉત્તરઃ** એ તો પોતાની મેળે આવ્યા, એમણે બોલાવ્યા ન્હોતાં. ન તો એમની બે રાણીને બચાવવા દેવી ચક્કેસરીને અને ન તો પોતાને આહાર આપવા માટે કોઈને બોલાવ્યા'તા!

શ્રીપાળે નક્કી જ કરેલું કેઃ 'મને જેવો કોઈ વિકલ્પ થાય કે તરત જ પરમના ધ્યાનમાં ચાલ્યા જવાનું! પછી એમને જે યોગ્ય લાગે, તે વ્યવહાર કરે. આપણી કોઈ choice નહીં!'

**સભાઃ** કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ તો શ્રી વિમલેશ્વર યક્ષની સાધના કરી જ હતી ને?

**ઉત્તરઃ** શ્રી કલિકાલસર્વજ્ઞ મહારાજે પણ સિદ્ધચક્રની જ આરાધના કરેલી. એમણે જે કરેલી, તે અપવાદ છે. આ વિષમ કાળ છે. આ કાળમાં અભિચારીક દેવો પણ બહુ છે. એટલે ચોર હોય, ત્યાં ચોકીદાર પણ રાખવા પડે. એમ એની સાથે લડવા માટે કાંઈ ભગવાનને ન બોલાવાય! એટલે એવા જ ભગવાનના સેવકો હોય, એને યાદ કરે, એટલે આવીને પેલાને દૂર કરે. બસ!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, શ્રીપાળને નવપદે સહાય કરી કે કોઈ યક્ષે કે કોઈ દેવ-દેવીએ સહાય કરી?

**ઉત્તરઃ** બધા જ દેવો છે ને, એ નવપદની શક્તિના જ નાના-નાના એકમો છે! એટલે નવપદજીને જેવા યાદ કરે, ત્યારે જે એકમની એમાં વ્યવસ્થિત જરૂર હોય, એ આપોઆપ સામે આવીને ઉભા રહે. એક વસ્તુતંત્ર છે પરમાત્માની સત્તા, તમારે જ્યારે જેની જરૂર હોય, તેનો એને ખ્યાલ જ હોય, તેથી તેની પૂર્તિ કરી જ દે! ભગવાનનું તૈજસ શરીર આપણા શરીર સાથે જોડાય, એ પછી જ આપણે ધાર્મિક બનીએ, ત્યાં સુધી ન બની શકીએ!

ઈતરમાં જે 'શક્તિપાત' કહેવામાં આવે છે ને, તે આપણે ત્યાં 'પ્રસાદ' કહેવાય.

'तित्थयरा मे पसीयंतु।' અર્થાત્: 'પ્રભુની શક્તિ મારામાં પ્રવેશ પામો, એવો મારો સંકલ્પ છે. એના દ્વારા હું એ શક્તિનો સ્પર્શ કરું છું તથા મારું કામ થાય છે.' પ્રભુ તો સર્વત્ર વ્યાપ્ત જ છે, એ તો બધે પ્રવેશવા તૈયાર જ છે, પણ આપણે જ ઝાંપા બંધ કરીને બેઠાં હોઈએ, તો એ શી રીતે આવે અંદર?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** ઝાંપા બંધ રાખવા એટલે?

**ઉત્તરઃ** તમારા અહંકારનો ઝાંપો હોય, એ બંધ હોય, એટલે કોઈ અંદર ન આવે. પ્રભુ એવા નથી કે પરાણે ને ધરાર તમારામાં પેસી જાય! પાણી વરસતું હોય, તરસ પણ લાગેલી હોય, ત્યારે મોઢું ખોલો, તો જ એ પાણી અંદર આવે કે એમ ને એમ આવી જાય?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** 'ઉપમિતિ'માં આવ્યું છેઃ પેલાએ નાક દબાવી મોઢું ખોલાવીને જબરદસ્તીથી અંદર નાખ્યું.

**ઉત્તરઃ** હા. એ તો ક્યારેક ભગવાન એવું યે કરે અને વધુ તો એ કામ ગુરુ જ કરે. જેમ શ્રી સિદ્ધર્ષિગણિને કર્યું, એ જ રીતે તમારું નાક પકડીને ગુરુ તમને બેસાડી દે! વાત એક જ છે કે તમારી સર્વ પ્રવૃત્તિઓનો આધાર પરમાત્માના પંચ કલ્યાણકમાંથી ઉત્પન્ન થયેલી પરમ શક્તિ જ છે. તમે એના ગ્રાહક છો અને તેઓ એ શક્તિના ઉત્પાદક છે.

**સભાઃ** શક્તિ પુદ્ગલતત્ત્વ છે, તો પુદ્ગલાતીત સત્તાતત્ત્વ છે..?

**ઉત્તરઃ** પ્રભુનો આત્મા પુદ્ગલાતીત છે, પણ પ્રભુ જે મૂકીને ગયા, એ દ્વાદશાંગી એ પુદ્ગલ રૂપ કે અપુદ્ગલ રૂપ?

**સભાઃ** દ્વાદશાંગી એ પુદ્‌ગલ રૂપ જ છે.

**ઉત્તરઃ** હં... તો દ્વાદશાંગીમાં જે ઉપયોગ મૂકે છે, તે શબ્દોની ગૂંથણી પૌદ્‌ગલિક છે. શક્તિનું મહત્વ ત્યાં સુધી જ છે કે જ્યાં સુધી તમે અશક્ત હો! શું તમે અત્યારે શક્તિવાન છો? અચ્છા... ચલો હવે કહો કે 'સત્તા'નો અર્થ શું છે? એનો અર્થ છેઃ અસ્તિત્વ. બસ! તો હું ક્યાં અસ્તિત્વની ના પાડું છું? આ શક્તિ પ્રભુ મૂકે છે અને એનાથી જ પ્રભુનું શાસન ચાલે છે, એ શાસન કાંઈ તમારાથી ચાલતું નથી! પ્રભુના પ્રસાદ દ્વારા તમે જેટલી તે શક્તિને ખેંચી શકો, એટલું પ્રભુના શાસનનું કામ તમે કરી શકો. એ શક્તિ તો પરિસરમાં ફેલાયેલી છે જ, એને pick up તમારે જ કરવાની છે, પ્રભુ એ આપતાં નથી.

પાણી જઈ રહ્યું છે, તો કાં મોઢું ઉઘાડીને pick up કરો કાં અંદર straw નાંખીને ખેંચો. એ તમારે જ કરવાનું છે. એ કર્તૃત્વ તમારું જ છે! પાણીનો પ્રવાહ જે વહે છે, તે કર્તૃત્વ તમારું નથી. શક્તિનો પ્રવાહ સમગ્ર વિશ્વમાં પ્રભુએ તરતો મૂકી દીધો છે, એના આધારે જ તમે તરી શકો છો! તરવું કે ન તરવું, એ તમારી મરજીની વાત! પ્રભુ હાથ પકડીને જમાલિ - પોતાના જમાઈને પણ ઠેકાણે નથી પાડતાં, તો મારા અને તમારા જેવાનો તો શું ભાવ જ પૂછાય?

**સભાઃ** શક્તિથી જ સત્તા પ્રગટ થાય?

**ઉત્તરઃ** સાવરણીથી જ ઘરનું આંગણું ચોખ્ખું દેખાય.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, એ કેવી રીતે? ખ્યાલ ન આવ્યો!

**ઉત્તરઃ** ઘરનું આંગણું મેલું છે. સાવરણી ફેરવે, તેથી ચોખ્ખું દેખાય, એ રીતે અનંત શકિત તમારા ઉપરના મેલને સાફ કરી નાંખે, એટલે તમારું અસ્તિત્વ પ્રગટ થાય છે. જો એમ ન હોત, તો 'તિન્નાણં' પછી 'તારયાણં' શબ્દ ના લખત! અને 'બુદ્ધાણં' પછી 'બોહયાણં' શબ્દ ના લખત! પ્રભુ બે રોલમાં કામ કરે છેઃ પોતે તરે છે અને તરાવે પણ છે. પોતે છૂટે છે અને છોડાવે પણ છે. આપણે ફકત એક જ રોલ કરીએ છીએઃ માત્ર છૂટીએ છીએ. બસ! એ ય એમના પ્રભાવથી! એમનો એ સ્વભાવ છે.

જેમ અગ્નિનો સ્વભાવ જ છે ગરમી ઉડાડવાનો, જલનો સ્વભાવ જ છે તરસ છીપાવવાનો, એમ પ્રભુના અસ્તિત્વનો સ્વભાવ જ છે તારવાનો! એ અચિંત્ય ચિંતામણી-અકલ્પ્ય કલ્પતરુ છે, અકામ કામધેનુ છે. આ બધા વિશેષણો તમે પ્રભુ માટે વાંચો જ છો. તમારા મનની પણ પેલે પાર પ્રભુની શકિત કામ કરે જ છે. એ ચતુર્વિધ શ્રમણસંઘ, જે દ્વાદશાંગીને ગ્રહણ કરી શકે, એ જ તીર્થ. જે દ્વાદશાંગીને ગ્રહણ ન કરી શકે, તે 'તીર્થ'માં ના આવે. જેઓ માત્ર ૧૧ અંગના અધિકારી હોય ને, એ પણ તીર્થમાં ના આવે!

**સભાઃ** આચાર્ય, ઉપાધ્યાય અને શૈક્ષ્ય (શિષ્ય) થઈ ગયા, પણ સાધર્મિક બાકી રહી ગયું ને?

**ઉત્તરઃ** બાકીના બધા કુલ અને ગણ. એમાં રહેલા આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ એ સાધર્મિક.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, કોઈ ગ્રંથની ટીકામાં આ મળી શકે?

**ઉત્તરઃ** જ્યાં મૂળ સ્પષ્ટ હોય ને, ત્યાં ટીકા કરવાની જરૂર જ નથી. (સભાઃ હાસ્ય..) 'आयरिय-उवज्झाओ, सीसे साहम्मिओ।' એવું જે બોલીએ છીએ ને? તેમાં આખો ક્રમ છે. પહેલાં આચાર્ય, પછી ઉપાધ્યાય, પછી શિષ્ય, પછી સાધર્મી એટલે સાથી - સાધુઓ આવે. 'सव्वस्स समणसंघस्स।' ગાથામાં ચતુર્વિધ સંઘ, એ શબ્દ નથી વાપર્યો. 'भगवओ अंजलिं करीअ सीसे।' એમાં પણ 'ભગવાન' શબ્દ વાપર્યો. હાથ જોડીને ઉભા રહ્યા. એ પછી સકલ જીવરાશિ આવે. આ આખ્ખો ક્રમ છે.

નાનપણમાં હું જ્યારે સંઘના ટ્રસ્ટીઓના દાવા સાંભળતો કેઃ 'અમે પચ્ચીસમા તીર્થંકર..', ત્યારે મને થતું કે પ્રભુ મહાવીરના કયા અંશ એમનામાં આવ્યા છે, એની ખબર નથી પડતી! (સભાઃ હાસ્ય..)

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, આપણે ત્યારે કાંઈ બોલી શકતાં નહીં!

**ઉત્તરઃ** હું યે બધે ઉભો તો થતો, પણ પછી ચૂપચાપ સૂઈ જતો! (સભાઃ હાસ્ય..)

**સભાઃ** સાહેબજી, જે દ્વાદશાંગીને ગ્રહણ કરે, તે 'તીર્થ' કહેવાય, પણ હમણાં દ્વાદશાંગી નથી, તો પછી...?

**ઉત્તરઃ** દ્વાદશાંગી નથી, પણ તેને ગ્રહણ કરવાની યોગ્યતા તો છે ને? ભગવાન બે કામ કરેઃ પહેલે જ દિવસે સૌ પ્રથમ તીર્થની સ્થાપના કરે, પછી સંઘની સ્થાપના થાય ને? તીર્થ જ ગેરહાજર હોય, તો ચતુર્વિધ સંઘની સ્થાપના જ કેવી રીતે કરાય?

આ બધું અત્યારે ભેળસેળ કરી નાખ્યું છે. વ્રતધારી મુનિરાજો, વ્રતધારી સાધ્વીઓ અને ૧૨ વ્રતધારી શ્રાવક - શ્રાવિકાઓ, બસ! પ્રભુના ચતુર્વિધ સંઘમાં આટલા સમાવિષ્ટ છે, તો બાકીના શ્રાવકો વિચારી લે કે પોતે પ્રભુના સંઘમાં છે કે નહીં!

**સભાઃ** ચંદનબાળાએ જ્યાં સુધી દીક્ષા ન લીધી, ત્યાં સુધી પ્રભુ મહાવીરે તીર્થની સ્થાપના ન કરી. તો ચતુર્વિધ શ્રમણસંઘની સ્થાપના પણ એ પછી જ થઈ હશે ને?

**ઉત્તરઃ** કોણે કહ્યું? જ્યાં સુધી શ્રી ગૌતમ ગણધરે દીક્ષા ન લીધી, ત્યાં સુધી તીર્થની સ્થાપના ન થઈ, એ બરાબર. સાધ્વીઓને તો એમના પોતાના આત્માના કલ્યાણ માટે એમાં ઉમેર્યા છે, બાકી માત્ર ૧૧ અંગના જાણકાર હોય, તે તીર્થમાં ના આવે.

વળી અગ્યારે ગણધરોની દીક્ષા પણ સાથે નથી થઈ! એક એક આવતાં જાય, તેમ તેમ પ્રભુ એક એકને દીક્ષા આપતાં જાય. હા! તીર્થની અનુજ્ઞા બધા ગણધરને એક સાથે આપી અને તીર્થ તો પ્રથમ ગણધરને કારણે સ્થપાઈ જ ગયું, દ્વાદશાંગી યે રચાઈ ગઈ. પછી જેટલા પણ ગણધર થવાના હોય, તે પૂરાં થઈ જાય, પછી તીર્થંકરો તીર્થની અનુજ્ઞા બધાને એક સાથે જ આપે.

**સભાઃ** દરેક ગણધરે દ્વાદશાંગીની રચના કરી, એટલે તેમાં તો કેટલો બધો સમય લાગ્યો હશે ને?

**ઉત્તરઃ** અંતર્મુહૂર્ત એટલે શું?

**સભાઃ** આપણે સમજીએ છીએ, એમ તો ૪૮ મિનિટ!

**ઉત્તરઃ** ના, મુહૂર્તના ઘણાં પ્રકાર હોય. તેમાં વધુમાં વધુ બે ઘડી કે ૪૮ મિનિટ હોય! પછી તે મુહૂર્તની અંદર ૩૦ મિનિટે ય હોય, ૨૦ પણ હોય અને ૨૫ મિનિટ પણ હોય! અચ્છા, 'વર્ષીદાન' શબ્દનો અર્થ તમે શું સમજો છો?

**સભાઃ** 'વર્ષીદાન' એટલે વાર્ષિક દાન.

**ઉત્તરઃ** હા. ૧ કરોડ અને ૮ લાખ સોનૈયાનું દાન પ્રભુ આપે, પણ આચાર્યશ્રી વર્ધમાનસૂરિના 'શ્રી આદિનાથ ચરિત્ર'માં સ્પષ્ટ લખ્યું છે કેઃ 'ઓછામાં ઓછું આટલું, પણ અધિકતમ કેટલું, એનું કોઈ માપ નથી!' વચમાં ઘણી પરંપરાઓ આઘી-પાછી થઈને વહેંચાઈ ગઈ અને અલગ અલગ સંપ્રદાયના આચાર્યોએ રચેલા ગ્રંથમાં તૂટક-તૂટક, પણ એ પરંપરાઓ સચવાઈ ગઈ.

જ્યારે આપણે એ બધું વાંચીએ ને, ત્યારે બધા અંકોડા મળતાં જાય, પણ.. ફૂરસદ હોય, તો વાંચે ને? દીક્ષા લીધા પછી આપણું સાધુનું સૌથી મોટું કામ એ જ કે જે આપણે લીધું છે, તે સામાને પકડાવવું! (સભાઃ ખડખડાટ હાસ્ય..) કોઈને ય એ મનોરથ જ નથી કે આ તબક્કે હું આગમોનો તીર્થોદ્ધાર કરું અને.. ગુરુ પણ શિષ્યને શબ્દથી તૈયાર કરે. આજે પ્રભુના શબ્દો સાથે સંપર્ક નથી કે તૂટી ગયો છે, એથી જ બધી જ મનોવેદનાઓ અને ઉપદ્રવો છે.

જે ઉપાશ્રયમાં પ્રભુના શબ્દ - આગમો ફરતાં રહે, એ ઉપાશ્રયમાં ક્યારેય નેગેટીવ શક્તિઓ પ્રવેશી શકતી નથી! ત્યાં રોગ ન આવે, માનસિક કલેશો ન આવે, કશું જ ના આવે!

બધા જ સાધ્વીઓ ભેગાં થઈ ગુરુએ કહેલાં સૂત્રોનું રોજ સવાર - સાંજ લયબદ્ધ રીતે જો પાઠ કરે, તો એમની સુરત ફરી જાય! ગીતો ગાવાનો જેટલો શોખ છે ને, એટલો હવે આગમ ગાવાનો નથી! ભગવાન સાથે તમારો સંપર્ક તમારા રાગડાં કરાવે છે કે પ્રભુના શબ્દો (નમુત્થુણં) કરાવે છે?

નમુત્થુણં સૂત્રમાં પરમાત્માનું આહ્‌વાન છે અને પ્રભુ શબ્દરૂપે કે નામરૂપે દિલમાં રહ્યા છે. સર્વત્ર છે, એટલે જ્યારે શબ્દરૂપે તમે એમના નામનો ઉચ્ચાર કરો છો, ત્યારે તરત જ તમારા ભીતરના દ્વાર ખૂલે છે.. પણ તમારે તો 'નમુત્થુણં'ને તો માત્ર ગડગડાવી જ જાવું છે ને? ફટાફટ ફટાફટ, બસ! પૂરું કરો! અને પછી આવે સ્તવન, ત્યારે તો તમે એવડાં તો રાગડાં તાણો કે તે પૂરું કરતાં કદાચ કલાક પણ થઈ જાય! સાંભળનારે ય કંટાળે અને કયારેક તો તમે ખુદ પણ કંટાળો! કયારેય નમુત્થુણં સૂત્ર બોલતાં ૧૫ - ૨૦ મિનિટ લાગી હોય, એવા કેટલા જણાં અહીં હાજર છે?

અરે... 'લોગસ્સ..' સૂત્ર બોલતાં બોલતાં રોમ-રોમ ખડાં થઈ જાય ખરાં કેઃ 'ઓહોહો.. કેવા મારા પ્રભુના નામ'? એવા કેટલાં? હૈયું ભરાઈ જાય, એવો સંપર્ક આપણે પ્રભુ સાથે કરતાં જ નથી, એની જ બધી વેદનાઓ છે.

મારા ગુરુ મહારાજ એમ કહેતાં કે...
'પ્રભુ સાથે સંપર્ક થાય, એની જ વાતો તમે કરો. એવું ધ્યાન મળે કે જેનાથી આખી દુનિયાને રીઝવવાની વાત જ ભૂલી જવાની! રીઝવવો તો એક મારાં પ્રભુને! એમને જ રીઝવવા અહીંયા આવ્યા છીએ, કોઈ બીજાને રીઝવવા આવ્યા નથી! વળી જે રીઝે, એવા છે જ નહીં, તો એવાને શું રીઝવવા?'

(સભાઃ હાસ્ય...) આ દુનિયામાં તો વાતવાતમાં ખીજાઈ જાય, એવા જ બધા છે! રીઝે એવા તો માત્ર મારાં પ્રભુ જ છે! ક્ષણ વારમાં આવીને ઉભા રહે, એવા તો મારાં પ્રભુ જ છે! ભલે... feel તમને થોડું મોડું થાય, પણ જો અંદર ઘુસો તો ને...? ઓક્સિજન બધા લે છે, પણ ઓક્સિજનને feel કેટલાં જણાં કરે છે? જો feel નથી થતું, તો શું ઓક્સિજન નથી? તમે જીવો છો, માટે તે છે જ વળી! હવે તમે જવાબ આપોઃ તમે રોજ પૂછો છો ને કે આનું પ્રમાણ શું? આનો અનુભવ શું? તો.. તમને ભૂખ લાગે, ત્યારે મને બતાવો, તે કાઢીને! (હાસ્ય...) ગોચરી વાપર્યા પછી તૃપ્ત થયાં, તો એ તૃપ્તિને ય બતાવો કાઢીને! બતાવી શકશો?

**સભાઃ** ના સાહેબજી, એને માત્ર અનુભવી જ શકીએ છીએ.

**ઉત્તરઃ** હં... તો પછી? પ્રેમ થઈ ગયો! તો બતાવો કે તમારો પ્રેમ કેવો છે? બહુ બહુ તો valentine day નજીક છે, ત્યારે ફૂલ આપશો. (સભાઃ હાસ્ય...) કે anniversaryને દહાડે નાનું - મોટું ઘરેણું લઈને આપી દેશો! આનાથી આગળ તમે શું કરવાના?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સારાં શબ્દો બોલે...

**ઉત્તરઃ** હેં? એ ય સાવ ખોટાં જ હોય! (સભાઃ જોરદાર હાસ્ય...) પેલી યે સમજી જાય કે આ ભાઈસા'બ આપણને રીઝવવા માટે જ ખુશામત કરે છે! દુનિયા ખુશામતમાં જ ચાલે છે. મારા પ્રભુ જ એક માત્ર એવા છે કે જેવા છે, એવા જ આપણને મળે છે! પ્રભુ આપણને મળે છે ને, તે પણ પ્રભુની શક્તિથી જ મળે છે!

કહ્યું છે ને કેઃ 'करके कृपा प्रभु दरिशण दीनो।' પ્રભુએ કિરપા કરીને પછી દર્શન આપ્યા! પણ... એવું ક્યાંય નથી આવતું કે દર્શન આપીને એ પછી પ્રભુએ કૃપા કરી!

શ્રી ગૌતમસ્વામી તો પ્રભુ પાસે આવવા જરા યે તૈયાર હતાં ખરાં? ના. પણ ભગવાન એને લાવવા માટે તૈયાર હતાં ને? હા! એટલે જ ઠે...ઠ ઋજુવાલિકાથી ચાલીને પ્રભુ ત્યાં પહોંચી ગયા! સમોવસરણ પણ કોના માટે રચાયું? તો બધી જ જે જાહોજલાલી રુપે જાહેરખબર છે ને, એ એમના ઘરાક (શ્રી ગૌતમ અને બીજા ગણધરો) માટે હતી, કાંઈ દુનિયા માટે ન હતી! આ દેહથી પણ પ્રભુ મહાવીરે તો બીજા તીર્થંકરોની પરંપરાથી ઘણું અલગ કર્યું છે.

**સભાઃ** ઉદાહરણ તરીકે? એટલે.. જેમ કે?

**ઉત્તરઃ** કયા તીર્થંકર છદ્મસ્થાવસ્થામાં કોઈ નાગને તારવા ગયા?

**સભાઃ** શ્રી મુનિસુવ્રતસ્વામી પેલા ઘોડાને તારવા તો ગયેલા.

**ઉત્તરઃ** એ તો કેવળજ્ઞાન પછીની વાત છે! હું તો જે કહું છું, તે છદ્મસ્થ અવસ્થાની વાત છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** એટલે આપ એ સમજીને જ બોલ્યા હતાં?

**ઉત્તરઃ** તો શું સમજયા વગર ફેંકુ છું? (સભાઃ અનહદ હાસ્ય...) ખરાં છો તમે! કોઈ કદાચ ઉંઘતા હશો, એટલે હું યે ઉંઘતો હોઉં, એવું ના બને. (સભાઃ હાસ્ય...)

**સભાઃ** પ્રભુ પાર્શ્વનાથ પણ જલતા નાગને ઉગારવા ગયા'તાં ને?

**ઉત્તરઃ** સાહેબ, પ્રભુ પાર્શ્વનાથ છદ્મસ્થાવસ્થામાં ગયા હતાં ખરાં, પણ એ ગૃહસ્થ અવસ્થામાં! ત્યારે હજુ સાધુ ન્હોતા થયાં! સાધુ થયાં પછી તો એ આચાર જ નથી તીર્થંકરનો! ચંદનબાળા માટે પાંચ મહિના ને પચ્ચીસ દિવસના ઉપવાસી તરીકે ગયા જ ને?

**સભાઃ** ચંદનબાળા માટે...?

**ઉત્તરઃ** હા! એ બધી બહુ જ વ્યવસ્થિત વ્યવસ્થા હતી. તીર્થંકર ભગવંતો બધું એમ ને એમ થોડું જ કરતાં હોય છે? ફક્ત હવામાં ફેંકતા નથી હોતાં તેઓ! પરમ કરૂણાને કારણે જ કરે છે. પ્રભુ મહાવીરની કરૂણા અન્ય દરેક તીર્થંકરો કરતાં બહુ વધારે હતી. આગલા ત્રીજા ભવમાં જેટલી ક્રૂરતાની ચરમ સીમા હતી, એટલી જ કરૂણાની ચરમ સીમા પ્રભુ મહાવીરના ભવમાં હતી! (સભાઃ વાહ વાહ..) એ તો રહેવાનું જ. એક extreme હોય, તો બીજું extreme આવે જ! એમનું વીર્ય એટલું બધું અનંત ફોરવી શકતાં હોય, તેથી તીર્થંકરોમાં જ extreme હોય! આપણામાં એટલું extreme ક્યારેય ના આવે, તીર્થંકરના આત્મા હોય, તો જ extreme આવે.

કહ્યું છે કેઃ પ્રભુમાં એટલું બધું સામર્થ્ય છે કે એક જ હાથમાં ત્રણે ભુવન અને ચૌદે રાજલોકને ઊંચકી લઈ શકે! આચાર્ય શ્રી ઉમાસ્વાતિજીએ કહ્યું જ છે કેઃ 'પરમાત્માના નામનું અર્થાત્ નવકાર મહામંત્રનું વજન કેટલું? તો એક ત્રાજવામાં ૧૪ રાજલોકને મૂકો અને બીજા પલ્લામાં નવકારના ૬૮ અક્ષરો મૂકો, તો ૬૮ અક્ષરોવાળી તુલા નીચે અને ૧૪ રાજલોકવાળું પલ્લું ઉપર જશે!'

તમને ૧૪ રાજલોક કરતાં યે ભારે જે નવકાર મંત્ર મળ્યો છે, જેને તમે ઉપાડી યે શકો છો, તો તમારા જેવા ભાગ્યવાન અને શુભ નસીબવંતા બીજા કોઈ નથી! (સભાઃ વાહ!) એક નવકાર મળ્યો છે, તેટલાં માત્રથી યે ખુશ થઈને જો તમે નાચો તો'ય ઘણું છે, તો'ય મોક્ષ થઈ જાય! બહુ બધે ફાંફાં મારવાની જરૂર જ નથી! નવકાર તો પ્રભુનો સાક્ષાત્ અક્ષરદેહ છે.

શ્રી ઉમાસ્વાતિજી એટલે જ એમ કહે છે કેઃ 'મારા મોક્ષે ગયા પછી આ જગતના જીવોનું શું થશે?' એવી કરુણાથી પ્રભુ પોતાનો અક્ષરદેહ અહીં મૂકીને ગયા. અક્ષરદેહ યાને અ-ક્ષર, જેનો નાશ ન થાય, તેવો દેહ.

**સભાઃ** સાહેબ, એટલે... નવકાર મંત્ર મૂકીને ગયા?

**ઉત્તરઃ** હા. આખ્ખો નવકાર. શબ્દબ્રહ્મ આ જ બધું છે ને?

**સભાઃ** આ કાળમાં નવકાર કરતાં પણ લોકોને બીજા મંત્રો વધારે જરૂરી લાગે છે, એવું કેમ?

**ઉત્તરઃ** બહુ સાચી વાત છે. કોઈપણ ઓફિસમાં જાવ ને, તો ચપરાસી તરત મળે! (સભાઃ ખડખડાટ હાસ્ય...) સાહેબને મળ તાં દિવસો લાગે અને કેટલું બધું વળી વજન પણ મૂકવું પડે! નવકારના દરેક અક્ષરમાં ૧૦૦૮ વિદ્યાદેવીનો વાસ છે, એવું 'નમસ્કાર માહાત્મ્ય'ની અંદર આચાર્ય શ્રી સિદ્ધસેને કહ્યું છે.

**સભાઃ** શ્રી ગૌતમસ્વામી માટે પ્રભુ મહાવીરે સમોવસરણની રચના કરી?

**ઉત્તરઃ** એ રચના પ્રભુએ નથી કરી, દેવતાઓએ કરી છે.

**સભાઃ** શ્રી ગૌતમસ્વામીનું ઉપાદાન તૈયાર હતું કે પછી પરમાત્માની એ કરુણા હતી?

**ઉત્તરઃ** શ્રી ગૌતમસ્વામીનું ઉપાદાન અને પ્રભુકૃપા - બંને તૈયાર હતાં. એક જ હોય, તો કામ ના આવે. બાર વર્ષની છોકરી ઉપર તમે ગાંડા થઈ જાવ, પ્રેમ કરો... એટલે શું છોકરી પણ તમને પરણવા તૈયાર થઈ જાય? એ ૧૮ વર્ષની તો થવી જોઈએ ને? અને પેલો ૨૦ વર્ષનો તો થવો જોઈએ ને? બંનેની તૈયારી હતી. જો કે શ્રી ગૌતમ ગણધરની તૈયારી નેગેટીવ હતી... નકારાત્મક!

**સભાઃ** વાહ! પણ તો યે પ્રભુએ કરુણા કરી?

**ઉત્તરઃ** તમે પ્રભુ સાથે લડવા જાઓ ને, તો'યે પ્રભુ પહેલી કરુણા જ કરે, પણ પ્રભુની ભક્તિ કરો, તો શક્તિ મળે! જો પ્રભુની આજ્ઞાની આશાતના કરો, તો નરક આદિ ગતિ મળે. જાણે પ્રભુનું અસ્તિત્વ છે જ નહીં, એવું માનીને જે ઉપેક્ષા કરે, તો તે જીવ નિગોદમાં યે જાય! (સભાઃ ઓહોહો..!)

માત્ર પ્રમાદના કારણે શક્તિ હોવા છતાં પ્રભુના દર્શન કરવા ના જાય, પૂજા કરવા ન જાય, ગુરુને વંદન કરવા ન જાય, તો એ પ્રમાદ જીવને નિગોદમાં લઈ જાય! ઘણાં મા અને બાપ એમ જ સમજતાં હોય કે દીકરા ધર્મ કરશે, તો પુણ્ય મળશે, નહીં કરે તો થોડું ઓછું પુણ્ય મળશે...પણ no! પ્રભુને પ્રણામ નહીં કરે, તો ઓછું પુણ્ય નહીં, પુણ્ય જ નહીં થાય! શું કોઈપણ મા-બાપ દીકરાને નિગોદમાં જતાં જોઈ રહે?

હજી યે નરકમાં જતાં જોઈ શકાય કે સજા ભોગવીને પાછો તો આવશે, પણ નિગોદમાં ગયેલા તો જાણે એ જનમટીપ છે! (સભાઃ ઓહો!)

**સભાઃ** 'પ્રમાદ' એટલે આળસ જ કે બીજું કાંઈ?

**ઉત્તરઃ** પ્રભુના અસ્વીકારનું નામ જ 'પ્રમાદ' છે. (સભાઃ ઓહો...)

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** એટલે પૂજા ન કરનાર શું પ્રભુનો અસ્વીકાર કરે છે?

**ઉત્તરઃ** હાં જી! પ્રભુના પ્રભુત્વનો સ્વીકાર જ નથી કરતાં તેઓ! પ્રભુનું પૂજ્યત્વ છે, તેથી સમગ્ર વિશ્વના બધા જીવો.. અરે ઈન્દ્રો દ્વારા પણ તેઓ પૂજાને લાયક છે. પૂજ્યત્વનો અસ્વીકાર એ તેમના અસ્તિત્વનો જ અસ્વીકાર! તેઓનાં અસ્તિત્વનો અસ્વીકાર એટલે તમારું પોતાનું અસ્તિત્વ ખતરામાં!

**સભાઃ** સાહેબજી, પ્રભુ કરુણા કરે, એટલે હકીકતે શું કરે?

**ઉત્તરઃ** મને ખબર નથી. (સભાઃ હાસ્ય...) કહેવાનો અર્થ એટલો જ છે કે તમે તમને પોતાને પામો. પોતાને અંગભૂત માનો. જગતના સર્વ જીવોને પોતાના અંગભૂત જોવા, એ કરુણાનું વ્યાપક અને દુર્લભ સ્વરૂપ છે! જગતના જીવોને આ...ટલો બધો પ્રેમ આપવો, એ તીર્થંકરનાં તથાભવ્યત્વમાં જ માત્ર શક્ય છે, આપણામાં નહીં! સૌ જીવોને આટલો પ્રેમ આપવો, એ તમે કલ્પી જ ન શકો! એ સ્પષ્ટ થાય, તો ખબર પડે તમને ય! અને એ સ્પષ્ટ થાય રોજ સાંજની આરતી કરતાં સમયે જિનાલયજીમાં!

ભગવાન તો ક્યારે રીઝે, એ ખબર જ નથી! એટલે આપણે જ જાગતાં રહેવું પડે...! સૂતાં રહીએ, તો જતું રહે! ક્યારે દરવાજો ખોલે અને ક્યારે ત્યાંથી લીક થાય.. એનો કોઈ પત્તો નથી.

**સભા:** સાહેબજી, વ્યાખ્યાન સાંભળવા કેમ રોજ જવું?

**ઉત્તર:** પ્રભુની શક્તિ ગુરુના શબ્દો દ્વારા આપણને મળે છે અને કયો શબ્દ આપણને તારનાર છે, એની આપણને ખબર નથી!

પ્રભુની કરુણા એવી છે કે જે શબ્દ તમને તારનારો હશે, તે જ શબ્દ ગુરુના મુખમાંથી નીકળી જાય અને તમારું કામ પતી જાય! એ શબ્દ બહુ દુર્લભ હોય છે. ધૈર્યથી સેંકડો વર્ષ સુધી રાહ જોવી પડે, ત્યારે ગુરુ તરફથી તે શબ્દ મળે! બીજી એક વાત કહું: ગુરુ જો શબ્દથી ઉપકાર કરે, તો પ્રભુ શેનાથી ઉપકાર કરે?

**સભા:** પ્રભુ પોતાના અસ્તિત્વ માત્રથી કે કરુણાથી ઉપકાર કરે?

**ઉત્તર:** ના. પ્રભુ દ્રષ્ટિમાત્રથી જ ઉપકાર કરે.

'दर्शनं देवदेवस्य, दर्शनं पापनाशनम्,
दर्शनं स्वर्गसोपानं, दर्शनं मोक्षसाधनम्।'

આમાં બધું જ આપી દીધું ને? કાંઈ બાકી રાખ્યું? દેવ અને ગુરુ - બંનેને ક્યારેય સ્પર્શ તો કરવાનો જ નથી, આપણે ગોબરાં અને ગંધારા... ક્યાં એમને બગાડીએ...?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજ:** એટલે ગુરુદેવના ચરણસ્પર્શ નહીં કરવાના, એમ ને?

**ઉત્તરઃ** ગૃહસ્થે તો ગુરુને સ્પર્શ કરવાનો જ નથી, માત્ર સાધુને જ ગુરુનાં ચરણોમાં સ્પર્શ કરવાની છૂટ છે અને ગુરુ પણ સાધુના માત્ર મસ્તક ઉપર જ હાથ મૂકે. બને તો માત્ર વાસક્ષેપથી જ પતાવે... સ્પર્શ ના કરે! શ્રી કલાપૂર્ણસૂરિજી મહારાજ, શ્રી અભયસાગરજી મહારાજ, મારા મોટાં ગુરુ મહારાજ - એ સર્વ સ્પર્શ ન્હોતાં કરતાં! ઉપરથી સાધુને એની ઈચ્છા થવી, એ પણ મોહનો જ એક પ્રકાર છે.

**સભાઃ** સાધુ મહારાજને માથે હાથ મૂકવો, એ મોહનો પ્રકાર છે?

**ઉત્તરઃ** અંગુષ્ઠમાંથી ગુરુની ઑરા શિષ્યમાં આવે છે. એ કેટલી અંદર આવી, એનું માથું કેટલું ગરમ થયું, એ સ્પર્શ ઉપરથી જાણી શકવા માટે જ ગુરુ શિષ્યને માથે હાથ મૂકે છે.
(સભાઃ વાહ!)

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, એટલે આ હકીકત છે કે..? (સભાઃ હાસ્ય..)

**ઉત્તરઃ** તમે લોકો જૈનદર્શનમાં જન્મીને પણ આખી જે practical પ્રક્રિયા છે, એનાથી જ વંચિત છો! અતીત કાળની અંદર આ બધી પ્રક્રિયાઓ મોજુદ હતી.

આપણે ત્યાં ત્યારે practical ચાલતું હતું, theoretical નહીં! Theoretical હતાં માત્ર પ્રભુના શબ્દો કેઃ 'કેવી રીતે જીવવું? ગુરુ સાથે કેવી રીતે રહેવું? પ્રભુ સાથે કેવી રીતે વર્તવું?' બધું વ્યવહારથી ચાલ્યું આવતું હતું. આ વચલા ગાળામાં એ વ્યવહાર તૂટી ગયો!

આ બધા અત્યારે જે પ્રભુપૂજા કરે છે ને, એ બધી દેખા-દેખીની જ છે. કઈ શાળામાં શીખીને આવ્યા? કયા ગુરુએ તમને શીખવાડ્યું? ધર્મ તો ગુરુ-ઉપદષ્ટ જે ક્રિયા કરો, એ જ બને, બીજો કોઈ વ્યવહાર એ 'ધર્મ' ન બને.

**સભાઃ** સાહેબજી, આ પૂરું સમજાયું નહીં.

**ઉત્તરઃ** દવા ડૉક્ટરને કહીને જ લેવી પડે, પોતાની મેળે ન ચાલે!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** ખબર હોય કે માથાનો દુઃખાવો થાય, તો આ દવા લઈ લેવી. ડૉક્ટરને કહેવું ન પડે!

**ઉત્તરઃ** ખબર હોય, એમાં યે ગરબડ થાય. દુઃખાવો શાનો છે, શેને કારણે છે, એ ખબર પડયાં વિના દવા લઈ લો ને, તો એ જ દવાથી કોઈને હેમરેજ પણ થઈ જાય!

**સભાઃ** ગુરુ-ઉપદષ્ટ ક્રિયા એટલે ધર્મ, તો 'ગુરુ' એટલે શું?

**ઉત્તરઃ** જે પરમ ગુરુ સાથે જોડાયેલા છે, એ 'ગુરુ'. જે પોતાના ગુરુ સાથે જોડાયેલા છે, એ 'ગુરુ'. પરમ ગુરુ સુધીની આખી યે લાઈન હોય! એ પંક્તિ દ્વારા પરમાત્માની શક્તિની અખંડ ધારા ચાલી આવતી હોય. એટલે ગુરુ જ્યારે દીક્ષા આપે ને, ત્યારે એમ નથી કહેતાં કેઃ 'આ દીક્ષા હું આપું છું.'

જ્યારે ગુરુ જોગ કરાવે ને, ત્યારે પણ એમ નથી કહેતાં કેઃ 'આ જોગ હું કરાવું છું.' પ્રવાહ આપનાર ભગવાન છે અને શ્રી ગૌતમ એ આર્હન્ત્ય પ્રવાહના ઝીલનાર અને પછી પહોંચાડનાર પણ છે.

હું દીક્ષા આપું, તો શકિતપાત થાય. એ પરમાત્માનું જ્ઞાન પેદા કરે, જે એક જ જીંદગી સુધી રહે, પરંતુ બીજી જીંદગીમાં જે મળ્યું હોય, એ બધું જ ઉડી જાય!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** કેમ? એમાં 'હું' આવી જાય એટલે?

**ઉત્તરઃ** બિલ્કુલ! પ્રસાદથી જ મોક્ષમાર્ગ ખૂલે.

'तित्थयरा मे पसीयन्तु' પછી 'सिद्धा सिद्धिं मम दिसंतु।' આવે. 'दिंतु', 'पसीयंतु' અને પછી 'दिसंतु', ત્રણ શબ્દમાં જ આખ્ખો સાધનામાર્ગ આવી ગયો! સમાધિ, પ્રભુનો પ્રસાદ, અંતે આવે સિદ્ધિ! લો! સાધનામાર્ગ તૈયાર!

ભગવાને સાડા બાર વર્ષ રખડીને જે પરમ સત્ય મેળવ્યું ને, એ આપણને થોડાંક જ શબ્દમાં આપી દીધું, એ જ પ્રભુની વિશેષતા! પ્રભુની એવી ભાવના હોય કેઃ 'હું આ સર્વ જીવોને બહુ સરળતાથી મોક્ષે પહોંચાડી દઉં! શકિતનું એટલું બધું પુણ્ય મારી પાસે હોય કે હું બધાને એ શકિતનું દાન આપી શકું અને તો'યે એ કયારેય ખૂટે નહીં!' પ્રભુની શકિત અને સ્વરૂપ - બંને અગાધ, અપાર છે!

શ્રી આનંદઘનજી પોતાના પદોમાં એ જ ગાય છે, મહો. શ્રી યશોવિજયજી મહારાજ પણ પોતાના અનુભવથી એ જ ગાય છે અને શ્રી ચિદાનંદજી પણ એ જ ગાય છે! પ્રભુનો અનુભવ કર્યા પછી અહંકાર તૂટે અને 'પ્રભુ... તુંહી તુંહી તુંહી!' થાય.

પ્રભો! તું જ છે, I am nothing! હું છું જ નહીં! ક્ષણે ક્ષણે જેના પર્યાયો બદલાતાં જ જતાં હોય, એ થોડો હોય?

**સભાઃ** સાહેબ, શક્તિપાત અને પ્રસાદમાં શો ફરક છે?

**ઉત્તરઃ** ગુરુનું કર્તૃત્વ હોય, ત્યારે તમારી ઉપર શક્તિપાત થાય અને તમારા પોતાના કર્તૃત્વથી પ્રસાદ મળે.

**સભાઃ** સાહેબજી, બરાબર સમજાયું નહીં.

**ઉત્તરઃ** તમે તૈયાર નથી, તો પણ ગુરુ force કરીને તમારામાં પરાણે ફેંકે, એ 'શક્તિપાત' કહેવાય. એ ગુરુના કર્તૃત્વમાં આવે. પ્રસાદમાં સીધું પ્રભુનું કર્તૃત્વ આવે, ગુરુનું કર્તૃત્વ એમાં ન આવે. ગુરુ પણ છે ને... નળના પાઈપ જેવા છે.

નળમાંથી જેમ ઘડામાં જલ આવે, એમ પરમાત્માનો અનુગ્રહ ગુરુ દ્વારા તમારામાં આવે. ગુરુ નળના પાઈપથી વિશેષ કાંઈ નથી.. પણ પાઈપ ન મળે, તો ટાંકીમાં ગમે તેટલું પાણી ભર્યું હોય, આપણને તે ન મળે! માટે પાઈપનું અસાધારણ મહત્વ છે. એનું બહુમાન રાખવું જ પડે. તે પાઈપ સડી ન જાય, તેનું ચે ધ્યાન રાખવું પડે! બધામાં સીમા છે. પ્રભુમાં ભલે ગાંડા થાવ, ગુરુમાં એક સીમાથી વધારે ગાંડા નહીં થવાનું, નહીંતર તમે એના દેહ અને વ્યક્તિત્વમાં જ ફસાઈ જશો! ગુરુ પણ છદ્મસ્થ છે, એટલે તેમના ઉપર તમારી મમતાનું જે માનસિક આક્રમણ થાય, એ કારણે એ તકલીફમાં મૂકાઈ જાય. એટલે ઘણીવાર 'तिन्नाणं तारयाणं'ની બદલે 'डूब्बाणं डूब्बयाणं' થઈ જાય. શિષ્ય પોતે ય ડૂબે અને ગુરુને ય ડૂબાડે!

એક વાત કહું? શ્રાવકોએ સુપાત્રદાન કર્યા સિવાય જમાય નહીં ને? (સભાઃ હા...) તો તેઓ રોજેરોજ એ કઈ રીતે કરી શકે? આપણે શ્રમણો સમજી બેઠાં છીએ કે સૌથી સર્વશ્રેષ્ઠ સુપાત્ર અમે છીએ, પણ ખરેખર છો ખરા? તમે સુવર્ણપાત્ર છો, પ્રભુ રત્નપાત્ર છે. એટલે શ્રાવક પ્રભુની પૂજા કરે ને, એ દાનધર્મનું જ સ્વરૂપ છે. (સભાઃ વાહ..)

એમાં મજા એ છે કે શ્રાવક ગુરુમહારાજની કેટલી ભકિત કરે? બે રોટલી, ૪ રોટલી, બે લાડવા! ગુરુની capacity ચે કેટલી? બસ એટલી જ. પ્રભુને થાળના થાળ અને કરંડિયાના કરંડિયા મૂકો, તો ચે નથી કહેતાં કેઃ 'એ... બહુ થઈ ગયું. મારું પેટ ફાટી જશે!' (સભાઃ હસાહસી...)

જઠરાગ્નિ હોય, એ સીમિત લે, પણ યજ્ઞનો અગ્નિ તો બધું જ સ્વાહા કરી જાય ને? મણનાં મણ ભલે એમાં સમિધ આપો!

એટલે સૌથી સુપાત્ર ભગવાન છે કે જેઓ તમે આપો, તે બધું જ સ્વીકારે! જેના જેનાથી તમે મોહાતાં હો અને જેના જેનાથી તમારું જીવન ચાલતું હોય, એ બધું જ તમે ભગવાનને આપી શકો. તમે નાચીને તમારું નૃત્ય પણ ભગવાનને આપી શકો તથા સ્ત્રી અને પુરુષ બંને, તમે ગાઈને તમારો શબ્દ પણ પ્રભુને આપી શકો! આ બધું જ સુપાત્રદાન છે. પ્રભુ શ્રેષ્ઠ સુપાત્ર છે, પણ એનો અર્થ એ નથી કે રત્નની ખાણ મળી, એટલે સોનાની ખાણ ના લેવી કે પછી અનાજનું ખેતર ના લેવું...! બધાની જરૂરત છે જ. પ્રભુની ભકિત તમને સદ્‌ગુરુ મેળવી આપે અને સદ્‌ગુરુ તમને વિશ્વના સર્વ જીવોનાં મિત્ર બનાવે! વીતરાગતાનો આ જ ક્રમ છે! (સભાઃ વાહ!)

જેનો કોઈ અંત ના આવે, જેનો કોઈ નાશ ના કરી શકે... એવી અનંત અનંત પરમાત્માની શક્તિ છે. બાકી તો છે ને, મોબાઈલ અને તમારા કમ્પ્યુટરને પણ હેક કરીને બધી ગરબડ કરી નાંખે, પણ પ્રભુનું આ જે કમ્પ્યુટર છે ને... એને હેક કરનારો આજ સુધી કોઈ નથી પાક્યો! (સભાઃ વાહ!)

મારા ભગવાનના કમ્પ્યુટરમાંથી એવા કિરણો પણ નથી નીકળતાં કે તમને માંદા કરી નાંખે! તમારો મોબાઈલ જો અડધો કલાકથી વધારે વાપરો ને... તો આગળ જતાં કાં તો crack અને કાં બહેરા થઈ જાવ! મારા પ્રભુથી એવું કશું જ ના થાય! એમનું બધું જ અમૃત જ છે. એમના મળ-મૂત્ર-શ્વાસ-પ્રશ્વાસ કોઈ ચીજ એવી નથી, જે અમૃત ના હોય! અને જે રીતે પ્રભુનું બધું જ અમૃત બને, એ જ રીતે પ્રભુમય મુનિઓનું ય એવું જ બધું થાય. એનું મૂત્ર, એની વિષ્ટા, બધું પરમ ઔષધિરૂપ બની જાય, પણ જો મુનિ પ્રભુમય બને તો જ!

પૌદ્‌ગલિક પદાર્થોના ચિંતનમાં રત વ્યક્તિ કે પૌદ્‌ગલિક પર્યાયમાં ડૂબેલી વ્યક્તિ! એના જેવું ગંધાતું વ્યક્તિત્વ બીજા કોઈનું નહીં! પૌદ્‌ગલિક પર્યાય બધા મુર્દાઓ જ છે.

જે પદાર્થો તમને ગમે છે, તે બધા જ કોઈ અને કોઈ જીવે શરીર લઈ અને પછી આયુષ્ય પૂરું થતાં છોડીને ગયા પછી જ બનેલા છે અને જે મુડદાઓની સાથે રહે, એને મસાણમાં જ જવું પડે! આ નરી વાસ્તવિકતા છે! પ્રભુ જ એક એવા છે, જે પરમ ચૈતન્ય છે. બાહ્યથી યે તેમને દુર્ગંધ સ્પર્શતી નથી કે બાહ્યથી પણ એમના શ્વાસોચ્છવાસમાંથી ક્યારેય carbon dioxide બહાર આવતો નથી!

આમ પ્રભુનું બધું જ અમૃત જ છે અને એ અમૃત દિવ્ય તરંગો રૂપે એમની મૂર્તિ અને નામમાં જોડાયેલું હોય છે. જ્યારે પણ એકાગ્ર થાવ, ત્યારે એનો પ્રવેશ તમારામાં થાય અને તમે તરત convert થઈ જાવ છો. આ આખ્ખી રાસાયણિક પ્રક્રિયા છે.

પુદ્‌ગલમાં તો એ જ પ્રક્રિયા ચાલે, પણ આત્માને આવી કોઈ chemical processની જરૂર નથી. પ્રભુ આપણને સાફ કરે છે, પ્રભુ આપણને જીવન આપે છે, પ્રભુ એમના સુધી લઈ આવે છે અને તેમનું થોડું માનીએ, તો આપણને આગળ પણ લઈ જાય છે. તમે કયારેક પ્રભુને ઠપકો ય આપો છો ને કે અહીં સુધી લઈ આવ્યા, તો હવે શા માટે બાકી રાખો છો? તો ભગવાન કહે છેઃ

'મારે નથી બાકી રાખવું પણ તું અપ્રમત્ત દશામાં આવજે, તો બે ઘડીમાં જ તને મારી જગ્યાએ પહોંચાડી દઈશ! જે અહીં સુધી આવતાં તે અનંત કાળ કર્યો ને, હવે બહુ ભવો નહીં થવા દઉં.' આ પ્રભુનો જવાબ છે.

'ઈતની ભૂમિ પ્રભુ, તુમહી આણ્યો,<br>ફરી ફરી બહોત બધાઈ માન.'

સાતમે કે આઠમે ગુણસ્થાનકે વાત કરે છે, એમાં છ વધે, તો શું થાય? ૧૩ થાય. બસ! તેરમા ગુણસ્થાનક સુધી પ્રભુ લઈ જાય. ચૌદમા ગુણસ્થાનકે તો તમારે પોતે જ જવાનું છે. તેરમા પછી ભગવાન હાથ છોડી દે. છોકરો એકવાર જો ચાલતો થઈ જાય ને, તો પછી એની મા એને તેડે નહીં. પ્રભુ જ તેને ચાલતો કરે છે, પણ અહીંયા આવ્યા પછી તમારો અહંકાર છે ને, તેની નિર્જરા જ છે. ત્યાં પછી તમારી પસંદગી ચાલતી જ નથી કે 'મને આમ જોઈએ અને તેમ જોઈએ!'

આવું કયું વનસ્પતિકાય બોલે? આવું કયું કાય બોલે? પ્રભુના પરોપકારના પ્રબળ નિયમ પ્રમાણે સમગ્ર સ્થાવર સૃષ્ટિએ વર્તવું પડે, એ પ્રભુના શાસનનો પ્રભાવ! તેમના અસ્તિત્વનો પ્રભાવ!

યોગ્ય કાળે વરસાદ વરસે, સૂર્ય-ચંદ્રની ગતિ નિયમિત ચાલે, આ બધું પ્રભુના પ્રભાવથી! આપણે ઠેઠ ત્યાં સુધી કહી શકીએ કે ગતિક્ષેત્રમાં ગતિનું કારણ પ્રભુની ઉર્જા જ છે. 'ગતિક્ષેત્ર' એટલે અઢી દ્વીપ અને પ્રભુની રાજધાની પણ અઢી દ્વીપ જ છે.

ત્રણ લોકના સમ્રાટ છે, પણ રાજધાની અઢી દ્વીપ જ. ત્યાં તેઓ અવશ્ય હાજર જ હોય. પ્રભુ રાજધાની છોડીને કયારેય ન જાય! તેમની શકિત હોવાથી જ અઢી દ્વીપમાં ગતિ છે. અઢી દ્વીપની બહાર ન મૃત્યુ, ન જન્મ! કાળ પણ ઠપ્પ!

કોઈ કારણવશાત્ જો તમે અઢી દ્વીપની બહાર ગયા હો અને કદાચ લાંબુ રોકાવું પડે, તો જોશો કે ત્યાં 'કાળ' નામની ચીજ જ નથી. એટલે તમને ખબર જ ન પડે કે કેટલો કાળ થયો? પછી ફરીથી આ ગતિક્ષેત્રમાં આવો, એટલે ખબર પડે કે ત્યાં ૧૨ વર્ષ જતાં રહેલાં. તમે ૨૪ વર્ષના થયાં હો, ત્યારે ગયાં હો... તો આવો, ત્યારે ય ૨૪ વર્ષના જ હો! ૩૬ વર્ષના ન થયાં હો.

**સભાઃ** સાહેબજી, એવું થાય?

**ઉત્તરઃ** હા. ઘસારો ગતિના કારણે છે. ત્યાં ગતિનો જ અભાવ થઈ જાય છે, એટલે જ ત્યાં મૃત્યુ નથી થતું ને? એટલે જ જન્મ નથી થતો ને?

**સભાઃ** પુદ્ગલની ગતિ તો ત્યાં પણ છે ને?

**ઉત્તરઃ** આ આપણી જ વાત છે, તિર્યંચોની નહીં. સમગ્ર વિશ્વમાં પુદ્ગલો ચાલ્યા કરે, ફર્યા કરે, એ આખી યે અલગ ચીજ છે.

**સભાઃ** સાહેબજી, કાળ તો દેવોના આયુષ્ય રીતે પણ થાય ને?

**ઉત્તરઃ** અલ્યા... દેવો કેટલાં વર્ષ રહે છે, એ દેવને ય ખબર નથી હોતી. એ તો આપણને સમજાવવા માટે આપણી ભાષામાં વાત કરી કે આટલા દિવસ... બાકી તમારા સો વર્ષ છે ને, તે દેવને તો એટલી જ ખબર પડે કે મારા ૧૦૦ વર્ષ પૂરાં થયાં.

ભલે ને તમને એ ૩૩ સાગરોપમ લાગતાં હોય! એ બધું તમારા dimensionમાં, એમના પરિમાણ, વિસ્તાર કે કદમાં નહીં! જેવા આપણે અઢી દ્વીપની બહાર જઈએ, એટલે તરત બધું બંધ થઈ જાય, ચયાપચયની ક્રિયા પણ બંધ થઈ જાય. As it is! જેમ છે, એમ જ બધું પડ્યું રહે. એક પ્રશ્ન થતો હોય છે કેઃ કોઈ તિર્યંચો નહીં, માત્ર મનુષ્યો જ મોક્ષમાર્ગે જનારા કેમ? તો બસ! એના માટે જ આ બધા નિયમો છે. દેવલોકમાં તિર્યંચો ઉત્પન્ન થઈ શકે, પણ મનુષ્યો? ના. તો તો આખી વ્યવસ્થા જ અલગ થઈ જાય ને?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** એક બાજુ આયુષ્ય આટલા બધા વર્ષનું હોય અને બીજી બાજુ...?

**ઉત્તરઃ** હા. એ તો અહીંયા માટે જોવાનું. જ્યાં કાળ જ નથી, એ ક્ષેત્રમાં તમારો વસવાટ હોય, તો ન આગળ જાય, ન પાછળ!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** એટલે સાહેબ એવી રીતે પૂછું છું કે આવો પ્રશ્ન આવે, તો એનો પાઠ ક્યાંય મળે ખરો?

**ઉત્તરઃ** હું એક વાત પૂછું? સાધુ કાળ કરી જાય અને ત્યારે ફલાણું નક્ષત્ર હોય, ત્યારે આટલા પૂતળાં મૂકવા, એ કયા આગમમાં લખ્યું છે? (સભાઃ હાસ્ય..)

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** વડિલો લખીને ગયા છે.

**ઉત્તરઃ** તો બસ! આ પણ યોગીઓ લખીને ગયા છે. મને વાંચવા મળ્યાં, તમને વાંચવા ન મળ્યાં, તો એમાં હું શું કરું? બોલો! (હાસ્ય...) હું કદાચ તમને આ વાત ઉછીની આપી શકું, અક્કલ તો ઉછીની ન જ આપી શકું ને? (ખડખડાટ હાસ્ય...)

**સભાઃ** કદાચ અમારો આત્મા (અમે) અઢી દ્વીપની બહાર જઈએ, તો પછી કાંઈ નક્કી ખરું કે અમે કયારે પાછા આવીએ?

**ઉત્તરઃ** બધાની નિયતિ છે. પદાર્થો કેટલા? પાંચઃ કાળ, નિયતિ, ભવિતવ્યતા, તથાભવ્યત્વ અને સ્વભાવ. પણ એ બધા જ...

'અંતે તો પ્રભુના દાસો રે, મુખ્ય હેતુ તું મોક્ષનો,
જે મુજ સબળ વિશ્વાસો રે!'

મુખ્ય તો તું જ છે હે પ્રભુ! આ બધું તો ઠીક છે. માનવા માટેની વાતો છે. જેઓ ખુશામતથી રાજી થતાં હોય, ત્યાં જ એનો પ્રયોગ ચાલે, પણ જેને ખુશામતની અસર જ નથી, તેને શું? એક કામ કરોઃ સૂર્યની ખુશામત કરો! તો તે પ્રકાશ વધારે આપશે? એની સામે ધૂળ ફેંકો, તો શું તે પ્રકાશ ઓછો આપશે? બસ! એના જેવી આ વાત છે. મહત્વ દેખાડવા માટેની આ વાતો નથી.

**સભાઃ** અઢી દ્વીપની બહાર કાળ નથી, તો તિર્યંચો કઈ રીતે જીવે?

**ઉત્તરઃ** શ્રી ઉમાસ્વાતિજીએ 'તત્ત્વાર્થ સૂત્ર'માં સ્પષ્ટ કહ્યું છેઃ 'આગમોના ઘણાં પદાર્થો અતિન્દ્રિયથી ગમ્ય છે. તેમાં બુદ્ધિ કે વ્યવહારુપણાંને ન ચલાવવા. તે પ્રત્યક્ષથી સિદ્ધ કરવા જરા યે પ્રયાસ ન કરવો.' શ્રી અભયસાગરજીએ જંબુદ્વીપનું આયોજન કરી પ્રત્યક્ષ પ્રમાણ સિદ્ધ કરવા માટે જ્યારે પ્રયાસ કર્યો, ત્યારે પંન્યાસજી મહારાજે ચોખ્ખી ના પાડેલી કેઃ 'અભયસાગર, તું આ કરવું રહેવા દે. આમાં તું સફળ નહીં થા, કારણકે દિવ્ય દ્રષ્ટિથી જે વસ્તુ ગમ્ય છે ને, તે જ વસ્તુ ચર્મદ્રષ્ટિથી અગમ્ય છે અને તું નક્કામું આ કરવા જઈશ, તો ઉપરથી આ લોકો શ્રદ્ધા ગુમાવશે. તું સમજે જ છે કે શ્રદ્ધા વધારવા માટે જ આપણે સાધુએ પ્રયત્ન કરાય.' આ બન્યા પછી મારે અને શ્રી અભયસાગરને બહુ દોસ્તી હતી, તેથી એક દહાડો એમણે મને કહી જ દીધું કેઃ

'સાહેબે ના પાડી હતી, છતાં મેં સિદ્ધ કરવા પ્રયાસ કર્યો. મને હવે બહુ જ પસ્તાવો થાય છે કે મારાથી આ ખોટું કામ થઈ ગયું!' એટલે આવા બધા પ્રશ્નો છે, તે વિચારવા પણ નહીં.

મેં પણ સાહેબને આવા જ પ્રશ્નો પૂછ્યા હતાં. એકવાર સાહેબ સમીપે જઈને મેં પ્રશ્ન કર્યો કેઃ 'સાહેબ, અહીં તો સમજ્યા કે ભગવાન શ્રી ઋષભદેવ થયાં... તેથી અસિ, મસિ, કૃષિની આખી સંસ્કૃતિ આવી, રાજ્યવ્યવસ્થા આવી, બધું આવ્યું... પણ શ્રી ભરત ચક્રવર્તી જ્યારે ઉત્તરાખંડમાં ગયા, ત્યાં આગળ પણ એનો મુકાબલો કરે, એવા મ્લેચ્છો તૈયાર હતાં. તો એમને એ બધું કોણે શીખવાડ્યું? (સભાઃ હાસ્ય...)

સાહેબજી કહેઃ 'આવા અને આવા પ્રશ્નો લઈને જ આવવું છે.. જા! સંથારી જા!' અને અમને તગેડી મૂક્યાં. આવા પ્રશ્નોના જવાબ જ ન હોય ને? આપણી પાસે આજે કોઈ પુરાવા જ નથી કે ત્યારે ત્યાં શું હતું? અહીંયા મોક્ષમાર્ગ પૂરતી જ વાત ચાલે છે. માહિતી ભેગી કરવા માટે અહીંયા બહુ વધુ સમય બગાડવાનો નથી. રસોઈની માહિતીઓ મેળવવી કે બે જ આઈટમ બનાવીને ખાવી? બિનજરૂરી માહિતીથી મગજને ન ભરવું. (સભાઃ વાહ..!)

**સભાઃ** આગમોમાં સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિમાં માહિતી જ છે ને?

**ઉત્તરઃ** આગમોએ જે બતાવ્યું, તે દિવ્યદ્રષ્ટિગમ્ય છે, માટે એમાં બહુ અક્કલ ચલાવવી નહીં! હા જી હા કરવું અને માની લેવું કેઃ પ્રભુએ જે કહ્યું, એ સત્ય છે પણ મારી અક્કલ ત્યાં સુધી પહોંચતી નથી! એકવાર શ્રી પુણ્યવિજયજી સાથે મારે ચર્ચા ચાલીઃ

મને કહેઃ 'જો ધુરંધર! પ્રભુ મહાવીર પછી ૨૫૦૦ વર્ષનો કાળ ગયો. એમાં ઘણી યે વાર સ્મૃતિભ્રંશ પણ થયો હોય, સાધુઓમાં જૂનું ગયું હોય અને નવું ઉમેરાયું પણ હોય! ઉમેરનારાનો કોઈ આશય અશુદ્ધ ના હોય, પણ બને એવું બધું કે આપણે જ્યારે આ બધાનું પરીક્ષણ કરીએ, એમાં જેટલું સાચું નીકળે, એટલું પ્રભુનું છે. પ્રત્યક્ષ પ્રમાણથી જે ખોટું સિદ્ધ થતું હોય, એ કોઈકે અંદર ઘાલેલું કે પરાણે મૂકેલું છે, પણ ભગવાન ઉપર અવિશ્વાસ ના કરવો. (સભાઃ વાહ!) જેમ નીવિમાં યોગવાહીને શું ખપે?

'યોગશાસ્ત્ર'માં સ્પષ્ટ લખ્યું છે કેઃ 'આટલી આટલી વસ્તુ ન ખપે.' એ 'ન' નીકળી ગયો, એટલે આપણે સમજીએ કે ખપે. એમ માનીને આજ સુધી આપણે દીધે રાખ્યું! (સભાઃ હાસ્ય...)

માત્ર ‘ન’ નીકળી ગયો, એમાં આટલી મોટી ગરબડ થઈ ગઈ! આવી ભૂલ સહજ છે. ત્યાં અક્કલથી વિચારવું. ‘યોગશતક’માં સાધક માટે લખ્યું છેઃ ‘સુક્કાહાર.’ જ્યાં સુધી એની ટીકા ન મળી, ત્યાં સુધી મહાપુરુષો આયંબિલના પક્ષપાતી હતાં, તેથી ‘સુક્કા આહાર’ કરી નાખ્યું. એ જ અર્થ ચાલતો હતો. પછી ‘યોગશતક’ ગ્રંથની ‘સ્વોપજ્ઞવૃત્તિ’ મળી, તેમાં સ્પષ્ટ લખ્યું છેઃ

શુકલાહાર = જે આહાર કરવાથી પરિણામ શુકલ રહે, તેવો આહાર. કોઈને રુક્ષ ખાવાથી વાયુ પ્રકોપિત થાય અને એના કારણે કામવિકાર વધી પણ જાય. તો એના માટે આયંબિલનો આહાર સાવ નક્કામો. કોઈને પિત્તનો બહુ પ્રકોપ હોય, તો સાકર - ઘી આપતાં પિત્ત શાંત થાય અને એનાથી એનું ચિત્ત પણ શાંત થાય. તો સાકર - ઘી પણ એના માટે શુકલાહાર ગણાય. પણ આપણને અનુભવ ન્હોતો, એટલે આપણે આપણી રીતે દીધે રાખ્યુંઃ ‘સુક્કાહાર’ એટલે ‘સુક્કો આહાર’!

**સભાઃ** વાલ અને ચણા એ સુક્કો આહાર કહેવાય?

**ઉત્તરઃ** જો બહુ કફ હોય ને, તો એ તમારા માટે શુકલાહાર અને તમારા પરિણામ શુદ્ધ થાય! આ બધી વાતો છે ને.. છેવટે ગુરુને આધીન છે. વાંચીને કશું કરાય નહીં. દવા વાંચીને ન કરાય, એમ ધર્મ પણ કોઈનો જોઈને ન કરાય. ગુરુ-ઉપદિષ્ટ જેટલો હોય, એટલો ધર્મ અને બાકીની બધી જ ક્રિયા!

માસક્ષમણ કરે, તો યે તે માત્ર ક્રિયા અને ગુરુઆજ્ઞાથી નવકારશી કરે, તો યે ધર્મ! ક્રિયાઓને ધર્મ ન માનો. પ્રભુના વિરહમાં ગુરુની આજ્ઞા જ તમારી પ્રત્યેક ક્રિયાને ‘ધર્મ’ બનાવે.

ગુરુ છદ્મસ્થ છે, તો કેવી રીતે માનવા? ચતુર્વિધ શ્રમણસંઘ છદ્મસ્થ છે અને પ્રભુએ તેમને 'તીર્થ' બનાવી રોજે નમસ્કાર કર્યા છે. કોઈ કેવળી ક્યારેય પણ આ ચતુર્વિધ શ્રમણસંઘમાં ભાગીદાર નથી. એમના માટે બનેલા આહાર, ઔષધિ, ઉપધિ, વસતી આપણા સાધુઓ માટે નિર્દોષ છે. એટલે કેવળી તીર્થમાં નથી, તો પછી તારે કોણ? તીર્થ! તો તીર્થંકર પ્રત્યે, સર્વજ્ઞ પ્રત્યે તમે નમ્ર થાઓ, એમાં તે શું નવાઈ કરો છો?

કોઈ બહુ જબરો સામે મળે, તો તમે હાથ જોડીને જ ઉભા રહો ને? ઝાપટ મારવા તમે થોડાં તૈયાર થાવ? પણ જ્યારે નબળાંની સામે પણ તમે નમ્ર થઈને ઉભા રહો ને, તો તમારી બલિહારી!

છદ્મસ્થ એવા ગુરુને પણ જે પ્રત્યક્ષ પરમાત્મા રૂપે જ જૂએ, તેનો અહંકાર તૂટી જાય અને એ ગુરુ નળ જેવા બનીને પરમાત્માનાં અખૂટ પ્રવાહમાંથી તમને અમૃતનો રસ પહોંચાડી જ દે! કોઈ કરતાં કોઈ નળે આજ સુધી પોતે પાણી પીધું નથી, એમ કદાચ ગુરુ ના પીવે, તો વાંધો નથી. શું એક પણ મૂર્તિ આજ સુધી મોક્ષે ગઈ? અને એના આલંબને કેટલા મોક્ષે ગયા?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** અગણ્ય-ઘણાં મોક્ષે ગયા.

**ઉત્તરઃ** મોક્ષમાં જવાનું કારણ તમારી પોતાની તૈયારી જ છે. જો તમે તૈયાર હો, તો ભયંકર ઉપસર્ગો પણ અંતકૃત કેવળી બનાવી દે.

**સભાઃ** જો આપણે તૈયાર હોઈએ, તેથી જ આપણું કામ થતું હોય, તો પછી એમાં ભગવાન શું કરે?

**ઉત્તરઃ** ખેતર તૈયાર હોય, તો એટલા માત્રથી જ ખેતી થઈ જાય? કે પછી ખેડૂત આવે, બીજ વાવે, તો ખેતી થાય? તો બસ! પ્રભુ એ કરે! (સભાઃ હાસ્ય..) જો તમે તૈયાર હો, તો પ્રભુ બીજાધાન કરી આપે અને જો એ થાય, તો જ ધર્મ સમ્યક્! પંચસૂત્રના આધારે નિર્બીજ ધર્મ અનંતી વાર કર્યા, ઓઘા પણ અનંતી વાર લીધા. નિર્બીજ ધર્મ એટલે 'હું કરું છું.' અહંકાર યુકત ધર્મ એટલે 'મેં કર્યું'. 'પ્રભુ જ કરે છે' એ સબીજ ધર્મનું વાકચ.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** 'સબીજ ધર્મ' એટલે શું?

**ઉત્તરઃ** બીજ હોય, તો જ કોઈપણ વસ્તુ ઉગે ને? અને ઉગે તો જ ફળ બેસે ને? તો ધર્મનું ફળ છે મોક્ષ! ધર્મ સબીજ હોય, તો ફળ (મોક્ષ) આપે, નિર્બીજ હોય, તો ન આપે. વળી... બીજ બહારથી જ આવે, એ તમારામાં પહેલેથી અંદર ન હોય.

'બીજ' એટલે એવી વિશેષ યોગ્યતા, જે ગુરુ દ્વારા જ પ્રાપ્ત થાય અને પ્રભુ જ ગુરુ દ્વારા આપે. પાત્રતા અને ક્ષમતા-બંને પ્રભુ જ આપે. ચતુઃશરણગમન જ ને પહેલું! તથાભવ્યત્વ પકવવું પડે અને એ માટે પ્રભુનો જ આશરો લેવો પડે.

પંખીના પાંખની ગરમી ન મળે, તો ઈંડા પાકે? ઈંડુ ભાંગે? (સભાઃ ના.) તો એમ જ પ્રભુ આપણને પકવે!

**સભાઃ** જો રાગ-દ્વેષ ન કરીએ, મોહનીય કર્મની અંદર ન જોડાઈએ, તો એનાથી આત્માની શુદ્ધિ અને વિકાસ થાય, એટલે આની અંદર કરવાનું તો બધું પોતાને જ આવ્યું, તો ભગવાને શું કર્યું?

**ઉત્તરઃ** કપડું મેલું હોય એને શુદ્ધ કરવા એમાં ધોકો તો તમારે જ લગાવવો પડે ને? એની મેળે હાથે હાથે તો ન જ લાગે ને? પાણી - સાબુને મૂકો એક બાજુ, પણ ધોકો મારવા માટે હાથ પણ તમારે જ ઊંચે ઉપાડવો પડે ને?

**સભાઃ** સાહેબજી, દ્રષ્ટાંત પૂરતી આ વાત સાચી, પણ practically?

**ઉત્તરઃ** Practically આ જ છે! ધ્યાનમાં જાવ અને neutral થઈ જાવ, એટલે પ્રભુની શકિત તમને ઉપર ઉઠાવવાની જ છે. તો પ્રભુની શકિતને એ કામ કરવા દો. ઉપર ઉઠવા માટે બે જ મંત્રો છેઃ એક નવકાર મંત્ર 'नमो अरिहंताणं' અને બીજું છે 'નમુત્થુણં'. જે સૂત્રમાં 'नमः' પહેલા હોય, તે મોક્ષ માટે લખાયેલું છે અને 'नमः' છેલ્લે હોય, તે સંસારની અનુકૂળતાઓ મેળવવા માટે. (સભાઃ ઓહ!) સૂત્રમાં પ્રથમ 'नमः' શબ્દમાં પ્રભુના કર્તૃત્વનો સ્વીકાર છે અને છેલ્લા 'नमः' શબ્દમાં તમારા કર્તૃત્વનો અહંકાર છે. આ બે જ મંત્રો એવા છે, જે તમને ઉપર લઈ જાય! બાકીના બધા જ મંત્રો છે ને, તે મોક્ષ આપનાર નથી!

**સભાઃ** 'ॐ ह्रीं श्रीं अर्हं नमः।' મંત્રમાં 'नमः' પાછળ છે, તો તે મોક્ષ ન આપે?

**ઉત્તરઃ** પ્રભુના શબ્દોને જ પકડવાના છે. આ મંત્રમાં જે પાછળની બાજુએ 'नमः' છે ને, તે સંસારની સૌ સુવિધા પૂરી પાડનાર છે. (સભાઃ ઓહો..) એ તમને પુણ્ય આપે, બધા વિઘ્નો યે હટાવે. નિષ્કામ અનુષ્ઠાનમાં બે જ મંત્ર - સ્તોત્ર છેઃ નવકાર મહામંત્ર અને નમુત્થુણં! તે નિષ્કામ ધર્મ જ આપે, સકામ ન આપે.

સકામ અનુષ્ઠાન માટે બાકીના મંત્રો છે. એટલું ખરું કે ગુરુની આજ્ઞાથી પ્રભુનો ધર્મ સકામ કરો, જેમ વૈદ્યની આજ્ઞાથી ઝેર ખાવ, તો યે સ્વસ્થ થાઓ, એમ તમે આગળ વધી શકો, પણ એમાં ગુરુનો order જોઈએ. ગુરુના order સિવાય ના થાય.

એક વાત નક્કી જ છે, જે હું તમને કાલે બતાવીશ કે પ્રભુની પાસે માંગવાથી બધું જ મળે, માત્ર માંગવાની રીત સાચી હોવી જોઈએ, પણ એ ગુરુઆજ્ઞાથી કરે, તો જ મળે, નહીં તો ના મળે. શ્રી શ્રીપાળ મહારાજાએ ગુરુની આજ્ઞાથી અનુષ્ઠાન કર્યું સિદ્ધચક્રનું. શ્રીપાળે પોતે તે માંગ્યું નથી, મયણાએ કહ્યું છે કે પ્રભુના શાસનની ઉજજવળતા થાય, એ માટે કંઈક કરો, પરંતુ શ્રી શ્રીપાળ મહારાજાએ કાંઈ માંગ્યું છે? (સભાઃ ના.)

ગુરુએ એની યોગ્યતા જાણીને જ એને આપ્યું, તો તત્કાળ ફળ્યું! આજે ય એમ ફળે જ છે, પણ જો ગુરુએ કૃપા કરીને એ અનુષ્ઠાન કરવા આપેલું હોય તો જ! બાકી તમે આખ્ખો વખત નવપદજીની ઓળી કર્યા કરો તો યે એ નિર્બીજ છે, ફળ ના આપે. ગુરુસાક્ષીએ જે ધર્મ છે, તે જ ધર્મ... બાકી ધર્મ નથી!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** गुरु आणाए धम्मो के गुरु साक्षीए धम्मो?

**ઉત્તરઃ** જે ન કરવા જેવું હોય, એમાં જે રોકે, તેનું નામ ગુરુ. એને સાક્ષી એટલે રાખવાના છે કે એ કાંઈ આંખ મીંચીને ન બેઠાં હોય! ગુરુ તમારું બધું જોયાં જ કરતાં હોય! જ્યાં રોકાવવા જેવું લાગે, ત્યાં રોકે અને કરવા જેવું હોય, ત્યાં ધકેલે. કયારેક પ્રભુ દ્વારા ય આપણો અહંકાર તૂટતો નથી. ઘણીવાર તો એમ કહેતાં - કહેતાં ય અહંકાર પુષ્ટ થઈ જાય કે...

‘મારા પ્રભુ તો આવા છે ને તેવા છે! એટલે હું ચે એવો જ છું.’ (સભાઃ હાસ્ય) ગર્વિષ્ટપણું હોય એમાં. ‘મને આવા ગુરુ મળ્યાં!’ એવો હું અહંકાર કરું, તો તમે બધા શું ડફોળો કે અભાગિયા છો? શું હું જ એવો સૌભાગ્યશાળી છું કે મને આવા ગુરુ મળ્યાં? આવી બધી વાતોનો આ રીતે જ દુરુપયોગ થાય.

સાધન ક્યારેય પણ કરડવા દોડે? એટલે ગુરુ દ્વારા જ અહંકાર તૂટે અને છદ્મસ્થ ગુરુથી જ તે અહંકાર તૂટે.

પ્રભુની હાજરીમાં પણ અને તેમની હાજરી વગર પણ જેટલા આત્મા આજ દિન સુધી મોક્ષે ગયા છે, એ બધાને છદ્મસ્થ સ્થવિરોએ જ દીક્ષા આપીને આગળ વધાર્યા છે. ભગવાને ય દીક્ષા આપીને કોઈને ય પોતાની પાસે રાખ્યાં નથી, પણ ગીતાર્થ છદ્મસ્થ સ્થવિરોને સોંપ્યા છે. એટલે છદ્મસ્થ ગુરુનું કેટલું બધું મહત્વ છે! તેમાં જ એ વિશેષતા છે કે પ્રભુની શક્તિના medium બની શકે છે.

એટલું જરૂર યાદ રાખો કેઃ પ્રભુ દ્વારા પ્રભુની શક્તિ કોઈ દિવસ આપણને ના મળે! પ્રભુના નામ દ્વારા, પ્રભુની મૂર્તિ દ્વારા અને પ્રભુના શિષ્ય દ્વારા જ પ્રભુની શક્તિ તમને મળે! પ્રભુ પોતે direct તો પોતાની શક્તિ કોઈને ય આપતાં જ નથી!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** ગુરુ ગૌતમસ્વામીને પ્રભુ વીરે directly જ આપ્યું ન ગણાય?

**ઉત્તરઃ** પ્રભુએ ગૌતમ ગણધરને શું આપ્યું? એ કહોને મને!

**સભાઃ** પ્રભુએ કૃપા કરી અને દ્વાદશાંગી આપી.

**ઉત્તરઃ** તીર્થ સ્થાપવાનું ગૌતમનું કર્મ હતું. એણે એ કામ કર્યું. કર્મ પતી ગયા પછી વાત પૂરી થઈ ગઈ. પછી એ ગણધર બને છે કે બીજબુદ્ધિ આપે છે, એ જોવાનું કામ એમનું નથી! પતી ગયું કામ!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, એ બધું તીર્થંકર નામકર્મ જ કરાવે છે?

**ઉત્તરઃ** હા. એ બધું તીર્થંકર નામરૂપી કર્મ અને એ રૂપી પ્રકૃષ્ટ પુણ્ય! એ જ સમગ્ર વિશ્વનું સંચાલન કરે અને એ જ વિશ્વનો નાયક છે. કર્મકૃત વિશ્વમાં કર્મનું જ માત્ર ચાલે અને કર્મ જ એનો નાશ કરે! એટલે ભગવાને કાંટાને કાઢવા કાંટો જ આપ્યો.

જે પાપ અહંકારને કારણે બંધાય છે, એને દૂર કરવા માટે પ્રભુએ પુણ્ય આપ્યું. પાપ પણ તમને નીચે લઈ જનારી એક જાતની energy જ છે અને પુણ્યની જે energy છે, તે ઉપર લઈ જનારી છે. નીચે લઈ જનારી energy તમે પોતે પેદા કરો છો, ઉપર લઈ જનારી energy પ્રભુ આપે છે. જીવ પણ પ્રભુસ્વરૂપ જ છે, પ્રભુનું અંગ છે, માટે પ્રભુ અને આ જગતનો કોઈ પણ જીવ જો વચ્ચે ના આવે, તો તમારી કઈ ક્રિયા પુણ્યનું કારણ બને, એ તો બતાવો હવે મને! કોઈ પુદ્ગલનું ગમે તેટલું ચિંતન કરો, તો પુણ્યબંધ થાય ખરો? (સભાઃ ના.)

આત્મા અને પરમાત્મા, આ બે સાથેના જોડાણથી જ પુણ્યનો બંધ થાય. એટલે.. તમારે છે ને નમ્ર થવું જ પડે. સાબુ અને પાણી લઈ આત્માને કાળજે રહેલ કર્મોને ધોકાથી ધોવા જ પડે. અહંકારમાં રહો કેઃ 'આ મેલ તો મેં જ પેદા કર્યો છે અને હું જ તેને સાફ કરીશ', તો તું શું સાફ કરવાનો હતો?

તારાં એકલાથી તો એ મેલ રોજ વધતો જશે, પછી ઠીકરું લઈને પોતાના પગ ઘસવા બેસે, નીચેના તળિયાના ચીરામાં બહુ મેલ ભેગો થઈ ગયો હોય, એમ... પછી એટલું વધારે સહન કરવું પડે તમારે ય! વળી તમારે પાણી તો જોઈએ જ, એકલું ઠીકરું કામ ના કરે. તો સાબુ જેવા સુંવાળા સાધનથી કામ પતતું હોય, તો ઠીકરાં જેવા બરછટ સાધનનો ઉપયોગ શું કામ કરવો?

**સભાઃ** સાહેબ, કૃપા જરૂરી તો છે જ, એમાં પ્રશ્ન નથી, પણ એ કઈ રીતે કામ કરે છે ને, એ ખ્યાલ નથી આવતો, પકડાતું નથી!

**ઉત્તરઃ** એની વાત કાલે કરશું. આ electricથી જે ગાડીઓ ચાલે છે ને, તે કઈ રીતે ચાલે છે, તે મને પણ સમજાતું નથી.

**સભાઃ** એક જાતની સીસ્ટમ છે એ.

**ઉત્તરઃ** બસ! તો તો આ સીસ્ટમ પણ સમજાશે. (સભાઃ હાસ્ય...) બસ! આજે ચૌદસ છે, અહીંયા હવે સત્ર પૂરું કરીએ.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** મારી પાસે લેખિતમાં ઘણાં પ્રશ્નો સાથે એક સૂચન આવ્યું છે કેઃ 'પૂ. ધુરંધરવિજયજીની તત્ત્વધારાને લગતા પ્રશ્નો ભલે વચ્ચે પૂછાય, પણ વિષય બહારના પ્રશ્નો આપને વ્યક્તિગત રીતે જ પૂછાય.'

**ઉત્તરઃ** એમનો પ્રશ્ન બધાનો પ્રશ્ન પણ હોઈ શકે. તો એ બધા પ્રશ્નો મને પહોંચાડી દો. એના ઉત્તરો કાલે લેશું.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** 'શિવમસ્તુ સર્વ જગતઃ'ની પ્રાર્થના સાથે ૧૨ નવકાર.

**ઉપર આપેલ QR codeને scan કરતાં જ અહીં આલેખેલ આ વાચનાનો વિડિયો પ્રસ્તુત થશે.**

## આર્હન્ત્ય વાચના : દિવસ - ૨ : સત્ર - ૧ : ૧૮/૦૧/૨૦૨૬

ગુરુવંદના, માંગલિક તથા સકલાર્હત્ સ્તોત્રની
પ્રથમ ગાથા પશ્ચાત્ વિદ્વદ્વર્ય પ.પૂ. ધુરંધરવિજયજી મહારાજ
સાહેબે વાચના પુનઃ પ્રારંભ કરીઃ

****************************

**વિદ્વદ્વર્ય પૂજ્યશ્રી ધુરંધરવિજયજી મહારાજઃ** રાજ્ય, સામ્રાજ્ય અને આર્હન્ત્ય; ત્રણે શાસનના જ નામ છે. Particularly એક નાનકડો પ્રદેશ, જેનો એક રાજા હોય, તે 'રાજ્ય' કહેવાય. બધા નાના નાના પ્રદેશોનું એકમ.. જેમ ગુજરાત રાજ્ય. પછી ભારત દેશ એ 'સામ્રાજ્ય' કહેવાય. છેલ્લે સમગ્ર વિશ્વનો જે અધિપતિ, એ 'આર્હન્ત્ય' છે. આ શાસક પદવી જ છે. શાસક પુણ્ય જ બને.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, શાસક શું એકાંતે પુણ્ય જ કરે?

**ઉત્તરઃ** કોઈપણ આત્મા પુણ્ય દ્વારા જ શાસન કરે. હમણાં આપણે પુણ્યને ભૂલી ગયા છીએ, એટલે અત્યારે શું થયું છે કે મોક્ષની ઉપાસના એટલે સિદ્ધની ઉપાસના અને પુણ્યની ઉપાસના એટલે અરિહંતની ઉપાસના! પણ સિદ્ધની ઉપાસના સાધુએ કરવી, શ્રાવકે તો પુણ્ય યાને કે અરિહંતની જ ઉપાસના કરવાની! આચાર્યએ પાછી પુણ્ય યા અરિહંતની ઉપાસના જ કરવાની છે. આચાર્ય ભગવંતે સિદ્ધની ઉપાસના નહીં કરવાની.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** આચાર્યે સિદ્ધની ઉપાસના શાને માટે નહીં કરવાની? ગૌણપણે કરે, તો શું વાંધો છે?

**ઉત્તરઃ** ગૌણપણે સિદ્ધની આરાધના થઈ જ જાય છે. અરિહંતની થતી ઉપાસનામાં સિદ્ધની ઉપાસના થઈ જ જાય. આચાર્યનું પોતાનું પુણ્ય ઓછું હોય અને બધા શિષ્યો ઉપર હકૂમત ચલાવવા જાય ને, તો કશું ના બને! પુણ્ય વધવાનું કારણ પરોપકાર. 'परोपकारः पुण्याय, पापाय परपीडनम्!'

બીજાને સહાયભૂત થવું, એ એક જ પુણ્યનો માર્ગ છે, જે બધી પ્રકૃતિઓને અશુભમાંથી શુભમાં પલટી દે છે. પરમાત્માનું અસ્તિત્વ જ પરોપકારમય છે. ગર્ભમાં આવતાવેંત જ એમના પરોપકારના કાર્યો શરૂ થઈ જાય! તેઓનું આત્મદ્રવ્ય મૂળથી જ પરાર્થવ્યસની છે. તેમનું તથાભવ્યત્વ જ તેવું છે. જેટલા જીવોનો તમે પરોપકાર કરો, એનો જે response મળે, એનું નામ જ 'પુણ્ય'.

**સભાઃ** પરોપકારનો response ન મળે તો?

**ઉત્તરઃ** જીવનો સ્વભાવ જ એવો છે કે તે લે, એના કરતાં સવાયું પાછું આપે! એ જીવનો સ્વભાવ છે. પુદ્‌ગલોનો એવો સ્વભાવ હોય કે એ આપે, એના કરતાં સવાયું લે! આમ જીવનો મૂળ સ્વભાવ તો આપવાનો જ છે, લેવાનો સ્વભાવ પુદ્‌ગલનો જ છે!

**સભાઃ** એ કેવી રીતે શક્ય બને? જેટલું લે, એના કરતાં સવાયું પાછું આપે, તે શક્ય કઈ રીતે બને? પોતે લે એના કરતાં સવાયું પાછું આપે, એના કોઈ ઉદાહરણ?

**ઉત્તરઃ** સવાયું જ નહીં, એના કરતાં પણ ઘણું વધારે આપે! કોઈને ત્યાં આપણે મૂડી મૂકી આવ્યા હોઈએ, તે વર્ષે સવાઈ થાય કે નહીં? એને તમે જે આપો છો, તે જમા થાય અને પાછું મળે જ છે ને? વિશ્વનો આ નિયમ જ છે. આપણે ધરતીને આપીએ છીએ માત્ર એક બીજ, એ કેટલા પાછાં આપે છે?

**સભાઃ** માણસને પૈસા આપીએ છીએ, તો એવું પણ બને છે કે તે પાછાં આપતો જ નથી! (સભાઃ હાસ્ય...)

**ઉત્તરઃ** મેં માત્ર પ્રેમની વાત કરી. યાદ રાખો. પૈસા કોઈ આપવાની ચીજ નથી. તમને લોકોને ખબર છે ખરી કે 'દાન' એટલે શું? ૯ પ્રકારના દાન અને ૯ પ્રકારના પુણ્ય, બંને એક જ છે. જલ, અન્ન, વસતિ, વસ્ત્ર, ઔષધઃ આમાં ક્યાંયે પૈસાનું દાન આવ્યું?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** પણ એ બધું મળે તો પૈસાથી જ ને, સાહેબ?

**ઉત્તરઃ** જેને આપવું જ છે, એ પૈસા મેળવીને વસ્તુ આપી દે. સામે પૈસા આપવાની જરૂર નહીં. પૂજા કરવા જાવ, ત્યારે પાટલા ઉપર પૈસા ક્યારેય ન મૂકાય! પ્રભુ એ પૈસા થોડાં ખાવાના છે?

પ્રાણ-પ્રતિષ્ઠિત મૂર્તિને પોષણ પૂરું પાડવા માટે અષ્ટપ્રકારી પૂજા કરવાની છે, મૂર્તિના પ્રાણને પુષ્ટ કરવા જ. પૈસાથી પ્રાણ પુષ્ટ ન થાય. જો કે સુવર્ણ મૂકી શકાય, કેમકે સુવર્ણથી પ્રાણની પુષ્ટિ થાય.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** માણસની સુવર્ણ મૂકવાની શકિત ન હોય, તો પૈસા મૂકી શકે?

**ઉત્તરઃ** ખરાં છો! ફળ ના આપી શકો, તો જાડી છાલ આપો, એના જેવું તમે કહો છો! (સભાઃ હાસ્ય) જે અપાતું હોય, એ જ અપાય, એમાં બહાનાબાજી ના ચાલે. Valentine Dayને દિવસે ગુલાબ જ અપાય, કાંઈ કાગળનું ફૂલ અપાય? બંને મળે, ત્યારે મસ્ત અત્તર છાંટેલો રૂમાલ જ અપાય, કાંઈ કોઈ હોટલનું મેનુ પકડાવાય કેઃ ‘તું હવે આમાંથી જમી લેજે’? (સભાઃ ખડખડાટ હાસ્ય..) જીવનજરૂરી ચીજોનું દાન એ જ ખરું દાન. કોઈ અજાણી વ્યકિતએ તમને જમાડયા, એ કયારેક તમારા શહેરમાં આવી તમને મળે, તો જો તમે નમકહરામ ના હો, તો મોટા ભાગે જમાડયા સિવાય ના જ રહો! ખાધેલું ગુમ, આપેલું જમા! આપવાનું જીવને, જડને નહીં!

જીવ સાથેનો સદ્‌વ્યવહાર શીખવવા માટે જ પરમાત્માનું શાસન છે. ‘દસવૈકાલિક સૂત્ર’માં ચોથું અધ્યયન શેનું? તમારા સજાતીય છે, એવા સમગ્ર જીવજગતની ઓળખાણનું! પહેલું કર્તવ્ય એ.

પ્રભુ તમોને કહેવા માંગે છેઃ આ જ બધા તારાં છે. તું જેને તારું માનીને બેઠો છે, એ જડ પુદ્‌ગલના કોઈ પર્યાયો તારાં નથી.

'આચારાંગ સૂત્ર'નું પહેલું અધ્યયન છે શસ્ત્રપરિજ્ઞા. શેની માટે? છ એ છ જીવનિકાયની તમે વિરાધના કઈ કઈ રીતે કરી શકો, એ સમજીને પછી ન કરો, એ માટે! તો વાત એકની એક જ આવી... જીવરક્ષાની! ઓળખવાનું આત્માને જ છે, પણ મારાં બેટા નિશ્ચયવાળા એમ સમજી બેઠાં છે કેઃ 'હું મારા આત્માને ઓળખું.' હા ભાઈ! ઓળખી લે. અધમાધમ અધિકો-પતિત સકલ જગતથી હું! આ ઓળખી લે કે તું કોણ છો? 'હું શુદ્ધ છું, હું મુકત છું, હું સચ્ચિદાનંદમય છું.' આવા બધા ગપ્પા નહીં મારવાના. (સભાઃ હાસ્ય...)

**સભાઃ** આપે જ ગઈ કાલે કહ્યું હતું ને કેઃ 'यो जिनः सोऽहमेव च!'

**ઉત્તરઃ** જેવા જિન છે, એવું મારું સ્વરૂપ છે. હું કેવો છું, એ મને ખબર છે, પણ મારું લક્ષ્ય જિન બનવાનું જ છે. જે સમયે તમે જે ઉપયોગમાં હો, તે તદ્‌રૂપ તમે બનો છો. આ એક નિયમ છે ને? બોલો, કયો નિક્ષેપો?

**સભાઃ** આગમથી ભાવનિક્ષેપો.

**ઉત્તરઃ** તો જડના ધ્યાનમાં હો, તો શું બનો? જડ. માટે જ જીવનાં ધ્યાનમાં રહેવાનું. શુદ્ધતા આપણું લક્ષ્ય છે, પરમ શુદ્ધ પરમાત્મા આપણું સ્વરૂપ છે, એ રીત અપનાવીને જ કહેવાનું કેઃ 'હું શુદ્ધ છું, બુદ્ધ છું..!' તદ્‌રૂપે કહેવાનું, મદરૂપે નહીં!

**સભાઃ** 'જ્ઞાનસાર'માં જે આવે છે, એ શુદ્ધાત્મા દ્રવ્યની વાત છે?

**ઉત્તરઃ** બિલ્કુલ! એ તમારા ભવિષ્યની વાત કરે છે, નિશ્ચય નયથી સિદ્ધ પરમાત્માઓ તમને જે રીતે જૂએ છે, એની વાત કરે છે, પણ તમે જે અનુભવો છો, એની વાત નહીં.

**સભાઃ** શુદ્ધાત્માના અનુભવ વગર સમ્યક્દર્શન જ નથી, તેનું શું?

**ઉત્તરઃ** પ્રભુના શુદ્ધ આત્માનું દર્શન કરો, એટલે તમારું દર્શન થશે. દર્પણમાં તમે જૂઓ, એટલે તમારું મોઢું દેખાય. બાકી તમારા જ હાથેથી તમારું મોઢું બતાડી આપો, તો ખરાં!! 'ભલા આદમી, તું જૂદા નહીં, વો જૂદા નહીં ઔર કોઈ જૂદા નહીં! પડદા બડા હૈ બીચ મેં, ઉસ કો હી તોડ દેના.' તમે ક્યાં આ બધી વાતો કરો છો? ચૈતન્યના એક અક્ષય-અનંત મહાસાગરના જ આપણે અંશ છીએ. ઘડામાં પૂરાઈને અલગ થઈ જઈએ છીએ. અત્યારે તો તમારે એમ માનવું જ પડે કેઃ 'હું ઘડામાં છું' અને તો જ ઘડો ફૂટે ને? નહીંતર ઘડો ફૂટે જ શી રીતે?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** એટલે સાહેબ, આપનું કહેવું શું છે? આત્માનું ધ્યાન નહીં કરવાનું?

**ઉત્તરઃ** ધ્યાન પ્રભુનું કરવાનું. એ તમારું જ ધ્યાન છે. કહ્યું છેઃ 'જે જિનરૂપ, તે નિજરૂપ છે. જે જિનપૂજા છે, તે નિજપૂજા છે.' એમાં 'નિજપૂજા એ પ્રભુપૂજા' એમ નથી કહ્યું. જ્યારે પ્રભુની પૂજા કરો, ત્યારે પ્રભુની નથી કરતાં, તમારી જ પૂજા કરો છો!

**સભાઃ** સાહેબજી, નિરાલંબન ધ્યાનમાં તો પ્રભુ નથી!

**ઉત્તરઃ** હવે તમે જ્યારે ક્ષપકશ્રેણીમાં જાવ, ત્યારે કહેજો. (હાસ્ય..)

**સભાઃ** એટલે એ પહેલાં તો નિરાલંબન નથી જ ને?

**ઉત્તરઃ** ક્ષણવાર જ છે, અપ્રમત્ત પછી ચોથે ગુણસ્થાનકે નહીં.

**સભાઃ** રૂપાતીત અવસ્થા ચિંતન, એમ ચૈત્યવંદનમાં આવે છે, તે માત્ર પ્રભુની જ અવસ્થા કે પોતાનું પણ ચિંતન એમાં આવે?

**ઉત્તરઃ** જેનું ધ્યાન કરો, એ તદ્રૂપ થવાનો તમારો સ્વભાવ છે. પ્રભુની રૂપાતીત અવસ્થાનું ધ્યાન કરો, એટલે એ તમને મળે.

સૂર્ય આગળ વાદળાનું આવરણ આવે, તો એને સૂર્ય પોતે ક્યારેય હટાવી શકે? (સભાઃ ના.) તો કોણ હટાવે? પવન. જો આત્માનું જ ચિંતન કરવું હોય, તો પછી પ્રભુના મંદિરો બનાવવાની શું જરૂર છે? જો 'હું જ પરમાત્મા છું, હું જ ભગવાન છું', તો પછી કરો નવ અંગે પોતાની જ પૂજા! નિશ્ચય ધર્મના બે પ્રકાર છેઃ ભ્રાંત ને અભ્રાંત. સમગ્ર જીવરાશિમાં પોતાને જોવો અને જીવથી અભિન્ન માનવો, એ નિશ્ચય નય છે. પછી વ્યવહારથી ભિન્ન માનવો, એ વ્યવહાર નય છે.

**સભાઃ** મહાસામાન્ય તરીકે પોતાને દરેક જીવોમાં જોડી દેવો, એ અતિરેક નથી?

**ઉત્તરઃ** કઈ રીતે? પેટમાં મા'ય નહીં, એટલું ખાવું છે?

**સભાઃ** છ કાય જીવાયોનિમાં જીવની જે આવૃત્તિ સ્વતંત્ર થાય છે, એને સમૂહ રૂપે ગણવી?

**ઉત્તરઃ** જૂઓ, એક વાત ધ્યાનમાં રાખોઃ હિન્દુસ્તાન એ વ્યક્તિ છે કે સમૂહ? (સભાઃ સમૂહ.) એ જવાબ સાચો છે કે ખોટો છે? તો આ વાતે ય સાચી છે. આ લોકો સમજે છે બધું, પણ મારી પરીક્ષા કરે છે. (સભાઃ હાસ્ય..) આ બધા મને આવડે છે કે નહીં, એ જોવા માંગે છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** પરીક્ષા લેતાં નથી, એ માત્ર સમજને clear કરે છે. વધારે clear તો કરવું પડે ને?

**ઉત્તરઃ** હમણાં હું 'ઈશાવાસ્યમ્' ઉપનિષદ વાંચતો હતો. એમાં રહેલ આત્મસાક્ષાત્કારની વાત જૈન શાસનમાં ક્યાંયે નથી. વળી નિશ્ચય નયનાં ગ્રંથો દિગંબર પરંપરામાં જ છે.

**મારાં ગુરુ મહારાજ કહેતાંઃ 'નિશ્ચય નાગા, વ્યવહાર વાઘા!'** (સભાઃ અરે વાહ!) નાગાને કોઈ પરણાવે? કોઈ ના પરણાવે.

**ઉત્તરઃ** તો છોકરી શું માત્ર વાઘા સાથે પરણે? બંને જોઈએ.

એવું છે કે નિશ્ચય એ આત્મા છે, વ્યવહાર એ શરીર છે. શરીર વિના જેમ આત્મા વ્યક્ત નથી થતો, એમ વ્યવહાર વિના નિશ્ચય પણ વ્યક્ત ન થાય! ખરેખર નિશ્ચય નયવાન વ્યક્તિ પરમ નમ્ર હોય!

જે ૨૪ ગુરુ છે, એમાં દત્તાત્રય તો કૂતરાને પણ નમસ્કાર કરે છે. 'જ્યાં જીવ દેખાય, તે હું જ છું' એવી સમજણ, તે નિશ્ચય! 'એની પીડા મારી જ પીડા! એનું સન્માન એ મારું જ સન્માન.' એવો નિશ્ચય સમજમાં આવે કે તરત ઈર્ષ્યા-હરિફાઈ જતાં રહે!

પછી તેની પરિસ્થિતિ અચંચલ સાગરવત્ થઈ જાય! પછી એ સહજ ભાવે સાક્ષી હોય. એને કોઈ ઉતાવળ ના હોય! 'જે થયાં કરે છે, એ ભલે થયાં કરે, હું જોયાં કરું! નિશ્ચયથી આ બધા જ જીવો મારા ઉપકારી છે.' નિશ્ચયથી જોઈએ તો જીવના આલંબન વિના જીવ કયારેય પણ ઉપર ઉઠી શકે નહીં! એવા ઉપકારીઓ પ્રત્યે પરમ નમ્રતા એ નિશ્ચય નયનું સૌ પહેલું લક્ષણ છે! નિશ્ચયનયી આત્મા કયારેય દિવેલીયાં ડાચાવાળો ના હોય! એ કયારેય છાતી કાઢી કાઢીને ચાલતો ના હોય! તે એટલો તો નમ્ર અને પ્રેમાળ હોય કે જયાં જાય, ત્યાં પ્રેમની જ હવા ફેલાઈ જાય! મેં મારા ગુરુ મહારાજને જોયાં જ છે ને? એટલે જ કહું છું. શુદ્ધ નિશ્ચય અને શુદ્ધ વ્યવહાર! શબ્દોના આડંબર સજીને ન સમજાય એવું લખવું કે બોલવું ત્યાં ન હતું.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** આપને નિશ્ચયનયી પ્રત્યે કેમ બહુ પ્રેમ છે? (સભાઃ હાસ્ય..)

**ઉત્તરઃ** હા, મને બહુ પ્રેમ છે. હું આત્મા જ કહું છું, હું એને વાઘા કે વ્યવહાર નથી કહેતો, કે જે રોજે બદલાય! એ શાશ્વત છે, એટલે જો તમને એવું લાગ્યું કે નિશ્ચય નય ઉપર પ્રેમ નથી, તો જે જેનામાં હોય ને, એવું જ બીજાનું દેખે! નિશ્ચય વિના તો જવાય જ નહીં! બધી જ ક્રિયાઓ કોના માટે કરો છો? આત્મા માટે કે શરીર માટે?

**સભાઃ** બધી ક્રિયાઓ આત્મા માટે જ વળી!

**ઉત્તરઃ** ના... દેખાડવા માટે! ચૈત્યવંદન કરતાં હો અને ચાર જણ બેઠાં હોય, ત્યારે જે રાગડાં તાણો કે વાહ વાહ.. થાય!

દહેરાસરમાં કોઈ નથી એમ જુએ, તો કંઈ જ કર્યા વગર પલાયન થઈ જાય! તમે કોના માટે કરો છો, એ જ ખબર નથી પડતી! (સભાઃ ખડખડાટ હાસ્ય..) 'જન મનરંજન ધર્મનું, મૂલ ન એક બદામ!' નિશ્ચય નય આવે, એટલે સમજ તો આવે! સર્વ જીવો પછી સમાન દેખાય, સામાના જીવમાં હાલ વિકારનો જે પર્યાય, એ કર્મકૃત છે, સ્વભાવકૃત નથી! નિશ્ચય નયવાન જીવ દુનિયામાં પોતાને બીજા કરતાં ઊંચો અને વધુ સમજણવાળો ક્યારેય ના માને! જો કોઈ પોતાને ઊંચો કે સમજવાળો માને છે, તો એ નિશ્ચય નથી, પણ મિથ્યા આભાસ કે ભ્રાંતિ છે!

જેમ કે દાદા ભગવાનની ચરણ-સેવા...! એનો અંગૂઠો પોતાના મોંમા લઈ બધા એમાંથી વહેતાં ઓજને લે અને એક પ્રકારના ભ્રાંત-ભવમાં (મોહમાં) ફસાઈ જાય! પછી મનમાં એક જ રટણ ચાલવા લાગેઃ 'હું શુદ્ધ આત્મા છું, હું શુદ્ધ આત્મા છું!'

અલ્યા! જો તું શુદ્ધ જ છે, તો પછી રોવે છે શા માટે? (સભાઃ હાસ્ય) ભૂખ્યો માણસ હોય, એ ખબર આપે કેઃ 'ભૂખ લાગી છે... ભૂખ લાગી છે!' પણ ખાધા પછી જો કોઈ પૂછે, તો જવાબ આપે કેઃ 'મેં ખાઈ લીધું છે' અને પછી હાલતો થાય! એ કાંઈ ધજાગરો ન કરે કેઃ 'ભાઈ! મેં ખાધું.. મેં ખાધું..!'

**સભાઃ** 'હું આત્મા છું' એવું રટણ કરીએ, તો સંસ્કાર પડે ને?

**ઉત્તરઃ** અરે... સંસ્કાર પડે એ માટે શું એનું વારંવાર પુનરાવર્તન કરવાનું? તમારે વારંવાર આ ભવનું પુનરાવર્તન કર્યા કરવું છે? પુનરાવર્તન એ તો સંસાર છે! અરે... બધા જ સંસ્કાર ભૂંસી નાંખવાના છે યાર! શુભ ને અશુભ-બંને અંતે તો બેડી જ છે ને?

**સભાઃ** 'હું આત્મા છું' એ રટણ તો શુદ્ધ સંસ્કાર જ પાડે ને?

**ઉત્તરઃ** શુદ્ધમાં કોઈ સંસ્કાર જ ના હોય! (સભાઃ હાસ્ય..)

**સભાઃ** તો શુદ્ધમાં શું હોય?

**ઉત્તરઃ** નિશ્ચય નયનો વેપાર ન હોય, ઉપલબ્ધ સદ્ગુરુ દ્રષ્ટિ નાંખે, તો નિશ્ચય ઉપલબ્ધ જ થઈ જાય! એ બોલવાનું ના હોય! નિશ્ચય એ કથ્ય નથી, પ્રેમ છે! એ માટે ઈશારો કરી શકો, પણ જે લાગણી છે, એ કથ્ય નથી! 'અકથ કહાની, મેંરે પ્રભુ કી!' મારા પ્રભુના પ્રેમની કહાની છે ને, એ કહી શકાય જ નહીં!

**સભાઃ** તો સાહેબ, નિશ્ચયને વ્યાખ્યાનમાં સમજાવાય કે નહીં?

**ઉત્તરઃ** નાગાને પાટ ઉપર બેસાડાય? (સભાઃ હાસ્ય..)

**સભાઃ** અધ્યાત્મસાર, અધ્યાત્મ ઉપનિષદ વગેરે ગ્રંથોની રચના પણ ઉપદેશ માટે જ હતી ને?

**ઉત્તરઃ** પ્રથમ વાંચજો તો ખરાં કે એમાં શું કહ્યું છે? પ્રસ્તાવનાને સાઈડમાં ન રખાય, એ સૌ પહેલી જ હોય. આખા ગ્રંથને કેમ વાંચવો, એ તો પ્રસ્તાવના જ શીખવાડે ને?! ક્રિયાને ના માને, એ કૃષ્ણ-પાક્ષિક છે. એનું તો ક્યારેય કલ્યાણ જ ન થાય. શુકલ-પાક્ષિક તે વ્યક્તિ છે, કે જે વ્યવહારપ્રધાન છે, નિશ્ચયને નામે પોતાના કર્તવ્ય અને કૃતજ્ઞતા કે પોતાના વિનયથી જે ચૂકી જાય, એ છે કૃષ્ણ-પાક્ષિક! એ અંધકાર તરફ જઈ રહ્યો છે. કર્તવ્યની ભાવનાથી ભાગી પલાયન થવાની બધી નિશાની છે.

આજનો યુગ છે ને, પલાયનવાદનો યુગ છે. પોતાની જવાબદારીથી ભાગવું! આજે કોઈનું કાંઈ કરવું પડે, તો એમાં બહુ જોર પડે છે! હવે હું આમાં શું કહું? હા! એક જ કહું કેઃ પોતાની ગંદકી સાફ કરવામાં કોઈને સુગ થઈ? અને બીજાની ગંદકી સાફ કરવાની હોય તો? નડે. બસ! એ જ સમજી લો! અનંત અનંત જીવોના ઉપકાર લીધાં છે, તો યે કોઈનું ય કાંઈ કરવું નથી અને કર્યા વિના છટકી જવાના જ આ બધા તોફાન છે!

**સભાઃ** પંન્યાસજી મહારાજે ય નિશ્ચયની વાતો લખી છે જ ને?

**ઉત્તરઃ** તેમણે પોતાની નોટોમાં લખેલું છે, એ સમાલોચનાર્થે છે. સાહેબની નોટોને ક્યારેય ડીટ્ટે ડીટ્ટો વાંચતા નહીં! એમાં એમણે એ રીતે લખ્યું છે કે લોકો કેવું સમજે છે અને સાચું શું છે? હું તો એ સમયનો સાક્ષી જ છું કે.. સાહેબ ત્યારે શું વાંચતા? કોને સાંભળતા? શું કરતા હતાં? એ નોટો વાંચું, ત્યારે તરત મને ખબર પડી જ જાય છે કે સાહેબે આ કાનજીસ્વામીનું લખ્યું છે કે શ્રી સૂરજમલ ડાંગીનું લખ્યું છે કે શ્રી રીખવદાસજીનું લખ્યું છે? કેમકે મેં એ બધું સાંભળ્યું છે. તમે ક્યાં એ બધું જોયું પણ છે? શ્રી વજ્રસેન મહારાજ તથા શ્રી હેમપ્રભ મહારાજને મેં કહેલું જ કેઃ સાહેબજીની નોટોમાં સ્પેશીયલ સૂચના છાપો કે આમાં લખાયેલું છે, તે બધા એમના જ વિચારો છે, એવું ન માનવું.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** એમાં એવું લખાવ્યું જ છે સાહેબ! પ્રસ્તાવનામાં થોડાં થોડાં ક્રમ પછી વારંવાર લખ્યું જ છે!

**સભાઃ** સાહેબજી, વ્યવહાર તો પુદ્ગલમાં જ થવાનું છે, તો પુદ્ગલથી પુદ્ગલાતીત જ્યાં જવું છે, એ યાત્રા ક્યારે શરૂ થશે?

'નિશ્ચય દ્રષ્ટિને હૃદય ધરી, પાળે જે વ્યવહાર!' નિશ્ચયને લક્ષ્યમાં રાખી પાળવાનો તો વ્યવહાર જ ને?

**ઉત્તરઃ** 'નિશ્ચય' એટલે શું? 'હું આત્મા છું.' બસ! હું ફલાણાનો બાપ કે વહુ કે પત્ની નથી, એમ સમજી વ્યવહાર કરવો. તમે પતિ હો, તો ધણીપણું છોડીને વ્યવહાર કરવો! બીજું કાંઈ નથી.

જૂઓ, હું તમને સમજાવુંઃ ભારતમાં રહેવું હોય, તો નિશ્ચયથી તો તમારે હિન્દુસ્તાની જ રહેવું પડે એટલે કે ભારતીય! બાકી તમે ભલે ગમે તેના ગમે તે થાઓ, અહીં કામ ન આવે! ફલાણાના દિકરા, ફલાણાના બાપ કે ફલાણાનો ફલાણો... એ કાંઈ કામ ન આવે! તું ભારતીય છો? તું ભારતનો નાગરિક છો કે નહીં? હા. તો બસ! વ્યવહારથી ગુજરાતી, કચ્છી, કાઠીયાવાડી છો, પણ નિશ્ચયથી તમે હિન્દુ કે ભારતીય નાગરિક જ છો!

આ અપેક્ષાએ હું વાત કરું છું. તમારું બધું કદાચ બદલાય, તમે અહીંથી ત્યાં જાવ, ત્યાંથી બીજે જાવ, ભારતીયતા બદલાય? એમ 'હું આત્મા છું', એ ન બદલાય! તમે ગમ્મે તેના દિકરા હો, પણ ભારતીય બંધારણને જો વફાદાર ન હો, ભારતીય ન હો, તો તમને અહીં કોઈ રાખે? ના! એમ નિશ્ચયથી 'હું આત્મા છું.' બસ! હું કોઈનો ય પતિ, પત્ની કે દિકરો - દિકરી નથી, હું કોઈનો શેઠ કે નોકર નથી! આ તો બધા પર્યાયો છે. ઘડીક મામા, ઘડીક ભાણેજ, ઘડીક કાકા, ઘડીક વળી ભત્રીજા, ઘડીક સસરા અને ઘડીક જમાઈ બનો! કેટલા બધા પર્યાયો એક જ જન્મમાં તમે બની શકો, પરંતુ આ પર્યાયોમાં તમે તો છો જ ને? પર્યાય બદલાવા છતાં જે ન બદલાય, તે છે 'નિશ્ચય'!

(સભાઃ વાહ..!) જેમ સમગ્ર વેદોને ભણ્યા પછી જ વેદાંતમાં જવાય, એમ બધા આગમો અને છેદસૂત્ર ભણીને પછી જ નિશ્ચયમાં જવાય! એ પહેલાં નિશ્ચયનો અધિકાર જ નથી. તમારે તો માત્ર શુદ્ધ વ્યવહાર જ કરવાનો છે. તમારે મોક્ષ નથી, માટે તો પુણ્ય મુખ્ય છે! જે દહાડે તમે ધણીપણું છોડી દો, પછી સદ્‌ગુરુ પાસે જાવ. ભલે કપડાં ના બદલ્યા હોય તો પણ! પછી તમને નિશ્ચયમાં લઈ જવાય! એ પહેલાં નિશ્ચયમાં જવાય જ નહીં!

**સભાઃ** લોકોને હાલ નિશ્ચયની વાતો સુણવી કેમ વધુ ગમે છે?

**ઉત્તરઃ** કારણકે તેમાં પછી કાંઈ કરવાનું જ નહીં અને બધાનું ખાઈ જવાનું! (સભાઃ હાસ્ય...) લેવું બધાનું, દેવું કોઈને ય નહીં! પછી ગમે જ ને? મને તો ઘણીવાર એમ થાય કે આ નિશ્ચયવાળા વ્યાખ્યાન પણ કઈ રીતે કરતાં હશે? કારણકે મારું બેટું વ્યાખ્યાન કરવું, એ ય વ્યવહાર છે! ખરેખર તો એમણે છાનામાના જ બેસી રહેવું જોઈએ. ચૂપચાપ! (સભાઃ હાસ્ય...)

**સભાઃ** પોતે ભલે કદાચ અસમર્થ હોય, પરંતુ બીજાને તો માર્ગ બતાવી શકાય ને?

**ઉત્તરઃ** બીજાને તો માર્ગ બતાવ્યો, એટલે તમે વ્યવહારમાં આવ્યા! નિશ્ચય તો કહે છેઃ 'તું જ તારો માર્ગ, તને કોણ માર્ગ બતાવે?' અલ્યા, વ્યવહારમાં આવ્યા વિના છૂટકો જ નથી. જ્યાં બેઠાં, એને જ અપશબ્દો કહો છો! શું કહેવું?

**સભાઃ** વ્યવહારમાં પણ ઘણાં ગોટાળા ચાલે છે!

**ઉત્તરઃ** હું એમ કહુંઃ ફાટેલું લુગડું હોય, એ ફેંકી દેવું કે નવું લાવવું?

**સભાઃ** સાહેબજી, એ લુગડું નવું લાવવું.

**ઉત્તરઃ** બસ! તો એ આના જેવું જ છે. નિશ્ચયને સુધારવાનો હોતો જ નથી, સુધારવાનું વ્યવહારને જ હોય. શુદ્ધ દ્રવ્ય ક્યારેય બદલાય? (સભાઃ ના.) તો બદલાય શું? (સભાઃ પર્યાય.) સાચું. અશુભને શુભમાં પલટી નાખવું, એટલું જ આપણું કામ. અશુભનો નિયમ છે કે તે વિદાય થઈ જાય, એને વિદાય કરવું ન પડે! એટલે આપમેળે જ તમે શુદ્ધ થઈ જાવ.

**સભાઃ** સાહેબ, વ્યવહાર મહત્વનો કેમ છે?

**ઉત્તરઃ** સારું ભાઈ, આત્માને ભૂખ કે તરસ લાગે છે? ના. તો હવે ખાવાનું અને પીવાનું જ બંધ કરી દો! બીજું શું? કારણકે ખાવું - પીવું એ તો વ્યવહાર છે! હવે તમે જ એ વિચારી લો કેઃ વ્યવહાર મહત્વનો છે કે નહીં? શુદ્ધ નિશ્ચયમાં આવી જાવ અને ખાવા-પીવાનું બંધ કરી સંલેખણા લઈ લો. નિશ્ચયવાળા દિગંબરો કરે જ છે ને સંલેખણા!

**સભાઃ** તો પુણ્યને મુખ્ય રાખીને જે ધર્મક્રિયાઓ કરી, તેનાથી તો...

**ઉત્તરઃ** આત્માને મુખ્ય રાખીને જે ધર્મક્રિયા કરે, તે છે પુણ્ય! પુદ્ગલને મુખ્ય રાખીને જે કંઈ ક્રિયા કરે, એનું નામ પાપ! (સભાઃ વાહ!)

ભલા આદમી! હવે સમજો: જ્યાં આત્મા મુખ્ય છે, ત્યાં જ પુણ્ય બને અને જ્યાં પુદ્ગલ મુખ્ય છે, ત્યાં જ પાપ બને. પુણ્યની આશંસાથી થતો ધર્મ એ પાપાનુબંધી પુણ્ય અને પરમાત્મતત્ત્વ કે શુદ્ધ ચૈતન્ય પામવાની ઈચ્છાથી થતો ધર્મ એ પુણ્યાનુબંધી પુણ્ય, જે છેલ્લે તમને પરમ શુદ્ધ કરી સ્વયં વિદાય થઈ જાય!

**સભા:** આમાં આત્માને મુખ્ય કરવો, એ તો નિશ્ચય જ થયો!

**ઉત્તર:** સાધુ માટે નિશ્ચય અને ગૃહસ્થો માટે વ્યવહાર મુખ્ય છે!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજ:** એમનું કહેવું છે કે આત્માને મુખ્ય રાખ્યો, એ નિશ્ચય જ ને?

**ઉત્તર:** હા બસ! નિશ્ચયદ્રષ્ટિ એટલે 'હું આત્મા', પરંતુ પર્યાય રૂપ છું, એ વાતને ગૌણ કરો અને ગૌણ કરવી જ પડે છે. દરેક પર્યાય તેના સ્થાને જ મુખ્ય હોય. એ સ્થાનેથી હટો એટલે પર્યાય ગયો, પણ તમે તો મુખ્ય જ હો ને? મામા, બાપા, જમાઈ... એમ બધાના રોલમાં તમે મુખ્ય જ હો! પણ જમાઈપણું માત્ર સાસરે જ હોય, પોતાના બાપના ઘરે ના હોય! (સભા: હાસ્ય..)

**સભા:** આત્માને મુખ્ય રાખી કરાતો ધર્મ પુણ્ય બંધાવે, એ શ્રાવકોએ કરવાનું, તો સાધુએ શું કરવાનું?

**ઉત્તર:** યાદ રાખો: નિરવદ્ય કર્મ નિર્જરા જ કરાવે અને સાવદ્ય કર્મ બંધ કરાવે. હવે તમે કયો ધર્મ કરવાના? પુણ્ય અને પાપ - બંને હિંસાથી જ થાય, અહિંસાથી કર્મોની માત્ર નિર્જરા જ થાય!

**સભાઃ** સાહેબજી, શ્રાવકોને નિર્જરા હોય જ નહીં?

**ઉત્તરઃ** કોણે કહ્યું ના હોય? શુદ્ધ પુણ્ય બંધાય, તો નિર્જરા જ થઈ ને? પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થતો હોય, ત્યારે નિર્જરા યે ચાલતી જ હોય! પુણ્યાનુબંધી પુણ્યનો અર્થ એ જ કે પવિત્રને પમાડનાર પવિત્રતા! 'पुण्यं पवित्रं।' હવે સમજાવું.. કે તે કરવું કઈ રીતે? શુદ્ધ જળ પવિત્ર છે, જે તમારા શરીરને ય પવિત્ર કરી આપે છે. એટલે પવિત્રતાને પમાડનાર પવિત્ર થયું કે નહીં?

**સભાઃ** જી સાહેબજી, પવિત્રતાને પમાડનાર પવિત્ર જ થયું.

**ઉત્તરઃ** અરે... આર્હન્ત્યની વાત કરવાની હતી, તેમાં આપણે ક્યાં બીજી જ બાજુ ચડી ગયા? (સભાઃ હાસ્ય..) આ નિશ્ચયની વાતો કરવાનો વ્યવહાર જ નથી, તો એની શિબિરો ય શેની અને એની વાતો યે શેની? અને કરો છો, તો એ ય વ્યવહાર થઈ ગયો, તો નિશ્ચય ઉડી ગયો! તેથી ભ્રાંતિ જ રહી તમને કે 'હું નિશ્ચય છું'.

**સભાઃ** આમાં ક્યારેક એવું થતું હોય કે એક લેવલ સુધી આપણે વ્યવહાર કરીએ ને, એના પછી પણ આત્માને જે સંતોષ મળવો જોઈએ અને જે રીતે તે ઠરીને શાંત થવો જોઈએ તથા કષાયો પણ શાંત થવા જોઈએ, એ કાંઈ જ થતું નથી!

**ઉત્તરઃ** એટલે તમે તમારા વ્યવહારમાં આત્માને મુખ્ય નથી રાખ્યો! પર્યાયને મુખ્ય રાખ્યો છે, માટે જ એ ગરબડ થઈ!

**સભાઃ** શિબિરોમાં આ જ વાત લેવાય છે કે આત્માને મુખ્ય કરો.

**ઉત્તરઃ** આત્માને મુખ્ય રાખીને પણ ક્રિયા ક...રો! વધુ નમ્ર બનો. તમારા જ આત્માને 'આત્મા' ન માનો, સામાનો આત્મા પણ તમારા જેવો જ આત્મા છે, એમ માનો! આ તો મારા બેટા કહેઃ 'હું આત્મા અને તું પથરો!' (સભાઃ ખડખડાટ હાસ્ય...)

**સભાઃ** એ બધા પોતાને સાધકો જ માને!

**ઉત્તરઃ** પોતાને રાજા માનવો હોય, તો કોણ રોકે એ ગાંડાને?

**સભાઃ** પરોપકાર વખતે ફળની આશા તે સાથે જોડાઈ જાય તો?

**ઉત્તરઃ** તો તે કાર્ય 'પરોપકાર' ગણાય જ નહીં! કરોડ રૂપિયા તમે કોઈ શેઠને ત્યાં મૂક્યાં. તે વ્યાજ સહિત પાછા મેળવવા છે, એટલે મૂક્યા કે પછી તે રૂપિયાને ભૂલી જવા માટે મૂક્યા છે?

**સભાઃ** વ્યાજ સહિત એ કરોડ રૂપિયા પાછા મેળવવા મૂક્યા છે.

**ઉત્તરઃ** બસ! તો પછી તે પરોપકાર નથી જ. જો ભૂલી જવા માટે મૂકો, તો તે દાન છે અને જો યાદ રાખો, તો? તો સોદો જ છે! એક વાત પૂછું? કોઈ ટોઈલેટ જાય, પછી કેટલી વાર જાહેરાત કરેઃ 'હું જઈ આવ્યો, જઈ આવ્યો!' (સભાઃ હાસ્ય..)

**સભાઃ** શાસનના કાર્યો કરીએ, ત્યારે એક અપેક્ષા તો હોય જ ને કે અમારા આત્માનું કલ્યાણ આનાથી થશે!

**ઉત્તરઃ** સાધુ જ્યારે આત્મા માટે કોઈ ક્રિયા કરે, તે શાસનની જ ક્રિયા છે. શાસન કોઈ જૂદું નથી.

દેશ માટે કાર્ય કરવું એટલે દેશના જેટલા પ્રજાજનો છે, એ બધાને સહાયભૂત થવું. ત્યાં આગળ કાંઈ જમીન ઉપર ફૂલ નથી ચડાવવાના! ચૈતન્ય સિવાય કોઈ વ્યવહાર શુદ્ધ બને નહીં.

શ્રી શ્રીપાળ મહારાજાનો જે આખ્ખો રાસ છે ને, તેમાં શ્રીપાલ શુદ્ધ વ્યવહારને રસ્તે ચાલે છે, ભલે નવ વાર પરણે છે. શુદ્ધ નિશ્ચયી ૧,૯૨,૦૦૦ પત્નીનો ધણી ચક્રવર્તી પણ હોઈ શકે! એમાં કોઈ તકલીફ નથી. એ પોતાને ભૂલતો નથી. પોતાના કામ - ક્રોધને પણ તે જૂએ છે, અંધ નથી બનતો કે વિવેક નથી ચૂકતો! શુદ્ધ નિશ્ચયી જીવ રજે રજની અવેરનેસ રાખે છે.

ઉપયોગપૂર્વક કરાતી ક્રિયા, એ ધર્મ છે. ગમે તેવી ક્રિયા કરતાં હો, પણ એમાં ઉપયોગ ન હોય તો? ગમે તેટલા વ્યવહાર કરો, તમારી identity તો રાખવી પડે કે નહીં? Identity ભૂલી જાવ, તો કયાંય પહોંચો? તમે ચેતના છો અને તમારી જાતને વ્યવહાર કહો, તો જાતને ભૂલી ગયા જ કહેવાય. એટલે 'હું પરમ ચેતન છું' એટલું યાદ રહે, તો તમે નિશ્ચયમાં છો અને બધાના માત્ર પર્યાય જ જૂઓ કેઃ

'આ મારો મામો, કાકો કે લેણદાર કે દેણદાર છે...' અને એમાં જ જો ડૂબી જાવ, તો તે માત્ર વ્યવહાર થયો. શુદ્ધ નિશ્ચયવાળો તો સદા આનંદમાં જ મગ્ન હોય. તે જયાં જાય, ત્યાં લોકોને પ્રેમ અને આનંદનો જ ચેપ લગાડે!

પંન્યાસજી મહારાજ કશું જ બોલતા ન્હોતાં, કોઈ હિતશિક્ષા પણ ન્હોતા આપતાં, કારણકે અમારા જમાનામાં એ ફેશન ન્હોતી કે જઈ જઈને ગુરુઓના લોહી પીવા! (સભાઃ ખડખડાટ હાસ્ય...)

આ તો મારા બેટા.. સૌ ઉઘરાણી કરતાં આવે કેઃ 'સાહેબ! હવે વંદન કર્યું ને, તો ચલો, હિતશિક્ષા આપો.' એટલે વંદન તરત જ વસૂલ કરે! (સભાઃ હા...હા...હા...!)

**સભાઃ** હવે લોકોને હિતશિક્ષા લેવાની જિજ્ઞાસા વધી ગઈ છે.

**ઉત્તરઃ** પોતાનું જાણવાની કે પારકાનું જાણવાની જિજ્ઞાસા વધી છે? આખો દહાડો મોબાઈલ ઉપર ચેટ કર્યા કરે, એ કોની કરે?

**સભાઃ** સાહેબજી, પારકાનું જાણવાની જ જિજ્ઞાસા કરે!

**ઉત્તરઃ** બસ તો! દુનિયા આખ્ખીનું જે બિનજરૂરી છે, એ જાણવાની જિજ્ઞાસા લોકોમાં બહુ વધી ગઈ છે અને દુઃખ સાથે કહેવું પડે છે કેઃ આપણે ત્યાં શ્રમણોમાં પણ એ જ હાલત છે! ખાવું નહીં, પણ બેઠાં બેઠાં વાનગીઓ ગણ્યા કરવી! અરે... નિશ્ચયી આત્મા તો જ્યાં બેઠો હોય ને, ત્યાં આખ્ખે આખું ગામ બદલાઈ જાય!

વર્ષો પૂર્વે હું મારાં ગુરુ મહારાજ સાથે શિવગંજમાં હતો. પ્રાયઃ સં. ૨૦૨૫ની વાત! રાજસ્થાનથી એક મોટો સંઘ આવ્યો. વંદન કરી કહેઃ 'સાહેબ, તમારા ફલાણા શિષ્યને અમારે ત્યાં ચાતુર્માસાર્થે મોકલો, એવી વિનંતી કરવા આવ્યા છીએ.' ગુરુ મહારાજે કહ્યુંઃ 'તમે વિનંતી કરો છો કે આજ્ઞા? કોને મોકલવા એ નિર્ણય પણ તમે જ કરો, તો મારું આમાં રહ્યું શું? પહેલાં નક્કી કરો કેઃ તમે ગુરુ છો કે હું? પછી ચોમાસાની વાત!' ચેલો ગુરુ પાસે જઈને જો એમ કહે કેઃ 'ફલાણું ભણાવો..' એટલે પૂરું થઈ ગયું! એ આદર્શ ચેલો નથી!

બાળક બા પાસે જાય, ત્યારે એ જે આપે, એ લઈ લેતો હોય છે. સંઘવાળા બધા થોથવાયાં, એટલે ગુરુ મહારાજે કહ્યુંઃ 'તમે કહો એમ મારે કરવાનું કે હું કહું, એમ તમારે કરવું છે? પહેલાં નક્કી કરો.' બધાએ હાથ જોડયા! એમને આવા ગુરુ કયારેય મળેલા નહીં! સૌ સાધુ તો આટલો મોટો સંઘ આવે, એમાં જ રાજી-રાજી થઈ જાય! થાય કેઃ 'ઓ હો હો... ભાગ્ય ખૂલ્યાં અમારાં કે વિનંતી કરવા આટલો મોટો સંઘ આવ્યો!' વ્યવહારમૂઢતાની આ નિશાની છે. નિશ્ચયમૂઢતા અને વ્યવહારમૂઢતા બે હોય! બધું ઓળખી લેવું પડે.

**સભાઃ** નિશ્ચયમૂઢતા અને વ્યવહારમૂઢતામાં વધુ ખરાબ શું?

**ઉત્તરઃ** પહેલાં હવે મને વાત પૂરી કરવા દો. પેલાએ કહ્યુંઃ 'બાપજી, આપને જે ઠીક લાગે, તેમ કરો.' ગુરુ મહારાજે કહ્યુંઃ 'ભલે. સારું.' સંઘે જે માંગ્યા હતાં, તે શિષ્યને તેમણે ન મોકલ્યા. બીજા જ ચાર સાધુ ચાતુર્માસ કરવા માટે ત્યાં મોકલ્યા. ચારે ચાર મૌની મહારાજ! (સભાઃ ખડખડાટ) આખો દહાડો એમના ચિંતન-મનનમાં જ પ્રવૃત્ત! મોટા ભાગના શ્રાવકો તો મિલનસાર - વ્યવહારુ સાધુથી જ રાજી થાય! પોતાને ભાવ આપે, એમની કિંમત કરે.. એવા સાધુથી જ રાજી રાજી થાય!

આ ચારમાંથી તો કોઈ કરતાં કોઈ કાંઈ બોલે નહીં - ચાલે નહીં! ચારમાંથી કોઈ એક મહારાજ રોજે સવારે કલાક સરસ વ્યાખ્યાન કરી આવે. પણ પછી જેવા પાટ ઉપરથી ઉતરે કે પછી મૌન! આગળ પરિચય સાધવાનો જ નહીં ને! એ જમાનામાં પોતાને ગમતાં શ્રાવકોને પોતાના ભગત અને મુમુક્ષુઓ બનાવવાની કોઈ સાધુઓની વૃત્તિ હતી જ નહીં! માત્ર પોતાના સ્વાધ્યાય અને ભણવાની જ વૃત્તિ હતી!

**સભાઃ** સાહેબજી, એટલે જ દીક્ષાઓ ઓછી થતી હતી!?

**ઉત્તરઃ** ચોક્કસ. મોંઘો માલ મળતો હોય, ત્યાં લોકો ઓછાં આવે. સોંઘો માલ મળે, ત્યાં ખૂબ લોકો આવે! (સભાઃ હાસ્ય..) આજે તો આત્મકલ્યાણની બદલે સાધુઓ એમ વિચારે છે કેઃ 'મારો પરિવાર વધે, બાકી એ લોકોનું જે થવું હોય, તે થાય!'

ચાલો વાત આગળ વધારીએ. એ ગામમાં એ રીતે ચાર મહિના પૂરાં થયાં. સંઘે આવીને ગુરુ મહારાજને બહુમાનપૂર્વક કહ્યુંઃ 'સાહેબ! આપે પરમ ઉપકાર કર્યો. અમારા સંઘની પ્રકૃતિમાં આપના શિષ્યોની મૌન સાધનાને કારણે ધરમૂળથી ફેરફાર થયો, જે મૌન સાધુએ કર્યો.' ષટ્કાય જીવો સાથે જેમણે તાદાત્મ્ય સાધેલું છે, તેવા શુદ્ધ ચારિત્રવાન મુનિ તો જ્યાં બેઠાં હોય ને, ત્યાંની આખ્ખી હવા જ ફરી જાય અને કશું બોલવું યે ના પડે. પાંચે આચારનું શુદ્ધ પાલન, એ જ સૌથી મોટી શાસનપ્રભાવના! એનાથી મોટી કોઈ શાસનપ્રભાવના છે જ નહીં!

આજે જે ઢોલ-વાજાં બધું વાગે છે, તે કોઈ શાસનપ્રભાવના નથી! તે તો માત્ર એક advertise છે કેઃ 'અહીં અમારો માલ વેચાય છે, લેવા આવો..!' પણ એ ધંધો નથી. જાહેરાત કરવામાં યે તમારે ખર્ચો થાય ને? ક્યારેક તો દુકાન ખરીદી હોય, તેટલો જ ખર્ચો તેના ફર્નીચરમાં થઈ જાય!

**સભાઃ** પણ એટલે જ તો માલ વધારે વેચાય ને?

**ઉત્તરઃ** એટલે આપણે સાધુઓ પણ એ જ કરવા માટે કહીએ છીએ! 'હું વધારે ચમકું..' એ માટે નહીં!

**સભાઃ** માર્કેટીંગ ના કરો, તો બીજે divert થઈ જાય ને ભાવિકો?

**ઉત્તરઃ** ત્યાં પણ જો એને ચોખ્ખો માલ મળતો હોય, તો એમાં તમારું શું જાય? તમે કાંઈ ઠેકો લીધો છે કે માત્ર તમારી પાસે જ ચોખ્ખો માલ મળે?

**સભાઃ** સાહેબ, પ્રભુની પરંપરા તો આપણને જ મળેલી છે ને?

**ઉત્તરઃ** ના ના.. હજી એમ જ બોલો ને પાછાં કે મને એકલાંને જ મળી છે! (સભાઃ હાસ્ય..) હમણાં એક નવા સાધુ થયાં છે, એના ભકતો પ્રચાર કરે છે કેઃ 'અહીં દીક્ષા લો ને, તો આવતે ભવે મોક્ષ મળે. પણ બીજે લો ને, તો કદાચ રખડી યે જાવ!' મોક્ષનો short cut!

એક સાધ્વીનો ભત્રીજો દીક્ષા લેનાર હતો. સાધ્વી કહેઃ 'તું અમુક મહાત્માની પાસે દીક્ષા લે.' તો ભત્રીજો કહેઃ 'ના. હું જેની પાસે દીક્ષા લેવાનો છું ને, ત્યાં તો આવતા ભવે જ મોક્ષ છે, તમે કહો છો, તેમની પાસે જો દીક્ષા લઉં ને... તો તો બે ભવ પછી મોક્ષ મળે!' જૂના વખતના ખ્રિસ્તી પોપ સ્વર્ગ - નરકની ચીઠ્ઠી લખી આપતાં, એવા મહાપુરુષો અત્યારે પણ આપણે પામ્યાં છે કે જેઓ મોક્ષની ચીઠ્ઠીઓ લખી આપે છે!

ભકતો પ્રચાર કરે છે કેઃ 'આ ગુરુ પાસે જ જવાય, બીજે ન જવાય અને તો જ તમને જલ્દી મોક્ષ મળશે.. નહીં તો તમને મોક્ષ મોડો મળશે!' વિચાર તો કરો... શું છે આ? 'તમારે મોક્ષ જોઈએ છે?' 'હા.. જોઈએ છે, પણ માથે બેઠેલા બધા વડીલો છે ને, એમાંથી મોક્ષ જોઈએ છે!' (સભાઃ વાહ રે વાહ...!)

પેલા મોક્ષની તો તમને ગંધે ય નથી. દીક્ષા લીધી પછી પોતાના મા - બાપને ઓળખવાનું યે ચૂકી જાય, તો જ હું માનું કે આ જીવ ખરેખર જ મોક્ષમાર્ગી છે. માત્ર ગુરુદત્ત-દ્રષ્ટિ! બીજે કયાંય એની નજર જ ન હોય! એક શુદ્ધ નિશ્ચયમાં આવે અને એક મોક્ષનો અર્થી આવે. ભગવાને આ શાસન એટલે જ સ્થાપ્યું છે કે તમે આ માર્ગે આવો. પુણ્ય જેમ વિરાટ, સાધન જેમ સૂક્ષ્મ, તેમ તમારું સામ્રાજય મોટું!

એક રાજા સંન્યાસી થઈ ગયા. માત્ર ૪ આંગળની લંગોટી પહેરે. સાધનામાં બહુ આગળ વધી ગયા. વર્ષો પછી ફરતાં.. ફરતાં .. ફરતાં.. ફરતાં.. પોતાની રાજધાનીમાં આવ્યા. એક તળાવને કિનારે આસન જમાવ્યું અને ઈશ્વરના ધ્યાનમાં લીન થઈ ગયા. ગામમાં તેમના આવવાની ખબર પહોંચી. રાજકુંવરને થયુંઃ પિતા આવ્યા છે, તો જાઉં! એ ગયો, ત્યારે પિતા બેઠાં બેઠાં લંગોટી સાંધતા હતાં. બે લંગોટીમાંથી એકને ધોવામાં નાંખે, તો બીજી પહેરવી પડે ને? એક સ્હેજ ફાટી ગઈ હતી, તેને સાંધતા હતાં.

છોકરો આવ્યો તો'યે ઊંચું જોયું નહીં. સંન્યાસીને કોઈ etiquette જેવું ન હોય, એટલે તેમનું સાંધવાનું કામ ચાલુ હતું. દિકરાને બહુ શરમ આવી. થયું કે કપડાંના તાકે-તાકા લાવીને ખડકી દઉં અને મારા આ ડોહા બેઠાં બેઠાં આમ સાંધે યાર! કેટલી શરમની વાત છે! પિતા મહારાજ તો એમના કામમાં મશગુલ હતાં. છોકરાએ બોલાવ્યાઃ 'પિતાજી!' પિતાજીએ પૂછ્યુંઃ 'શું છે બેટા?' 'હું કેટલી લંગોટીઓ લેતો આવું?' 'મારે આટલી પર્યાપ્ત છે, હવે બીજી જરૂર નથી.' 'પિતાજી મહારાજ! મારું રાજ તમો આપી ગયેલ, તેના કરતાં યે હવે કેટલું બધું મોટું કર્યું છે, આખી દુનિયા મારા કબ્જામાં છે!' આ સાંભળતાં યે કામ ચાલુ રાખ્યું.

હવે એવું થયું કે પિતાજી મહારાજ તળાવના કિનારે બેઠાં બેઠાં લંગોટી સાંધતા હતાં, ત્યાં જ સોય છટકીને એકાએક તળાવમાં પડી! પિતાજીએ દિકરા સામે જોઈને કહ્યુંઃ 'બેટા! બધે તારું રાજ છે ને? તો આ સોય જે હમણાં પડી ગઈ ને? તે જ સોય જરા તળાવમાં જઈને તું લઈ આવ ને!' (સભાઃ હાસ્ય...)

છોકરાએ કહ્યુંઃ 'પિતાજી મહારાજ, એ ને એ જ સોય તો હવે કેમ મળે? બીજી નવી સો સોય લઈ આવું.' 'ના! મારે તો એ જ જોઈએ.' દિકરો લાચાર! હવે કયાંથી લાવે? તેથી પિતાજી મહારાજે કહ્યુંઃ 'જો, તારો બાપ સમ્રાટનો બાપ હોવા છતાં યે લંગોટી પહેરીને બેસે, તે તારી માટે શરમની વાત છે ને? તો બીજી બધી યે વાત છોડ અને જો, કે હવે હું શું કરું છું?

પિતાજી મહારાજે કહ્યુંઃ 'હે તળાવની માછલીઓ, તળાવમાં પડી ગયેલી મારી સોય શોધી લઈને હમણાં જ ઉપર આવો!' પાંચ મિનિટ સુધી તો તળાવમાં હલચલ મચી ગઈ! હજ્જારો માછલીઓ દોડાદોડ કરવા લાગી! એમ કરતાં - કરતાં એક નાની માછલી મોઢામાં પેલી સોય પકડીને તળાવમાંથી ઉપર આવી અને આમ મોઢું ઊંચું કરીને ઉભી રહી ગઈ. સંન્યાસીએ કહ્યુંઃ 'ये नहीं चलेगा, चल.. ऊपर आ! मेरी गादी के पास! यहां आ और सोय यहां छोड के जा।'

એ નાનકડી માછલી કૂદકાં મારતી.. મારતી... મારતી... બધા પગથિયાં ચડી અને ઠેઠ સંન્યાસીની ગાદી પાસે આવી આસન નજીક સોય મૂકી, માથું નમાવીને પછી જતી રહી! એ પછી પિતાજીએ દિકરાને પૂછયુંઃ 'बोल बेटा! अब तेरा राज के मेरा राज?' (સભાઃ આશ્ચર્ય સહ હાસ્ય..)

એક સામાન્ય કક્ષાનો યોગી પણ પ્રકૃતિ ઉપર જો આટલો બધો અધિકાર કરી શકતો હોય, તો તીર્થંકર પ્રભુ સમાન યોગીનો સમગ્ર પ્રકૃતિ ઉપર કેટલો બધો અધિકાર હોય, એમાં પ્રશ્ન જ શું છે? ભાઈ, છ એ છ ઋતુ સમકાળે ફળે અને બધું જ તીર્થંકરોથી શકય થાય! એમની કરૂણા અને પ્રેમ એક જ વ્યકિત પૂરતો નથી હોતો, સમષ્ટિમાં ફેલાયેલો હોય છે!

કરૂણાથી બંધાયેલું તીર્થંકર નામકર્મ નિકાચિત થયું હોવાથી એ સામર્થ્ય ચૌદે રાજલોકને આમ તોલી શકે, તેટલું હોય! તે સામર્થ્ય ભલે દેખાતું હોતું નથી, પણ શ્રી હેમચંદ્રાચાર્યે અતિશયોનું વર્ણન કરતાં શું લખ્યું છે, યાદ છે? કોણ વર્ણવી શકે પ્રભુ તારું ચરિત્ર, જે યોગીઓને પણ અગમ્ય છે! સમગ્ર જીવજગત સાથે ભગવાને જે તાદાત્મ્ય સાધ્યું હતું, એની જ બધી તાકાત છે આ.

એ જ પરમ મૈત્રી, કરૂણા અને પ્રેમ તમને શીખતાં અને પછી કરતાં આવડે, એનું જ નામ 'જિનશાસન'! આ પ્રેમનું શાસન છે, એમાં મોઢું ચડાવવાનું નથી! આ એવા વૈરાગ્યનું શાસન નથી, જેમાં 'વૈરાગ્ય'નો અર્થ એ છે કેઃ 'પર્યાયનો રાગ છોડીને દ્રવ્યના રાગમાં લપેટાવું.' ખરી વ્યાખ્યા તો છે કેઃ 'નશ્વરને છોડી શાશ્વત સાથે પ્રેમ કરવો, એનું નામ વિરાગ.'

કહ્યું છેઃ 'विशिष्टो राग-विरागः।' પરંતુ 'विगतो राग – विरागः।' એમ કયાંય નથી કહ્યું! બે અર્થ લાગેઃ 'विगतो राग पर्यायस्य।' 'विगतो राग पुद्‌गलस्य।' નહીં, 'विशिष्टो राग चैतन्यस्य।' એ વૈરાગ્ય છે. એક જ વ્યકિતને પણ તમે પ્રેમથી મળો ને, તો યે તમારા હૃદયે ખુશી હોય, તો સમગ્ર જીવરાશિ સાથે જો પ્રેમથી રહેતાં હો, તો તમારા મુખ ઉપર ખુશી જ ખુશી હોય!

દિવેલીયું ડાચુ ના જ થવું જોઈએ. ગમે ત્યારે પૂછીએઃ 'સાહેબ, કેમ?' તો એમ જ જવાબ મળે કેઃ 'દેવ-ગુરુ પસાયે મજા જ મજા છે! પ્રભુની પરમ કરુણામાં લહેરથી ધુબાકા મારી રહ્યો છું!'

દુનિયાના બીજા લોકોની તમે લાચારી કયાં કરો છો? તમારા માટે તો પ્રભુ હાજર જ છે. પ્રેમદિવાનાને દુનિયાની શું પરવા હોય? આ દુનિયાની પરવા ના હોય, તો જ તમે પ્રભુ-પ્રેમના દિવાના છો, નહીં તો પછી સંસારમાં જ પાછાં જવાના છો.

તમારા પોતાનું જો કોઈ હોય, તો તે માત્ર એક જ છેઃ પરમાત્મા! બાકી કોઈ તમારું નથી! પણ તમે જેટલાના થશો, એ બધા જ તમારા થશે. જેટલા જીવો માટે તમે ભોગ આપશો, એ બધા જ તમારા બનશે. ભગવાને બધા જીવો માટે પોતાના તાત્કાલિક મોક્ષને જતો કર્યો.. વ્યક્તિગત કલ્યાણને જતું કર્યું.

તમે મને કહેશોઃ 'પ્રભુ તો છેલ્લા ભવમાં જ કર્મક્ષય કરીને મોક્ષે જાય ને? પણ પ્રભુ વીરને આટલી તકલીફો પડી, એનું કારણ શું હતું?' હું સામાન્ય દ્રષ્ટાંત આપુંઃ કોઈ વ્યક્તિ એક નંબરનો ગુંડો હોય, છોકરીઓની લાજ લૂંટી હોય, છોકરાઓને મારી નાંખ્યા હોય, લૂંટો કરી હોય, એના પ્રત્યે લોકોની લાગણી કેવી હોય?

**સભાઃ** એના પ્રત્યે તો લોકોની ખરાબ લાગણી જ હોય!

**ઉત્તરઃ** હવે એ જ માણસ સંત થઈને બધાની સેવા કરવા નીકળે, ત્યારે લોકો response આપે?

**સભાઃ** ના. લોકો response ના આપે!

**ઉત્તરઃ** એ ગુંડો રહ્યો હોત, તો લોકોને વાંધો ન હતો. એ સજ્જન થયો, એટલે બધા એને નડે, એવી હાલત એની થઈ જાય! પ્રભુને પોતાના મોક્ષ માટે કોઈ કર્મ નડે એમ ન્હોતું, પણ દુનિયાને આપવું હતું, તેથી હજાર વિઘ્નો આવે જ! તમારે જમવું હોય, તો કોઈ વિઘ્ન ના આવે, પણ ગામને જમાડવું હોય તો?

આપણા કલ્યાણ માટે આપણને મોક્ષમાર્ગ આપવા માટેના જેટલાં વિઘ્નો હતાં, એટલા મહાવીરને પણ પાર કરવા જ પડયાં, કારણકે આગલા ભવમાં જે ગાડી ઊંધી ગઈ હતી, એ reverseમાં લેવી હતી ને? એ બધી વાતોનું પોતાના ઉપર પુનરાવર્તન થાય. પેલાના કાનમાં સીસું રેડયું હતું, તો હવે પોતાના કાનમાં ખીલ્લાં ઠોકાયા!

**સભાઃ** ખ્રિસ્તીઓ એમ કહે છે કેઃ 'ઈશુએ આખા જગતના દુઃખો પોતાના ઉપર લઈ લીધા.' આ તો એના જેવી વાત છે!

**ઉત્તરઃ** પ્રભુ વીરે બધાના દુઃખ કયાં લીધા? પોતે જે બીજાને દુઃખ આપ્યા હતાં, એ બધા દુઃખ એને પોતાને સહન કરવા પડયાં!

**સભાઃ** ૨૫મા ભવે જો મોક્ષમાં જાત, તો ભોગવવા ન પડત?

**ઉત્તરઃ** ના. કર્મનું વિચિત્ર ખાતુ છે. અમુક કર્મો એવા હોય કે તમે બધા માટે કાંઈ કરવા જાવ ને, ત્યારે જ નડે! તમારું કરવા જાવ, તો ના નડે! એટલે જ તો ગુંડાનું મેં દ્રષ્ટાંત આપ્યું કે પેલાની ગુંડાગીરી જયારે એ સમાજસેવા કરવા ગયો ને, ત્યારે જ નડી. ઘર સંભાળીને જો તે બેઠો હોત, તો ના નડત! બધાને આપવું હતું, એટલે ભગવાનને બધા પાત્રો નડયાં.

મોટા ભાગના તીર્થંકરો મોક્ષે જવાની તૈયારીમાં હોય છે, પણ કરૂણાને કારણે પાછા આવે છે અને એટલે જે કર્મબંધ થયો કેઃ 'હું જગતનું કલ્યાણ કરું', એ કર્તૃત્વ આવ્યું. કર્તૃત્વ આવ્યું એટલે કર્મબંધ થયો. એ એમના માટે બંધન થઈ ગયું અને એમને રોકાવું પડ્યું. પછી ફટાફટ વાત પૂરી!

મોટા ભાગના તીર્થંકરોના ચરિત્રોમાં એવું આવે છે કે તેઓ સૌ સમકિત પામી ત્રીજા ભવે જ મોક્ષ પામતાં હોય છે! પછી બહુ ઝડપથી કામ પતે છે, કારણકે એક પણ પૂર્વ ભવમાં એમણે કોઈ જીવો સાથે બગાડ્યું તો નથી જ હોતું! દા.ત. સુમતિનાથ પ્રભુએ જીંદગીમાં એક કરતાં એક્કે ય ઉપવાસ પણ નથી કર્યો! દીક્ષા દિવસે ય તેમને એકાસણું હતું! સાહેબ, તેમને કર્મ જ ન્હોતાં, તેથી જરૂરત ન્હોતી! રોગ જ ન હોય, તો દવા શું કરે? શરીરને ૨૪ કલાકમાં એક વાર ભાડું જોઈએ, કેમકે એની પાસેથી કામ લેવું છે. પ્રભુ એટલા પૂરતું જ ભોજન કરે છે. તેઓને એકાસણાનું પચ્ચક્ખાણ નથી હોતું, એ natural પ્રવૃત્તિ છે.

**સભાઃ** સાહેબજી, કેવળી બન્યા પછી?

**ઉત્તરઃ** પહેલાં પણ અને કેવળી બન્યા પછી પણ! જેટલું ભોગાવલિ કર્મ બાંધેલું હોય, એ પૂરું કરી લે છે, પણ એનો અનુબંધ નહીં, નિરનુબંધ. છેલ્લું અને active કર્તૃત્વ એટલે તીર્થંકર નામકર્મનો બંધ. જીવોનું ભલું કરવાની ઈચ્છા એ ચરમ કર્તૃત્વ થયું. એ પછી કંઈ બાકી નથી રહેતું, પછી તો તીર્થંકર નામકર્મ જ બધું કામ કરે.

**સભાઃ** શ્રી સુમતિનાથ ભગવાને તો છેલ્લે માસક્ષમણ કરેલું.

**ઉત્તરઃ** એ તો એમ કહો કે એ આત્માનું આયુષ્ય બાકી હતું અને તીર્થંકર નામકર્મ પૂરું થઈ ગયું. બોલવા-ચાલવાનું બંધ થયું, એટલે હવે શરીરમાં જઠરાગ્નિમાં કોલસા નાખવાની જરૂર જ નથી! તમારી ભાષામાં માસક્ષમણ, પ્રભુની ભાષામાં બિનજરૂરી ભોજનનો ત્યાગ! કેવલીને ભૂખ, તરસ, નિદ્રા - ત્રણે ના હોય.

**સભાઃ** તો કેવલી થયાં પછી એકાસણું કેમ ચાલુ રાખ્યું?

**ઉત્તરઃ** શરીર નિભાવવા માટે માત્ર એક વખત ભોજન કરવાનું. એક વાત સ્પષ્ટ છે કેઃ કુંભકસિદ્ધ યોગીઓને ભૂખ, તરસ અને નિદ્રાના પરિષહો નથી હોતાં, તો ભગવાન તો તેઓથી યે બહુ આગળ છે! આવા જ એક યોગી મને મળેલાં અને એમણે જ મને વાત કરેલી.

**સભાઃ** સાહેબ, કેવળજ્ઞાન પહેલાં છદ્મસ્થ અવસ્થામાં કે પછી?

**ઉત્તરઃ** દિવસમાં એક જ વાર પાણી અને ખોરાક લે. પ્રભુ વીરનો સાડા બાર વર્ષનો તપ નિર્જળો થયેલ, કારણકે કોઈએ એમને પાણી વહોરાવ્યું જ નહીં! બાકુળા વહોરાવ્યા, ખીર વહોરાવી, પણ પાણી વહોરાવ્યું? ના. નિર્જળાનો અર્થ ચોવિહારો ઉપવાસ નહીં, આ રીતે નિર્જળા સમજવાનું છે!!

**સભાઃ** કેવલીને ભૂખ-તરસ તો હોય ને? નહીં તો કેમ વાપરે?

**ઉત્તરઃ** કહ્યું તો ખરું કે તીર્થંકર નામકર્મ ચાલુ હોય અને આયુ પણ બાકી હોય, તો કેવલીને પરોપકાર કરવા શરીર નિભાવવું પડે. પરોપકાર કરવાનો ન હોય, ત્યારે અંતકૃત-કેવલી થઈ જાય!

**સભાઃ** મુંડ-કેવલી પણ પાણી અને ખોરાક વાપરે તો છે જ ને?

**ઉત્તરઃ** વિહાર કરવાનો હોય ને? એક જ જગ્યાએ તો ના રહે ને? એ શરીરનો ઉપયોગ કરવો છે, તો ઇંધણ તો આપવું પડે ને?

**સભાઃ** 'તત્ત્વાર્થ સૂત્ર'માં કહ્યું છે કેઃ 'एकादश जिने...' એ શું છે? ૧૧ પરિષહોમાં કેવલીને ભૂખ - તરસ ના હોય.

**ઉત્તરઃ** બરાબર છે, પણ જિનાવસ્થા કયારથી શરૂ થાય? દીક્ષા લે ત્યારથી. કેવલજ્ઞાન પછી જિન છે. કયો પરિષહ બોલો?

**સભાઃ** એકાદશ... સત્કાર પરિષહ, ભૂખ - તરસ બધું!

**ઉત્તરઃ** દિગંબર લોકોએ ભલે બધું બદલાવ્યું હોય, ભોજન તો લે જ છે પ્રભુ!

**સભાઃ** એટલે પ્રભુને ભૂખ હોય, તો જ લે ને?

**ઉત્તરઃ** ના, એમ નથી. જરૂર હોય, તો ભોજન લે છે. મુનિ પણ નિશ્ચય નયથી જરૂર હોય, તો જ વાપરે અને તો'ય ઉપવાસી ગણાય! પ્રભુને નામ - ગોત્ર - આયુષ્ય અને શાતાવેદનીય, બસ! સાડા ત્રણ કર્મકલા જ હોય! બીજી સાડા ચાર કર્મકલા ખતમ થઈ જાય!

**સભાઃ** બંધમાં શાતા હોય.. પરંતુ સાહેબ, ઉદયમાં તો અશાતા પણ હોય ને? દ્રષ્ટાંતરૂપેઃ પ્રભુ વીરને છ મહિનાના ઝાડા થયાં હતાં ને?

**ઉત્તરઃ** પ્રભુ એ ઝાડાથી nervous થયાં નથી, અસર થઈ નથી! અશાતા તમને દેખાય છે, એમને નથી! એ થઈ ગઈ વ્યવહારની વાત! નિશ્ચયથી અતિસારને કારણે પ્રભુને અશાતા નથી થઈ. આમ સમગ્ર જીવ-જગત સાથેના તાદાત્મ્યમાંથી જ આર્હન્ત્ય શકિત ઉત્પન્ન થાય છે. કર્તા તો એ જ છે, બાકી જીવ-જગત તો કર્મમાં જ છે. પૌદ્‌ગલિક પર્યાયો બધા કર્મ જ છે ને?

આપણે જે કર્યું, તે આપણા કર્તૃત્વમાંથી નિષ્પન્ન થયું. જીવો સાથે તાદાત્મ્ય થયું, એટલે સમગ્ર પુદ્‌ગલ-જગત પણ એમની અંદર આવી જાય. નિર્વાણ થયાં પછી ય એમણે શું માંગ્યું હતું? 'હું કરું' એમ માંગ્યું હતું? કે પછી 'મારી પાસે આવી શકિત હોય...', એમ માંગ્યું હતું? આયુષ્યની મર્યાદા હોય છે, પણ શકિત અમર્યાદ હોઈ શકે છે. પ્રભુએ 'સવિ જીવ કરું શાસનરસી' રૂપે એક એવી શકિત માંગી, કે જે અસંખ્ય કાળ ટકીને જીવોનું કલ્યાણ કરતી જ રહે. એનું જ નામ 'તીર્થંકર નામકર્મ' અને એને જ તમે 'આર્હન્ત્ય' કહી શકો!

**સભાઃ** પ્રભુ કાંઈ દરેક જીવને પૂછવા નથી જતાંઃ 'શાતામાં છો? શાતામાં છો?' તો જીવ સાથે તાદાત્મ્ય કઈ રીતે કેળવી શકે?

**ઉત્તરઃ** એક વાત પૂછું? પાણીમાં સાકર કઈ રીતે તાદાત્મ્યતા સાધે?

**સભાઃ** સાહેબજી, ઓગળીને... વિલીન થઈને!

**ઉત્તરઃ** બસ! મળી ગયો જવાબ? દેહભાવ તૂટે અને સર્વભાવ આવે!

**સભાઃ** તીર્થંકર નામકર્મ એ આર્હન્ત્યરૂપ છે કે ઉર્જારૂપ?

**ઉત્તરઃ** તીર્થંકર નામકર્મ પોતે આર્હન્ત્યરૂપ છે. વિભાગ થયાં પછી એની આખી ઉર્જા પ્રગટ થાય. માત્ર તૈજસ જ નહીં.. શબ્દબ્રહ્મ, જ્યોતિર્બ્રહ્મ - એ બધું જ આર્હન્ત્યરૂપ છે.

કલ્યાણક થાય, ત્યારે જ્યોતિ ઉત્પન્ન થાય. જ્યોતિ રૂપે ઉર્જા જન્મે અને પ્રભુ જ્યારે પ્રવચન આપે, ત્યારે શબ્દબ્રહ્મ રૂપે તે ઉર્જા ઉત્પન્ન થાય. શબ્દબ્રહ્મ અને જ્યોતિર્બ્રહ્મ - બંનેની શક્તિ દ્વારા પ્રભુ આખા વિશ્વને ઊંચકે. જેમ સૂર્યનો અસ્ત થયાં પછી યે ઉનાળામાં પ્રકાશ કે ગરમી તરત પાછી જવી જરૂરી નથી.

સવાર ઉગે, ત્યાં સુધી પણ ગરમી હોય, એવો આપણે ઘણીવાર અનુભવ કર્યો જ છે ને? એમ નિર્વાણ થયાં પછી પ્રભુનો આત્મા વિદાય થયો, પણ એમણે માંગેલી એ શક્તિનું નિર્વાણ નથી થતું! એ તો બધું કાર્ય સંપન્ન કર્યા પછી જ થાય! ત્યાં સુધી જેટલા થાય, એટલા ઉપકાર એ કર્યા જ કરે, પણ એને ય એક સમયની અવધિ હોય! તીર્થ વિચ્છિન્ન થાય, એનું કારણ એ જ હોય કે આર્હન્ત્ય ખતમ થયું!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** 'વિચ્છિન્ન થવું' એટલે શું? પોતે ગયા, એટલે ઉપકારિતા પણ શું ગઈ?

**ઉત્તરઃ** 'વિચ્છિન્ન થવું' એટલે પ્રભુનું તીર્થંકર નામકર્મ વિચ્છિન્ન થઈ જવું. પ્રભુના આર્હન્ત્યનું પાત્ર કોણ? શ્રી શ્રમણસંઘ. પ્રભુએ 'તીર્થ' તરીકે કોને સ્થાપ્યા? પ્રથમ ગણધરને, પ્રવચનને તથા એના આધારભૂત શ્રી શ્રમણસંઘને.

**સભાઃ** પ્રથમ ગણધર જ કેમ? ૧૧ ગણધરો કેમ તીર્થરૂપ નહીં?

**ઉત્તરઃ** એ વ્યવસ્થા છે, એક જ કુંવર પાટવી હોય, બધા નહીં!

**સભાઃ** પણ.. પાટવી તો સુધર્માસ્વામી છે. 'नामाकृति-द्रव्यभावैः।' તો તીર્થંકર નિર્વાણ પામે, પછી ભાવથી તો ઉપકાર કરે જ છે અને આપ કહો છોઃ તીર્થવિક્ષેપ થાય, ત્યારે આર્હન્ત્ય ખતમ થઈ જાય.

**ઉત્તરઃ** શ્રી સુધર્માસ્વામીની પાટ છે, કેમકે તેમનું આયુષ્ય શ્રી ગૌતમસ્વામી કરતાં લાંબુ હતું. દીક્ષા તો સૌ પ્રથમ ગૌતમની જ થયેલી ને? નામાકૃતિમાં પ્રભુ નિર્વાણ પામે, પછી દ્રવ્યનિક્ષેપ કયો રહ્યો? પછી તો નામ-સ્થાપના બે જ રહ્યા. દ્રવ્ય કારણભૂત છે, તેથી પ્રભુ કારણભૂત જરૂર હતાં, પણ નિર્વાણ થયાં પછી ભાવનિક્ષેપો યે ઉપર છે. દ્રવ્યનિક્ષેપો ક્યારે ગણાય? જે તીર્થંકરો હવે થવાના હોય, એ દ્રવ્યનિક્ષેપો કે જે તીર્થંકરો થઈ ગયા હોય, એ દ્રવ્યનિક્ષેપો છે, પરંતુ જે તીર્થંકરો થઈ ગયેલ છે, એમાં તમે દ્રવ્યનિક્ષેપે આત્માને લો છો કે એના શરીરને લ્યો છો?

**સભાઃ** સાહેબ, આત્મા જ આવશે.

**ઉત્તરઃ** તમે શરીરને લ્યો છો, ભલા આદમી! ગોટાળા ના કરો.

**સભાઃ** માત્ર આત્માને લઈએ તો?

**ઉત્તરઃ** ભાવનિક્ષેપો કશું કરતો નથી, એનું માત્ર અસ્તિત્વ જ છે.

**સભાઃ** તીર્થંકરો સ્મરણથી ઉપકાર કરે? ‘સર્વ ક્ષેત્રે-સર્વ કાળે’ એવું લખ્યું, તો આપણે કેવી રીતે તીર્થવિચ્છેદ થઈ ગયેલો મનાય?

**ઉત્તરઃ** શ્રી લક્ષ્મીસૂરિજી મહારાજે ‘ચૈત્યવંદના’માં લખ્યું જ છે ને કે ‘પ્રભુ નામ રૂપે જગમાં રહ્યા!’ સમગ્ર વિશ્વમાં ભગવાન નામ રૂપે તો છે જ, પણ સ્થાપના રૂપે ભગવાન માત્ર ત્રણ લોકમાં છે, પરંતુ સમગ્ર વિશ્વમાં નહીં!

**સભાઃ** મહાવિદેહ ક્ષેત્રે રહેલા શ્રી સીમંધર પરમાત્માનું આર્હન્ત્ય શું આપણને ભરતક્ષેત્રમાં કામ લાગે? કે વચ્ચે અવરોધ આવે? સર્વ ક્ષેત્રમાં એનો પ્રભાવ કઈ રીતે આવે?

**ઉત્તરઃ** અકર્મભૂમિમાં નહીં, માત્ર કર્મભૂમિમાં પ્રભાવ કામ આવે.

**સભાઃ** તો ‘**क्षेत्रे काले च सर्वस्मिन्**’ કઈ રીતે?

**ઉત્તરઃ** વ્યવહારથી. તે કઈ રીતે, એ હવે બતાવુંઃ અકર્મભૂમિમાં પણ કોઈને જાતિસ્મરણ જ્ઞાન થાય અને પ્રભુના નામનું સ્મરણ કરે, તો એનું કલ્યાણ થાય કે નહીં? થાય જ. વળી ઉપર રહેલાં શાશ્વત ચૈત્યોનાં દર્શન કરે, તો યે કલ્યાણ થાય કે નહીં? થાય જ. બસ, તો એ રીતે! સંભવ છે, માટે ત્યાં ‘સર્વ ક્ષેત્રે છે’ એમ કહેવાય. સૂર્ય સર્વત્ર છે, બરોબર? અકર્મભૂમિમાં પણ તે છે અને કર્મભૂમિમાં પણ તે છે. પણ અકર્મભૂમિમાં કાં વસંત ઋતુ અને કાં શરદ ઋતુ - એમ એક જ ઋતુ હોય, બાકીની એક પણ ઋતુ ના હોય! કર્મભૂમિમાં છ એ છ ઋતુ હોય. હવે ઋતુઓનું કારણ સૂર્ય ખરો કે નહીં? તો પેલી ભૂમિમાં કેમ નહીં?

સૂર્યનું ક્ષેત્ર એ રીતનું છે કે એનો પ્રકાશ જે રીતે કર્મભૂમિઓને મળે છે, એ રીતે અકર્મભૂમિને નથી મળતો. તમને સૂર્યનું માંડલું તો ખબર જ છે અને? ૯૦ યોજન અંદર, ૯૦ યોજન બહાર. હવે ૧ લાખ યોજનમાં ૯૦ યોજન જ માત્ર અંદર આવે અને ૯૦ યોજન બહાર જાય, એટલે અકર્મભૂમિમાં એનો પ્રકાશ ઊંધા ત્રિકોણ જેવો - સાવ ઓછો હોય. ત્યાં બે બાજુ પહાડ છે, તેથી એ પ્રકાશ પૂરો એકાદ કલાકે ય અંદર ન આવે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, માંડલા ૧૮૪ થાય છે અને યોજન ૫૩૦ થાય છે.

**ઉત્તરઃ** એ પ્રકાશ ૫૩૦ યોજનની અંદર નથી આવતો, માત્ર ૧૮૦ યોજનમાં જ આવે છે, એથી વધારે યોજનમાં એ ન આવે!

**સભાઃ** સાહેબ, પહાડ વચ્ચે આવવાથી મહાવિદેહની ૩૨ વિજયોમાં પણ શું આવી જ તકલીફ આવે?

**ઉત્તરઃ** ના, નહીં આવે. ચારે વક્ષસ્કાર પર્વતો નાનાં છે. ત્યાં બધા પર્વતો વર્ષધર પર્વત જેવડાં મોટાં નથી.

**સભાઃ** વર્ષધર ૪૦૦ યોજનના, સૂર્ય તો ૮૦૦ યોજન ઉપર છે.

**ઉત્તરઃ** નિષધ, શિખરી ૫૦૦-૭૦૦ યોજનના નથી, ૮૦૦ યોજન ઉપર છે. સૂર્યના બે શિખરોની વચ્ચેથી નિષધ અને શિખરી આવે, પછી કૂટ આવે. ચૂલિકા પણ એ જ થઈ ને? ત્યાં સૂર્યને બે શિખરોની વચ્ચેથી આવવું પડે છે. આ તો... બાહ્ય દ્રષ્ટાંત આપ્યું. એ જ સૂર્ય જ્યાં પૂર્ણ પ્રકાશ આપે, ત્યાં

છ એ છ ઋતુ અને બધું વિકસાવે. જ્યાં તે પૂર્ણ પ્રકાશ નથી આપતો, ત્યાં એક જ ઋતુ આપે. પ્રાયઃ કરીને વસંત ઋતુ જ! પરમાત્માનું તેજ તેઓ જે ક્ષેત્રમાં છે, તેની rangeમાં જ સચવાય, અહીં નહીં. મહાવિદેહમાં નિરંતર તીર્થંકરો થાય જ છે, ત્યાં આર્હન્ત્યનો આખ્ખો પ્રવાહ નિરંતર ચાલ્યા જ કરે છે, ત્યાં એ પ્રવાહ ક્યારેય વિચ્છિન્ન થતો જ નથી, પરંતુ બધા જ તીર્થંકરોનું આર્હન્ત્ય એક જ સરખું હોવાના કારણે આર્હન્ત્ય તરીકે કોઈનું પણ આર્હન્ત્ય જૂદું ન ગણાય. મહાવિદેહમાંથી અહીં સુધીના જે ભૌતિક તેજસ તરંગો છે, એ સીધા જાય, પહાડ આવે એટલે તરંગો પાછાં ફરે.. અંદર ન આવી શકે! હું પહેલેથી જ કહું છું કે આ ભૌતિક છે. તે પુદ્ગલ પરમાણુઓની એક જાતની સંઘટના છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** તો સાહેબ, એ આગમમાં ક્યાંય કેમ ના આવ્યું?

**ઉત્તરઃ** સાહેબ, આ બધી વસ્તુઓ નિગમની છે. (સભાઃ હાસ્ય..)

**સભાઃ** સાહેબજી, 'નિગમ' એટલે?

**ઉત્તરઃ** જેમાં રહસ્યભૂત વાતો લખાયેલી હોય, તે નિગમ.

**સભાઃ** સાહેબજી, એના ગ્રંથો મળે?

**ઉત્તરઃ** હા. એના ગ્રંથો હોય, પણ અપ્રકાશ્ય હોય છે. આ તો ઠીક હવે ગુરુની આજ્ઞા છે, એટલે તમારી સામે આ બધી વાતો ખૂલ્લી કરું છું, નહીંતર આવી વાતો ખૂલ્લી કરવાની જ ન હોય.

**સભાઃ** તો પછી ભાવિ પેઢીને આ વાતો મળે કેવી રીતે? આપ જો નહીં આપો તો?

**ઉત્તરઃ** આપનાર પરમાત્મા છે, હું તો એ આપી રહ્યા છે, એની માત્ર ખબર જ આપું છું! આપનાર હું છું જ નહીં, તેથી વીતરાગ પ્રત્યે થોડાં કૃતજ્ઞ રહીએ.

'વીતરાગ' 'વીતરાગ' કહીને તમે પેલા રાગી દેવતાઓને મહત્વ ન આપો. 'તમારા ભગવાન કશું જ કરવાના નથી, આપે તો અધિષ્ઠાયક જ આપે' એ ભ્રામક માન્યતાઓ છે. એના કારણે જ પ્રાચીન મંદિરોમાં એક પણ દેવી-દેવતાઓ ન્હોતાં, અષ્ટ-પ્રાતિહાર્યયુકત માત્ર એક જ પ્રતિમા ત્યારે રખાતી. એને બદલે શેઠને ભૂલ્યાં, એટલે કેટલા બધા નોકર તમે ભેગાં કરી દીધા મંદિરોમાં? એમાં યે હવે તો હદ થઈ ગઈ છે. ભૈરવ એટલે સૌથી નિમ્ન કે નીચી કક્ષાના દેવ. ભૈરવ એટલે જે - તે ક્ષેત્રના તેઓ ચોકીદાર જ છે માત્ર!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબ, આપ આવું બોલશો, તો તેઓ હેરાન નહીં કરે?

**ઉત્તરઃ** અરે... એ સૌ દેવી-દેવતાઓ તો બહુ જ રાજી થશે કે આ લોકો અમારા નામે ભગવાનની આશાતના કરે છે. ચાલો કો'ક તો એમને ટોકે અને કો'ક તો એમને રોકે! (સભાઃ હાસ્ય..)

**સભાઃ** ભૈરવ દેવ એ સમ્યક્દ્રષ્ટિ દેવ છે?

**ઉત્તરઃ** નાકોડા ભૈરવને તમે શું માનો છો? ઘંટાકર્ણ દેવ સમ્યક્દ્રષ્ટિ દેવ છે. બધાએ ભંગીઓના દેવ તરીકે તેમને રોજ પીટી પીટીને 'મિથ્યાદ્રષ્ટિ દેવ' તરીકે જાહેર કર્યા, પણ બધું ગપ્પું છે!

'તીર્થકલ્પ'માં પ્રભુ મહાવીરના વિચ્છિન્ન તીર્થોની જે ગણતરી કરી, એમાં ઘંટાકર્ણ મહાવીરનું નામ લખ્યું જ છે. ઘંટાકર્ણ યક્ષના માથા ઉપર રહેલી ભગવાન મહાવીરની મૂર્તિને કારણે એનું નામ 'ઘંટાકર્ણ મહાવીર' પડ્યું છે! જેમ 'મૂછાળા મહાવીર', 'રાતા મહાવીર', એમ 'ઘંટાકર્ણ મહાવીર' પણ નામ જ છે.

'ॐ ह्रीं श्रीं घंटाकर्ण महावीरः, सर्व व्याधि-विनाशकः...'

એ સ્તોત્ર કાંઈ ઘંટાકર્ણ મહાવીરનું સ્તોત્ર નથી. હા, તેઓ એના અધિષ્ઠાતા દેવ છે, પણ સ્તોત્ર તો પ્રભુ મહાવીરનું જ છે. જેમ વિજળીથી ગાડીઓ દોડાવાય અને રોટલી પણ પકાવાય, એમ તીર્થંકરોની જે પરમ શક્તિ છે, તે બધા જ કાર્યો કરી આપે.

નાકોડાજીમાં એ રીતે જ છે. તળાવકાંઠે માત્ર એક મુંડ (મોઢું) હતું, જ્યાં ઘેંટા-બકરાં ચરતા. શ્રી હિમાચલસૂરિજી મહારાજે એ જોયું, તેથી સાધના કરી નાકોડા ભૈરવને બોલાવીને કહ્યું: 'તારી આ હાલત?' તેને સમજાવ્યો. છોડાવ્યું. ભગવાનનો ભક્ત બનાવ્યો અને કહ્યું: 'હું તને મંદિરમાં સ્થાન આપીશ.' પછી તળાવને કાંઠેથી મુંડ લઈ આવ્યા, નવું ધડ બનાવ્યું અને માથું ત્યાં ફીટ કરીને એની સ્થાપના કરી. નાકોડાનો આજે જે અદ્‌ભૂત મહિમા છે, એ નાકોડા ભૈરવ પોતે સમકિતી દેવ અને ગુરુને આશ્રિત થયેલો હોવાથી જ છે. એક સામાન્ય દેવ પણ વખત પડે, તો ઈન્દ્રને ય જીતી શકે, પણ એને બેક-સપોર્ટ કોનો છે, એના ઉપર અવલંબિત છે!

જુઓ કહું... ચમરેન્દ્ર દેવની તાકાત હતી ઉપર જવાની? એણે શું કર્યું? મહાવીરનું શરણું back-support લીધો ને? જીતી ન શકે પણ ઉપર પહોંચી શકયો. નહીં તો એ ત્યાં પહોંચી કે જઈ જ ના શકે!

**સભાઃ** સાહેબ, જે આઠ ભૈરવ બતાવ્યા છે, એ શું છે?

**ઉત્તરઃ** એ બધા ભૈરવ ખરાં. અરે, એ તો હજ્જારો છે. ભૈરવ એ particular કોઈ વ્યક્તિ નથી, એક પ્રજાતિનું નામ છે. ભૈરવ એટલે ક્ષેત્રપાળ જાતિના અસંખ્ય દેવો. જેટલાં ક્ષેત્ર, એટલાં ભૈરવ દેવો. જે નાકોડા ભૈરવ છે, તે નાકોડા ક્ષેત્રના ભૈરવ છે. જોધપુરથી ૮ કિ.મી. દૂર રાજસ્થાનના મંડોર ગામે ભૈરવ છે, તે મંડવરા ક્ષેત્રના ભૈરવ છે. એમ ક્ષેત્ર મુજબ અનેક ભૈરવ દેવો છે!

**સભાઃ** શ્રી સિદ્ધચક્ર યંત્ર, તે આર્હન્ત્યની શક્તિ કહી શકાય?

**ઉત્તરઃ** તે પ્રભુની આર્હન્ત્ય શક્તિ સાથે સંપર્ક કરવાનું સાધન છે.

**સભાઃ** સાહેબજી, એમાં શા માટે દેવ-દેવીઓનો નિવાસ છે? આપણે એમનું પૂજન તો કરીએ જ છીએ ને?

**ઉત્તરઃ** તેમાં રહેલ દેવ-દેવીઓનું પૂજન નહીં, આપણે માત્ર બહુમાન કરીએ છીએ. આપણે કહીએ છીએ કેઃ 'અમારે ત્યાં આવો-પધારો' અને તેઓ આવે, એટલે બહુમાન તો કરવું પડે ને? તમે એમની પાસેથી કાંઈ માંગવા માટે બહુમાન નથી કરતાં. તમે જે પ્રભુભક્તિ શરૂ કરી છે, એમાં અદ્રશ્ય જગતમાંથી કોઈ જાતનો ઉપદ્રવ ન થાય, એના માટે જ દેવતાઓનું આહ્વાન કરીએ છીએ.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** દેવતાઓનું બહુમાન અને દેવતાઓનું પૂજન, એ બે જૂદાં કહેવાય?

**ઉત્તરઃ** પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરો, એ પૂજન અને દેવ આવે, ત્યારે જે ગમતાં ફળ - નૈવેદ્ય ધરો, તે ઔચિત્યભર્યું બહુમાન છે.

**સભાઃ** કાલે તો આપે કહ્યું હતુ કેઃ વીતરાગ પાસે માંગણીયાં થઈ ન જવું, તો પછી જાય ક્યાં? ભૈરવ પાસે જ જવું પડે ને? (સભાઃ હાસ્ય..)

**ઉત્તરઃ** પણ માંગવાની જરૂરત જ શી?

**સભાઃ** સાહેબ, આજે ઘરે ઘરે તકલીફ છે - અશાતા છે!

**ઉત્તરઃ** પણ સાથે બધી જ તકલીફો દૂર કરનાર પ્રભુ તો છે જ!

**સભાઃ** સાહેબજી, પણ ત્યાં તો માંગણીયા થઈને જવાનું નથી!

**ઉત્તરઃ** માંગણીયા થઈને નહીં જવાનું. બેંકમાં લોન લેવી હોય, તો ક્રેડિટ લઈને જવું પડે ને? એમ ભગવાન પાસે ક્રેડિટ લઈને જવાનું. (સભાઃ વાહ!)

**સભાઃ** Mortgageમાં શું મૂકવાનું?

**ઉત્તરઃ** Mortgageમાં કાંઈ મૂકવું ના પડે! એક ભાઈને ભયંકર તકલીફ હતી, ત્રાસી ગયા હતાં. કોઈનાથી યે ઠેકાણું પડતું જ ન હતું. પછી તે મને ભટકાયો. કહેઃ 'શું કરું?' તો મેં કહ્યુંઃ 'મારા ભગવાન કરે.' તો તેણે પૂછ્યું કેઃ 'કઈ રીતે?' મેં કહ્યુંઃ 'મારા ભગવાન છે ને, એ કૃપણ કે કંજૂસ સાથે વ્યવહાર નથી કરતાં.

તેં ભગવાન સાથે દુનિયાના કોઈપણ સજ્જન જેવો યે વ્યવહાર કર્યો? તું ભગવાનને પહેલાં નૈવેદ્ય ધર અને પછી પ્રભુને કહેઃ પ્રભુ! અશાતા વેદનીય અંતરાયોને દૂર કરો. મારા તે કર્મોને દૂર કરો. દર અઠવાડીયે એ રીતે જ કરતો રહેજે.' એણે એ રીતે જ કર્યું. આઠ મહિનામાં એ આખ્ખો યે ઉપદ્રવ એને અનુકૂળ થઈ ગયો અને એ માણસ કરોડપતિ થઈ ગયો! પ્રભુ છે ને.. વિઘ્નો યા અંતરાયોને કાઢે નહીં, ઉપદ્રવોને સહાયક સંજોગોમાં બદલી નાંખે! ગુંડાને જીતી જ લેવાનો, કાઢવા જાવ તો તો માર ખાવ! તેની બદલે પ્રેમથી જીતી લો. એ જ પછી તમોને સહાયક બની જાય. મારાં પ્રભુ આ જ કરાવે!

**સભાઃ** અહીંયા પણ કોઈ અરિહંતનો જીવ તો હશે ને?

**ઉત્તરઃ** તમારે એમાં પડવું છે? (સભાઃ હાસ્ય...) અહીંયા જે છે, એમાંથી જે નિઃસ્વાર્થ ભાવે કોઈપણ જીવની સહાય કરતો હોય, એ અરિહંતનો જીવ માનવો. ઓળખીતો.. માટે સહાય કરે, એમ નહીં! ધારો કે ગધેડો લઈને કોઈ માણસ રસ્તે ચાલતો હોય અને જો તે જીવ પીડાતો હોય, તો એને ય નવકાર સંભળાવવા બેસી જાય, તે બધા અરિહંતના જીવો જ માનવા! કોઈનું દુઃખ જોયું નથી કે એ દૂર કરવા બેઠાં નથી!

શાંતિસ્નાત્ર જેવા સાવદ્ય પૂજનો ગુરુની આજ્ઞાથી થાય, તો મોક્ષનું કારણ અને નિરવદ્ય પણ અનુષ્ઠાન ગુરુની આજ્ઞાપૂર્વક જો ના હોય, તો સંસારનું જ કારણ બને! આપણે જ્યારે પણ સાવદ્ય અનુષ્ઠાન કરવું હોય ને, ત્યારે સૌ પ્રથમ તો તે ગુરુની આજ્ઞાથી જ કરાય. એ તમે બધા સૌ પ્રથમ યાદ રાખી લો.

**સભાઃ** સાવદ્ય અનુષ્ઠાનમાં યે ગુરુની આજ્ઞા હોય?

**ઉત્તરઃ** એ તો હવે શ્રી મુનિચંદ્રજી મહારાજને પૂછવું પડે કેઃ 'તમે શ્રીપાળ મહારાજાને સિદ્ધચક્ર યંત્ર કેમ બતાડ્યું?' (સભાઃ હાસ્ય..) પૂછવું.. જો ફોન લાગે તો! (સભાઃ ખડખડાટ હાસ્ય..)

**સભાઃ** પ્રભુને નૈવેદ્ય ધરાવીને માંગવાની વાત તો આવી ને? કાલે તો આપે જ ના પાડી હતી કે માંગણીયા થઈને નહીં જવાનું!

**ઉત્તરઃ** એ પ્રભુ પાસે નૈવેદ્ય મૂકીને માંગતો નથી, પ્રાર્થના કરે છે. ઉઘરાણી કરવી, એને જ કહેવાય 'માંગવું', પણ એ તો માત્ર પ્રાર્થના કરે છેઃ 'હે પ્રભુ! તમારા પ્રભાવે મારા કર્મનો ક્ષય થાઓ.' એક વાત ખ્યાલમાં રાખો કે ભગવાન પાસે દુઃખક્ષય અને કર્મક્ષય માંગવાની ના નથી જ! દુઃખના કારણભૂત તો કર્મ જ છે. પ્રભુ પાસે કર્મક્ષય માંગવાની ના નથી પાડી. ઉપદ્રવ હોય, તો રાજાની પાસે જઈ રાવ કરવાની જ હોય! રાજા થયાં તો એની હવે ફરજ જ છે ઉપદ્રવને દૂર કરવાની અને ભૂખે મરતાં હો, તો તે જમાડે જ!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** કાલે આપ બોલ્યા, ત્યારે જ ખુલાસો કરી દેવો જોઈએ ને કે આટલું કરી શકાય અને આટલું ના કરી શકાય! (સભાઃ હાસ્ય...)

**ઉત્તરઃ** બધા જ સાવદ્ય કર્મ ગુર્વાજ્ઞા-દત્ત છે, એટલું યાદ રાખજો. જેમ મોટી કંપનીઓ એજન્ટ સિવાય કોઈને માલ ના આપે, એ રીતે જો ગુરુ વચ્ચે ન હોય, તો પ્રભુ જરાયે હાલે નહીં, કેમકે પ્રભુના નિર્વાણ પછી કંપનીના director ગુરુ છે. (વાહ...)

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** પણ સાહેબ, આ બિચારા લોકો ગુરુ શોધવા ક્યાં જાય?

**ઉત્તરઃ** શિષ્યત્વ પકવો એટલે ગુરુ એની મેળે આવી જ જાય! (સભાઃ વાહ!) જ્યારે જેનું શિષ્યત્વ પાકેલું હોય, ત્યારે તેને ગુરુ મળે જ, પણ જેને વિકલ્પો હોય, જે ચિકિત્સક અને પરીક્ષક હોય, એને સાત ભવે ય ગુરુ ના મળે! એટલે જ કહું છુંઃ ગુરુ ગોત્યે ન જડે, ગુરુ પોતે જ શિષ્યને ગોતતાં હોય છે. તમે તેને ઓળખો જ શી રીતે? ગુરુ જ તમને ઓળખી શકે! વિદ્યાર્થીને માસ્તર ઓળખી શકે, વિદ્યાર્થી માસ્તરને ઓળખી શકે? ના.

**સભાઃ** પણ આપણા શાસ્ત્રમાં તો કહ્યું છે ને કેઃ 'સતત ૧૨ વર્ષ સુધી ગુરુને શોધવા.'

**ઉત્તરઃ** 'સાધુએ આલોચના લેવી હોય, ત્યારે એવા ગુરુ શોધવા.' એમ પાછું એ શાસ્ત્રોક્તિમાં ઉમેરો.. નહીં તો આ સૌ ભટકી જશે. (સભાઃ હાસ્ય..)

**સભાઃ** અત્યાર સુધી બધા પાસે એવું જ સાંભળ્યું છે.

**ઉત્તરઃ** હવે કોઈ અધુરું સમજાવે, એમાં હું શું કરું? (સભાઃ હાસ્ય...) એમાં મારો તો કોઈ વાંક નથી ને?

કોઈપણ સાધુ આવે, એટલે ત્રણ દહાડાં પહેલાં પરિચય કરવો અને પછી વંદન કરવું, પણ એ નિયમ તમારા શ્રાવકો માટે નથી હં.., અમારા સાધુઓ માટે છે. એક જ મોટા ગચ્છના ઘણાં સાધુઓ હોય, પછી અડધા સાધુઓ બહુ દૂર દેશમાં કે પરદેશ ગયા હોય અને ધારો કે ૧૨-૧૫ વર્ષે પાછાં આવ્યા, તો આચારમાં કદાચ કાંઈક બદલી ગયા હોય, પ્રરૂપણામાં બદલાઈ ગયા હોય અને આવતાવેંત જ જો ભેગાં રહે, તો એમની ક્રિયા પોતાનાથી ભિન્ન જોઈને મુગ્ધ શિષ્યો વિપર્યાસ પામે!

એટલે પહેલાં ચેક કરી લેવાનું. એક વાત ધ્યાનમાં રાખજોઃ બધી જ શાળામાંથી મેટ્રિક થવાય, પણ આપણે પકડાય માત્ર એક જ શાળા.. બધી નહીં. બધા લાડવા ખવાય, પણ એનો અર્થ એવો નથી કે બધા જ ખાવા! એમાંથી ગમ્મે તે એક જ ખવાય. એમ બધા જ ગુરુ છે, પરંતુ પકડવા તો એક જ પડે ને?

એક મકાનમાં જવા માટે ધારો કે ચાર રસ્તા હોય, તો તમે શું ચારે રસ્તે હેંડશો? (સભાઃ હાસ્ય..) તમારી પાસે ચાર સાયકલ હોય, તો શું ચારે ઉપર ટાંટિયા રાખીને ચલાવશો? કોલેજ એક જ હોય, તો જ ગ્રેજ્યુએટ થવાય ને? એટલે અપરિણત મુનિઓ વ્યામોહ ના પામે, એમાં જે નિયમ કર્યા, એ ચેક કરી લે કે..

ના ભાઈ, આપણી અને એમની બધી કાર્ય-પદ્ધતિઓ એકસરખી જ છે, પછી જ ભેગાં થઈને વંદન કરે. ...પણ વાણિયાને કયાં એવું કાંઈ કરવાનું છે? સામાચારી ભેદો હોય, એનાથી કાંઈ સાધુત્વમાં ભેદ નથી થતો! સિદ્ધાંત એક જ હોય, સામાચારી અનેક હોય! પણ આ બધી વાતોને ઈશ્યુ બનાવીને એટલા માટે ગરબડ કરવામાં આવે છે કે આપણી સાધુઓની પેઢી ધીકતી ચાલે અને આપણા પકડેલા શ્રાવકો ભાગી ના જાય!

'જતો નહીં કયાંય, સત્ય અહીં જ છે.' આ જ વાત વ્યાપક રીતે થાય ને, તો સમભાવી એવા કોઈપણ દર્શનની સાધના મોક્ષમાં લઈ જ જાય! 'અસંખ્ય યોગ જિનવર કહ્યા..!' બીજા યોગને ખોટા કહ્યા વિના ગમે તે યોગ ઉપર ચાલો, તો તમારો મોક્ષ થાય, પણ 'તમે ચાલ્યા એ જ યોગ અને બીજા બધા અયોગ', એવું ગાંડપણ પણ ના કરાય. તમે ખાવ, એ જ લાડુ કહેવાય અને બાકીનું બધું ચુરમું, એમ? એવું નહીં કરવાનું.

**સભાઃ** જે આવું કહેતાં હોય, એની ભેગું પછી રહેવાય ખરું?

**ઉત્તરઃ** જેને સમજીને ચાલતાં આવડતું હોય, એણે કોઈનો અંગૂઠો પકડવો નહીં.

**સભાઃ** જેને નથી આવડતું, એ જ તો બધા બેઠાં છે અહીંયા!

**ઉત્તરઃ** આપણે જુઓ, બધી agenda બહારની વાતો જ ચાલે છે. (સભાઃ ખડખડાટ હાસ્ય...) સંવત્ ૨૦૪૪ના સંમેલનમાં એ ફિક્સ જ હતું કે અમુક અને આટલી જ વાત ઉપર સૌએ ચર્ચા કરવાની છે અને એમાં પહેલી જ શરત એ હતી કે તિથિની વાત કોઈએ કરવી નહીં. એ શરત ઉપર જ એ સંમેલન શરૂ થયું. હું પણ એમાં હાજર હતો અને જેમણે એ શરત મૂકી હતી કે તિથિની વાત ન કરવી, તેમણે જ જ્યારે એ વાત કાઢી, કે તરત જ હું ઉભો થઈ ગયો અને હાથ જોડીને કહ્યું કેઃ 'શરતનો ભંગ થયો છે, તો agenda બહારની વાત થઈ ગઈ, એટલે હું જાઉં છું. હું હવે નહીં બેસું.'

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** હવે આપ બેસો અને અમોને આર્હન્ત્યની વાત કરો. (સભાઃ ખડખડાટ હાસ્ય...)

**ઉત્તરઃ** તમને ડર લાગ્યો કે હું ભાગી જઈશ? અરે.. હું તો અહીં જ બેસીશ, તમે જ નાસી જશો! તો વાત એટલી જ છે કે પ્રભુએ જે શક્તિ માંગી, એ તીર્થંકર નામકર્મ રૂપે મળી.

**સભાઃ** સાહેબજી, પ્રભુના નિર્વાણ પછી એ શક્તિ દ્રવ્ય રૂપે નિર્જરી ગઈ, તો નિર્વાણ પછી એ કયા સ્વરૂપે કામ કરે?

**ઉત્તરઃ** લે! કહ્યું તો ખરું એ માંગણીમાંથી મળેલું કર્મ પછી તો શકિત સ્વરૂપે બની જાય છે ને? ભગવાન વિપાકથી શું કરે છે? દેશના આપે છે.

**સભાઃ** સાહેબ, 'શકિત' એટલે શું સમજવાનું?

**ઉત્તરઃ** તીર્થ છે ને એટલે પરમાત્માની દેશના જ શકિતરૂપે છે, પણ એ શકિત સાધુ પાસે છે, તેથી સાધુ જ 'તીર્થ' બની જાય છે. જે શકિત તારનારી હોય, તેનું જ નામ 'તીર્થ'! એ શકિત પ્રભુના શબ્દમાં અને પ્રભુના મુખ્ય શિષ્યમાં અવતરિત થાય. મુખ્ય શિષ્યમાં જ જો તે રહે, તો પરંપરા ન ચાલે, એટલે જ શબ્દમાં અવતરિત થઈ. શબ્દ જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી મારાં પ્રભુની શકિત એની સાથે સંલગ્ન રહેશે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સાહેબજી, એ શબ્દ આગમમાં જ રહેશે?

**ઉત્તરઃ** એક શબ્દ આગમમાં છે દ્રવ્યથી અને તમારા ઉપયોગમાં જયારે એ હોય, ત્યારે ભાવથી આગમમાં રહેશે. એટલે ભાવથી જે શબ્દ છે, એ જ કામ કરે, દ્રવ્ય શબ્દ કામ ન કરે. (સભાઃવાહ!)

**સભાઃ** શબ્દને પુદ્ગલ રૂપે નહીં લેવાનો?

**ઉત્તરઃ** પહેલાં એ કહો કેઃ શબ્દ પુદ્ગલ છે કે અપુદ્ગલ?

**સભાઃ** પુદ્ગલ. પણ... તો પછી તૈજસવર્ગણા અને શબ્દવર્ગણા તો વિઘટિત થઈ ગયા!

**ઉત્તરઃ** એના સમયે જ એ વિઘટિત થાય. એ ગેરંટી આપે છે કે અમુક સમય સુધી તો બગડશે જ નહીં. બધું તરત જ વિઘટિત થાય, એવું કાંઈ જરૂરી નથી. મોટા મોટા પહાડો લાખ્ખો વર્ષો સુધી વિઘટિત નથી જ થતાં ને?

**સભાઃ** આર્હન્ત્યને આત્મિક લબ્ધિ ના માની શકાય? જેમ ૪૮ લબ્ધિઓ આત્મિક છે, એમ?

**ઉત્તરઃ** પૌદ્‌ગલિક પ્રયોગોથી ભૌતિક લબ્ધિઓ પ્રગટ થાય છે.

**સભાઃ** સાહેબ, એ વ્યક્તિ માટે હશે, પણ બાકી બીજા માટે?

**ઉત્તરઃ** જુઓ સમજાવુંઃ લબ્ધિ પ્રગટ થઈ ખેલોસહી.. જે છે બીજાના રોગનિવારણ કરવાની આત્મશક્તિ! એ માત્ર એમના ગળફામાં જ આવે, બીજે નહીં! એનો ગળફો લઈને જે હાથના કાંડામાં લગાડે, એના બધા જ રોગો મટી જાય.

હવે એ પુદ્‌ગલ જ છે અને રોગ પણ પુદ્‌ગલ છે. એટલે એમની પેલી શક્તિથી પ્રભાવિત પુદ્‌ગલ પેલા રોગનો નાશ કરે છે, જેમ હોમિયોપથીની દવા! એક રીતે તે સાકરની ગોળીઓ જ છે ને? પણ બીજી જે દવા છે, એનાથી એ સાકરની ગોળીઓ પ્રભાવિત છે, માટે એ કામ કરે છે, દવા ઉડી જાય પણ પ્રભાવી છે, એટલે કામ કરે છે ને? બસ, એવી રીતે.

**સભાઃ** જેમ મનુષ્ય અને એનો ગુણ મનુષ્યત્વ છે, એમ અરિહંત અને એનો ગુણ આર્હન્ત્ય છે, તે પુદ્‌ગલ રુપે હોય કે આત્મિક શક્તિ રુપે?

**ઉત્તરઃ** પ્રભુ સિદ્ધ થયાં પછી તે શક્તિ હોય. પુદ્‌ગલો બે જાતના હોયઃ પુદ્‌ગલજન્ય અને આત્મજન્ય. તો એ શક્તિ પુદ્‌ગલજન્ય છે, પણ આત્મજન્ય નથી. પુણ્ય પણ પુદ્‌ગલ જ છે ને? અને આર્હન્ત્ય પણ પુણ્યથી જ ઉત્પન્ન થયેલું છે ને?

**સભાઃ** આર્હન્ત્યનું પ્રણિધાન પુદ્‌ગલજન્ય રીતે કરવાનું?

**ઉત્તરઃ** શક્તિના જે તરંગો સમગ્ર વિશ્વવ્યાપ્ત છે, એને આપણે ખેંચીએ છીએ, એને જ grasp કરવાના. એ આપણું કામ કરે છે. આત્મા કર્મને હટાવી ન શકે, પુદ્‌ગલ જ પુદ્‌ગલને હટાવે.

**સભાઃ** શક્તિના તરંગો કેવી રીતે grasp કરવાના? પુદ્‌ગલો કેવી રીતે ગ્રહણ કરવાના?

**ઉત્તરઃ** મૂર્તિના ધ્યાન અને નામજપ દ્વારા પુદ્‌ગલો ગ્રહણ કરવાના. પણ એક જ વાતઃ તદુપયોગવાન થવું અને તે કરતી વખતે માત્ર તે જ તમારી સામે હોવા જોઈએ. જો બીજો કોઈ વિકલ્પ આવ્યો, તો તે વિકલ્પ રૂપે પેલું પલટાઈ જશે.

આખું જિનાલય છે, એ પ્રભુની પરમ શક્તિ સાથે સંપર્ક કરવા માટે જ છે. એ શક્તિ સમગ્ર આકાશમાં વ્યાપ્ત છે, પણ તમારે એને ગ્રહણ કરવી હોય, તો એને પહેલાં પ્રગટ કરવી પડે. જેમ અદ્રશ્ય ધ્વનિનાં તરંગોને ટી.વી. દ્વારા પકડો છો, મંદિર એવો જ એક ટી.વી. સેટ છે. જ્યાં ગણિત હોય, ત્યાં ભૌતિક વિજ્ઞાન પણ હોય જ. જ્યાં એ ભૌમિતિક રચના છે ને કે ઉપરથી શક્તિ નીચે ઉતરે જ! દ્રવ્ય દ્વારા દ્રશ્યને ખેંચાય. ભગવાન ઈન્દ્રિયાતીત છે, પણ નામ દ્વારા આપણે એમને ખેંચી શકીએ છીએ.

**સભાઃ** સાહેબજી, બધી જ મૂર્તિ અને નામ - ઉર્જાવંત જ હોય?

**ઉત્તરઃ** મૂર્તિઓ બે પ્રકારની હોયઃ એક સ્વયંભૂ ઉર્જાવંત અને બીજી ગુરુએ ચાર્જ કરેલી. હવે ગુરુ કઈ રીતે ચાર્જ કરે? એક વાત બહુ સ્પષ્ટ છે કેઃ પ્રભુના નિર્વાણ પછી પ્રભુનું તૈજસ શરીર સીધું જ પ્રથમ ગણધરમાં સમાહિત થઈ જાય છે અને પછી પ્રથમ ગણધર દ્વારા તેના બધા જ શિષ્યોમાં સમાહિત થાય છે.

**સભાઃ** એટલે પ્રથમ ગણધર પાસે બે તૈજસ શરીર આવશે?

**ઉત્તરઃ** હોઈ શકે. વળગાડમાં ના હોય? (સભાઃ હાસ્ય...)

**સભાઃ** સાહેબજી, જો પ્રથમ ગણધર તીર્થંકરની પહેલાં જ નિર્વાણ પામી ગયા હોય, તો શું થાય?

**ઉત્તરઃ** આમાં પ્રથમ ગણધરનો પ્રશ્ન જ નથી. એ તૈજસ શરીર સુધર્માસ્વામીમાં જ આવે, છદ્મસ્થમાં જ આવે. સર્વજ્ઞ ક્યારેય મિડિયા ન બની શકે. સર્વજ્ઞના બધા જ દ્વારો બંધ છે - એને તો પૂર્ણ રીતે સંવર જ છે.

**સભાઃ** આપે કહેલું કે એ શક્તિ ઈથરમાં સમાઈ જાય, તો એ શિષ્યમાં જાય કે ઈથરમાં જાય?

**ઉત્તરઃ** આપણે એ શક્તિ ઉપર અવકાશમાંથી ખેંચવાની છે.

**સભાઃ** પણ એ જશે ક્યાં? શિષ્યમાં કે આકાશમાં?

**ઉત્તરઃ** પ્રભુનો શબ્દ આખા ચે વિશ્વમાં વ્યાપ્ત છે. હવે તૈજસ મુખ્ય પટ્ટધરમાં - એમાં પણ જે યુગપ્રધાન હોય, એના શરીરમાં જ રહે, પરંતુ ત્યાં રહ્યું રહ્યું તે બધા જ શિષ્યોમાં, બધા જ ઉપાસકોમાં અને બધી જ મૂર્તિઓમાં કોન્ટેકટ કરી શકે. પ્રાણની પ્રતિષ્ઠા એટલે બીજું કાંઈ નથી પણ પ્રભુનાં તૈજસ શરીરનો સંપર્ક જ છે!!

**સભાઃ** સાહેબજી, અત્યારે એ શકિત કોનામાં હશે?

**ઉત્તરઃ** અત્યારે એ શકિત કયાંય પણ યુગપ્રધાન આચાર્યમાં હશે. આખા ભરતક્ષેત્રમાં તેઓ ગમે ત્યાં હોય, ત્યાં એ શકિત હશે! એને કોઈ રોકી ન શકે. તમે જેવી ઉપાસના કરો કે સીધો જ એ શકિતનો કરંટ આવે!

**સભાઃ** સાહેબજી, શ્રી વજ્રસ્વામી સિવાય બીજાનો એમાં ઉલ્લેખ કેમ ન કર્યો? શ્રી વજ્રસ્વામીનો જ ઉલ્લેખ કેમ છે?

**ઉત્તરઃ** તેઓ યુગપ્રધાન આચાર્ય હતાં, તે માટે.

**સભાઃ** બીજા યુગપ્રધાનો પણ પહેલા થયેલાં જ છે ને?

**ઉત્તરઃ** ન કરે ગુરુ! આમાં આપણા જેવાને ખબર પડે, એટલા માટે જ શાસ્ત્રકારોએ ઈશારો મૂકી દીધો. નહીંતર આ ખબર આપવાનો રિવાજ જ નથી! ગુપ્ત એવી પરમ શકિતઓને કોઈએ કયારેય પણ પ્રગટ ના કરાય.

**સભાઃ** એ પરમ શકિત અત્યારે પણ હોઈ શકે ને?

**ઉત્તરઃ** આપણે સૌ સાધુઓ, પ્રભુના સ્પર્શ વિના પરમેષ્ઠિ ના હોઈ શકીએ. હવે બધું છોડો! 'નમો અરિહંતાણં' પદ દ્વારા ગમે ત્યાં રહેલી એ પરમ શક્તિનું આવવાનું થાય છે. નવકાર એ આર્હન્ત્યનો મંત્ર છે, પરમ શક્તિને ખેંચવાનો મંત્ર છે, કેમકે તમે 'નમઃ' વડે એવો સ્વીકાર કરો છો કેઃ 'I am nothing !'

તમે ખાલી છો, તો જ પ્રભુ આવે! ભગવાન એવા લુંટારા નથી કે ઝાપટ મારીને તમને ખસેડીને પોતે બેસી જાય! તમે રજા આપો, તો જ તમારા ઘરે આવે! એટલે જ આપણે કરગરીએ છીએ ને કેઃ 'પ્રભુ! મારા મનમંદિરે આવો ને..!' એ કર્તૃત્વ આપણું. એકવાર પ્રભુ પધારી ગયા પછી પ્રભુનું કર્તૃત્વ! પછી તમારું કર્તૃત્વ ગયું!

**શક્તિરૂપે આર્હન્ત્ય સર્વત્ર છે, જ્ઞાન દ્વારા એને પકડવાના છે.**

જેમ શક્તિ અને તરંગ રૂપે શબ્દ અને દવનિ બધે જ છે, પણ તે ટી.વી. અથવા મોબાઈલ દ્વારા જ પકડાય, એ જ રીતે આનું પણ માધ્યમ છે, પરંતુ આમાં સમજી લો કે આની એક એક ચોકી, એક એક વસ્તુ જે છે, એ આખું ગણિત જ છે.

આજે વૈજ્ઞાનિકો એવું માને છે કેઃ આકૃતિઓમાં પણ એવી તાકાત છે કે અદ્રશ્ય તરંગોને તે ખેંચી શકે છે! અચ્છા, અસંખ્ય પ્રકારના વિદ્યુત્ તરંગો આકાશમાં વહે છે, કર્મના પણ તરંગો જ છે. દયાન રાખજો એટલે જ એ આટલા બધા (તાળી પાડીને..) રહી શકે છે! જો એ ઠોસ હોત, તો અનંત અનંત કર્મવર્ગણા એક જ જગ્યાએ ના રહી શકે અને એની પણ supply થતી હોય છે.

ક્રોધ તમને ત્યારે જ આવે, જ્યારે તમારી ક્રોધની સ્વીચ ઑન હોય અને એના તરંગો પકડવાની તમારી તૈયારી હોય. નહીં તો તમને ક્રોધ ના આવે! અને કોઈવાર જો સ્વીચ બંધ હોય ને, તો ઘણી મોટી વાત હોય ને, તો પણ તે ઉપરથી જાય, કેમકે ત્યારે ક્રોધના તરંગો આવેલા નથી હોતાં.

'ઉપમિતિ'માં એક વાત આવે છેઃ પેલો એક છોકરો છે ને.. બાલ મનીષીને... ત્રણ છે ને? એમાં એના ગુરુ મહારાજ આવે છે. જ્યારે ગુરુ મહારાજ વર્ણન કરે છે, ત્યારે બાલકના શરીરમાંથી એક કાળી છાયા બહાર નીકળે છે અને જઈને બેસે છે, ત્યારે પ્રભુ કહે છે કેઃ 'આને કારણે જ આ બધું થાય છે. એ જો ના હોય, તો કશું ન થાય.' બસ! એ જ આ ક્રોધના તરંગો!

કષાયના તથા કામના તરંગો! બે જ છે ને? રાગ ને દ્વેષ! એ બેનાં તરંગો તમારી ઑરાના પડદા ઉપર આવે, તો તે જે નીલ હતો, એમાં બધા પ્રસંગો ઉભા થઈ જાય. નીલ એટલે રિક્તને તમે સ્વીચ બંધ કરો, સંવર કરો કે એ તરંગો આવતાં બંધ!

**સભાઃ** કર્મના તરંગો તો સાહેબ, લાગેલા છે કે વળગેલા છે?

**ઉત્તરઃ** એક વાત ધ્યાનમાં રાખોઃ આ તરંગો સિદ્ધ પાસે પણ છે જ, પણ તેઓ પાસે ગ્રાહકતા ન હોવાથી એમને નથી નડતાં.

**સભાઃ** એ તો કર્મબંધની વાત થઈ, આ ક્રોધના ઉદયની વાત છે.

**ઉત્તરઃ** ઉદય આવે, એટલે એનો અર્થ એ જ કે તમે એના તરંગો લેવા માટે તૈયાર થયાં!

**સભાઃ** સાહેબ, પણ એ તો સત્તામાં બાંધેલા પડેલા જ છે ને?

**ઉત્તરઃ** હા.. તો છો ને પડેલા! બાંધેલા પડ્યાં છે, એનો અર્થ એ જ કે તમારામાં એવી યોગ્યતા છે કે તમે ક્રોધના તરંગોને પકડી શકો! પકડવાનું બધું બહારથી જ છે! દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ અને ભવને આશ્રયીને જ તમારા બધા કર્મો આવે અને જાય. તે કાંઈ સીધે-સીધા ચાલ્યા ના આવે!

**સભાઃ** સાહેબજી, આપ અરિહંત પરમાત્માના તરંગોની વાત કરો છો, પરંતુ એ તરંગો આપણાથી કઈ રીતે ખેંચાય? એના તંત્ર - મંત્ર શું? એને ખેંચવા કઈ રીતે?

**ઉત્તરઃ** તંત્ર તો તમારું પોતાનું શરીર ને મંત્ર એટલે પ્રભુનું નામ.

**સભાઃ** જો પુણ્યથી જ કામ થતું હોય, તો પછી તૈજસ શરીર માંગવાની શું જરૂર છે?

**ઉત્તરઃ** તૈજસ શરીર જ પુણ્યરૂપ છે. પુણ્યપરિપાક વિના કાર્ય થાય? ના. તૈજસ શક્તિ તમારા પુણ્યને પરિપક્વ કરે છે, પરિપાકમાં નિમિત્ત બને છે. તો કાર્મણ શરીરમાંથી બાહ્ય બાદર શરીરમાં તૈજસ શક્તિ દ્વારા બધું પાકીને જ આવે છે ને? એમ ને એમ થોડું આવે છે?

**સભાઃ** પણ સાહેબજી, એ તો એનું પોતાનું જ તૈજસ છે!

**ઉત્તરઃ** તે પોતાનું તૈજસ આ જ કામ કરે ને? અને પ્રભુની તૈજસ શક્તિ એનાથી છોડાવવાનું કાર્ય કરે.

પ્રભુની તૈજસ શક્તિ જાણે ઍન્ટીવાયરસ છે. (સભાઃ હાસ્ય...) તમારું શરીર વાયરસ અને પ્રભુનું શરીર ઍન્ટીવાયરસ છે. શરીર બે એક જ છે અને તમે જાણો જ છો ને કે જે રોગ હોય, એ જ રોગ વાછરડાંને કરાવી પછી એની રસી આવે, એ ઍન્ટી થઈ જાય! ઍન્ટી-બૉડીઝ ઉત્પન્ન થઈ જાય. અશુભ કર્મની સામે તીર્થંકર નામકર્મ રૂપી પરમ શુભ કર્મ!

**સભાઃ** સાહેબજી, સ્વયંભૂ ઉર્જાવંત પ્રતિમા કેવી હોય?

**ઉત્તરઃ** આ તરંગો બધે જ છે, તે તો નક્કી જ છે ને? ધરતીમાં જ ક્યાંક ક્યાંક એવું magnetic field રચાઈ જાય કે એમાં સીધા જ તીર્થંકરના એ તૈજસ પુદ્ગલો ખેંચાય અને એમની મૂર્તિ બની જાય. પણ એ કેવી હોય? ડોળ જેવી. તેને આંખ-કાન-નાક ન હોય.

**સભાઃ** સાહેબજી, શાશ્વત પ્રતિમામાં પણ આમ હોય?

**ઉત્તરઃ** એ આખ્ખો જ એક અલગ પ્રશ્ન છે. એમાં આ અનુસારે કાંઈ લેવા - દેવા જ નથી! આ બધી લેવા - દેવા માત્ર અહીંની પ્રતિમાઓ સાથે જ છે, જેનું આલંબન તમે લો છો! શાશ્વત પ્રતિમાઓ સિદ્ધાયતન છે, અર્હદાયતન નથી.

**સભાઃ** પ્રભુ પાસે અચિંત્ય શક્તિ છે. અરે, પ્રભુ સ્વયં અચિંત્ય શક્તિ છે! એ આનંદનું સ્મરણ આપણામાં પદાર્પણ થાય છે, તો પછી પ્રભુસ્મરણના સમયે વિષયો શાંત થઈ જાય છે અને થોડાં સમય પછીથી એ વિષયો વળી ફરીથી કેમ જાગૃત થાય છે? પ્રભુના તરંગો કાયમ માટે કેમ આપણામાં રહી નથી જતાં?

**ઉત્તરઃ** પ્રભુ પોતે તો કશું જ કરતાં નથી, એ વાત યાદ જ રાખો! મશીનગન તમારી પાસે છે. તમે વાપરો તો કામ લાગે, ન વાપરો તો એ કામ ન લાગે! એ માત્ર સુરક્ષિત રહેવાનું એક સાધન છે, પણ તમારે જ એ વાપરવું પડે. પહેલાં જ મેં કહ્યું છે કેઃ પરમાત્મા વીતરાગ છે અને અકર્તા છે. પ્રભુની શક્તિ જ કર્તા છે, પણ પ્રભુ એ કરણ છે. કર્તા તો તમે પોતે જ છો. સિદ્ધશીલા અર્થાત્ સિદ્ધ પરમાત્માનું એ વિશિષ્ટ સ્થાન આપણી બુદ્ધિથી પરે છે.

**સભાઃ** એ શક્તિ અચિંત્ય છે, એ કેવી રીતે ઘટે? જો હું કર્તા છું, તો એ અચિંત્ય શક્તિ પ્રભુની કેવી રીતે ઘટે?

**ઉત્તરઃ** રોટલી કોણ ખાય છે? બોલો, તમે જ ખાવ છો ને? પછી તેનાથી જે શક્તિ આવે, તે મૂળે રોટલીની કે તમારી? રોટલીની. (સભાઃ વાહ!) ચશ્મા તમે જ પહેરો છો, પણ તમને ચોખ્ખું દેખાડે છે, એ ચશ્મા કે તારી આંખ? ચશ્મા. આંખ તો હતી જ, પણ ન્હોતું દેખાતું. ચશ્માએ દેખાતું કર્યું. એમાં ચશ્માનું કર્તૃત્વ ખરું? ઔષધમાં પણ કોઈ કર્તૃત્વ નથી હોતું, પણ તમે જો લો, તો તમારો રોગ એ જરુરથી દૂર કરે. બસ! એમ પ્રભુ કર્તા નથી.

કર્તા તો આપણે જ છીએ! દવા આપણે ખાવી પડે. દવા પોતે કર્તા નથી. તમે દવા ખાઈ લો, પછી એ એનું કામ કરે ખરી!

**સભાઃ** ગઈ કાલે તો એવી વાત હતી કે ભગવાન જ બધું કરે છે અને આજે થોડુંક અલગ જણાય છે! એમ કેમ?

**ઉત્તરઃ** કાલે સ્પષ્ટ કહ્યું હતુંઃ પ્રભુની શક્તિ જ બધું કામ કરે છે.

પ્રભુ તો વીતરાગ છે, કશું જ કરતાં નથી અને શક્તિનો ઉપકાર તો તમારે માનવો નથી! તે શક્તિ કઈ રીતે મળે, એ શીખવું નથી! 'આપણે જ આપણું કરીએ' એ નિશ્ચય નયનો ભ્રમ છે.

**સભાઃ** જો ભગવાનના સ્મરણથી જ બધું થતું હોય, તો હવે શક્તિ માંગવાની શું જરૂર?

**ઉત્તરઃ** માંગવાનું હું ક્યાં કહું જ છું? બસ, માત્ર કોન્ટેક્ટમાં રહો.. સંપર્ક કરો. નામ લો... એટલે માંગવાનું આવી જાય.

**સભાઃ** પૂછીએ છીએ કે તો પછી શક્તિ માનવાની જ શું જરૂર?

**ઉત્તરઃ** તો ના માનો! કોના નામસ્મરણથી બધું થાય છે? તમારાં?

**સભાઃ** ના સાહેબ, પ્રભુના નામસ્મરણથી જ બધું થાય છે.

**ઉત્તરઃ** જો પ્રભુના નામસ્મરણથી જ બધું થાય છે, તો એમાં શક્તિ હોય, તો થાય કે અશક્તિ હોય, તો થાય? અરે... તમારો અહંકાર ફેરવે છે તમને કેઃ 'હું જ કરું મારું! હું કોઈનો પણ આભારી ના બનું!' રસ્તે ચાલતાં ચાલતાં કૂતરાનો પણ આભાર માનવો પડે, એવી હાલત હોય! અરે, ભંગીને ય સલામ કરવી પડે અને મારા બેટા કહેઃ ભગવાનને સલામ નથી કરવી! હવે ભગવાનને સલામ ન કરે, તો ભંગીને સલામ કર! બીજું શું થાય? (સભાઃ હાસ્ય..)

**સભાઃ** દહેરાસરજીમાં પ્રતિમાની પાછળ પરિકર ન હોય, તો એને સિદ્ધની પ્રતિમા અને પરિકર હોય, તો એ અરિહંતાયન કહેવાય?

**ઉત્તરઃ** ખરેખર realમાં સંપર્ક કરવા માટે તો અરિહંતની પ્રતિમાનું જ આલંબન લેવાનું છે, સિદ્ધની પ્રતિમા તો માત્ર ધ્યાન માટે છે. સિદ્ધની પ્રતિમાઓ નાની નાની દેરીઓમાં હોય, બરોબર? દેરીઓ ચોકઠામાં હોય. દરેક ચોકઠું છે ને... એક અદ્રશ્ય દિવાલ બનતી હોય છે, ભલે તે દેખાય નહીં! હવે દરેક સાધક એક એક દેરી સામે બેસી જાય, એટલે એની ચેતના અને એની જે ઑરા છે, એ એમાં જ રહે. બીજો સાધક બીજી દેરી સામે બેસે, ત્રીજો ત્રીજામાં બેસે. એ માટે જ આ બધું બનાવ્યું છે.

**સભાઃ** આચાર્યો જ્યારે પ્રતિષ્ઠા કરે, ત્યારે તે પ્રતિમા અરિહંતની હોય કે સિદ્ધની હોય, ઉર્જા તો અરિહંતની જ લાવે ને?

**ઉત્તરઃ** સૌ પહેલાં તો અરિહંતની પ્રતિમાની અંજનશલાકા કરવાની જ હોતી નથી, માત્ર ૧૮ અભિષેક જ કરવાના છે! એમાં બધું બહુ દુઃખપ્રદ છે. જવા દો એ વાત જ! પ્રતિમાની અંજનશલાકા કરવાની ખરેખરી શાસ્ત્રીય રીત તો એવી છે કે કોઈ એક મુખ્ય પ્રતિમામાં જ અંજનશલાકા થાય અને મુદ્રા દ્વારા એ જ મુહૂર્તમાં બધી જ પ્રતિમાઓમાં આચાર્યવર એ શક્તિને પહોંચાડી દે.

જિનાલયમાં રહેલી બધી પ્રતિમાઓની આંખમાં અંજન કે કશું ચે લગાવવાનું જ નથી હોતું! આ બધું જ ધુપ્પલ છે! અરે... વિચાર તો કરો! બે-ત્રણ મિનિટના મુહૂર્તમાં કાંઈ હજ્જારો પ્રતિમાઓમાં પ્રાણ પૂરી શકાય? તમારામાં એટલી કાંઈ શક્તિ છે ખરી કે આવતી ઉર્જાને તમે એટલીક ક્ષણોમાં જ ધારણ કરીને મૂર્તિની અંદર પ્રક્ષિપ્ત પણ કરી શકો? પ્રતિષ્ઠા કોણ કરી શકે, ખબર છે? જેનો પ્રાણ સુષુમ્ણા નાડીમાં આવ્યો હોય, એ જ માત્ર કરી શકે. એ પછી જ પ્રતિષ્ઠા થાય.

ન ઈડા નાડીમાં, ન પિંગળા નાડીમાં, પણ શ્વાસ જ્યારે મધ્ય અર્થાત્ સુષુમ્ણા નાડીમાં આવ્યો હોય, પછી જ આચાર્ય દ્વારા પરમાત્માની પ્રતિષ્ઠા થાય. ન રાગમાં-ન દ્વેષમાં, સુષુમ્ણામાં પ્રાણ આવે, ત્યારે જ પરમ સાથે સીધો સંપર્ક થાય. આ રીતે દરેક ક્રિયામાં ઈરિયાવહી કરવા દ્વારા પ્રભુને બોલાવવાની વિધિ છે. 'ઈરિયાવહી' એટલે બીજું કાંઈ જ નથી, પ્રાણને સુષુમ્ણામાં લઈ જવાની પ્રક્રિયા છે અને ત્યાં પ્રાણ આવ્યા પછી જ બધી ક્રિયા સચેતન, બાકી તો એ સઘળી અચેતન ક્રિયા જ છે.

**સભાઃ** ઈરિયાવહી બોલતાં સુષુમ્ણા નાડી ચાલતી હોતી નથી.

**ઉત્તરઃ** અરે... ગુરુપ્રદત્ત ક્રિયાથી જ ઈરિયાવહી તમને સુષુમ્ણામાં લઈ જાય.

**સભાઃ** સાહેબજી, ગુરુએ તો કહેલું જ છે કે તમારે આટલી ક્રિયા કરતાં પહેલાં હંમેશા ઈરિયાવહી કરવાના.

**ઉત્તરઃ** લોકગુરુ પરંપરા નથી તમારી પાસે, ક્રિયાગુરુ પરંપરા છે. આજે સાધુઓ પાસે ભલે માત્ર ખોખું છે, તો કાલે કંઈક થશે. એટલા માટે જ આપણે ખાલી ખોખું પણ ચલાવી રહ્યા છીએ.

**સભાઃ** સાહેબજી, એ પરંપરા આવે, ત્યાં સુધી રાહ જોવાની?

**ઉત્તરઃ** 'જબ તક સમતા નહીં આવે, તબ તક ત્યાગ ક્રિયા સબ નિષ્ફલ!' આ પંક્તિનો અર્થ એ જ તો છે! રાગ અને દ્વેષ, બંનેથી મુકત થઈને જો સમત્વમાં અર્થાત્ આત્મભાવમાં ના આવો, ત્યાં સુધી તમારી કોઈ ક્રિયા સફળ નથી. કોઈ ક્રિયા ત્યાં સુધી તમારું કલ્યાણ ન કરી શકે!

**સભાઃ** 'પ્રાણ' શબ્દથી શું સમજવાનું, સાહેબ?

**ઉત્તરઃ** 'પ્રાણ' એટલે શક્તિનો પુંજ - વિદ્યુત્. જેમ વિજળી દેખાય, ત્યારે બધું જ જાગતું થઈ જાય છે ને? એમ પ્રાણ એ વિદ્યુત્ અને પ્રભુનું તૈજસ શરીર એ પ્રાણ-વિદ્યુત્‌નો અનંત ખજાનો છે.

**સભાઃ** આપણા પ્રાણને સુષુમ્ણામાં લાવવાની વાત છે ને? તો તેને કઈ રીતે સુષુમ્ણામાં લાવવો?

**ઉત્તરઃ** પ્રભુ સાથે જોડાણ થાય, એટલે પ્રાણ સુષુમ્ણામાં આવી જ જાય! એ પછી જ શ્રી આચાર્ય ભગવંતો મૂર્તિમાં contact કરાવી શકે, નહીં તો એમના સ્વ-પ્રાણની જ પ્રતિષ્ઠા થાય, જે લાંબો સમય ના ચાલે! ગુરુએ તો માત્ર સાક્ષી જ થવાનું છે! ઉપરથી એ શક્તિનો પુંજ લાવીને પ્રતિમામાં joint કરવાનો છે. Electric જોડાણ કરવાનું કામ તો મિકેનીકનું જ હોય છે ને?

તૈજસ શક્તિનો એક પરમ પ્રવાહ જે ચાલે છે, એને પ્રભુની પ્રતિમા ખેંચે. એકવાર ખેંચવાનું શરૂ કર્યું, તો આખું આ જિનાલય જ transmeter છે, જે એ પરમ પ્રવાહના wavesને ગ્રહણ કરે છે. દરેક જિનાલયજીની સૌથી ઉપર દંડ એ ariel છે. શિખર અને દંડ - બંનેની અંદર ચૈત્યપુરુષની સ્થાપના છે અને ચૈત્યપુરુષ આર્હન્ત્યને ખેંચનાર શુદ્ધ ઉપકરણ છે! (સભાઃ વાહ...) તાંબાના માત્ર તાર જ હોય અને સોનાની મૂર્તિ હોય! આ બે જ એ તૈજસ શક્તિને ખેંચી શકે. એ પછી જિનાલયના શિલ્પની આખી રચના જ એવી હોય છે કે એ ઉર્જાનો પ્રવાહ સંગ્રહિત થઈ સીધો જ નીચે રહેલી મૂર્તિઓમાં એકઠો થાય છે.

એ તૈજસ પ્રવાહ પછી પ્રભુની આંખો અને નજરમાંથી બહાર નીકળે. એટલે એ તૈજસ પ્રવાહ જ છે, જે મૃત્યુ પણ આપી શકે અને જીવન પણ આપી શકે છે! તમે પ્રભુની દ્રષ્ટિને - નજરને કયા angleથી ગોઠવો છો, એની ઉપર જ તમારા બધાના કલ્યાણનો આધાર છે, એટલે પ્રભુની દ્રષ્ટિ જુઓ... સમજાવું કે કઈ રીતે મેળવવી પડેઃ

આઠ - આઠવાળા ૮ ભાગ. ઉભા ૬૪, એમાં આઠમો ભાગ છોડી દેવાનો. સાતમો ને આઠમો ભાગ લેવાનો. એટલે કેટલામો ભાગ થયો? ૫૬મો થયો. બસ, ત્યાં જ પ્રભુની નજર આવવી જોઈએ. તો જ તમારું કલ્યાણ કરે! જો ૫૬થી ઉપર દ્રષ્ટિ થઈ જાય, તો એક પછી એક જીવો ઉપર જવા માંડે અને પ્રતિમાની નજર જો છપ્પનથી નીચે થઈ જાય, તો સંઘમાં money crisis આવવા માંડે. એક પછી એક પાર્ટી ડૂલ થતી જાય!

અરે... પ્રભુની દ્રષ્ટિમાં તો બહુ શકિત છે! પ્રભુની પાછળ કયારેય ઉભા રહેવું નહીં, પ્રભુની એકદમ સામે પણ બેસવું નહીં. પ્રભુની ડાબે કે જમણે જ બેસવું. પ્રતિષ્ઠા થયાં પછી પ્રભુની ઉર્જાથી આખું મંદિર કે જિનાલયજી જીવંત થઈ જાય. જીવંત થાય એટલે એનું આભામંડલ બને. મંદિરની હાઈટ જેટલી હોય, એટલું એનું આભામંડળ પહોળું હોય! એટલે જ પ્રભુની સાવ સામે ઘર પણ ન રખાય!

શ્રમણો કે મુનિઓની પણ શું મર્યાદા છે, એ શું તમને ખબર છે? ગૃહસ્થે મુનિના સાડા ત્રણ હાથના અવગ્રહમાં કયારેય આવવું જોઈએ નહીં, એની બહાર રહીને જે કરવું હોય, તે ગૃહસ્થ કરે. મતલબ કે તમારી હાઈટ સાડા ત્રણ હાથની છે ને? તો તમારું આભામંડળ એટલું જ છે.

મુનિના આભામંડળને disturb ન કરવાને વાસ્તે ગૃહસ્થે તેટલા areaની બહાર જ રહેવાનું વિધાન છે. ગૃહસ્થનું આભામંડળ મુનિના આભામંડળ કરતાં વિપરીત હોય, તો મુનિને નુકસાન કરે. એટલે ગૃહસ્થોને ક્યારેય નિષ્કારણ આપણી નજીક બેસાડાય નહીં. હા, માંદગીમાં પગ દબાવવાના હોય કે લાંબા વિહારો પછી મોટી વયના મુનિ થાકી ગયા હોય, ત્યારની વાત જૂદી છે. આ મર્યાદા શ્રી પંન્યાસજી મહારાજ, શ્રી અભયસાગરજી મહારાજ વગેરે બધા બહુ સાચવતા હતાં.

**સભાઃ** એટલે સાહેબ, ગૃહસ્થોની નેગેટીવ ઉર્જા આપણને સાધુ ઓને અસર કરે, એમ?

**ઉત્તરઃ** આપણે સાધુઓ કાંઈ કેવળજ્ઞાની નથી કે અસર ના કરે!

**સભાઃ** તો સાહેબ, સાધુઓને પોઝીટીવ ઉર્જા કઈ રીતે મળે?

**ઉત્તરઃ** સાધુઓએ પોઝીટીવ ઉર્જા મેળવવાને માટે પ્રભુને અત્યંત ભાવપૂર્વક ત્રણ પ્રદક્ષિણા આપવાની! શાસ્ત્રમાં આ વાતનો બધે જ ઉલ્લેખ છે કેઃ 'શિષ્ય ગુરુ મહારાજ પાસે ગયો, ત્રણ પ્રદક્ષિણા આપી અને પછી સામે બેઠો.' એ વાત શાસ્ત્રોમાં ઠેર ઠેર આવે છે. તમારી નેગેટીવ ઉર્જાને પોઝીટીવ ઉર્જા બનાવવા માટે જ તો મંદિરમાં પણ ત્રણ પ્રદક્ષિણા આપવાની છે. તમારા આભામંડળને દહેરાસરમાં જતાં-વેંત પહેલાં જ ચેન્જ કરો, નહીંતર તમે ભગવાન સાથે joint ના થઈ શકો! જો એમ ના કરો, તો એમની પરમ શક્તિ તમારામાં નહીં આવે.

**સભાઃ** સાહેબ, આપે જે અત્યારે જણાવેલ છે, તે વ્યવહાર કરીએ અને સાધુ મહારાજોને પ્રદક્ષિણા આપીએ, તો કેવું લાગે?

**ઉત્તરઃ** બહુ સરસ મજાના ભગત લાગો તમે! (ખડખડાટ હાસ્ય...)

**સભાઃ** પણ એ તો તરત જ કહેશેઃ 'આ વ્યવહાર વળી ક્યાંથી લાવ્યા? આવું થોડું કરાય?'

**ઉત્તરઃ** પ્રાચીન કાળથી જ આ વ્યવહાર છે. વ્યાખ્યાનની પાટ પણ એ રીતે જ રાખવાની હોય છે. ગુરુ મહારાજની સામેની આખી યે જગ્યા ખાલી જ પડી હોય. જેટલી પાટની ચોડાઈ હોય, એટલી જગ્યા ખાલી જ રાખવી. ડાબી બાજુ બધા પુરુષો બેસે, જમણી બાજુ બધા બહેનો બેસે. આ ગુરુની મર્યાદા છે. પ્રભુની મર્યાદા જમણે પુરુષો ને ડાબે સ્ત્રીઓ હોય છે. ગુરુની મર્યાદા ઉલ્ટી છે એનાથી. ઉપાશ્રયોમાં જઈને તમે જોઈ આવો.

**સભાઃ** સાહેબ, એનું કારણ શું?

**ઉત્તરઃ** એના ઘણાં બધા કારણો છે. ઉર્જાના જ કારણો છે, બસ! વ્યાખ્યાનમાં ઉર્જાનો વિનિમય થતો હોય છે. નેગેટીવ-પોઝીટીવ બંને આવે, તો જ ઉર્જાનો વિનિમય થાય. બે પોઝીટીવ અને બે નેગેટીવ આવે, તો શું થાય? બસ! એટલા માટે જ ગોઠવણ છે.

**સભાઃ** સાતિસાયી જિનાલયમાં વિશેષ ઉર્જા કઈ રીતે છે?

**ઉત્તરઃ** સાતિસાયી જિનાલયની ધરતીના કારણે વિશેષ પ્રમાણમાં પરમાત્માની ઉર્જા ત્યાં આપોઆપ આવે છે, પ્રતિષ્ઠાને કારણે નહીં! કોઈ મહાપુરુષે ધ્યાન કર્યું હોય ને, તેથી પણ ત્યાં આગળ પરમાત્માની ઉર્જાનું એટલું બધું અવતરણ થયું હોય કે આખી ધરતી જ ચાર્જ થઈ જાય અને એ પછી પરમાત્માની ઉર્જાને આપોઆપ ખેંચ્યા જ કરે!

માટે જ તો પ્રાચીન કાળમાં તીર્થો એવી જ જગ્યાઓએ બનતાં કે ત્યાં જતાં-વેંત જ ચિત્ત શાંત થઈ જાય! આજની જેમ અમારી ગોચરી-પાણી માટે જે તીર્થો બને છે, એવા ત્યારે ન્હોતાં. તીર્થ તો માત્ર તે જ કહેવાય, જ્યાં ભૂમિમાંથી પણ પરમાત્માની ઉર્જાનો પ્રવાહ બહાર આવતો હોય!

**સભાઃ** સાહેબ, પ્રભુની exact બરાબર સામે કેમ ના બેસાય?

**ઉત્તરઃ** બપોરના સૂર્યની exact સામે નજર કરાય? કરીએ તો દેખાય? છતાં એવું કોઈ કરે તો કાં ગાંડો, કાં ફક્કડ બાવો થાય. 'સામે'નો અર્થ એ નથી કે પ્રભુની દ્રષ્ટિ રોકીને બેસવું. sideમાંથી શું પરમાત્મા ના દેખાય?

**સભાઃ** પરમાત્માની દ્રષ્ટિ તો ઉપર હોય અને સાહેબજી, આપણે તો નીચે બેઠાં હોઈએ!

**ઉત્તરઃ** જુઓ, તમે grasping powerવાળા છો, એટલે આ બધું સંભાળવાનું છે. જે જે મર્યાદાઓ લખી છે, એ સર્વે અદ્રશ્ય જગતને જોનારા અનેક મહાપુરુષોએ લખી છે, પણ તેઓએ એ મર્યાદાઓનું કારણ નથી લખ્યું.

હવે બપોરે તમારા જેટલા પ્રશ્નો હોય, એટલા લઈને આવજો. એના જવાબ દઈને પછી આપણે શું કરવાનું છે, તેની વાત કરી દઈશ. એ પછી...

'શિવમસ્તુ સર્વ જગતઃ'ની ભાવનાપૂર્વક ૧૨ નવકાર ગણી ગુરુ -વંદન કરી સૌ સ્વસ્થાને ગયા. કાલે સવારે નવું સત્ર શરૂ થશે.

**ઉપર આપેલ QR codeને scan કરતાં જ**
**અહીં આલેખેલ આ વાચનાનો વિડિયો પ્રસ્તુત થશે.**

**આર્હન્ત્ય વાચના : દિવસ - ૨ : સત્ર - ૨ : ૧૮/૦૧/૨૦૨૬**

ગુરુવંદના, માંગલિક તથા સકલાર્હત્ સ્તોત્રની
પ્રથમ ગાથા પશ્ચાત્ વિદ્વદ્વર્ય પ.પૂ. ધુરંધરવિજયજી મહારાજ
સાહેબે વાચના પુનઃ પ્રારંભ કરીઃ

****************************

**વિદ્વદ્વર્ય પૂજ્યશ્રી ધુરંધરવિજયજી મહારાજઃ** પ્રભુના પંચકલ્યાણકોથી થતો જે દક્ષિણાવર્ત શક્તિનો વિસ્ફોટ અને એમાંથી જન્મતી અનર્ગળ energy જ પુણ્યના પરમાણુ છે, અલગ નથી. પ્રભુના પાંચે કલ્યાણક વખતે જે energy જન્મે ને, તેને ઉત્પન્ન કરનાર તીર્થંકર નામકર્મ. એ energy જ આર્હન્ત્ય છે.

**સભાઃ** સાહેબજી, આર્હન્ત્યનું કાર્ય શું?

**ઉત્તરઃ** આર્હન્ત્યનું કાર્ય છે સમગ્ર જીવજગતને ગતિ આપવી તે!

જે રીતે રાજા સમગ્ર પ્રજાનું પાલન કરીને સર્વનું યોગ-ક્ષેમ કરવા જીવનજરૂરી બધું જ પૂરું પાડે છે, તેમ બધી યોનિઓમાંથી એક આ મનુષ્ય યોનિ જ એવી છે, જ્યાં આવીને જીવો સર્વ દુ:ખોથી મુક્ત થઈ શકે!

'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના દ્વારા પ્રભુને સર્વ દુઃખો અને તેના કારણોથી જીવ-જગતને સર્વાંશે મુક્ત કરવા છે. મોટા ભાગનાં દુઃખો auto suggestion યાને આત્મસંમોહનથી જ છે! તમે જ તમારી જાતને અમુક જાતના વિચારોથી પ્રેરિત કરો છો અને પછી દુઃખી થઈ જાવ છો! એ બધું જ તોડી નાંખવાનું. જીવમાત્રને સહાય મળે છે, ઉર્જા મળે છે, એ કાર્ય પ્રભુની ભાવનાથી ઉત્પન્ન થયેલ તીર્થંકર નામકર્મના અને પાંચે કલ્યાણકોના ઉત્કૃષ્ટ ધોધમાંથી ફેલાતી તેજસ શક્તિથી જ સરસ રીતે થાય છે.

આ એક બહુ જ મોટી વિશ્વ-વ્યવસ્થા બતાવી રહ્યો છું કે પ્રભુ જ સમગ્ર વિશ્વની વ્યવસ્થાના કેન્દ્રમાં કઈ રીતે છે? આપણે 'ગિરુઆ રે ગુણ તુમ તણાં..' સ્તવનમાં ગાઈએ છીએ કે: 'તું ગતિ, તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે... વાચકયશ કહે માહરે, તું જીવજીવન આધારો રે.' તેમણે 'જગજીવન'થી શરૂઆત કરી, છેલ્લા શબ્દ 'જીવજીવન'થી પૂર્ણાહૂતિ કરી છે.

પ્રભુની પરમ સત્તાનું જેમણે સુભગ દર્શન કર્યું, અપૂર્વ અનુભવ કર્યો, એ શ્રી આનંદઘનજી મહારાજ ઉપરની પ્રભુકૃપા સદ્‌ગુરુની કૃપાને કારણે જ હતી, તે વગર એવો અનુભવ થતો નથી.

ક્યારેક પરમાત્માની direct કૃપાથી પણ એવો અપૂર્વ અનુભવ થઈ જાય છે, ત્યારે ખ્યાલ આવે છે કે:

‘હું તો સાવ ખોટો જ અહંકારમાં રાચું છું. હું તો એક ફૂગ્ગો માત્ર છું. અંદર હવા હોવાને કારણે જ ફૂલેલો છું અથવા તો હું એક મશીન છું, જે electricityના કારણે ચાલે છે. તેમાં જે પરમ પરા-વિદ્યુત્ છે, એ તો પરમાત્માની છે!’ બસ, તેને જ આપણે ‘આર્હન્ત્ય’ કહીએ છીએ. એ જ સમગ્ર સચર-અચર જગત ઉપર નિયમન કરે છે, તેથી તે જ નિયામક છે.

આ પૃથ્વી કોઈ આધાર વિના નિરાધાર રહી શકે છે, સૂર્ય-ચંદ્રનું પરિભ્રમણ નિયમથી ચાલે છે, તેના ઉદયાસ્ત થાય છે, ઋતુઓ બરાબર ચાલે છે. એ ઉપરાંત તમારા આ શ્વાસોશ્વાસ અને તમારી અંદરનું blood circulation પણ બરાબર ચાલે છે. એ બધું પણ પ્રભુની અપ્રતિમ કૃપાથી જ થાય છે. એ બધામાં જે શક્તિ છે ને, એ શક્તિ એમની જ છે, આપણી શક્તિ નથી.

આપણે તો અનાદિ નિગોદના ઠરેલા હિમબિંદુ હતાં. પરમાત્માએ જ ગતિ આપી અને step by step ‘ઈતની ભૂમિ પ્રભુ તુ મહી આણ્યો!’ એમ માનવું પડ્યું!

આપણા ‘સાત લાખ’ સૂત્રમાં જે આખો યે ક્રમિક વિકાસક્રમ છે, એ આપણા પોતાના જ ક્રમિક વિકાસની ગાથા છે! સંપૂર્ણ અવચેતન નિગોદ, એમાંથી જો ક્રમિક હોય, તો ક્રમથી આવે આગળ, પણ અક્રમિક તો સીધા જ પ્રત્યેક વનસ્પતિકાયમાં આવી શકે. ‘સાત લાખ’ સૂત્રમાં જે ક્રમ છે, એ ચેતનાનો વિકાસનો ક્રમ છે. વિકાસના ક્રમમાં સૌ પહેલાં જીવ આવે પૃથ્વીકાયમાં, જ્યાં નિગોદ કરતાં ચેતનાનું સ્તર સ્હેજ ઊંચું હોય, જેથી સ્હેજ સંવેદના આવે.

એવા પ્રયોગો પણ થયાં છે કે જો શુભ ભાવના કરવામાં આવે, તો પૃથ્વી ખારીમાંથી મીઠી થઈ જાય, કેમકે પૃથ્વી આપણા શુભ ભાવોને સ્વીકારે છે. પૃથ્વીમાં ચૈતન્ય હોવાથી તેને એ અસર થાય છે. પછી આવે અપ્‌કાય! જીવને ગતિ મળી. પછી તમે હજુ આગળ વધ્યાં, તો ગતિ તથા ઉષ્મા - બંને મળ્યાં, તેથી તેઉકાયમાં ગયા. પછી વાયુકાયમાં ગયા અને છેલ્લે વનસ્પતિકાયમાં પહોંચ્યાં.

તંત્રશાસ્ત્ર કહે છેઃ વૃક્ષ એ ઊંધો મનુષ્ય અને મનુષ્ય તે ઊંધુ વૃક્ષ છે. 'उर्ध्वं मूलं (શિર), अधः शाखा (હાથ-પગ)!' જે સંવેદના મનુષ્યની હોય, એથી તીવ્ર સંવેદના વૃક્ષોની હોય. લીલું વૃક્ષ કાપવું એટલે મનુષ્યને જ મારવો. આર્ય સંસ્કૃતિમાં બંનેને સરખાં કહ્યા છે! તમારી સંવેદનામાં step by step વધીને પહેલા અસંખ્યમાં હતાં, પછી એમાં ઘટાડો થતો થતો થતો... તમે પ્રત્યેક વનસ્પતિકાયમાં આવો છો. તે પછી આવે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરિન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય. એ પછી નારકી, પછી દેવતા. હવે છેલ્લે શું? મનુષ્ય!

ચેતનાનો ક્રમિક વિકાસ હંમેશા ઔદારિક શરીરમાં જ થાય! વૈક્રિય શરીરમાં એ ક્રમિક વિકાસ ના થાય. આપણું આ શરીર ઉદાર છે. તે બધી જ ઉર્જાઓ તથા બધી જ ભાવસંવેદનાઓને પણ ગ્રહણ કરી શકે છે. મનની વિક્રિયા અને કર્તૃત્વભાવમાંથી જન્મતી બે ગતિ એટલેઃ નરક અને દેવલોક, તેથી ત્યાં વૈક્રિય શરીર હોય છે. કર્તાભાવથી થતી હિંસા એ નરકમાં અને કર્તાભાવથી થતાં સુકૃતો સ્વર્ગમાં લઈ જાય છે! કર્તાભાવને કારણે જ કર્મ બંધાય, સાક્ષીભાવ હોય, તો ન બંધાય. પછી તેનું ફળ ભોગવવા માટે તમારે ક્યાંયે જવું ય ના પડે.

આપણે પણ અહીં મનુષ્ય થયાં, તે પહેલા અનંતી અનંતી વાર દેવલોકમાં જઈ ચૂકયા છીએ. વળી પશુયોનિમાંથી પાછા ત્યાં, એમ કર્યા કર્યું છે. મનુષ્ય ભવ મેળવવો તો બહુ જ મુશ્કેલ છે. રોજના અસંખ્ય દેવો મરે અને એ બધાની એવી જ ઈચ્છા હોય છે કેઃ 'હું મનુષ્ય લોકમાં જાઉં', પરંતુ દેવલોકના દેવોનો નંબર પણ તેમાં નથી લાગતો!

મનુષ્ય ભવ એ વિકાસની તમારી ચરમ ઉત્ક્રાંતિ છે. એક પછી એક સંઘયણ મળતું જાય, છેલ્લું છે વજ્રઋષભનારાચ સંઘયણ. તે ના આવે, ત્યાં સુધી મોક્ષ ન મળે! જયારે મોક્ષ મેળવવો હોય, ત્યારે આ પહેલું સંઘયણ જોઈએ જ, કારણકે ધ્યાનની તીવ્ર ધારામાં જયારે છેલ્લે ચડીએ, ત્યારે એટલો બધો એનો ફોર્સ હોય છે કે આ શરીર સહન જ ન કરી શકે! વચ્ચેના સંઘયણો યે તે ચરમ ઉત્ક્રાંતિનો ફોર્સ સહન ન કરી શકે!

આપણી ભાવધારાની capacity કેટલી? નીચે બીજી નરક અને ઉપર ચોથો દેવલોક. બસ! એથી ઉપર જવાની આપણા શરીરની ક્ષમતા કે capacity જ નથી. એથી ઉપરની ભાવધારા આવે, તો સીધું heart fail! તમે વિદાય!

તો હવે ઉત્ક્રાંતિની ચરમ સીમા ઔદારિક શરીરમાં મનુષ્યનું શરીર! આ જ એક શરીર છે, જેમાંથી અશરીરીમાં જવાની કે શરીરથી મુકત થવાની છલાંગ લગાવી શકાય છે! આર્હન્ત્ય જે છે, એ માત્ર અઢી દ્વીપમાં જ છે. શકિતસ્વરૂપે ભલે તે સમગ્ર વિશ્વમાં છે, પણ creative નહીં. લઘુત્વાકર્ષણથી તે જીવને ઉપર અને ઉપર ખેંચતું જ જાય છે.

તમારો અહંકાર ગુરુત્વાકર્ષણ પેદા કરે, તેથી તે જીવને નીચે અને નીચે ખેંચતો જ જાય, પણ સ્થાવરમાં એક સારું છે કે ત્યાં અહંકાર હોતો જ નથી, તેથી ત્યાં માત્ર અકામ નિર્જરા જ છે. પ્રભુની વ્યવસ્થા પ્રમાણે જ ત્યાં જીવવું પડે! તમારી કોઈ ઈચ્છા ત્યારે જરા યે કામ ના આવે. સ્થાવરમાં ઈચ્છા વગરની નિર્જરા છે. સ્થાવરમાં તમારે બધા પ્રકારના જીવોના ઉપયોગમાં જ આવવું પડે!

**આ યુગમાં cosmic order અથવા પરમાત્માની પરમ સત્તાનું દર્શન સૌથી પહેલાં મદ્રાસના શ્રી રીખવદાસજીએ કરેલું. તેમને દર્શન કરાવનાર હતાં સ્વયં ભગવાન શ્રી ગૌતમ! એમની ઉપાસના ગુરુ ગૌતમની હતી. ગૌતમ પોતે આર્હન્ત્ય રૂપ છે.**

શ્રી રીખવદાસજીએ આર્હન્ત્ય ઉપર એક આખી થિસિસ લખેલી કે કઈ રીતે સમગ્ર વિશ્વની ઉપર તીર્થંકરનો આ cosmic order યા વિશ્વની મહાસત્તા કામ કરે છે! પણ એ આખી file જ ગાયબ થઈ ગઈ, જે આજ દિન સુધી મળી નથી!

એ જ શ્રી રીખવદાસજી સંવત્ ૨૦૧૦માં મદ્રાસથી અહીં મુંબઈમાં અંધેરી મુકામે આવેલા, જયાં એક લાખ ચોખાની ઉપાસના હતી. ત્યારે એમનાથી જ મારામાં પણ આર્હન્ત્યનું બીજ રોપાયું. પૂજ્ય શ્રી પંન્યાસજી મહારાજ જયાંથી જે સારી વાતો મળે, એ બધી નોંધતા અને રીખવદાસજી પોતે એની ઉપર analysis કરતાં. એમાં એક વાત શ્રી પંન્યાસજી મહારાજને બહુ જ અગત્યની લાગી કેઃ મનુષ્યનો અહં જ એને મુક્તિ તરફ નથી જવા દેતો અને તે ત્યારે જ તૂટે, જયારે પરમાત્માના પરમ ઉપકારોનો તેને ખ્યાલ આવે અને વિચારે કેઃ

'મારા શ્વાસોશ્વાસ - મારું બધું જ પરમાત્માએ જ મને આપેલું છે, પરમાત્માની જ સર્વ ભેટ છે! મારું હોય, તો અહંકાર કરું ને? મારું કશું જ નથી. હું તો અનાદિ નિગોદનો જીવ, સાવ બિલ્કુલ અચેતન - અવચેતન હતો! સ્હેજ પણ ગતિ ન કરી શકે, એવો આત્મા હતો અને મને પરમાત્માએ ગતિ આપી.'

ઉર્જાનું કામ આ જ છે... ગતિ આપવી અને ગરમી આપવી. એ બે સિવાય વિકાસ શક્ય જ નથી. બાળકમાંથી યુવાન ક્યારે થાય? ગરમી આવે ત્યારે. એ પછી જ અંદર એક પ્યાસ જાગે: 'મારું કોણ છે? ક્યાં જઈને હું મારું સંપૂર્ણ વિલીનીકરણ કરું?' એ શક્યતા માત્ર મનુષ્યોમાં જ છે, દેવોમાં યે નથી! ત્યાં ક્યાંય વફાદારી નથી. હૃદય અને તેમાં પ્રેમ, એ મનુષ્યોની મોનોપોલી છે. પ્રેમ કરવાની તાકાત ભગવાન સાથે એક થવા માટે જ મળી છે, પણ તકલીફ એ છે કે જીવમાત્ર પણ ભગવાનના અંશ છે, એટલે પછી પોતાના જેવા બીજા અંશ તરફ મનુષ્ય આકર્ષાય છે! આ જ તકલીફ છે આપણી! એનું આખું માર્ગદર્શન પાછું પરમાત્મા જ શરીર રૂપે પ્રગટ થઈને કરે છે. પ્રભુ શક્તિ વડે સમગ્ર વિશ્વને અહીં સુધી પહોંચાડે છે.

તેથી જ મહો. શ્રી યશોવિજયજી મહારાજ લખે છે: 'ઈતની ભૂમિ પ્રભુ તુમહી આણ્યો!' પ્રભુ જ આપણને સમ્યક્ દર્શનની ભૂમિકા સુધી ઠેઠ લઈ આવે છે.

યોગની ભાષામાં પહેલું ચક્ર, પછી બીજું ચક્ર, પછી ત્રીજું ચક્ર! પહેલું ચક્ર નિગોદનું, બીજું પશુનું, ત્રીજું મનુષ્યનું! સુષુપ્ત ચેતના એટલે સુષુપ્ત કુંડલિની. એમાં બે ચક્ર તો પ્રભુની કૃપાથી જ પાર થાય છે અને ત્રીજા ચક્રમાં તમે મનુષ્યમાં આવો છો. પછી જ તમારા પુરુષાર્થનો રોલ શરૂ થાય છે!

નિગોદ અને પશુ, બેમાં સ્વપુરુષાર્થ નથી, ત્યાં બધું પ્રભુની કૃપાથી જ થાય. મનુષ્ય થાવ, પછી જ એ રોલ પ્લે કરો.

મનુષ્યનું શરીર મળવું અલગ ચીજ છે અને મનુષ્યત્વ મળવું, એ ય પાછું અલગ ચીજ છે. એની માટે શબ્દ છેઃ 'माणुसत्तम् ।'

મનુષ્ય કોણ? જે સદા સાંભળવા માટે ઉત્સુક હોય અને મૌનપણે જે સાંભળી શકે, એ મનુષ્ય છે અને જેણે સાંભળ્યું નથી, પણ બોલ - બોલ કર્યા કરે છે, એ બધા જ પશુ છે!

મારા ગુરુ મહારાજ હંમેશા કહેતાંઃ 'જે સાંભળે, તે માણસ અને જે બોલ-બોલ કરે, તે ઢોર!' મોટા ભાગે લોકો ભેગાં થાય, ત્યારે સૌ પોતપોતાની કથા ગાય, કેમકે હજુ પૂરેપૂરી પશુતા ગઈ નથી! અનંતો કાળ એમાં unconsciously વિતાવ્યો છે ને, એટલે આ સંસ્કારો પડેલા છે. એને જ હવે આ ભવે સાફ કરવાના છે.

ગુરુ દ્વારા પરમાત્મા એ સફાઈનું કામ કરાવે છે. માતાની યોનિમાંથી દેહનો જન્મ થાય, તે પશુ છે અને શબ્દવીર્ય દ્વારા કર્ણયોનિમાંથી જેનો જન્મ થાય છે, તે મનુષ્ય છે. પરમાત્માનો શબ્દ ગુરુ દ્વારા એકવાર તમારા કાનમાં પડે, પછી જ મનુષ્યનો જન્મ થાય! એ પછી જ સાચું શ્રવણ શરૂ થાય!

કાન એ સૌથી કુંવારું અવયવ છે. આ અવયવ સૌથી છેલ્લું મળે. પાંચે ઈન્દ્રિયોમાં કાન સહિતના ઔદારિક શરીર અસંખ્ય, એમાં પશુના શરીર કોઈ કામનાં નથી. મનુષ્યશરીર માત્ર સંખ્યાતા છે, એટલે અતિ દુર્લભ થઈ ગયું ને? મનુષ્યત્વનું જાગરણ થાય માત્ર પ્રભુના શબ્દથી જ!

જેમ કે ગુરુ વિધિવત્ નવકાર આપે, પણ આઠ વર્ષની ઉંમર પહેલાં ન થાય, કેમકે ગર્ભથી લઈને આઠ વર્ષના તબક્કા એ સમગ્ર ભવચક્રનું પુનરાવર્તન જ હોય છે.

સ્થાવર જીવોની આખી જીંદગી આપણે ગર્ભમાં પૂરી કરીએ છીએ. આત્મા આ અવસ્થા દરમ્યાન સમગ્ર ભવચક્રને જૂએ છે કેઃ 'હું આટલું ફરીને અહીંયા આવ્યો છું.' એ કાળે ગર્ભના આત્માને બધું જ જ્ઞાન હોય. પેલું કહ્યું છે ને... 'ગર્ભાવાસમાં ચિંતવે રે, હવે ન કરશું પાપ, જબ જાયો તબ વિસર્યો રે, માંડયો માંડયો ઘણે'રો સંતાપ! ...કે ચંચલ જીવડાં રે?'

ગર્ભાવાસે જ આત્માને ખ્યાલ આવી જાય છે કેઃ
'આ આર્હન્ત્યની શકિત જ મને અહીં સુધી લઈ આવી છે. એને જ પકડીને મારે ઉપર જવાનું છે. હું અહીંયા દુનિયાની મજૂરી કરવા આવ્યો નથી. પરાણે suggestion કરી કરી મારા સગાં થઈ જવાવાળા લોકો માટે હું અહીંયા આવ્યો નથી! હું મારા ઉદ્ધાર માટે જ હવે જન્મી રહ્યો છું!' પણ ગર્ભમાંથી જન્મ થયાં પછી એ બધું જ ભૂલાઈ જાય છે! બાકી બધા જન્મો બીજા જીવોની સહાય કરવા માટે જ છે.

બધી યોનિમાં જીવો બીજા બધા માટે જ જીવે છે. પૃથ્વી? બીજાને કામ આવે. જલ? બીજાને કામ આવે. અગ્નિ? બીજાને કામ આવે. વાયુ? બીજાને કામ આવે. વનસ્પતિ? બીજાને કામ આવે. પોતાને પોતાનું કાંઈ કામ આવતું જ નથી! પશુ પણ બીજાને કામ આવે, એ સહુ બીજા માટે જ જીવે છે. કોઈ પશુ તમારી મજૂરી કરે, કોઈ દૂધ આપે, કોઈ ઉન વગેરે.. કે બીજું કાંઈ આપે, કેમકે આખી ecology જ balance થતી હોય!

તમારે જીવવા માટે જે કાંઈ વ્યવસ્થા જોઈએ, એમાં વિરોધરૂપ જે કોઈ હોય, એને સાફ કરનારા પ્રાણીઓ અને એને નાશ કરનારા પ્રાણીઓ - આ બધા દ્વંદ્વો આખા વિશ્વની અંદર એકધારાં ચાલ્યા જ કરતાં હોય, એમાં balance કરે. એને જ આપણે આજની ભાષામાં 'ecology' કહીએ છીએ.

જેમ ઘોર જંગલમાં શાકાહારી પ્રાણી એટલા બધા હોય અને એની પ્રજનનશકિત એટલી બધી છે કે એ બહુ જ વધે, બહુ જ વધે! તો માણસને પછી ખાવા માટે કોઈ ચીજ જ ના રહે! એની સામે anti-માં એ પ્રાણીઓનો આહાર બનનારા શાકાહારી પ્રાણીઓ આ વિશ્વની વ્યવસ્થામાં ગોઠવાયેલા જ છે. એટલે એ પ્રાણીઓ ઓછાં થાય, એટલે મનુષ્યોને માટે ખાવા માટેનું બચે.

સાત ઈતિ આવે, તે મનુષ્યની આ વ્યવસ્થામાં ગરબડ કરી નાંખે. બહુ ચકલા-પોપટ-ઉંદર-તીડ-અતિવૃષ્ટિ થવી વગેરે છે સાત ઈતિઓ. તો તમે જેના દ્વારા જીવીને આગળ વધી શકો, એ systemનો જ તે નાશ કરે છે. એટલા માટે તે 'ઈતિ' છે. તે બધું આર્હન્ત્યની પરમ સત્તાશકિત - cosmic order જ control કરે છે.

નિશ્ચય નયથી જોઈએ તો કોઈ કોઈને મારતું નથી, કોઈ કોઈનું કશું જ કરતું નથી, પરંતુ પરમ જ્ઞાનીએ જે જોયેલું છે, એ જ બને છે. સાચા ભાવથી કરો, તો યુદ્ધમાં પણ તમને પાપ નથી લાગતું. પાપ લાગવાનું કારણ કર્તૃત્વ છે. જો ક્રોધ અને માનમાં બેહોશ થઈ હુમલો કરો કે પછી કોઈને ખતમ કરો, તો એ પાપ છે. એમાં એ રીતે ખતમ થવાનું ભલે નિશ્ચિત જ હતું, પણ તમે અહંકાર કર્યો કેઃ

'મેં એને ખતમ કર્યો,' તેથી તમને પાપ લાગે, નહીં તો ન લાગે! સૃષ્ટિમાં જે આખો આ ઉપક્રમ છે ને, એ balance કરવાનો જ ઉપક્રમ છે. એ બધા પ્રાણીઓ કે શિકારીઓ કે ગમે તે હોય, બહુ ઝડપથી પાછા ઉપર પણ ચડી શકે. તમને એમ થાય કે પ્રભુની આખ્ખી યે વ્યવસ્થામાં બધા જીવતાં જ રહે અને કોઈ ન મરે અને કોઈને ન મારે, એવું કેમ નહીં? એવું નથી, કારણકે તેઓ શકિત ઉત્પન્ન કરે છે, આપણે તે ગ્રહણ કરીએ છીએ અને આપણે જીવો તેનાથી જ ચાર્જ થઈએ છીએ.

પ્રભુનો સંકલ્પ એ જ છે કેઃ 'બધા જીવો સર્વ દુઃખોમાંથી મુકત થાય.' પરિણામે છેલ્લે એ જ આવવું જોઈએ. અન્ન ઉત્પન્ન થવું, જળ ઉત્પન્ન થવું યા જે જે વસ્તુ મનુષ્યોને જીવવા માટે જરૂરી છે, તે વસ્ત્ર આદિ સર્વનું ઉત્પન્ન થવું... વગેરે જીવો સર્વ દુઃખોમાંથી મુકત થાય, એ માટેની જ આખી વ્યવસ્થા છે. પછી શકિત માટે રકત, ધાતુ, ઉપધાતુ - આ બધું જ આર્હન્ત્યથી જ ઉત્પન્ન થાય છે, મતલબ કે એ પ્રાણશકિતથી જ ઉત્પન્ન થાય છે, જે તમને સહાય કરે છે અને વળી આગળ પણ વધારે છે.

વાત એવી છે કે એ બધું તમને આગળ વધવા માટેની વ્યવસ્થા છે, પણ એનો દુરુપયોગ પણ તમે કરી શકો! એ સ્વતંત્રતા તમને અહીં મળી છે, કારણકે પરતંત્ર હોય, તો પછી મોક્ષની વાત જ ખોટી ઠરે! પ્રભુએ શકિતનું સર્જન કર્યું અને તે દ્વારા આખા વિશ્વની વ્યવસ્થા ગોઠવાય છે. મનુષ્યયોનિ સિવાયના જે જે પણ જીવો છે ને, તેઓની પાસે વિશેષ બુદ્ધિ નથી, તીવ્ર અહંકાર પણ નથી, એટલે તેઓ સૌ પરમાત્માની સૃષ્ટિના નિયમો પ્રમાણે જ ચાલે છે.

મનુષ્ય સિવાયના જીવો અને આખી જીવસૃષ્ટિ એકબીજાના સહયોગમાં જ જીવે છે. પંખીઓ ન હોય, તો વૃક્ષો ન ઉગે.

જળચર ન હોય, તો પાણી ન આવે. પાણી જે છે, તે પોતાના સંતાન રુપ જલચર પ્રાણીઓ માટે જ માતાના ધાવણની જેમ જમીનમાંથી ફૂટે છે, પરંતુ એ એટલું બધું ફૂટે છે કે એમને વાપરતાં વધેલું જલ મનુષ્યને પણ મળી જાય છે!

પ્રાણીઓ ન હોય, તો અનાજ ના ઉગે. તો જલ - ફલ યા ફસલ વિના માણસ કેમ જીવી શકે? તો આ અનાજ, પ્રાણીઓ વગેરે જે ઉત્પન્ન થાય, એ આમ સૃષ્ટિની શકિત સહાય કરે. મોટા ભાગના જે અહીં વૃક્ષો છે, તે પશુઓએ ખાધેલા ફળોમાંથી નીકળેલા બીજમાંથી જ ઉગે છે. નહીંતર એમ ને એમ એ વૃક્ષો કાંઈ ફરી ફરી ઉગ્યા ન કરે! વળી તમને જેના મારફતે બીજ મળ્યાં કરે છે, એ પ્રાણીઓ તો માત્ર ઘાસના જ ઘરાક છે.

એમનો ખોરાક વધારે છે એટલે અને તમે માત્ર બીજમાં જ તૃપ્ત થઈ શકો છો. બીજ તો દરેક વનસ્પતિ આપવાની જ છે, કેમકે સર્જન કરવું તથા શિશુરક્ષા - એ જીવમાત્રનો સ્વભાવ છે. જીવ જયાં જાય, ત્યાં તરત જ શરીર બનાવવા માંડે, પરિવાર બનાવવા માંડે, કેમકે જીવનો એ અનાદિનો સ્વભાવ છે.

છાંદોગ્ય ઉપનિષદમાં કહેલું છેઃ 'एकोऽहं बहुस्याम्।' અર્થાત્ઃ 'હું એક છું, અનેક બની જાઉં.' I am one. May I become many! આ વાત બ્રહ્મસૃષ્ટિના નિર્માણની ઈચ્છાને દર્શાવે છે. આ બધું પરિમિત હોય, તો મનુષ્યને મળે નહીં અને તો એ જીવે શી રીતે?

આ પ્રાણીઓની દયા આપણે એટલા માટે પાળવાની છે કે તેઓ સૌ આપણને જીવાડનાર છે! પણ તમે એના જીવાડનાર છો, એવા અહંકારમાં આવી જાવ છો, જે બહુ જ ખોટું છે! એટલે હકીકતમાં સૌ પ્રાણીઓની રક્ષા કરો, એ તમારી ફરજ છે, ધર્મ નથી! ધર્મ તો માત્ર મનુષ્યોની રક્ષા કરવી, એ જ છે.

આ આખી યે બ્રહ્મસૃષ્ટિમાં અનુકંપાને પાત્ર માત્ર મનુષ્યો જ છે. એ એક જ બિચારો એવો છે, જે અન્ય જીવો ન હોય, તો જીવી ન શકે! બાકીના બધા પ્રાણીઓ મનુષ્યો ન હોય, તો યે આખ્ખી યે સૃષ્ટિ ચાલ્યા જ કરે! સંસારને કે સૃષ્ટિમાં ક્યાંયે મનુષ્યની કોઈ જરૂરત છે જ નહીં! સૃષ્ટિ માટે તો પશુ-પંખી-પ્રાણીઓ જ એમના અવિભાજ્ય અંગો છે. આ રીતે બનતી જે આખી સૃષ્ટિ છે, એ મનુષ્ય માટે છે કે જેથી સૃષ્ટિની સહાય લઈને પ્રભુની ભાવના મુજબ મનુષ્ય દુઃખમુકત થાય ને પ્રભુની જીવોને દુઃખથી મુકત કરવાની જે ઈચ્છા છે, તેને એ પરિપૂર્ણ કરી શકે.

**સભાઃ** તો પછી હવે આમાં આર્હન્ત્યનું કામ શું?

**ઉત્તરઃ** રાજાનું કામ છે પ્રજાને બધી સગવડ પૂરી પાડવી તે! જૂઓ, એક ઘટના કહુંઃ એ વખતમાં જામનગરમાં જે ખાંડ આવતી, તે એક રૂપિયો મોંઘી પડતી હતી. વેપારીઓ લાવે ૫૦ રૂપિયામાં અને વેચે ૪૯ રૂપિયામાં, તેથી સાકરનો ધંધો જ બંધ કરી દીધો! જામ સાહેબને વાતની ખબર પડી, તો વિચાર્યુંઃ

'અરે! મારી પ્રજાને સાકરની જરૂરિયાત ન પૂરી થાય, તે કેમ ચાલે?' તેથી વેપારીઓને કહી દીધુંઃ 'ખરીદમાં જેટલું નુકસાન થશે, એ બધું સરકાર ભરપાઈ કરી આપશે, પણ ખાંડ તો તમારે લાવવાની જ!' જામનગરમાં ખાંડનો વેપાર ચાલ્યો.

લોકો પછી બારદાન વેચીને ય એમાંથી નફો કમાતા. જેમણે એ રીતે પછી નફો કમાયો, એમનું નામ છે ડોંગરેજી મહારાજના પરમ ભકત હરજીવન બારદાનવાલા. મતલબ રાજાએ પોતાની પ્રજા માટે પોતાના ખજાનાને ખૂલ્લો મૂકીને પણ પ્રજાને પૂરું પાડવાની પહેલ કરી ને? એ રીતે પરમાત્માની ભાવનાને કારણે ઉત્પન્ન થયેલ system દ્વારા આપણા માટે સમગ્ર વિશ્વનું નિયમન અને આખી વ્યવસ્થા થાય જ છે.

તમારા શરીરમાં blood circulation થાય છે, તેની speed કેટલી છે, એ ખબર છે તમને? પૃથ્વીને ત્રણ વખત આંટા મારી શકીએ ને, એટલી બધી તો નસોની system છે અને એની અંદર માત્ર પાંચથી સાત મિનિટમાં શરીર આખ્ખાયમાં લોહી ફરી વળે છે. તો વિચારો કે એની speed કેટલી હશે? છતાં તમને એ speedનો કાંઈ અનુભવ થાય છે ખરો?

જેની અંદર આ આખ્ખી અને બીજી કેટલીયે પ્રક્રિયાઓ ચાલે છે, તેવા તમને કાંઈ અનુભવ થાય છે કે જમ્યાં પછી અંદર શું થાય છે? એ બધી પ્રક્રિયા બરાબર થાય છે, પાચન થાય છે, blood બને છે, છેલ્લે ઓજસ પણ તેનાથી બને છે, એ કાર્ય આખરે કોણ કરે છે? પરમાત્માની ઉર્જા જ વળી! કર્મ પણ પરમાત્માની ઉર્જાનું જ ગુલામ છે. કર્મ એનો કોટવાલ છે. ગુનેગારને પકડી લાવીને એને સજા કરનાર છે. વિશ્વની આ મહાસત્તામાં એનું સ્થાન બસ, તેટલું જ છે. એટલે સંસાર માટે તમે સૌથી લાચાર પ્રાણી છો અને તો'ય મોક્ષ માટે સંપૂર્ણ સશકત છો! મનુષ્ય જે છે ને, તે કાંઈ માત્ર ભોગ ભોગવવા માટે નથી જન્મ્યો, પરંતુ પ્રભુની પરમ શકિતનો યોગ, જે અકામ થયો હતો, તે હવે સકામ થાય, એના માટે જ જન્મ્યો છે.

અત્યાર સુધીની યોનિઓમાં તે અકામ હતો, એટલે ભગવાન પ્રત્યેના ખેંચાણથી ધીમે.. ધીમે.. step by step, step by step લઘુત્વાકર્ષણથી અહીં સુધી આવી ગયો. હવે એણે હજુ ઠે...ઠ ઉપર સુધી જવાનું છે. હવે... તેને નીચેના ત્રણ મૂલાધાર, સ્વાધિષ્ઠાન અને મણિપુરચક્રની યાત્રા નથી કરવાની. હવે બીજા ત્રણ અનાહત, વિશુદ્ધ અને આજ્ઞાચક્રની યાત્રા જ બાકી રહે છે, જે પ્રભુની પરમ ઉર્જાને સહારે ચાલે છે.

છ એ છ ચક્રની આ રીતની વાત પૂજ્ય માનવિજયજી મહારાજે લખી છે. તેઓના સ્તવનો વાંચતા મને સ્પષ્ટપણે લાગ્યું છે કે પરમાત્માની પરમ ઉર્જાનો પ્યારો સંબંધ એમને બહુ તીવ્રતાથી થયો છે અને એમનામાં એની જ ઝંખના છે. તેઓ ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથજીના એક સ્તવનમાં કહે છે ને કેઃ

**'ભેદભાવ મૂકી કરો, મુજસું રમો એકમેક સનેહી,**
**વાચક માનવિજય તણી, એ વિનંતી છેક સનેહી!'**

હવે આ એક પ્રેમિકા તરફથી પ્રેમીને થતી વિનંતી જેવી વિનંતી છેઃ 'તું અને હું એક થઈ જઈએ, જૂદા ન રહીએ.' પ્રભુ સાથે સંબંધ બાંધવા માટેની એ સ્થિતિ છે. આપણી ચેતના જ્યારે પ્રભુની દિવ્ય ચેતના સાથે એકમેક થાય, તો જ તૃપ્તિ થાય! ત્યાં સુધી ગમ્મે તેટલું મળે, આપણને એમ લાગશે કે હજી ઘણું બધું બાકી જ છે, હજી અંતિમ મંઝિલ નથી જ આવી! પ્રભુનો પ્રિયતમ જેવો સ્પર્શ એટલે તમારા તૈજસ શરીર સાથે પ્રભુના તૈજસ શરીરનો સંબંધ! યોગમાં આ જ થતું હોય છે. એ જ છે કુંડલિની જાગરણ, ચેતનાનું ઉપર ચડવું અને ઉપરની પરમ ચેતનાની સાથેનું મિલન પણ એ જ છે! આ જ છે પરમ સંભોગ! એ શાશ્વત છે. એ જ બ્રહ્મચર્ય, બ્રહ્મમાં ચર્ય, બ્રહ્મ મહીં

તમારી એકતા, જે પહેલાં અહીં સિદ્ધ કરવી પડે. પ્રભુ તમારા પરમ પ્રેમી છે, એ જ ચેતના. ત્યાં જ તમારે સમાવાનું છે. એ માટે જ તમને મનુષ્યજન્મ આપ્યો છે, કેમકે તડપ યા વ્યાકુળતા મનુષ્ય સિવાય કોઈનામાં યે નથી હોતી! એ તડપ અને એ વ્યાકુળતા આવ્યા સિવાય પ્રભુ સાથે સંબંધ થતો નથી. માટે જ કેટલા બધા સ્તવનોમાં કવિઓએ વ્યાકુળતા પ્રગટ કરી છે!

પ્રભુ તો તૈયાર જ છે, પણ તમે રાધા બનીને મિલન માટે અત્યંત વ્યાકુળ ન બનો, ત્યાં સુધી કૃષ્ણ આવવા તૈયાર નથી! 'કૃષ્ણ' એટલે પરમ ચેતના, 'રાધા' એટલે આપણી વ્યક્તિચેતના. ત્યાં એ સંદર્ભ છે. બાકી 'રાધા' નામનું કોઈ પાત્ર થયું જ નથી.

'કૃષ્ણ' એટલે? બધું જ પૂર્ણ. તીર્થંકર પરમાત્માની જ અવસ્થાનું એ નામ છે. તે પૂર્ણ છે. તે સમગ્રને પોતાનામાં સમાવી લેવા સમર્થ જ છે. નિગોદથી લઈ અને નિર્વાણ સુધીની આખી જ યાત્રા પ્રભુની શક્તિથી થાય છે અને એ યાત્રા જે શક્તિથી થાય છે, એનું જ નામ છે 'આર્હન્ત્ય'!

**સભાઃ** વાહ...! બહુ સરસ વ્યાખ્યા છે આ!

**ઉત્તરઃ** હા. આર્હન્ત્ય પોતે તો કશું જ નથી કરતું! આ સ્પેસ કે આકાશ છે જે, તે કાંઈ કરે છે? ના! પણ સ્પેસ ના હોય, તો જગ્યા વગર તમે ચાલી શકો? શ્વાસ લઈ શકો? ક્યાંય જઈ શકો? એ સ્પેસ જ તમને પરમ સહાયક છે ને? બસ! એમ આર્હન્ત્ય છે. બધા તો એમ જ સમજતાં હશે કે મમ્મી જેમ માથે હાથ ફેરવે અને ઠંડી લાગતી હોય, તો ગોદડું ઓઢાડે, એમ આર્હન્ત્યમાં પણ કંઈ થતું હશે! પણ ના..ના! આવા બધા વિચારો અને આવી બધી કલ્પનાઓ ન કરવી.

'આર્હન્ત્ય' એટલે આપણા શરીરમાં રહેલો પરમ પ્રાણ! એ પરમ પ્રાણને પ્રગટ કરવાની શક્તિ માત્ર અને માત્ર આ મનુષ્ય શરીરમાં જ છે! પરમ સત્તાધીશ સાથે સંબંધ કરવાની અને પરમ સત્તાધીશ બનવાની, એ બંને શક્તિ માત્ર આ મનુષ્ય શરીરમાં જ છે, પછી જેનું જેવું તથાભવ્યત્વ!

પહેલાં નક્કી કરોઃ એકના પુણ્યથી અનેકને લાભ થાય કે નહીં? હા, લાભ થાય! તો પરોપકાર પુણ્ય જ કરે ને? તો 'એકના પુણ્યની બીજા ઉપર અસર ન થાય..' એવી અગર કોઈ નિશ્ચય નયથી વાત કરે, તો ચાલે? પુણ્યની અસર તમારા પાપ ઉપર થાય, તમારી અસર તમારા કર્મ ઉપર થાય, તમારા ઉપર ન થાય. એ તો પેલા કર્મ નીકળી જાય, એટલે તમે સ્વસ્થ થઈ જાવ. એમ પ્રભુનું પુણ્ય તમારા દુઃખના મૂળને ઉખેડીને ફેંકી દે અને દુઃખમુક્ત થઈ જાવ તમે!

આપણે ત્યાં 'સુખ મળે' એવા શબ્દો જ નથી. 'સુખ' નામની કોઈ ચીજ છે જ નહીં! સુખ અને દુઃખ - બંને એક જ સિક્કાની બે બાજુઓ છે. મનને જેમાં મજા આવે, એનું નામ 'સુખ' અને મનને જેમાં પીડા થાય, એનું નામ 'દુઃખ'! (સભાઃ વાહ...!)

બાળકને કોઈ અજાણ્યો માણસ અડે, તો રાડ પાડશે અને એ જ બાળકને મા ઉપાડીને છાતી સાથે ભીંસી પણ નાંખશે, તો યે ખીલખીલાટ હસશે, કેમકે એ ભીંસામણ એને ગમતી છે. તે બાળકનું સુખ છે. પેલો અજાણ્યો touch કરે, એ એને ગમતું નથી, માટે દુઃખ છે. તમારા સુખ - દુઃખ પણ આવા જ છે. એક જ સરખી ક્રિયા, પણ તેનાથી સુખ પણ થાય, દુઃખ પણ થઈ શકે. એટલે જ એવું માંગવાનું છે કેઃ 'દુઃખ ન મળે.'

આપણે ત્યાં જૈનશાસનમાં દુઃખક્ષય અને કર્મક્ષય જ ભગવાન પાસે માંગીએ છીએ. દુઃખનો ક્ષય થયો, એટલે વાત પૂરી થઈ ગઈ. સુખ હોય, તો દુઃખ આવે જ! માટે જ ભૂલે-ચૂકે ય સુખ નહીં માંગવાનું! જીવન હોય, એટલે મૃત્યુ તો આવે જ! એટલે ક્યારેય જન્મ નહીં માંગવાનો! હા! મરણ માંગવાનું, બોલો! તમે પણ સમાધિ મરણ માંગો ને? કોઈએ જનમ માંગ્યો? જન્મ તો દુઃખનું જ કારણ છે.

પરમાત્મા જે તીવ્ર ભાવના ભાવે છે ને, એ પણ વિશ્વ-વ્યવસ્થાનો જ એક ભાગ છે કે એમને એવી ભાવના થાય જ! એ રીતે તેઓ આગળ વધતાં જાય અને આખા વિશ્વનું સંચાલન ચાલતું રહે!

બીજું કે દુનિયા હોય, ત્યાં કોઈને કોઈ રાજા થનાર તો જન્મે જ. લોકોનું પુણ્ય હોય, એટલે સકલ જીવરાશિનું જે એક પુણ્ય, એ જ પછી તીર્થંકરને પ્રગટ કરે. વિશ્વના પટ ઉપર પરમાત્મા ષટ્-જીવનિકાય કે સકલ જીવોના પ્રતિનિધિ છે. પ્રભુના કલ્યાણકોના અવસરે બધા જ જીવો તેને અનુભવીને feel પણ કરે છે.

નિગોદના જીવો સહિત જગતનો કોઈ એક પણ જીવ એવો નથી કે જે એ વખતે પ્રભુની શક્તિને feel ન કરતો હોય! હા! વ્યક્ત ભલે ન કરી શકે, પણ feel તો કરી જ શકે કેઃ 'અમારી' કોઈ વ્યક્તિ આવી! આ કોઈ 'અમારું' છે, એવું feel કરે. ટૂંકમાં વિશ્વમાં એ અસર થાય જ છે. તો વાત એટલી જ છે કે તમે જે પણ કાંઈ કરી રહ્યા છો, એ creativity, એ સર્જન, એ working power - સર્વ પ્રભુ તરફથી જ અને વિશ્વના સર્વ જીવો સાથે સહકારથી વર્તવા માટે જ તમોને મળે છે અને કોઈપણ જીવને દુઃખ ન આપવા માટે જ તે મળે છે.

પ્રભુએ એ નિશ્ચિત કર્યું છે કે 'દુઃખ આપે, તો દુઃખ મળે, એટલે દુઃખ ન આપવું.' એ વાત પ્રભુએ મુખ્યતઃ કરી, પણ સાથે સાથે 'કોઈના દુઃખને દ્રવ્યથી દૂર કરવા પણ પ્રયાસ કરવો', એ વાત પણ બીજા નંબર ઉપર કરી.

પ્રભુના શાસનના નાગરિક તરીકે રહેવું હોય, તો તમારા માટે આ બે કાયદા છેઃ પ્રથમ 'દુઃખ ન આપવું' અને બીજો કાયદો કેઃ 'એના દુઃખમાં તમે સહાયક થઈ શકતાં હો, દુઃખ દૂર કરી શકતાં હો, તો જરૂર કરો.' જો આ કાયદા પળાશે, તો તમને બધી જ facility મળશે. હવે આમાં પ્રભુની આજ્ઞાનું પાલન કર્તવ્ય જ છે. જેમ તમે કર્તવ્ય બરાબર નિભાવો, તો ઈનામ-અકરામ મળે, તેમ પ્રભુ પણ સદ્ગતિ વિગેરે એના ફળરૂપે તમને આપે જ છે.

**પરમ કૃપાળુ પરમાત્માની એ ભાવનાનું લક્ષ્ય એક જ હોય છે કેઃ** 'વિશ્વના નાના કે મોટા, કોઈપણ પ્રાણીને મન, વચન કે કાયાથી દુઃખ ન આપીએ, એવી સ્થિતિમાં આપણે પહોંચીએ અને એ દુઃખનો એક નાનો તરંગ પણ આપણને સ્પર્શે નહીં!' આમ આર્હન્ત્ય એ પરમાત્માની પરમ ઉર્જા છે, જેના દ્વારા જ આ સમગ્ર વિશ્વનું જીવન ધબકે છે અને સૃષ્ટિની આખી વ્યવસ્થા તે શક્તિ ચલાવે છે અને પ્રભુ એના પરમ નિયામક છે.

જૂઓ, એક ઘટના હું તમને આજે ફરીથી બતાવુંઃ
હું સુમેરપુર હતો. અમારા એક ભગતનો જમાઈ મુંબઈથી આવ્યો. આજથી ૬૦ વર્ષ પહેલાનાં જમાનાનો એ સી.એ. હતો. ઘનશ્યામ રાણાવત એનું નામ. બેઠો મારી જોડે, કારણકે એની પત્ની મારી ખાસ ભગત હતી અને એનો સસરો પણ મારો ભગત હતો.

ઘનશ્યામ મારી પાસે બેઠો અને કહેઃ 'મહારાજ સા'બ, મૈં ભગવાન મેં નહીં માનતા હૂં.' મેં કહ્યુંઃ 'બહોત અચ્છા. વો દિખતા નહીં હૈ, તો કૈસે માનેંગે? સહી બાત હૈ. તું સોચનેવાલા આદમી હૈ. બિના સોચે તું નહીં બોલ રહા હૈ. તુને સોચા હોગા ખૂબ, તબ તુજે યે નિર્ણય આયા હોગા કિ ભગવાન નહીં હૈ. હાં ઠીક હૈ, ભગવાન તો નહીં દિખતે હૈ, લેકિન યે દુનિયા હૈ કે નહીં હૈ?' 'વો તો હૈ હી!' 'આકાશ ભી હૈ?' 'હાં હૈ.' 'ધરતી ભી હૈ?' 'હાં હૈ.' 'આકાશ મેં સૂર્ય-ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા સબ હૈ?' 'હાં હૈ.' 'દુનિયામેં મનુષ્ય, પ્રાણી, વનસ્પતિ સબ હૈ?' 'હાં હૈ.' તો પછી મેં તેને પૂછ્યુંઃ

'તો યહ સબ સહી ઢંગ સે જો ચક્ર ચલ રહા હૈ, જૈસે... વો હી સૂરજ ૨૪ ઘંટે મેં વાપિસ ઉગને આ જાતા હૈ, બાકી કે સબ ભી ઠીક ઢંગ સે ચલતે હૈં, ચંદ્ર - તારા કોઈ ભી ઉપર સે ગિર નહીં જાતે, આકાશ મેં તારોં કે બીચ ભી કોઈ અકસ્માત નહીં હોતા હૈ. અરે... તું જો ખાતા હૈ, વો ભી બિલ્કુલ ઠીક જગહ જઠર મેં હી જાતા હૈ, શ્વાસનલી મેં નહીં જાતા હૈ, તેરે યે શરીર કી પૂરી પ્રક્રિયા ભી ઠીક ઢંગ સે ચલતી હૈ, તો એક બાત બતાઃ કિસી કે નિયંત્રણ કે બિના ક્યા યે સબ ઠીક ઢંગ સે ચલ સકતા હૈ?'

'નહીં મહારાજ સા'બ, કોઈ cosmic નિયંત્રણ તો હોના હી ચાહિયે. કોઈ વૈશ્વિક વ્યવસ્થા તો હોની હી ચાહિયે. ઈસ કે બીના તો નહીં ચલ સકતા.' એટલે પછી મેં કહ્યું કેઃ 'બસ તો ઘનશ્યામ! યે નિયંત્રણ જો ભી કરતા હૈ ન, ઉસી કો હમ 'ભગવાન' કહતે હૈં. વો કભી દિખતા નહીં હૈ. આપ કે ન્યૂટન કો પૂછ લો કિ તુમને લાઈટ કો કભી દેખી હૈ?

ઉસ લાઈટ કે કામ કો દેખા હૈ, ઉસકે ઝટકે કો મહેસુસ કિયા હૈ, લેકિન ક્યા બિજલી કો દેખા હૈ કભી? તો જો યે પૂરી દૂનિયા ચલાતા હૈ ઔર દિખાતા હૈ, લેકિન વો દિખતા નહીં હૈ, બસ! ઐસે મેરે પ્રભુ હૈ!' તો બોલ્યો કે 'અચ્છા ઐસા હૈ? તો મહારાજ સાહેબ! મૈં માનુંગા, માન લુંગા કિ ભગવાન જરુર સે હૈં.' (સભાઃ હાસ્ય...)

વર્તુળમાં માત્ર એક નાભિ ન હોય તો? આખું ચક્ર એક સળીના જ આધારે હોય, એ ન હોય તો એ ખોરવાઈ જાય ને? પાતળી સળી જ ભલે હોય, પણ એ હોય તો જ આખું ચક્ર ચાલે ને?

આખું જે વિશ્વચક્ર છે, એ પ્રભુ રૂપી મૂળ નાભિના આધારે જ ચાલે છે! દુનિયા તો બરાબર, આપણું શરીર પણ નાભિના આધારે જ ચાલે છે ને? પેચુટી ખસી જાય, તો શું થાય? બધું ગરબડમાં પડી જ જાય ને? બસ! પ્રભુ એ જ છે - વિશ્વનું કેન્દ્ર! એટલે પ્રભુની શકિત તરફથી જે મળ્યું છે, એનો સદુપયોગ કરવો, એ છે એમની આજ્ઞાનું પાલન! આ મળેલી શકિતનો ઉપયોગ જીવો ઉપર અપકાર કરવામાં ન કરવો, ઉપકાર કરવામાં જ કરવો, એ છે એમની આજ્ઞાનું પાલન!

એક જીવ બીજા જીવના supportથી જ મુકત થાય. 'परस्परोपग्रहो जीवानाम्।' છે, કાંઈ 'परस्परोपग्रहो पुद्‌गलानाम्' નથી! પુદ્‌ગલ છૂટ્ટાં પડવામાં માને છે, જ્યારે જીવ ભેગાં થવામાં માને છે. પશુઓનાં કોઈ ગામ વસે? ગામ કોના વસે? માત્ર મનુષ્યોના જ વસે! આમ ભલે ને બધા કહે કેઃ 'મને મારું બધું personal જોઈએ', પણ... મારા બેટા! personal જીવી ના શકે! કેમકે એને સમાજ તો પાછો બધે જોઈએ જ છે!

આજે એવું છે કેઃ જેનું કરવું પડે, એ ફકત ના જોઈએ! આનો અર્થ બીજો કાંઈ નથી, માત્ર આ જ છે. શકિત મળી છે, પણ બીજા કોઈના માટે એનો ઉપયોગ નથી કરવો! સ્વાર્થી થવું છે, એના જ તોફાન છે! બાકી તો જ્યાં માણસ ભેગાં થાય ને, ત્યાં જ બધા ભેગાં થાય. આ મુંબઈમાં જ જૂઓને, અહીં મુંબઈમાં ખેતી નથી, પીવાનું પૂરતું પાણી યે નથી, જીવનજરૂરી કોઈ ચીજ વધુ નથી, પરંતુ મુંબઈમાં માણસ...? ખૂબ! એટલે માણસનું ખેંચાયેલું માણસ અહીં આવી જ જાય છે! માણસ છે, તો ધંધો - ધાપો બધું જ છે, પણ માણસ છે, તો છે ને? Economists પણ સ્પષ્ટ કહે જ છે કેઃ 'જેમ વસ્તી વધે, એમ ધંધો વધે. વસ્તી ઘટે, એમ ધંધો ઘટે.'

જ્યારે હિન્દુસ્તાન આખ્ખાયની મળીને બહુ ઓછી-માત્ર ૩૩ કરોડની જ વસ્તી હતી ને, ત્યારે રોકડા પાંચ રૂપિયા પણ કોઈ પાસે spareમાં હોય, તેવા નીકળતા ન હતાં! આજે જ્યારે એનાથી પાંચ ગણી વસ્તી થઈ ગઈ છે, ત્યારે પાંચ કરોડ પણ નીકળી જાય છે. તો વસ્તી વધી, એમ સંપત્તિ કેટલી બધી વધી!

આ તો negative દ્રષ્ટિવાળા જ 'બધું બગડી ગયું, બગડી ગયું...' એમ કરે છે.. પણ અલ્યા, જ્યાં માણસો હશે ને, ત્યાં ગટર પણ હોય જ! એમાં શું આટલી બધી માથાફોડી કરે છે? ગટરનો નિકાલ કરવાનો... બસ! એ જ એક ઉકેલ છે.

ભગવાનનો જન્મ થાય, એટલે ધન-ધાન્ય સાથે વસ્તી પણ વધે, એમ શાસ્ત્રમાં લખ્યું જ છે. વસ્તી ઘટવી, એ પ્રભુ તમારામાંથી વિદાય થયાં છે, એની નિશાની છે. પ્રભુ સાથે સંપર્ક તૂટે, એટલે લોકોની fertility ખતમ!

આજે જુઓ... એ જ થયું છે! ખૂબ અહંકાર છે આજના છોકરીઓ અને છોકરાઓમાં! આજના છોકરીઓ અને છોકરાઓ એવું માને છે કે જાણે 'દુનિયાનું શ્રેષ્ઠતમ તત્ત્વ હું જ છું અને તેથી દુનિયાનું બધું જ શ્રેષ્ઠતમ મને મળવું જ જોઈએ'...પણ પ્રભુ ભૂલાઈ ગયા છે, માતા-પિતા ભૂલાઈ રહ્યા છે, તેઓમાં fertility પણ સાવ ખતમ થઈ રહી છે!

આજના સમાજવિજ્ઞાનીઓ પણ કહે છે કેઃ 'આ રીતે જ જો ચાલશે, તો ૫૦ વર્ષ પછી આ છોકરીઓ એક પણ બચ્ચું પેદા નહીં કરી શકે, કારણકે સર્જનહાર તો એ છોકરીઓ જ છે. એ છોકરીઓ ભગવાનની જોડે સંપર્ક કરતી નથી. એ તમારી જોડે નથી, તો automatically તમારી પ્રજા ખતમ થવી જોઈએ, કારણકે ભગવાનને આવા પોતાની સામે બળવો પોકારનારા ખપતાં કે જોઈતાં નથી!

**સભાઃ** તો એક communityમાં કેમ વસ્તી વધતી જ જાય છે?

**ઉત્તરઃ** મુસ્લિમોને અલ્લાહ ઉપર જેટલો વિશ્વાસ છે, એટલો કોઈને નથી! એ અલ્લાહ ઉપરનો ઈશ્ક હોય કે ગમે તે હોય, તે નંબર એક. વળી મુસ્લિમો જેવી સામાજિક બિરાદરી (ભાઈચારો) બીજે ક્યાંય છે? બધા એકબીજાને કેટલા બધા વફાદાર! એક મુસ્લિમ બીજા મુસ્લિમ માટે બધું જ કરી છૂટે છે. તમારી દ્રષ્ટિએ એ લોકો યવન છે, પણ પ્રભુની દ્રષ્ટિમાં પણ એમ હોવું જોઈએ ને? મારે અને તમારે એમ હોય, એ શું કામ આવે? કેમકે એ તો સુપ્રીમ કોર્ટ ચુકાદો આપે, એ જ કામ આવે. કાલે કદાચ એ જ આખી કોમ કોઈ સદ્‌ગુરુ આવશે, તો convert થઈ જશે! તમારી જગ્યાએ ઉપાસક તરીકે એ લોકો ગોઠવાઈ જશે.

તમારી તો આખ્ખી યે પેઢી સમાપ્ત થવાની તૈયારીમાં છે. હાલ દર વર્ષે તે ઓછી થતી જ જાય છે. હિન્દુની એક છોકરી અને આનો એક છોકરો... બે પરણે એટલે હિન્દુનું એક ઘર બંધ થાય! ૧ લાખના સીધા ૫૦ હજાર, પછી એ ૫૦ હજારના સીધા ૨૫ હજાર! આ બહુ સ્પષ્ટ ગણિત છે.

ભગવાન પ્રત્યેની વફાદારીની મોટી નિશાની એક જ છેઃ પોતાના માતા - પિતા તરફનો અત્યંત કૃતજ્ઞભાવ. તમને ખબર છે ખરી કે તે કોણ આપે? તમારા genesમાં તો એ વસ્તુ જ નથી કે તમે આપમેળે એ આદર આપો, એ મેં કાલે પણ કહ્યું હતું.

૧૮ કોટા-કોટિ સાગરોપમના કાળમાં એક કરતાં એક પણ યુગલ પોતાના મા-બાપ કે સાસુ-સસરાની સેવા કરતું નથી! વિશ્વમાં પણ જેમ બધે દેખાય છે, તેમ આજે સૌ કોઈ પોતાના સંતાનોની સેવા તો કરે છે, પણ પોતે પોતાની જ આગલી પેઢીની સેવા નથી કરતું! એટલે તમારા genesમાં કે મનમાં માતા-પિતાની સેવા કરવી નથી, પરંતુ તમને એ યાદ જ નથી કે પ્રભુની પરમ કૃપાપાત્ર એવો આ દેહ, જેમણે તમને આ પૃથ્વી ઉપર આવવા જનમ આપ્યો, એની કિંમત સૌથી વધારે છે

'જય વીયરાય'માં 'ગુરુજન-પૂજા' શબ્દથી માતા-પિતાની પૂજા કરી શકો, એ માંગ્યું છે. જોવું હોય, તો 'લલિત-વિસ્તરા'માં જોઈ લેજો. મેં જ્યારે આ વસ્તુ એમાં વાંચી, ત્યારે મારા માથામાં એમ થયું કેઃ 'અરે... આ શું કીધું?' હું તો સમજતો હતો કેઃ 'ગુરુજન-પૂજા' એટલે દેવ અને ગુરુની જ સેવા હશે, પણ ના! 'લલિત-વિસ્તરા' ગ્રંથમાં 'ગુરુજન-પૂજા'નો અર્થ સ્પષ્ટ કહ્યો છે કેઃ 'ગુરુજન-પૂજા'નો અર્થ છેઃ પોતાના માતા-પિતાની સેવા.

એટલે જેના ઉપર પ્રભુની કૃપા હોય, એને જ પ્રભુ તરફથી વરદાન રૂપે અથવા એમના પ્રભાવથી માતા-પિતાની સેવા કરવાનું મન થાય અને શિષ્યોને પણ પોતાના ગુરુદેવને વફાદાર રહેવાનું મન થાય! ગુરુ મહારાજને છોડીને ક્યાંય ન જવું, એવો દ્રઢ સંકલ્પ પ્રભુની કૃપા હોય, એવા શિષ્યને જ થાય!

જેના ઉપર મોહરાજાની કૃપા હોય, એને જલ્દીમાં જલ્દી ગુરુની પરતંત્રતા તોડવાનું મન થાય! ગુરુપારતંત્ર્યમાં રહેવાનું મન પછી એને ના રહે! તમારા કુટુંબની પ્રતિપાલના કરો, પણ સ્વચ્છંદ રહેવું, એ અનાદિ કાળની આત્માની આદત છે. ઉપકારીઓ કે કોઈના પણ ઉપકાર ન જોવા, એ પણ અનાદિ કાળની તમારી આદત છે. પ્રભુની કૃપા હોય, તો જ એ આદત બદલાય! એ સિવાય ના બદલાય!

જેમ પોતાના ગુરુની દરકાર ન કરનારી ચેલીઓ પછી ભાવિમાં વર્ષો પછી તેની પોતાની ચેલીઓની ગુલામ જ હોય છે અને એવા શિષ્યો, જેઓએ પોતાના ગુરુની દરકાર ન કરી હોય, તેઓ પણ અંતે તો પોતાના શિષ્યોના ગુલામ જ હોય છે! શિષ્ય કહેઃ ઉઠો, તો ગુરુ ઉભા થઈ જાય અને શિષ્ય કહેઃ બેસો, તો બેસી જાય!

ઘણી વખત શાસન કે સમાજમાં બહુ મોટા ગણાતાં આચાર્યો કે મહાનુભાવોને પણ જ્યારે ચેલાની સામે હાથ જોડીને ઉભા રહેલા જોઉં છું, ત્યારે મને આશ્ચર્ય થાય છે અને લાગે છે કેઃ આ ભાઈ સાહેબે પોતાના ગુરુની દરકાર કરી લાગતી નથી, એટલે આજે પોતાના જ ચેલાના સંકજામાં ફસાઈ ગયા છે. પ્રભુની પરમ કૃપા સિવાય ઉપર ઉઠવા માટેનો જે માર્ગ છે, એના ઉપર તમે ચાલી શકો નહીં! અહીંયા પ્રભુ તમને બધી જ સ્વતંત્રતા આપે છે.

પ્રત્યેક વનસ્પતિકાયમાં પણ તમે જમીનથી જડાયેલા હતાં, ક્યાંય ફરી ન્હોતા શકતાં. પણ હવે એ સ્વતંત્રતા આપી કેઃ 'બેટા, ચાલ! પણ ચાલવાનું તો પ્રભુ તરફ જ હં...!' નિગોદથી નિર્વાણ સુધીની પ્રભુ તરફની યાત્રા એટલે આત્માની પરમાત્મા તરફની યાત્રા, જે પરમાત્માના બળથી જ ચાલે છે, એ ઉર્ધ્વાકર્ષણ કરે છે અને step by step તમને ઉપર ઉઠાવતાં જાય છે.

**વિશ્વમાં વ્યાપ્ત જે બળ છે, બસ! એનું જ નામ 'આર્હન્ત્ય'!**

હું કહુંઃ 'પાણી પીવાથી જીવન મળે. પાણીથી બધી ફસલ થાય. વૃક્ષો ય ઉગે... બધું જ થાય.' એટલે બોલેલું સાંભળી લીધુંઃ 'પાણીથી બધું જ થાય!' હવે શું કરવું? તો પછી...

જુગલીયાઓની સામે ભગવાન ઋષભદેવના સમયમાં જ્યારે નવો - નવો અગ્નિ પ્રગટ થયો, ત્યારે યુગલીઆઓએ જઈને પ્રભુને પૂછ્યુંઃ 'ભગવાન, આ કોણ ઉત્પન્ન થયું છે? એમાં જો હાથ નાંખીએ, તો તે અમને બાળે છે.' તો પ્રભુએ કહ્યુંઃ 'અરે, એ તો તમને ખાવાનું પચતું નથી ને, એટલે ખાવાનું પકવવા માટે ઉત્પન્ન થયેલો અગ્નિ છે, તે અનાજ પકાવી આપશે.'

'સારું ભગવાન!' એમ કહીને પછી યુગલીઆઓએ પોતાની પાસે ચોખા અને જે કંઈ હતું, તે નાંખ્યું આગમાં! થોડી વાર માટે તો બધા ઉભા રહ્યા. પછી અગ્નિને કહ્યું કેઃ 'ભાઈ સા'બ! તમારે જેટલું ખાવું હોય, એટલું ખાઈને પછી અમને પાછું તો આપો.' (સભાઃ હાસ્ય..) પણ પેલો અગ્નિ.. મારો બેટો! કાંઈ પાછું આપે નહીં! એટલે આ ભોળાંઓ પાછાં ગયા ભગવાન ઋષભદેવ પાસે અને કહ્યુંઃ 'પેલો તો બદમાશ છે પ્રભુ! બધું લઈ લે છે અને પાછું કાંઈ આપતો જ નથી.'

પ્રભુ કહેઃ 'શું વાત છે?' એ વખતે ભગવાન ઋષભ હાથી ઉપર બેઠાં હતાં, એટલે પ્રભુએ માટી મંગાવી. સૌ પહેલાં તો એમાંથી એક નાની તોલડી બનાવી. આ ટકાની તોલડી છે ને, તેર વાના માંગે. એટલે સૌથી પહેલી એ મંગાવી. એ આવી પછી કહ્યુંઃ 'આની ઉપર વહી મૂકી એની અંદર પાણી નાંખીને એને આગમાં મૂકો. પછી ચોખા નાંખો. એ પાકશે, પછીથી તમારે માટે એ ખાવાલાયક થાશે. પેલો બદમાશ પછી કશું જ નહીં ખાય! બધું જ તમને મળશે.' ...એમ આપણે એવા બોલ્યા છીએ.

અહીં કોઈ મને પૂછે છેઃ 'સાહેબ! આર્હન્ત્ય મારી ઉપર કઈ રીતે કામ કરશે?' હે ભગવાન! સૂર્યનો પ્રકાશ તમારી ઉપર કઈ રીતે કામ કરે છે? તમે એને કઈ રીતે લેવા જાવ છો? શું તમે એને હાથ જોડીને વિનંતીપૂર્વક શું કહો છો કેઃ 'હે પ્રકાશ મહારાજ! મારું બધું કામ કરજો?' (સભાઃ હાસ્ય...)

હું બતાવું છું વિશ્વસ્થિતિ, વિશ્વની એક વ્યવસ્થા અને એના મૂળભૂત આર્હન્ત્યની વાત! પણ એને તમે લોકો ઉવસગ્ગહરંના સાધકોની જેમ હવે રસોઈ કરતાં હો અને બાળક છી-છી કરે, તો એને સાફ કરવા પોતે ના ઉભા થાવ અને શ્રી ધરણેન્દ્ર દેવને બોલાવો, એવું કરો છો! એટલે પછી એમ કરવું પડશે કેઃ ઉવસગ્ગહરંની ગાથામાં જે શક્તિ હતી, એને શ્રી ભદ્રબાહુસ્વામીએ ભંડારી દેવી પડી, કેમકે શ્રી ધરણેન્દ્ર દેવે ફરિયાદ કરેલ કેઃ 'આવી ગાંડી ગાંડી વાત કરાય?', એમ કરવું પડશે!

આર્હન્ત્યની પરમ શક્તિ દ્વારા તમે એને અનુકૂળ રહો, તો પછી તમે ક્રમશઃ ધીમે - ધીમે ઉપર ચડતાં જ જાવ અને છેવટે મુક્તિને દરવાજે પહોંચી જ જાવ!

'ઈરિયાવહી સૂત્ર'માં ઈર્યાપથ એટલે કે પહેલા ચક્રથી અંતિમ ચક્ર સુધીના ચક્રની યાત્રાના માર્ગને તમે શુદ્ધ કરો. એમાંથી કામ - ક્લેશાદિના સઘળા વાંધાઓને કાઢી નાંખો, ઉત્તરીકરણ કરો, એનું પ્રાયશ્ચિત્તીકરણ કરો, એનું વિશોધીકરણ પણ કરો..!

આમ યોગના બધા કરણ કરો, તો માર્ગ સાફ થાય, એટલે પછી કાયોત્સર્ગ દ્વારા ચેતના સાફ થઈને ઉપર ચડે. એક પછી એક ચક્ર પાર કરે. આમ 'इरियावहियं' સૂત્ર ચક્રોથી ઉપર ચડેલી ચેતના સુષુમ્ણામાં લાવે. હવે એક ભગત પૂછે છેઃ

'બાપજી, આ સુષુમ્ણા નાડી શું છે?' ડાબા અને જમણાં - એમ બે નસકોરાંમાંથી તમારો શ્વાસ આવે છે ને? ક્યારેક જો જો, બેમાંથી એક્કેયમાં શ્વાસ નહીં ચાલતો હોય! ક્યારેક હાથની મૂઠ્ઠી ઊંધી વાળીને જોઈએ, તો ઠેઠ નાભિ સુધી પણ શ્વાસ ચાલતો હોય, પછી તેથી થોડો ઉપર, પછી સાવ દાઢી સુધી જ આવતો હોય!

ચાર આંગળ, આઠ.. બાર.. સોળ આંગળ સુધી શ્વાસ ચાલતો હોય... તેમાં અલગ અલગ તત્ત્વો હોય, એનાથી શ્વાસના તત્ત્વને ઓળખી શકાય. જો આકાશતત્ત્વ હોય, ત્યારે સુષુમ શ્વાસ અંદર જ હોય, બહાર બિલ્કુલ ન હોય. બંને નસકોરાં જ્યારે ચાલતાં હોય ને, ત્યારે સુષુમ્ણા શ્વાસ હોય. ગમે તે એક નાક ચાલતું હોય, તો સુષુમ્ણામાં ના હોય. સુષુમ્ણાને યોગની ભાષામાં 'મધ્યમાર્ગ' પણ કહે છે. મધ્યમાર્ગમાં જ્યાં સુધી આપણો પ્રાણ ના આવે ને, ત્યાં સુધી તમારું કોઈ જ ઠેકાણું ન આવે! એ મધ્યમાર્ગમાં જ પરમાત્માની ઉર્જાનું અવતરણ થાય.

આપણને ખાન-પાન અને બધી અનેક ચીજોમાંથી પ્રાકૃતિક ઉર્જા સહજ રીતે તો મળે જ છે, પણ જે વધારાની ઉર્જા જોઈએ છે ને, એની માટે આપણે પેલા મોટા power houseમાં અરજી કરવી પડે. એ પછી જે વધારાની ઉર્જા મળે, એનાથી આપણી ચેતનાનું ઉર્ધ્વારોહણ થાય.

માત્ર લેવું, કાંઈ ન દેવું યાને માત્ર લઉં, તેમ જ ખાઉં પણ નહીં અને ખાવા દઉં પણ નહીં, એ છે **નિગોદ ચેતના**. પછી માત્ર પોતે જ ભોગવે, કોઈને આપે નહીં, એ છે **પશુ ચેતના**. એ પછી જે બીજાને આપીને ખાય, એ છે **મનુષ્ય ચેતના**. મનુષ્ય ચેતનાથી પછી ઉપર જતાં કઈ ચેતના આવે? દેવ ચેતના. જે યોનિમાં આવીને માત્ર આપવાનું જ કાર્ય કરે, એ **દેવ ચેતના**.

દેવ ચેતનાના વળી ત્રણ સ્ટેપ છેઃ
(૧) વૈમાનિક ચેતના (૨) ગ્રૈવેયક ચેતના (૩) અનુત્તર ચેતના. હૃદયચક્ર પાસે વૈમાનિક ચેતના, કંઠચક્ર પાસે ગ્રૈવેયક ચેતના અને આજ્ઞાચક્ર પાસે કપાળની મધ્યે અનુત્તર ચેતના છે અને સહસ્રાર ચક્રમાં તો છે પ્રભુ પોતે જ!

કહ્યું છેઃ 'અવિનાશીની સેજડીએ, રંગ લાગ્યો મોરી સજનીજી રે.' મર્ત્યાની નહીં, અવિનાશીની સૈયામાં મારે જ્યાં સૂવું છે, એ પરમ વિશ્રામ સહસ્રાર ચક્રમાં છે. નિગોદથી લઈને આજ સુધીનો આપણો પ્રવાસ એ ષટ્ચક્રનો જ પ્રવાસ છે. ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ દેવલોક ને નરક, એ ૪ વિકાસમાર્ગમાં નથી. કર્તૃત્વના વિકાર અને અહીંની વસ્તુઓની માલિકીની ઈચ્છા રહે, તો તમારે ભવનપતિમાં, વ્યંતરમાં, જ્યોતિષ દેવલોકમાં કે કોઈનું પડાવીને ખાઈ જવાની વૃત્તિ હોય, તો પછી તમારે નરકમાં પણ જવું પડે!

આ સૌમાં આપવાનું કર્તૃત્વ તમને નીચલા દેવલોકમાં લઈ જાય, પડાવવાનું કર્તૃત્વ નરકમાં લઈ જાય, માત્ર આપવામાં જ આનંદ હોય, તે ગુણ તમને વૈમાનિક દેવલોકે લઈ જાય. એમાં ઉત્તરોત્તર પુદ્ગલ સાથેનો સંબંધ તૂટતો જાય છે, એ તમે જાણો જ છો. પહેલા બે દેવલોક, પછી ઉત્તરોત્તર પ્રેમનો સંબંધ બદલાતો જાય.

પહેલા દેવલોકે શરીર. પછી માત્ર રૂપ જ જોવાનું. પછી માત્ર શબ્દ અને છેલ્લે માત્ર સંપર્ક જ! કાયઃપ્રવિચારથી લઈને મનઃપ્રવિચાર સુધી ત્યાં પહોંચે છે. એ step પણ ખતમ થઈ જાય, પછી ગ્રૈવેયક શરૂ થાય. ત્યાં માત્ર પુરુષની ચેતના જ છે.

સ્ત્રીચેતના નીચેના બે દેવલોક સુધી જ ફક્ત છે. સ્ત્રીચેતના અહીં રહી - રહી તેના જે companion હોય, એની સાથે બારે દેવલોકમાં contact કરે. ...પણ જેમ step by step ઉપર ચડતાં ગયા, એટલે.. જ્યારે ગ્રૈવેયકમાં ગયા, ત્યારે એ ખેંચાણ સંપૂર્ણ ખતમ, કેમકે પ્રભુની નિકટ આવતાં જાય. બારમો અનુત્તર દેવલોક તો સિદ્ધશીલાથી સાવ નિકટ છે!

આ રીતે આપણો ક્રમિક વિકાસ પણ પ્રભુની આજ્ઞાના પાલનથી મળેલી ઉર્જાના જ આધારે થાય છે. ચાલવાની શક્તિ એણે આપી, પણ એનાથી કોઈને ય પીડા ન પહોંચે, એ રીતે ચાલવાનું તમારે શીખવાનું છે. એ પણ પ્રભુ જ કહીને ગયા છે. પ્રભુ કેટલું સરળતમ બધું બતાવતાં ગયા છે કે તમને જરા યે અઘરું ના પડે! જે કરો, તે બસ... ઉપયોગપૂર્વક કરો, તો તમે ખરેખર જ છૂટી જશો. પણ... પણ.. તમારે તો બધે જ એવું છે કે જ્યારે જે કરો ને, ત્યારે બીજું શું મેળવવું છે, એના જ ફાંફા મારતાં હો છો. પહેલામાં તમારું ચિત્ત જ ના હોય!

'ઉપયોગે ધર્મ' છે, તેથી જ્યાં ઉપયોગ નથી, ત્યાં ધર્મ નથી થતો અને ધર્મ નથી થતો, તેથી દુઃખક્ષય અને કર્મક્ષય નથી થતાં! તો આ રીતે પરમાત્માનું અપ્રતિહત શાસન છે કે જેની આજ્ઞાનો ભંગ ક્યારેય માફ થતો નથી! તેમાં તમે કોઈ ગાપચી મારી શકો નહીં!

ઘણાં લોકો જ્યારે 'શાસનરક્ષા'ની વાતો કરે છે ને, ત્યારે મને બહુ જ હસવું આવે છે. એલા...! શાસન તારી રક્ષા કરે કે તું શાસનની રક્ષા કરે... એ તો પહેલાં કહે મને! તમારી રક્ષા માટે તમે શાસન ઉપર જ નિર્ભર છો. એટલે શાસનમાં વ્યવસ્થાને ઉત્પન્ન કરવી, એ જ એની સેવા છે. બાકી 'શાસનપ્રભાવક' થવાના બહુ ફાંકા લઈને ન ફરવું. બધું પ્રભુની કૃપાથી જ થાય.

સંઘપતિ સંઘ કાઢે, એમાં સંઘ એ કાઢે છે કે પ્રભુ કઢાવે છે? પ્રભુની તમે પૂજા કરો, એ તમે કરો છો કે પ્રભુ જ કરાવડાવે છે? સૂર્યને તમે જૂઓ, ત્યારે તમે પોતે જ જૂઓ છો કે સૂર્ય પોતે તમને દેખાવડાવે છે? સૂર્ય જ તમને દેખાડે છે ને? હાસ્તો! અરે.. દેવ-ગુરુનો કૃપા-પ્રસાદ પણ આર્હન્ત્ય શક્તિને આધારે જ હોય છે. મારુ કંઈ જ નથી. હું તો વિજળી ઉડી ગયેલા મશીનનો એક પૂર્જો છું. વિજળી આવે, પછી હું ચાલીશ. હું પેટ્રોલ વગરની ગાડી છું. પેટ્રોલ આવશે, પછી અને તો જ ચાલી શકીશ!

**સભાઃ** તો પછી પુરુષાર્થનો રોલ અકિંચિત્કર જ થઈ જાય છે.

**ઉત્તરઃ** એમાં યે જો વધારે પુરુષાર્થ થઈ જાય, તો મોક્ષને બદલે ફરી પાછા જવું પડે ભવચક્રમાં! ગભરાઈ ના જાવ. તમારી હસ્તી મટી ન જાય, એને માટે તમે બહુ જ વ્યાકુળ છો. (હાસ્ય..)

'જબ તક મીટે નહીં, તબ તક હસ્તી હોય નહીં!' હસ્તી જ્યારે પરમ હસ્તીમાં મળી જાય, એ પછી જ તે કામની છે. પોતાનો અહંકાર અને લોભ યા મમત્વ, બંનેની રક્ષા માટે એટલી બધી બહાનાબાજી છે તમારી પાસે કે જેનો જોટો જ ન મળે!

આ સૃષ્ટિમાં સૌથી લાચાર મનુષ્ય છે અને તેનામાં જ સૌથી વધુ અહંકાર છે. એને ખબર નથી કે તરસ છીપાવવા માટે પાણીનું એક ટીપું પણ તે પોતે તો પેદા યે નથી કરી શકતો! ભૂખ ભાંગવા નાનો દાણો યે તે પોતે એકલો તો પેદા યે નથી કરી શકતો! તનને ઢાંકવા વસ્ત્રનો તાંતણો ય તે એકલો પેદા નથી કરી શકતો! એવા મનુષ્યને માથું ઊંચું કરીને 'હું જ છું' એમ થઈને ફરવું છે!

જો ભાઈ, આપણો પુરુષાર્થ શું? આ metro train તમે બનાવી? ના. તો કોણે બનાવી? સરકારે. આ airport કોણે બનાવ્યું? સરકારે. વિમાનોની વ્યવસ્થા કોણે કરી? સરકારે. બજારની વ્યવસ્થા આખી કોણે કરી? સરકારે. રસ્તાઓ કોણે બાંધ્યા? સરકારે. નળ કોણે આપ્યા? સરકારે. પાણીની આખી આ વ્યવસ્થા કોણે કરી? સરકારે. તો બધું સરકારે જ કર્યું ને? એમાં તમારી પાસે શું માંગ્યું સરકારે? એટલું જ ને કે... 'જે વ્યવસ્થા આપું છું, એમાં દોઢ ડાહ્યો થઈને કાંઈ તોડફોડ ના કરતો! એના માટે જે tax હું માંગું છું, તે તું આપજે. તારા પૈસાનો ઉપયોગ તું આવી રીતે નહીં કરી શકે, પણ અમે સરકાર કરી શકીશું.'

ત્યાં બધે તમારે સમર્પિત થઈને રહેવું પડે છે. એક્કે ય રસ્તો તારા બાપનો નથી કે જમણી સાઈડમાં તું ચાલી શકે! ચાલ.. આ બાજુ ચાલ!

મારાં બેટા! ત્યારે તો કોઈ એવું નથી કહેતાં કેઃ 'હું સ્વતંત્ર છું, હું સ્વતંત્ર છું! હું ભારતનો નાગરિક છું! હું ફાવે ત્યાં ચાલીશ!' (સભાઃ ખડખડાટ..) એક પ્રભુની સામે જ તમને બધું સૂઝે છે!

તોફાની છોકરાંવ હોય પણ પડોશી કાકા જબરા હોય ને, તો ત્યાં ડાહ્યા-ડમરા થઈને રહે અને મમ્મી અને પપ્પા સાથે? મારા-મારી કરે! ઢીશુમ્ ઢીશુમ્ કરે! સામે બોલે! એવી અપલખણી આપણી આ મનુષ્ય જાત છે. જેમ નબળો માણસ બૈરી ઉપર શૂરો, તેમ નબળાં લોકો ભગવાન ઉપર શૂરા! (સભાઃ હાસ્ય...)

'જિન હી પાયા, તિન હી છિપાયા..' જેનાથી તમને મળ્યું છે, એને જ છૂપાવવા પ્રયાસ કરો છો. આ પણ એક અર્થ છે આ પંક્તિનો. પ્રભુને જે પ્રાપ્ત કરે, એ ય છૂપાવી જ રાખે છે, કોઈને કહેતો નથી કે મને પ્રભુ મળી ગયા છે. તે જગમાં એનો ઢંઢેરો પીટતો નથી.

નિગોદથી નિર્વાણ સુધીની સમગ્ર યાત્રાની ગતિ કે creativity જે આપે છે, તે ઉર્જાનું નામ જ 'આર્હન્ત્ય' છે. એ ઉર્જાનો કઈ રીતે ઉપયોગ કરવો, એ તમારી મરજીની વાત છે. Switch દબાવીને લાઈટ કરી પણ શકો અને વીજળીના ખૂલ્લા તારને અડીને મરી પણ શકો. તમારી મરજીની જ એ વાત છે.

પાણી પીને જીવી પણ શકો અને પાણીમાં ડૂબીને મરી પણ શકો! પણ સરકાર તમને જીવવા માટે પાણી આપે છે કે મરવા માટે? તમે મરવા માટે તેનો દુરુપયોગ કરો, તો એમાં તમારી સરકારનો કાંઈ વાંક ખરો? ના. બસ! ત્યાં તમારા જ પુરુષાર્થનો વાંક! આવા અવળાં પુરુષાર્થ કરવા રહેવા દેજો.

મુંબઈ જવું છે અને દિલ્હી તરફ ચાલવા માંડો, એવો પુરુષાર્થ શા કામનો? ભલે થોડો જ પુરુષાર્થ... સ્ટેશન ઉપર પહોંચી ticket લઈ અને ગાડીમાં બેસી જવું. પુરુષાર્થ તો કરવાનો જ છે. ભગવાને આખી વ્યવસ્થા એવી કરી છે કે તેમાં ઓછામાં ઓછો પુરુષાર્થ કરો અને વધુમાં વધુ લાભ મળે. (સભાઃ વાહ..) પ્રભુની પેઢીનું કામ પણ કેવું સરસ છે કે એ તમારા ભાવને જ જૂએ છે, તમારા માલને (ક્રિયાને) જોતાં જ નથી!

**સભાઃ** સાહેબજી, ભગવાન પ્રત્યેની શ્રદ્ધા એમની કૃપાથી મળે કે એના માટે પુરુષાર્થ કરવો પડે?

**ઉત્તરઃ** પ્રભુની કૃપાથી જ પ્રભુની શ્રદ્ધા મળે.

**સભાઃ** તો ભગવાનની કૃપા થાય, તો શ્રદ્ધા મળે. એમ?

**ઉત્તરઃ** બિલ્કુલ હા. કારણકે 'કરકે કૃપા પ્રભુ દરિશન દીનો..' ત્યાં દર્શનનો અર્થ 'પ્રભુને જોવા' એવો નથી, સમ્યક્ દર્શન છે. એમના ઉપરની અચલ શ્રદ્ધા છે.

**સભાઃ** પ્રભુ અવિરત રીતે non-stop કૃપા વરસાવે જ છે ને?

**ઉત્તરઃ** તો એ કૃપા ઝીલવાનું પણ non-stop ચાલુ જ છે!

**સભાઃ** સાહેબ, તો વિકલ્પો બંધ શી રીતે કરવાના?

**ઉત્તરઃ** કૃપાનો વરસાદ આવે છે, ત્યારે વરસાદી (છત્રી) ઓઢી લઈએ એવા છીએ આપણે, એટલે શું કે જરા યે પલળીએ નહીં!

માત્ર નાના બાળકો જ એવા હોય છે કે જેઓ વરસાદમાં કપડાં ઘરે મૂકીને નીકળી પડે છે અને વરસાદની સાચી મોજ માણે છે, કારણકે તે મમ્મીના (ગુરુના) કહેવા પ્રમાણે કરે છે!

**સભાઃ** સાહેબજી, તો આ સંસારના receptors - receivers બંધ કેવી રીતે કરવાના?

**ઉત્તરઃ** સત્સંગથી બંધ કરવાનાં! મનુષ્ય માટે receptors બંધ કરવાનો ઉત્તમ ઈલાજ એ જ છે! ગુરુ દ્વારા જ પ્રભુ પાસે પહોંચવું. એનું કારણ એ કે છદ્મસ્થ ગુરુ જેવા પણ છે, એવા પોતાના ગુરુ પાસે પણ નમ્ર થવું, એ સૌથી કઠિન છે.

તમારો કોઈ જિગરી દોસ્ત, જેને તમે ચડ્ડી પહેરવા પણ પૈસા આપ્યા હોય, એ કોઈ મોટી કંપનીનો boss થઈ જાય અને પછી કદાચ ત્યાં જ તમારે નોકરી કરવા જવું પડે, તો આમ કેવું લાગે? એટલે કે 'આને તો ચડ્ડી યે મેં પહેરાવી છે! હવે શું મારે એને 'boss' કરવાનો?' એ જેવું તમને આકરું લાગે ને, એવું જ કોઈક માથે હોય, ત્યારે આકરું લાગે છે.

દીક્ષા તો ગુરુને પરતંત્ર થવા, ઘર કરતાં પણ વધારે પરતંત્રતા ભોગવવા અને વધુ બંધનમાં આવવા માટે જ છે. એના બદલે ઘરની પરતંત્રતામાંથી છૂટવા જે સંયમ લઈને અહીંયા આવે, એ ગુરુને ય પરતંત્ર ન રહે! પલાયનવાદીઓનું અહીં કામ નથી.

જવાબદારીમાંથી જે પલાયન કરી છૂટવા માંગે, એની અમારે અહીં જરૂર જ નથી! એ કોઈ કામનાં નથી. એવા જીવો પ્રચ્છન્ન (છૂપા) સંસારી જ છે.

બધા એક વાત ધ્યાનમાં જરૂર રાખો કેઃ બધા જ જીવો સાથે મૈત્રી સાધવી, એ પરમાત્માની આજ્ઞા છે, પણ કૃપા એવી કે એક જીવની પણ મૈત્રી કરો, તો પણ પ્રભુ રીઝી જાય છે! પ્રભુ એવા તો રીઝે કે પછી એને સીધો મેઘકુમાર જ બનાવે! (વાહ..)

**સભાઃ** સાહેબ, **'वसुधैव कुटुम्बकम्'** વ્યાખ્યાનો અર્થ શું છે?

**ઉત્તરઃ** એનો અર્થ એ જ કે આખ્ખી દુનિયા મારી જ છે, તમારી કોઈની નથી! (સભાઃ હાસ્ય..) બદમાશ લોકો માટે એ જ એની વ્યાખ્યા! (સભાઃ જોરદાર હાસ્ય...) આવી બધી સુફિયાણી વાતો કરનારા છે ને... ગુરુપરતંત્ર ન જ થાય, એટલું હું ચોક્કસ કહીશ! બસ! એવી વાતોનો કોઈ અર્થ નહીં!

**યાદ રાખજોઃ 'गुरुआणाए धम्मो' છે, 'प्रभुआणाए धम्मो' નથી!**

પ્રભુ તો કંઈ કહેવાના નથી, એટલે તમે પકડી લો છો કેઃ 'પ્રભુ આમ કહે છે!' પ્રભુ ગુરુ દ્વારા જ બોલે છે. તારે એનું માનવું નથી અને direct પ્રભુ જોઈએ છે, તો ક્યાંથી મળશે? ક્યારેય ના મળે! છદ્મસ્થ ગુરુમાં પણ પરમાત્મવત્ વ્યવહાર કરે ને, તો એના ઉપર જ પરમાત્મા રીઝે! (સભાઃ વાહ...)

જગતના સામાન્યમાં સામાન્ય જીવને પણ જે પ્રભુસ્વરૂપે જૂએ, એના ઉપર પ્રભુની કરૂણા વહે. તમારી ભવિતવ્યતા પાકવાને કારણે, તમારો સ્વાર્થ ગૌણ કરી અને કોઈ એક આત્મા માટે પણ તમે ભોગ આપો, તો એ પ્રભુનો પ્યારો સ્પર્શ કરાવે!

અમારા મહો. યશોવિજયજી મહારાજ કહે છેઃ

'તુમ મિટો, તો મિલના હોય!' એ એમનું ધ્રુવ વાકય છે.

તમારો અહંકાર તૂટે, તો જ પ્રભુ મળે! તમારી પર્સનાલિટી તૂટે, તો જ પ્રભુ મળે! તમારી કેરીચર અભેરાઈએ ચડી જાય, તો જ પ્રભુ મળે! સાચો જવાબ આપજોઃ તમે લોકો દીક્ષા લો ને, એ... જીવવાની યોજના બનાવવા માટે આવો કે મરવા માટે?

**સભાઃ** સાહેબ! બરાબર સમજાયું નહીં!

**ઉત્તરઃ** 'સંવેગરંગ શાળા' ગ્રંથમાં ભગવાને તો સ્પષ્ટ જ કહ્યું છે કેઃ 'મુનિ મરવાની તૈયારી માટે જ દીક્ષા લે છે.' એ જ સૌથી મોટી મુસાફરી અનંત કાળથી ચાલે છે. એ મુસાફરીમાં ક્યાંય ખોવાઈ ન જવાય, એની તૈયારી કરવા ક્યારેક સાત - સાત જનમ પણ વિતાવવા પડે છે!

તમારું આયોજન 'તમારા સિવાય બીજા સૌ કોઈ મરવાના છે' એમ માનીને ચાલે કે 'તમે પણ મરવાના છો' એમ માનીને ચાલે છે?

'સંથારા પોરસી'માં મારા બેટા બધો હિસાબ ચૂકતે થઈ ગયો હોય, એવો દેખાવ કરે. (સભાઃ હાસ્ય..) સંથારાપોરસી ભણાવી બધું એક વાર વોસિરાવે, અને પછી વિચારે કેઃ 'સવારે આમ કરવાનું છે, તેમ કરવાનું છે!' શું વખાણ કરવા મારે તમારા? (સભાઃ ખડખડાટ હાસ્ય..)

ભગવાન તમારા કર્તૃત્વના દુશ્મન છે. માટે જ તો...
'यत्किञ्चित् कुर्महे देव, सदा सुकृत-दुष्कृतम्।' એમ કહ્યું છે.
કર્તાભાવથી થતું કાર્ય જો સારું હોય, તો સુકૃત બને અને ખોટું હોય, તો દુષ્કૃત બને.. અને બંને તમારા માટે બંધન બને. તમારી ઈચ્છા અને પસંદગી એ જ તમારું બંધન છે.

બોલો! કોઈ એક વસ્તુ ઉપર તમારુ મન રહી ગયું, તો એ ન મળે, ત્યાં સુધી કેટલા જનમનાં આંટા-ફેરા કરવાના? કોઈ વ્યક્તિ ઉપર મન લાગી ગયું, તો એની સાથે સંપર્ક ન થાય, ત્યાં સુધી કેટલા આંટા-ફેરા કરવાના? હવે તમે ગુલામ થઈ ગયા કે નહીં? એથી તમારા ખોટા આંટા-ફેરા વધી ગયા ને?

તમને કોઈ ઈચ્છા થઈ કે બસ! તમે ગુલામ થયાં! જેટલી ઈચ્છા, એટલા ભવ વધે. સાધુ તો માત્ર આજ્ઞામાં જ રહે, ઈચ્છામાં ન રહે અને પછી ગુરુદત્ત-દ્રષ્ટિવાન શિષ્ય 'મારા ગુરુ હવે મને શું આજ્ઞા કરે છે?' એની રાહ જૂએ. ત્યાં સુધી ચુપચાપ attentionમાં રહે! જ્યાં સુધી ગુરુનો કોઈ order ન આવે, ત્યાં સુધી સૈનિકની જેમ attentionમાં જ ઉભો રહે. જેવી ગુરુની આજ્ઞા થાય કેઃ 'ચાલ ભઈ...' કે તરત જ ઉભો થઈ જાય! એવું જોરદાર સમર્પણ!

**સભાઃ** સાહેબજી, ગુરુ તરીકે કોને સમજવાના?

**ઉત્તરઃ** આવા 'ગુરુ' થવાની તમને મજા આવે, પરંતુ આવા 'ચેલા' થવાની તો ઈચ્છા ચે થતી નથી! બધા ચેલાઓ તમારા ઈશારે દોડતાં-નાચતાં અને ઉભા થતાં હોય, બેસતાં હોય, ત્યાં તો તમે સ્વર્ગમાં પહોંચી જાવ! પણ પછી જેવા પોતાના ગુરુ આજ્ઞા કરે ને, ત્યારે માખી તેલમાં ડૂબી જાય! (સભાઃ હાસ્ય)

**સભાઃ** સાહેબ, પ્રશ્ન એવો છે કે ગુરુ કોને સમજવાના?

**ઉત્તરઃ** જેને તમે પસંદ કરીને આ ઓઘો અને બધું લીધું છે, એને! (સભાઃ ખડખડાટ હાસ્ય...) મારા બેટાં પરણ્યાં પછી પૂછે છેઃ 'હવે મારે પતિ કોને સમજવાના?' (સભાઃ જોરદાર હાસ્ય...)

**સભાઃ** શ્રાવકોએ પહેલાં વ્યક્તિગત રીતે કોઈને ગુરુ માન્યાં હોય, પછી અમે બીજા આપ જેવા અનેકને મળીએ-સાંભળીએ, પછી કદાચ...??

**ઉત્તરઃ સાધુને માટે 'વર્તન એ જ વંદનીય!'** એક સાધુ બીજા બહુ વખતે મળી રહેલ અથવા પ્રથમ વાર મળતાં સાધુનો બધો આચાર જોઈ - તપાસીને ત્રણ દિવસ પછી જ વંદન કરે, એવું વિધાન છે. **ગૃહસ્થો માટે 'વેશ એ જ વંદનીય!'** શ્રાવકવર્ગ તો 'પ્રભુના વેશ'નું જ બહુમાન કરે. (સભાઃ વાહ!)

'કુવલય માલા' મુજબ પ્રભુનો વેશમાત્ર બહુમાનને પાત્ર જ છે. ગૃહસ્થો જેવો વેશ જૂએ, કે તરત પ્રણામ કરે, કારણકે પ્રભુના બંદાની ઓળખાણ 'વેશ' સિવાય થતી નથી. વેશ ઉપર એકવાર પણ દ્વેષ આવે, તો પછી ક્યારેય પણ આ વેશ જોવા મળે નહીં! એને જ શાસ્ત્રોમાં કહેવાયઃ બોધિ-દુર્લભ! (ઓ.. હો..!) ગૃહસ્થ ગમે તેટલું કરે, એણે તો માત્ર વેશ જ જોવાનો, વર્તન નહીં અને વિચારવાનું કેઃ 'મારા પ્રભુનો વેશ ધારણ કર્યો છે, એટલે વંદનીય જ છે.'

**સભાઃ** સાહેબજી, સાધુના આચાર-વિચાર ગૃહસ્થોને ખબર હોય, તો એ check કરી શકે?

**ઉત્તરઃ** જેને તરવું જ છે, એણે બહુ check ના કરવું! જેને તરવું જ છે, તેણે બહુ ઊંડું ઉતરવું જ નહીં. (સભાઃ ખડખડાટ) ડૂબવા માટે જે કરવું હોય, એ કરો. દરેકની મર્યાદા હોય. કેટલાં નગરજનો પોલીસને જઈને પૂછશે કેઃ 'તું સાચો પોલીસ છે કે નહીં?' વેશ ઉપરથી માનવું જ પડે કે તે પોલીસ છે. પૂછવા જઈએ, તો સીધો જ દંડો ઠોકશે પેલો કેઃ 'લે.. હું સાચો છું.'

**સભાઃ** સાહેબ, સાધુની ઉત્સૂત્ર-પ્રવૃત્તિ દેખાય તો?

**ઉત્તરઃ** તમે બધા શ્રાવકો સૂત્ર ભણેલા ખરાં ને? (ખડખડાટ...) 'ઉત્સૂત્ર-પ્રવૃત્તિ' એટલે કે એની વ્યાખ્યા યે શું કોઈને ખબર છે?

૮૦ વર્ષ પૂર્વેની વાત. ચમનલાલ લક્ષ્મીચંદ, પૂનાનો પ્રબુદ્ધ શ્રાવક. પંન્યાસજી મહારાજથી જ જૈનશાસનમાં પ્રવેશ પામેલો. આજની જેમ તે વખતે એ શ્રાવકે પત્રમાં ફરિયાદો લખી બળાપો કાઢ્યો કેઃ 'આજના સાધુઓ બહુ બગડી ગયા છે, ગુરુઆજ્ઞામાં રહેતાં નથી, આચાર બરાબર પાળતાં નથી. હવે આમાં શું કરવું? કોને વાંદવા અને કોને ન વાંદવા?' વગેરે. એમને સાહેબે શું જવાબ આપેલો, એ ૧૦ ભાગમાં છપાઈ, તે 'પત્રગંગા' શ્રેણીમાં વાંચવા જેવો છે. સાહેબજીએ ઉત્તરમાં એટલું જ લખ્યું કે...

'ઓછામાં ઓછું કેટલું આચરવાથી પણ સાધુ કહેવાય, એ જ્યાં સુધી ન જાણો, ત્યાં સુધી તમારે આ ચર્ચામાં ઉતરવું નહીં. ઓછામાં ઓછું કેટલું આચરવાથી પણ એ સાધુ ગણાય અને તમારા કરતાં શ્રેષ્ઠ ગણાય એમ ન જાણો, ત્યાં સુધી એ પંચાત તમારે કરવી નહીં!'

હે ભગવાન! તમારી માટે તમારું માથું બહુ કિંમતી છે, પછી ભલેને બજારમાં એક પૈસામાં યે ન વેચાય! (ખડખડાટ હાસ્ય) બધા પ્રાણીની ખોપડી વેચાય, માણસની ખોપડી ક્યારેય વેચાય? ના. પણ તો'ય એને માથે લઈને ઊંચે આમ જોઈને જ ફરો છો!

ઝૂકતાં તમને બહુ જોર પડે છે. કહો છો કે માંડ માંડ તો આમ કોલર tight કરવા મળ્યાં છે અને પાછું ક્યાં આમ ઝૂકીએ?

**સભાઃ** વાહ! ખરી વાત છે. બીજા કોઈની તુલનામાં...

**ઉત્તરઃ** પેલાની અપેક્ષાએ આ સાધુ નીચા લાગે છે? પણ બેટા... તું તારી પોતાની તુલનામાં કહે ને કે તે ઊંચા છે કે નહીં? તમારી સરખામણીએ તુલના કરો, નહીં તો ગરબડમાં પડી જશો!

ભાવનાં પ્રદેશમાં કયારેક એવું યે થતું હોય કે માસક્ષમણ કરતાં નવકારશી યે ચડી જતી હોય! હવે તમે કયાં કોઈની તુલના કરવા જશો? જેની પાસે એક જ રૂપિયો છે, જેનાથી ધંધો કરી ખૂટી ખાય છે, એ પૂરો રૂપિયો દાનમાં આપી દે અને જેની પાસે એક કરોડ રૂપિયા છે, તે ૧૦ લાખ રૂપિયા દાનમાં આપે, તો આ બંનેમાં મોટું દાન કોનું ગણાય? (સભાઃ એક રૂપિયાનું!) બસ! આ જ સમજવું પડે!

**સભાઃ** ગૃહસ્થોને સાધુના મા-બાપ કહ્યા, તે કયારથી સમજવાના?

**ઉત્તરઃ** જયારથી લોકોની વસ્તીમાં રહેતાં સાધુઓ શીખ્યાં, ત્યારથી! (સભાઃ ખડખડાટ હાસ્ય...) જયારે સાધુઓ જંગલમાં રહેતાં હતાં, ત્યારે ગૃહસ્થો પૂજય હતાં. સાધુઓ ઉપાસક હતાં, ત્યારે ગૃહસ્થો મા-બાપ હતાં જ નહીં! પોતાના છોકરાંઓ પણ જે મા-બાપનું નથી માનતાં, એ તમારા મા-બાપ શું થવાના હતાં? ઘરમાં તેઓનું કાંઈ ન ચાલતું હોય અને અહીંયા આપણી સામે આવીને આમ રોફ મારે કેઃ 'મહારાજ! તમારે આમ કરવું પડશે અને તેમ કરવું પડશે!' તો એ થોડું ચાલે?

**સભા (શ્રી શ્રમણ ભગવંતજી):** 'આ ઉપાશ્રયે આમ નહીં ચાલે, અમારા સંઘમાં આ નહીં ચાલે', એવું બધું ગૃહસ્થો કહેતાં હોય છે.

**ઉત્તરઃ** કેમકે આપણે સાધુ ભગવંતોએ જ ગરબડ કરી નાંખી ને? જંગલ છોડીને સંઘમાં આવીને રહેવાની ગરબડ જ કરી ને?

આપણે આવા હતાં જ નહીં! વનવાસી જ હતાં પહેલાં. ત્યારે આવા સંઘ ન્હોતાં, વ્યવસ્થા પણ ન હતી. ધર્મ હતો, પણ સમાજ ન્હોતો! ધર્મના નામે સમાજ બનવો, એ બહુ મોટી બધી અવ્યવસ્થાનું કારણ બને, જેના કારણે જ હિંસા થાય દેશમાં.

ધર્મ એ વ્યકિતગત બાબત છે, એ કાંઈ સામાજિક બાબત નથી! પ્રભુ મહાવીરના સમયમાં કોઈ સમાજ ન હતો. મંદિરો હતાં, પણ કોઈ ટ્રસ્ટ ન્હોતાં. પ્રતિપત્તિ પૂજા થતી, પણ કોઈ વ્યવસ્થા ન્હોતી. મહાદેવનું મંદિર જેમ જંગલમાં પડયું હોય અને જેને જેમ ફાવે, તેમ એ ત્યાં જાય અને પૂજા કરીને આવે. એમ મારા ભગવાન પણ એ જ રીતે રહેતા હતાં. મંદિરોમાં ઉપાસક આવે, તો પોતાની ગરજથી જે પ્રાપ્ય હોય, એ સામગ્રીથી પૂજા કરે. મંદિરનું કોઈ માલિક ન હતું, પ્રભુ પોતે જ એના માલિક હતાં!

**સભાઃ** સાહેબ, ત્યાં પ્રભુ તો પ્રતિષ્ઠિત કરેલ હોય, તો રોજે અષ્ટપ્રકારી પૂજા ત્યારે ન્હોતી કરવી પડતી?

**ઉત્તરઃ** તમે અષ્ટવિધ કર્મ ના બંધાય, એનું માત્ર ધ્યાન રાખો. (સભાઃ ખડખડાટ હાસ્ય) પૂજા પંચોપચારી પણ છે, અષ્ટોપચારી પણ છે, ૧૭ ઉપચારી પણ છે, ૨૧ ને ૧૦૮ ઉપચારી પણ છે. જેનો જેવો ભાવ, એવું એ કરે! જીવવા માટે રોજ રોટલી - શાક ખાવા, પણ ફેશન અને મજા માટે કોઈ દહાડો મીઠાઈ ખાઈ લો, ફરસાણ પણ ખાઈ લો! પણ એ ખાવું જીવવા માટે જરૂરી નથી! આખી જીંદગી માત્ર રોટી - શાક મળે, તો પણ જીવી શકાય.

બસ! એમ એક પ્રકારી પૂજા કરો ને, તો પણ પૂજા કરી ગયા જ કહેવાય! અરે પ્રભુને આપવાનું મન જ ભાગ્યશાળીને થાય! આપવા જવું એ કૃતજ્ઞતા. એમને જરૂર નથી. એમણે જ આપ્યું છેઃ

**'પ્રભુ તેં મને જે આપ્યું છે, તેનો બદલો હું શું વાળું?**
**તાહરી ભક્તિ કરી કરીને, મુજ મનને વાળું!'**

પ્રભુની ગમ્મે તેટલી ભક્તિ કરો ને, તો પણ ઈન્દ્ર એકવારમાં જેટલી ભક્તિ કરે, એટલી આખા ભવમાં ય તમે ના કરી શકો! પણ... તમને જે ભાવ એક વાર પણ અદમ્યપણે આવે ને, તે ઈન્દ્રને આખા ભવમાં પણ ના આવે! (સભાઃ ઓહો..!)

ભાવનો અનુભવ એ મનુષ્યોની મોનોપોલી છે અને એનાથી જ મોક્ષ મળે, માત્ર બાહ્ય ઉપચારોથી નહીં! બાહ્ય ઉપચારો તો પ્રભુ ઉપરના પ્રેમની માત્ર અભિવ્યક્તિ છે! ટોપલાના ટોપલા ફૂલ ચડાવે ને, તો યે રાજા કુમારપાળ ન થવાય! (સભાઃ હાસ્ય..)

પ્રભુને રાજા કુમારપાળે જે પાંચ કોડીના ફૂલ ચડાવ્યા હતાં ને, એ ફૂલ ન હતાં... કુમારપાળનો પ્રભુ પ્રત્યેનો અવિહડ પ્રેમ હતો, બહુમાન હતું! ૧૮ દેશનું રાજ્ય મળ્યું, એ બહુ નાની બાબત છે. ભગવાને તો રાજા કુમાળપાળને ભેટ તરીકે આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર પદ્મનાભ સ્વામીના (શ્રેણિક મહારાજાના જીવના) પ્રથમ ગણધર જેવી મહાન પદવી આપી દીધી!

મારા પ્રભુ રીઝે ને, પછી કોઈ કલ્પના જ ના કરી શકે કે એ શું - શું આપી શકે! માંગો તો મરી જાવ... તો પછી પ્રભુ જે કામ કરે, એ તેમને કરવા દો ને ભાઈ! એમાં તમે ડખ્ખો ના કરો.

Operation કરતાં doctorને તમે કેટલી સલાહ આપો? (સભાઃ ખડખડાટ હાસ્ય) અને... ગાડી ચલાવતી વખતે તમારી ઘરવાળી બાજુમાં બેઠાં બેઠાં તમને સલાહો જ આપ્યા કરે, તો તમને શું લાગે? શું થાય? Accident પણ થઈ શકે ને? એટલે બહુ ડખ્ખો ભગવાન સામે તમારે પણ ન કરવો.

**સભાઃ** સાહેબ, પૂજ્યશ્રી હરિભદ્રસૂરિજી ભગવંત તો કહે છે કેઃ 'ભગવાનની પાસે માંગવાથી ફળમાં વૃદ્ધિ થાય છે.'

**ઉત્તરઃ** પણ શું માંગવાથી? ચલો... નક્કી કરો હવે. પહેલાં કહોઃ માંગનારનું ગૌરવ વધે કે ઘટે?

**સભાઃ** સાહેબજી, ઘટે. જે આપે, એનું જ ગૌરવ વધે.

**ઉત્તરઃ** એટલે તમે બધા શું પરોપકારી છો? (સભાઃ હાસ્ય...) એટલે ભગવાનનું ગૌરવ વધારવા માટે જ જાવ છો, એમ?

**સભાઃ** 'शुभे यथाशक्त्ति यतनीयं।'

**ઉત્તરઃ** એમાં કયાં એમ કહ્યું છે કેઃ 'मागणीयं?' (સભાઃ હાસ્ય...) તેમાં 'याचनीयं' નથી, 'यतनीयं' લખ્યું છે, તેથી પોતાની શકિતને ફોરવવાનું કહ્યું છે. શકિત હોય, એટલું જ.. એથી વધારે નહીં. પૂરી શકિત લગાવી દે જયતાકની જેમ, તો કુમારપાળ બની જાય! પણ એવો ઉલ્લાસ તો કોઈ ક્ષત્રિયને જ આવે, વાણીયાને ના આવે! વાત - વાતમાં જે કહેતો હોય કેઃ 'આપણા કેટલા ટકા?' એને એવો ઉલ્લાસ ન આવે. (સભાઃ જોરદાર હાસ્ય...)

**સભાઃ** સાહેબ, કટોકટીના સંજોગો આવે, તે વખતે પરમાત્મા ઉપરની અમારી શ્રદ્ધા કેમ ટકતી નથી?

**ઉત્તરઃ** કટોકટી પાપના ઉદયથી આવે કે પુણ્યના ઉદયથી?

**સભાઃ** સાહેબ, કટોકટી તો પાપના ઉદયથી જ આવે.

**ઉત્તરઃ** બસ! તેના જ કારણે શ્રદ્ધા ના ટકે. હવે એવા સમયે જ પુણ્યનો પણ ઉદય થાય, તો ગુરુ મહારાજને કારણે અને ગુરુ દ્વારા જ એ પાછો ટકી પણ જાય!

**સભાઃ** પરમાત્મા પાસે શું માંગવાનું?

**ઉત્તરઃ** હું એમ પૂછું છું કે નરેન્દ્ર મોદી તમને મુલાકાત આપે, તો રાજી કે એમની પાસે માંગવાનું મળે, તો રાજી? તમારી ઈજ્જત એની પાસે માંગવાથી વધે કે ન માંગવાથી વધે?

માંગે, એને કોઈ જમાઈ બનાવવા યે તૈયાર ન થાય! અનાદિ કાળની આપણી જે દ્રમક વૃત્તિ છે, એને તોડયાં સિવાય છૂટકો જ નથી. એટલે જ શ્રી સિદ્ધર્ષિગણિને ય 'ઉપમિતિ ભવપ્રપંચ'માં આટલું લાંબુ લખવું પડયું! નહીંતર ભિખારીની કોઈ વાર્તા લખે? પોતે જ ભિખારી હતાં એમ લાગ્યું, એટલે આત્મકથા લખી દીધી અને શ્રી સિદ્ધર્ષિગણિજીએ પોતાના અનંતા ભૂતકાળનો જ ચિતાર રજૂ કર્યોઃ 'હું તો આવો હતો, પણ સાતમી મંઝિલ ઉપર બેઠેલાં સુસ્થિત મહારાજાની નજર થઈ અને ધર્મબોધ કર્યો. તેઓ મારી પાસે આવ્યા અને જે શાસનમાં બાહ્ય રીતે તો અસંખ્ય વાર આવ્યો જ હતો, ત્યાં હવે સાચી રીતે પ્રવેશ થયો!'

**સભાઃ** સાહેબજી, જીવનમાં ઘણી વાર પ્રભુને સારથિ બનાવીએ અને ઘણી વાર આપણે પોતે જ જીવનની ગાડીના driver બની જઈએ છીએ. આવું કેમ થાય છે?

**ઉત્તરઃ** ગાડી છે તો ખરી ને? પ્રભુ કાંઈ driver નથી, પ્રભુ તો પેટ્રોલ છે. (સભાઃ વાહ...) એ ગુપ્ત રહીને તમને ચલાવે છે.

**સભાઃ** સાહેબ, તો driving કોણ કરે છે?

**ઉત્તરઃ** Driving ગુરુ કરે છે, તેથી જ ગુરુ હોવા અનિવાર્ય કહ્યા છે અને શિષ્ય થવું પણ એટલું જ અનિવાર્ય છે.

કોઈએ પૂછેલું મારા ગુરુ મહારાજને કેઃ 'ગુરુ કોને કરવાના?' તો તેમણે જવાબ આપેલો કેઃ 'જે જીવે, ત્યાં સુધી સ્વયં પોતાના ગુરુના શિષ્ય તરીકે રહે, તેને.' હવે તમે પણ પોતપોતાના મનમાં જરુરથી તપાસી લેજો. (સભાઃ વાહ!)

**સભાઃ** સાહેબ, પણ હવે તો પરણી ગયા, પછી શું થાય?

**ઉત્તરઃ** તો જેને પરણી ગયા છો, એને વફાદાર રહો. (સભાઃ હાસ્ય) હવે flirting ન કરો, ગલતી ન કરો. પરણી ગયા એટલે કાંઈ પૂરું નથી થઈ ગયું... હજુ તો આ શરૂઆત છે! જે સમયે જે ગુરુ તમે પસંદ કરો છો, એ ય પ્રભુના ઈશારાથી જ થાય છે, કેમકે તમારી યોગ્યતા એ ગુરુ પૂરતી જ હોય છે. (સભાઃ અદ્ભૂત!) એકડીયા-બગડીયામાં ભણતો છોકરો જો દસમા ધોરણમાં ભણવા જતાં છોકરાં સાથે જવા માંગણી કરે, તો ચાલે? એના જેવા જ કપડાં - ચોપડાં અને બધું માંગે, તે ચાલે? (સભાઃ ના ચાલે!)

પ્રભુની વ્યવસ્થામાં અવ્યવસ્થા છે જ નહીં. સહજપણે તમને તમારે લાયક ગુરુ જ મળે, એને જો તમે હૃદયથી ગુરુ માનશો, તો તમારી લાયકાત પણ વધશે અને step by step પછી નવા ગુરુ પણ મળતાં રહેશે. જે છોકરો પહેલા ધોરણના માસ્ટરને ન સાંભળે.. તેનું માને નહીં, એને બીજા ધોરણનો માસ્ટર ક્યારેય મળે ખરો? 'જે મળ્યું, એ જ પ્રમાણ અને એને વફાદાર રહીશ,' એવું નક્કી કરે, એ જ શિષ્ય બની શકે.

કોઈ ફરિયાદ જ નહીં! એવી જ રીતે 'ગમે તેવો મળેલો પતિ, એમાં મારે કોઈ ફેરફાર ના જોઈએ.' એવું જે નક્કી કરે, એ જ 'સતી' કહેવાય, પછી ભલે તે કોઢીયો કે રખડતો ભિખારી હોય! એમ ને એમ જ જો 'સતી' થવાતું હોત, તો તો આ સૌએ સતી જ થઈ જાત!

**સભાઃ** પણ એ શિષ્ય કે સ્ત્રીનો આ ભવ તો બગડી જ ગયો ને?

**ઉત્તરઃ** એક વાત કહોઃ પત્થરની પૂજા કરવાથી તમે ડૂબો કે તરો?

**સભાઃ** સાહેબ, એ પત્થર ભગવાન હોય, તો તરીએ.

**ઉત્તરઃ** ના. એ પત્થરની પૂજા ભગવદ્‌બુદ્ધિથી કરો, તો તરો! એમ જે ગુરુ મળ્યા છે, એને ગૌતમબુદ્ધિથી માનો, તો તમારા માટે એ જ ગુરુ ગૌતમ થાય. (સભાઃ અરે વાહ વાહ...) ચેલા ગુરુ બન જાય, ગુરુ ભલે ને ગોબર બન જાય! એનાથી આપણે શું મતલબ છે? આપણે અહીંયા ગુરુનું કલ્યાણ કરવા આવ્યા છીએ કે આપણું? (સભાઃ હાસ્ય) તમે બધા તો છે ને, મા-બાપનું 'વાંઝિયાપણાં'નું મ્હેણું ટાળવા જ જાણે જન્મ્યા લાગો છો! (સભાઃ જોરદાર હાસ્યધોધ...)

તમને જેટલી જોઈએ છે, એટલી ઉર્જા તો આ વિશ્વ-વ્યવસ્થા થકી મળ્યાં જ કરે છે, પછી શું ચિંતા? ઉદ્વારોહણ માટે વિશેષ ઉર્જા જોઈએ. બસ, એ ઉદ્વારોહણ કરવા માટે જ રોજ જિનાલયે જવું અને પ્રભુની પૂજા પ્રતિપત્તિ કરવાની વ્યવસ્થા છે.

મંદિરમાં પરમાત્માની ઉર્જા કઈ રીતે આવે, મૂર્તિ કઈ રીતે સજીવન થાય અને કઈ રીતે તમારા બધા જ ઘરેલુ નૈવેદ્ય-ફળ વિગેરેનો સ્વીકાર કરીને એ શકિત તેને નિર્માલ્ય બનાવી દે છે, એ બધું સમજવા માટે સૌ ફરીથી કયારેક ભેગાં થઈશું, પણ...

એક વાત તો યાદ જ રાખજો કેઃ મંદિર જીવંત હોય છે, પ્રતિમા જીવંત હોય છે, મૂર્તિમાં જરૂર જરૂરથી પ્રાણ હોય જ છે, તેથી પ્રાણને પાણી પણ જોઈએ, પ્રાણને અન્ન પણ જોઈએ, પ્રાણને ઘી પણ જોઈએ. વળી મંદિરને જીવાડવા માટે અને મંદિર અને પરમાત્મા પાસેથી વિશેષ ઉર્જા મેળવવા માટે પણ પૂજા કરવાની છે! મંદિર એ બ્રહ્માંડીય પરમ સત્તાનું કેન્દ્ર છે, તેથી જે જે ક્રિયા તેમાં કરવામાં આવે, તેની અસર પૂરાં બ્રહ્માંડ ઉપર થાય છે.

તમે ભગવાનને જલ ચડાવો એટલે આખું જલતત્ત્વ જ શુદ્ધ થઈ જાય છે, વળી તમને તે સહેલાઈથી મળતું પણ થઈ જાય... તડપ્યાં વિના! પ્રભુને જે જે ધરાવો, એને મેળવવા માટે તમારે પછી કયારેય આર્તધ્યાન ના કરવું પડે! (સભાઃ વાહ..)

મારા પ્રભુ એ રીતે બહુ ઈર્ષ્યાળુ પણ છે કે મારો માણસ કે મારો ભકત મારા સિવાય કોઈનું ચિંતન કરે, એ મને ના પોસાય! (સભાઃ વાહ) એટલે એ તમારા માટે બધી જ વ્યવસ્થા કરે જ.

વળી સદ્ગુરુની નિષ્ઠામાં રહેનાર સાધુ અંતે અસ્પર્શ્યો પરમ સત્તા સાથે સંપર્ક સાધવા માટે સમર્થ પણ થાય, કારણકે એનું પોતાનું આખ્ખું શરીર જ ટ્રાન્સમીટર બની જાય, પણ ગૃહસ્થ એમ ટ્રાન્સમીટર નથી બની શકતો.

મંદિર ગૃહસ્થો માટે છે. પરમાત્માની પૂજા પણ ગૃહસ્થો માટે જ છે. કોઈ પૂછેઃ 'રોજ જિનાલયે જવું અને પૂજા કરવી... વગરે જો ધર્મ છે, તો મહારાજ! તમે કેમ પૂજા નથી કરતાં?'

આ તો એવું થયું કેઃ 'તમારા છોકરાને શાળાએ મોકલો છો, તો તમે કેમ શાળામાં નથી જતાં?' (હાસ્ય..) સાધુનો ધર્મ જૂદો છે, ગૃહસ્થનો ધર્મ જૂદો છે, એ સમજો. સાધુનો ધર્મ નિર્જરાપ્રધાન છે, ગૃહસ્થનો ધર્મ પુણ્યપ્રધાન છે. પુણ્ય એ જ પરમાત્માની શકિત અને પરમાત્માની શકિત એ જ પુણ્ય!

સાધુ કોઈ જીવોની દયા કરવા કે ઘાસ-પાણી નાંખવા પાંજરાપોળે જાય, તો ચાલે? અને ગૃહસ્થ ઘાસ-પાણી ન નાંખે, તો ચાલે? ગૃહસ્થો એમ કરે, એમાં શું હિંસા નથી? એક માત્ર તેરાપંથી સમુદાય જ કદાચ તેમાં હિંસા માને છે, બાકી કોઈ એવું માનતું નથી. કોઈ ગુરુ કાળ કરી જાય અને શ્રાવકો મોટર-ગાડીઓમાં એમના અંતિમ દર્શનાર્થે જાય, એમાં પાપ કે પુણ્ય? અને સામે કોઈ સાધુ મહારાજ પોતે ગાડીમાં બેસીને ગુરુને મળવા જાય તો?

(હાસ્ય...) ગૃહસ્થો સ્કૂટર ઉપર કે ગાડીમાં બેસીને વ્યાખ્યાન સાંભળવા જાય, ત્યારે કોઈ તેરાપંથી કે સ્થાનકવાસી નિષેધ કરી એમ કેમ નથી કહેતાંઃ 'આવી હિંસા કરીને મારા વ્યાખ્યાનો સાંભળવા ન આવવું?'

હિંસામાત્ર જો રોકવા લાયક જ હોય, તો આ બધામાં યે નિષેધ કરવો જોઈએ ને? તો પછી મને ઘરે વહોરવા માટે બોલાવવા પણ ન અવાય! મારી સામે ય ના આવવું! મારી સાથે વિહારમાં યે ન આવવું, કેમકે તું અજયણાપૂર્વક ચાલે છે! આમ ગૃહસ્થ અને સાધુના ધર્મ જૂદાં છે, એની ભેળસેળ કયારેય ન કરવી.

સરકારના કેટલા કાયદા સાધુઓને લાગુ પડે? સાધુઓ કયા કયા tax ભરે છે? Toll tax ભરે છે? ના, કશું જ નહીં અને ગૃહસ્થો? સાધુ શું vote આપવા જાય છે? તો પણ તેમને અહીંથી કોઈ કાઢી મૂકે છે? ના. ગૃહસ્થોનો ધર્મ જે છે, એ એમણે નિભાવવો પડે અને સાધુને કોઈ ફરજ હોય નહીં.

આ વિવેક રાખવો જ પડે! ગૃહસ્થો માત્ર આગમનો આધાર રાખીને ચાલતાં સાધુનો જ ધર્મ બતાડીને ગરબડ કરે છે. આગમ અને વેદાંત, બંને નિશ્ચય નય ઉપર ચાલનારા માટે જ છે.

સાધુ નિશ્ચયપ્રધાન હોય, જ્યારે ગૃહસ્થો વ્યવહારપ્રધાન હોય. એટલે સાધુ પરમાત્માની પૂજા ના કરે, ગુરુને મળવા દોડાદોડી ના કરે, વ્યાખ્યાન સાંભળવા ગાડીઓમાં ન જાય. ભકતો એ રીતે ગાડીઓમાં જાય અને એનો નિષેધ પણ ન થાય!

કોઈ એક પણ હિંસાનો તમે જો નિષેધ નથી કરતાં, તો તમે કોઈ પણ હિંસાનો નિષેધ ના કરી શકો! તમારા માટે જે હિંસા કરે છે, એનો નિષેધ જો ન કરી શકો, તો ભગવાન તો તમારી ઉપર છે, એમના માટે તમે કઈ રીતે નિષેધ કરી જ શકો? માટે પોતપોતાના અધિકાર ક્ષેત્રમાં રહેવું, ભૂમિકાને ઉચિત પ્રવૃત્તિ કરવી. પ્રભુઆજ્ઞા ગૃહસ્થો માટે અલગ, સાધુઓ માટે અલગ છે.

**દેશનામાં પરમાત્મા સદા એમ જ કહેવાના કેઃ**
'હે મનુષ્ય! જગતના સર્વ જીવોને તું અભય આપ!' એનો અર્થ સાધુપણાંનો સ્વીકાર! પછી દેશનામાં બીજો નંબરે કહેશેઃ 'ચલ ભાઈ, બધાને ના આપી શકે, તો નિરપરાધી ત્રસકાયને તો અભય આપ!' પણ કેટલો મોટો ફરક પડી જાય કેઃ કાં સવા વસાની અહિંસા, કાં વીસે વસાની અહિંસા! જો કે 'હિંસામાંથી સ્હેજ બહાર નીકળી અહિંસામાં ઉપર તો ચડયો ને?' એટલે સવા વસાની અહિંસાને ય મોક્ષમાર્ગ મળી જાય! ચૈતન્યથી વિરુદ્ધ માત્ર જડને જ જોવાની, તેમાં આકર્ષિત થઈ જડને જ પ્રેમ કરવાની જીવની અનાદિ કાળની જે કુટિલ ચાલ હતી, એમાંથી તો તમે થોડાંક ઉપર ઉઠયાં! આ બધી વાત તમે બધા આ નવી રીતે સમજજો.

**'આર્હન્ત્ય' યાને જે વિના તમારું અસ્તિત્વ ન હોય, એવી શક્તિ! જેના વિના તમારો શ્વાસ પણ ન ચાલે, તમારું એક કદમ પણ આગળ ના વધે, એનું નામ 'આર્હન્ત્ય'!** બોલો... હજુ કાંઈ પૂછવું છે? બાકી તો કેટલી ચિઠ્ઠીઓ વાંચું?

**સભાઃ** સાહેબ! સમાધિ મેળવવા શું કરવાનું?

**ઉત્તરઃ** કોઈપણ જીવને કયારેય અસમાધિ ન આપવી. અસમાધિ આપો તો અસમાધિ મળે! સમાધિ આપો તો સમાધિ જ મળે! પણ બધા મફતલાલોને સમાધિ આપ્યા વગર જ સમાધિ જોઈએ છે.

**સભાઃ** સાહેબ, ભીવંડીથી પરત ફરો, ત્યારે અમોને ફરીવાર બે દિવસ આપજો. બધાના આ ભાવ છે કે આપ ફરીથી બે દિવસ આવી વાચના આપો.

**ઉત્તરઃ** જેટલું આ કહ્યું છે ને... એટલું હજમ કરજો. અજીર્ણ ન થાય, ત્યારે આવજો. (સભાઃ હાસ્ય... જોરદાર) આપણે તમને બધાને ખવડાવવા તૈયાર છીએ.

**સભાઃ** સાહેબ! બે દિવસની આ વિનંતી ધ્યાનમાં તો રાખજો.

**ઉત્તરઃ** એ ધ્યાન મારા પ્રભુ રાખે! મારા પરમાત્મા રાખે! 'તું મેરા સાહેબ, મૈં તેરા બંદા!' જગતમાં આ જે કાંઈ ચાલે છે, એ પ્રભુના કારણે જ ચાલે છે, એટલી વાત સમજી લો! અત્યારે હું એટલો અશક્ત છું કે ૧૫ મિનિટે ય વાત કરવા માટે હું બોલું ને, તો માથું ફાટી જાય છે! પણ અહીં આવી પ્રભુની વાત માંડું, કે જરા યે માથું દુઃખતું નથી! અંદર આવ્યો, ત્યારે આજે એમ થતું હતું કે અહીંયા મને ઉલ્ટી થઈ જશે; પણ મારા પ્રભુ!

પ્રતિપળ જો હું એના માટે જીવું, તો એ પૂરી જવાબદારી લે છે, હું અનાથ નથી બનતો. મારા પગ ઉપર હું ઠેકડાં મારું ને, ત્યારે જ accident થાય છે! એટલે મને તો પ્રભુ ઉપર બહુ વિશ્વાસ છે. તમારી સાથે માત્ર વાત કરતો હોઉં ને, ત્યારે તમને ય ના સંભળાય, એટલો અવાજ ધીરો થઈ જાય અને અહીં બીજા સાથે જે વાતોમાં લીન ન હોય, એ સૌને સંભળાય એટલો મોટો અવાજ થઈ જાય! મુખને સતત ચાલુ રાખવું, એ પશુ-ચેતનાનું લક્ષણ છે, જે અહીં આવ્યા પછી પણ બધાનું ગયેલું નથી હોતું! કાં તો ચાવવા, કાં તો બોલવા મુખને સતત ચાલુ જ રાખે! શાંતિથી બેસી જ ના શકે! કોઈપણ ઢોરને જોજો, ઊંઘમાં પણ એનું મોઢું ચાલતું હશે. મનુષ્ય જ સાંભળી શકે. જે મનુષ્ય હોતાં નથી, એ સાંભળી ન શકે. જે કોઈ મનુષ્ય સાંભળે, તેના મનુષ્યત્વને મારા અભિનંદન! (સભાઃ ધીમું હાસ્ય..)

**સભાઃ** ચિઠ્ઠીઓ આવી છે, એમાં કોઈ પ્રશ્ન યોગ્ય લાગે તો...

**ઉત્તરઃ** એક પ્રશ્ન આવ્યો છે કેઃ 'પ્રભુ પાસે શું માંગવું?' તમને માંગવાની ટેવ પડી ગઈ છે ને, એટલે જ લોકો કોઈ પણ issue કે તકલીફ નિવારવા માટે માંગવાની મહેનત કરે છે, પણ જેણે માંગ્યા વિના જ આટલું બધું આપ્યું છે અને થોડુંક જ જે આપવાનું બાકી છે, એ શું હવે નહીં આપે? શું એમનામાં એટલી સમજણ નથી? થોડોક વિશ્વાસ રાખો! (સભાઃ હાસ્ય..)

શાળાએ જઈ શિક્ષકને શું કહ્યા જ કરવાનું કેઃ 'સાહેબ ભણાવો... સાહેબ ભણાવો'? જે માંગે, એને પ્રભુ છેલ્લા gradeમાં રાખે, માટે મહેરબાની કરીને કયારેય ગુણ માંગવા પણ પ્રભુ પાસે ના જતાં! સો વાતની એક જ વાત કે કોઈપણ રીતે માંગવાની ટેવ જ ખોટી છે! આપનારો આપવા બેઠો જ છે, બધું જ આપશે.

**સભાઃ** તો 'જય વીયરાય' સૂત્રમાં તેર માંગણીઓ કેમ કરી છે?

**ઉત્તરઃ** ત્યાં 'તમારા પ્રભાવે હે પ્રભુ! આમ થાઓ!' એમ લખ્યું છે. 'મને આમ આપો...' એવું નથી લખ્યું, તેથી જ એ સૂત્રનું નામ 'યાચનાસૂત્ર' નથી, 'પ્રાર્થનાસૂત્ર' છે. (સભાઃ એ સાચું!) પ્રભુને એ રીતે પ્રાર્થના કરવામાં વાંધો નથી કેઃ 'પ્રભુ! તમારા પ્રભાવથી આમ થાઓ.' કેમકે એવું એમાં નથી કેઃ 'પ્રભુ! તમે આમ કરો!' પ્રભુને order નહીં કરવાનો.

**સભાઃ** સાહેબજી, આત્માના મોક્ષનો સંકલ્પ તો કરાય ને?

**ઉત્તરઃ** શેની માટે અને કોની સાક્ષીએ? સંકલ્પ કરવા યે કોઈની સાક્ષી તો જોઈએ ને? માણસ પોતાનું વીલ બનાવે, એમાં

પણ કોઈ સાક્ષી તો જોઈએ જ છે ને? તો જવાબ છેઃ ગુરુની સાક્ષીએ. મેં પહેલાં જ કહ્યું તેમ પ્રભુ પાસે કાંઈ માંગવું હોય, તો ગુરુને કહીને માંગજો. તો તમે માંગણ નહીં બનો!

**સભાઃ** 'લોગસ્સ' સૂત્રમાં પણ 'આરુગ્ગ બોહિલાભં, સમાહિવર -મુત્તમં દિંતુ...' એમ માંગણી તો કરી જ છે ને?

**ઉત્તરઃ** 'દિંતુ' એટલે 'આપો' એમ કહ્યું છે. એમાં ખોટું શું છે? ભગવાનની દાનશીલતાને એ રીતે ઉત્તેજન આપો છો તમે.

હવે છેલ્લે એક માંગણી આવી છે. આ બે દિવસમાં જે વાતો અહીં કરી છે ને, તે વૈયક્તિક છે. ગુરુ પાસેથી કશું પણ લેવું, એ સામુહિક નહીં, વ્યક્તિગત બાબત છે. તરસ્યાંને પાણી પવાય? હા. ભૂખ્યાંને અન્ન દેવાય? હા. જરુરથી ખવડાવાય ને? હા. આ કાંઈ બધા માટેની નવકારશી નથી! નવકાર અને એ બધું છે ને તે અવસરે, ભૂખ્યાં પેટે... સવારે... સદ્ગુરુ પાસે જઈને લેવું, પણ ટોળાબંધી ન કરવી, કેમકે તે બિનજરૂરી છે. લગભગ બધા જ પ્રશ્નોના જવાબો અહીં ચર્ચી લેવાયા છે.

હું જે બોલ્યો, એમાં લગભગ બધા જ જવાબો આવી ગયા છે. પછી મારા તરફથી શાણાને માત્ર ઈશારો કર્યો છે. જો ન સમજે, તો ડફણું ભગવાન તરફથી! (સભાઃ ખડખડાટ હાસ્ય!)

**સભા (શ્રી ઉમેશભાઈ ગાલા):** પાંચ મિનિટ માટે હજુ સહુ થોડી ધીરજ જાળવજો. પૂજ્ય પંન્યાસશ્રી રાજરત્નવિજયજી મહારાજ (હાલ આચાર્યશ્રી)ને વિનંતી કરીએ કે તેઓશ્રી આપણી આ આખી પર્ષદા વતી પોતાના ભાવો વ્યકત કરે, કેમકે આપણે

બધાના ભાવ લઈ શકીએ, એટલો સમય નથી. એટલે બધા વતી સાહેબજી આપણા સૌના ભાવ રજૂ કરશે.

**પ.પૂ. વિદ્વદ્વર્યશ્રી ધુરંધરવિજયજી મહારાજઃ** મહેરબાની કરીને કોઈ પ્રશસ્તિ ન કરતાં, બાકી જે કહેવું હોય તે કહેજો, કેમકે મને મીઠાઈ ખાવાની ટેવ નથી. (સભાઃ હાસ્ય...)

**પૂ.પંન્યાસશ્રી રાજરત્નવિજયજી મહારાજઃ** જી. પ્રશસ્તિ અમે તો આપની શું કરી શકીએ સાહેબ? અમારું ગજું પણ નથી! આ બે દિવસમાં અનેક ભાગ્યશાળી જિજ્ઞાસુઓએ સવાર-બપોરના સેશન પછી આવીને જે પણ અભિવ્યક્તિ કરી તે અને મારી પણ જે અનુભૂતિ છે, એ વધારે નહીં, બે મિનિટમાં વ્યક્ત કરીશ. સાહેબજીએ સ્વમુખે વહાવેલી આર્હન્ત્યની વાણી થકી આપણને સૌને જે અનુભૂતિ કરાવી, તે અનન્ય છે!

સાહેબજી, આપની આ બે દિવસની વાણીએ અમને સૌને અરીસો દેખાડ્યો છે કે અમે કેટલાં વામણાં છીએ, કેટલા એકાંગી બની ગયા છીએ અને અમે કેટલા સ્વાર્થી પણ બની ગયા છીએ, એની પ્રતીતિ કરાવી છે! સાહેબ! આ માત્ર વાત નથી, અનુભૂતિ છે કે અદ્ભૂત-અપૂર્વ વાણી કોને કહેવાય? તેનો અહેસાસ અહીંયા બેઠેલા સૌએ કર્યો છે. સાહેબજી, અમે આમ ઉપર જોતાં હતાં, કેમકે અમારે ફળ જોઈતું હતું, પરંતુ અમને ખબર ન હતી કે ફળ માટે તો પ્રથમ મૂળમાં જવું પડે!

આપે મૂળનાં દર્શન કરાવ્યાં! આજ સુધી અમે ઉપયોગ તો બધાનો કર્યો, ઉપયોગી ન્હોતાં બનતાં સાહેબ! આપે આર્હન્ત્ય શક્તિ દ્વારા શીખવ્યું કેઃ

'ઉપયોગી બનતાં શીખો.' એ શીખ વડે આર્હન્ત્ય અર્થાત્ અર્હત્શક્તિનો અંદર પ્રવેશ થયો, એનો સ્પર્શ થયો! આજની વાચનામાં પણ સાહેબજીએ કહ્યું કેઃ 'સર્વ સાથે જીવમૈત્રી કરવી, એ પ્રભુની આજ્ઞા છે, પરંતુ એક જીવ સાથે ય સાચા મૈત્રીભાવે જોડાવું, તે ય પ્રભુનો સ્પર્શ છે! આત્માને મુખ્ય કરીને કરાતી ક્રિયા એ પુણ્ય અને પુદ્ગલને મુખ્ય કરીને કરાતી ક્રિયા એ પાપ!' અરે... આવી તો કેટલીયે અદ્ભૂત વાતો આપે બે દિવસમાં કરી!

હવે એટલું જ કહીશ કેઃ જે આર્હન્ત્યના પ્રભાવે આપણે સૌ અહીંયા ભેગા થયાં, એ આર્હન્ત્ય પાસે જ માંગણી કરીએ કેઃ આવો યોગ, આવો સુયોગ ફરી ફરીને સર્જાય! જેમ પ્રભુની દેશના સાંભળતાં હોઈએ અને ધરવ જ ન થાય, એવી રીતે આ ઉંમરે ય સાહેબજી જે એકધારું બોલે છે, તે કલાકો ક્યાં જતાં રહે છે, તેની જાણે ય થતી નથી. સાહેબજી કહે છે, તે સાચી વાત છે, કેમકે એમનું સ્વાસ્થ્ય મેં જોયેલું છે, પણ અહીંયા બેઠાં પછી આપણને ગંધ સુદ્ધાં ન આવે કે એમને આવી તકલીફો છે! આખ્ખી રાત તેઓ સૂતાં નથી હોતાં. બેઠાં બેઠાં જ સૂવું પડે છે અને છતાં પણ સાહેબે જે રીતે સૌને આપ્યું છે, જે સાંભળતાં એમ થયું કેઃ 'ઓહો...હો, આર્હન્ત્યનું આ સ્વરૂપ છે?'

**વિદ્વદ્વર્ય પૂજ્યશ્રી ધુરંધરવિજયજી મહારાજઃ** આર્હન્ત્યનું તે સ્વરૂપ ભગવાને જ અપાવ્યું છે, મેં આપ્યું નથી.

**પૂ.પંન્યાસશ્રી રાજરત્નવિજયજી મહારાજઃ** જી સાહેબ, પણ આપે જે રીતે આર્હન્ત્યનું દર્શન કરાવ્યું, તે અ-પૂર્વ છે! બસ! હવે પ્રાર્થના કરીએ કે આપના થકી એ આર્હન્ત્યનો કોઈક પ્રકારે સ્પર્શ થયો છે, એ સ્પર્શને અમો વળી વળીને વાગોળીએ!

સાહેબ, અમે વાંચ્યું હતું કેઃ 'तं विश्वस्थितिमूल-स्तम्भम्।' અને બુદ્ધિથી માન્યું'તું પણ ખરું, પરંતુ સાહેબ! આપે તો પ્રતીતિ કરાવી! આપે તો આર્હન્ત્યને ખરેખર દેખાડ્યું! આ સત્રમાં આપે આર્હન્ત્ય કેવી રીતે કાર્ય કરે છે, એ પણ સરસ રીતે અમોને સૌને સમજાવ્યું. વળી આર્હન્ત્ય ખરેખર છે! એ શ્રદ્ધાસ્વરૂપ બનેલું છે! એ આ છે, આ જ ક્ષણે છે, એ અહીંયા પણ છે અને એ રીતે આર્હન્ત્યને ખરેખર દેખાડ્યું! સાહેબ! ખૂબ ખૂબ વંદન.

**વિદ્વદ્વર્ય પૂજ્યશ્રી ધુરંધરવિજયજી મહારાજઃ** આર્હન્ત્યની પ્રતીતિ અને અનુભવ કઈ રીતે થાય? એવો પ્રશ્ન ઘણાંએ કર્યો છે કેઃ 'પ્રભુનો પ્યારો સ્પર્શ કઈ રીતે જાણવો અને પછી માણવો?' આર્હન્ત્યનો અછડતો પ્રથમ સ્પર્શ એટલે તમે પોતાના સ્વાર્થને ગૌણ કરીને કોઈપણ અજાણી વ્યક્તિ માટે નિઃસ્વાર્થ ભાવે કામ કરો, તો એ પ્રભુનો પહેલો સ્પર્શ અને મયણાસુંદરી જે રીતે સંવેદના કરે છે, એ રીતે તમારી ચેતના અને પ્રભુની ચેતના મળે, તે પ્રભુના આર્હન્ત્યનો છેલ્લો સ્પર્શ! (સભાઃ વાહ..વાહ!) જેને અમૃત અનુષ્ઠાન કહ્યું છે, એ આર્હન્ત્યનો જ સ્પર્શ છે! 'અમૃત અનુષ્ઠાન' કોને કહેવાય, એ તો તમે વારંવાર સાંભળી ચૂકયા હશો, જેમાં પ્રભુ પ્રત્યે માત્ર સમર્પણનો ભાવ હોય અને બીજો કશો વિકલ્પ જ ન હોય!

'હે મારાં નાથ! તું જ છે. મારા શ્વાસોશ્વાસમાં પણ તું જ છે! તારા વિના હું છું જ નહીં અને મારા વિના પણ તું રહી શકે નહીં, એવી મારી પ્રાર્થના.' આવું કરીએ, ત્યાં પ્રભુસ્પર્શ થઈ જ જાય! જે ક્ષણે સંસારના કોઈપણ વિકલ્પ ન હોય, કોઈપણ પર્યાયનું આકર્ષણ સુદ્ધાં ન હોય, પણ તમે ચુપચાપ અને શાંત હો, ત્યારે એકાંત ધ્યાનમાં પ્રભુની મંગલ ચેતનાનો સ્પર્શ થઈ જાય!

પૂર્વે એક ભાઈને મેં નવકાર ગણવાની એક અલગ રીત બતાવેલી. તે હમણાં મળવા આવ્યા. શું અને કઈ રીત બતાવેલી, એ મને પણ ખબર નથી હોતી, કારણકે જ્યારે કોઈ પૂછે, ત્યારે પ્રભુ તરફથી જે જવાબ આવે, એ હું કહી દેતો હોઉં છું. એટલે એ prescription મને યાદ નથી રહેતું! એ આવ્યા મારી પાસે.

કહેઃ 'સાહેબ, તમે કહ્યું હતું ને, એમ મેં નવકાર ગણ્યા.' મેં કહ્યુંઃ 'હશે, પણ મને ખબર નથી. પ્રભુનો order થયો હશે અને મેં તને કહ્યું હશે.' તો કહેઃ 'એ શરૂ કર્યા પછી પાંચ જ મિનિટમાં આખા શરીરમાં electricનો કરંટ લાગતો હોય, એવી ઝણઝણાટી થાય છે, શું કરું?' મેં કહ્યુંઃ 'કંઈ નહીં. નવકારની જે વિદ્યુત્ છે, તેનો તને સ્પર્શ થાય છે, પણ એ સહન કરવા માટે તારી પાસે વધારે capacity નથી, તેથી સહન કરવાની capacity હોય, એટલા નવકાર ગણવા, પછી બંધ કરી દેવા.'

એક પ્રક્રિયા મારા ગુરુમહારાજે બતાવીને મારી ઉપર ખાસ પ્રતિબંધ મૂકેલો કેઃ 'એ પ્રક્રિયા તારે બે મિનિટથી વધારે કરવાની નહીં! આમ ગણતાં પરમતેજ, વિદ્યુત્-તરંગોનો એવો તો જબરદસ્ત પ્રવાહ આવશે કે પછી તારું શરીર સહન નહીં કરી શકે! જેવું શરીરમાં કંપન શરૂ થાય કે તારે નવકાર ગણવાના બંધ કરી દેવાના!'...અને ખરેખર એવું થાય જ છે કે આખ્ખા યે શરીરમાં એ પરમ ચેતના-એ વિદ્યુત્નાં સ્પર્શે રોમે-રોમ ખડાં થઈ જાય, શરીર આખું ધ્રુજવા લાગે, બોલી શકાય નહીં! આનંદ અસહ્ય થવાથી આંખમાંથી આંસુ નીકળે. બસ! આર્હન્ત્યના સ્પર્શનો આ છે અનુભવ! ક્યારેક સર્વ પર્યાયોને ભૂલી, શૂન્ય બનીને પ્રભુનું નામ લેતાં લેતાં ધ્યાનમાં જશો, તો આ અનુભવ તમને પણ જરૂરથી થઈ જશે!

અહંકાર કે કોઈપણ પર્યાય તરફનું આકર્ષણ નહીં રાખવાનું, કેમકે તમે એનાથી જ ભરાયેલા હો છો. માટે પહેલાં સંપૂર્ણ ખાલી થઈ જવાનું. તો એ spaceમાં પરમ સત્તા તરત જ પ્રવેશ કરે છે. તમે પ્રભુને space આપો, ખાલીપો આપો, તો પ્રભુ તમને ભરી દેશે! બસ?

**સભા (શ્રી ઉમેશભાઈ ગાલા):** આ વાચના દાદરમાં આયોજાવાની હતી, પણ એકસો ઉપરાંતના સાધુ-સાધ્વીજી ભગવંતોની પ્રચંડ ઉર્જાએ જ જાણે venue બદલાવી આપ્યું અને અહીં મુલુંડમાં 'સર્વોદય જૈન ચેરીટેબલ ટ્રસ્ટ' તરફથી અમોને જે સુંદર રીતિએ સહયોગ મળ્યો, એ માટે અહીં ઉપસ્થિત ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ઉપરાંત સર્વે અધિકારીગણનો અમે નતમસ્તકે આભાર માનીએ છીએ.

છેલ્લે હું આપણા સૌ વતી એટલું તો જરુર કહીશ કેઃ

પહેલાં પ્રભુના પ્રેમમાં આપણી ચેતનાને ડૂબાડી અને પછી ગુરુના સમર્પણમાં પલાળીને ઉપરથી સાહેબ તરફથી જે ટંકશાળી વચનો મળેલાં છે, એમાંથી બે-પાંચ વચનો પણ આપણે હૃદયસ્થ કરીને જો પોતાના જીવનમાં ઉતારીશું, તો આપણું જીવન ધન્ય ધન્ય બની જશે. અસ્તુ.

**પૂ.પંન્યાસશ્રી રાજરત્નવિજયજી મહારાજઃ** આપણા પ્રશ્નોના ક્યારેક જે રીતે સાહેબે જવાબ આપ્યા છે ને કે હાસ્યની એક લહેર દોડી ગઈ છે! હાસ્યની જગ્યાએ એ જવાબ જો હૃદયમાં ચોટ વાગે એવો થઈ જાય ને, તો કામ થઈ જાય! કેમકે ખરેખર એ જવાબો ચોટદાર હતાં. ઉપન્યું ભલે હાસ્ય, પણ જો ચોટ વાગી જાય, તો એક જવાબ પણ આપણું કામ કરી દે, એવું મને લાગે છે!

**વિદ્વદ્વર્ય પૂજ્યશ્રી ધુરંધરવિજયજી મહારાજઃ** તમારા પોતાની ઉપર હસજો, તો અવશ્યપણે તમારું કામ થઈ જશે! પ્રાંતે...

સમૂહમાંઃ 'शिवमस्तु सर्व जगतः, परहितनिरता भवन्तु भूतगणाः।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः।'

'જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ, સર્વ જીવો પરોપકારમાં મગ્ન બનો, જગતના સર્વ જીવોના સર્વ દોષો, સર્વ પાપો, સર્વ કર્મો નાશ પામો, જગતના સર્વ જીવો સુખી થાઓ, સુખી થાઓ, સુખી થાઓ!' એ ભાવના સંગે સમૂહમાં પ્રગટ રીતે ત્રણ નવકાર અને મનમાં ૧૨ શ્રી નવકાર મહામંત્ર બોલી 'આર્હન્ત્ય' વિષયક અપૂર્વ વાચના અહીં સંપન્ન થઈ.

દેવ-ગુરુ-ધર્મની પરમ કૃપા જીવમાત્ર ઉપર વરસતી જ રહો, તેવી પ્રાર્થના સહ સૌના આત્મચૈતન્યને વંદન કરી વિરમીએ. અસ્તુ!

**ઉપર આપેલ QR codeને scan કરતાં જ અહીં આલેખેલ આ વાચનાનો વિડિયો પ્રસ્તુત થશે.**

जो जाणइ अरहंते, दव्वत्त गुणत्त पज्जयत्तेहिं ।
सो जाणइ अप्पाणं, मोहो खलु जाइ तस्स लयं ॥




होउ ममं तुह पभावओ, तव्वयणसेवणा ।
હે પ્રભુ! મને તમારા પ્રભાવથી ગુરુવચનનું પાલન પ્રાપ્ત થાઓ.

# આર્હન્ત્ય

'આર્હન્ત્ય' એટલે...

પ્રભુના પંચકલ્યાણકોથી થતો જે દક્ષિણાવર્ત શક્તિનો વિસ્ફોટ અને
એમાંથી તીર્થંકર નામકર્મને કારણે જન્મતી એનર્જી કે પરમ પરા-વિદ્યુત્,
જેનું કાર્ય છે સમગ્ર જીવજગતને ગતિ અને ગરમી આપવી!

પ્રભુની 'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવનાથી ઉત્પન્ન થયેલ
તીર્થંકર નામકર્મ અને પાંચે કલ્યાણકોના ઉમદા ધોધમાંથી ફેલાતી
તૈજસ શક્તિથી જ જીવમાત્રને ઉર્જા-સહાય મળવાનું કાર્ય થાય છે.

આ એક બહુ જ મોટી વિશ્વ-વ્યવસ્થા બતાવી રહ્યો છું કે...
પ્રભુ જ સમગ્ર વિશ્વની વ્યવસ્થાના કેન્દ્રમાં કઈ રીતે છે!

આર્હન્ત્ય પોતે તો કશું જ નથી કરતું!
આ સ્પેસ કે આકાશ છે જે, તે કાંઈ કરે છે? ના!
પણ સ્પેસ ના હોય, તો જગ્યા વગર તમે ચાલી શકો? શ્વાસ લઈ શકો?
એ સ્પેસ જ તમને પરમ સહાયક છે ને? બસ! એ જ આર્હન્ત્ય છે.

- વિદ્વદ્વર્ય પૂજ્ય મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ

નિગોદથી નિર્વાણ સુધીની યાત્રા

JSBN : BDKRT0010